R.N.I. REG NO. 38382/79
(RNP રજી. નં. RAJKOT/151/2024-2026)
Valid upto 31-12-2026 (Posting Office: RMS Rajkot)

શહેર

પાના : ૨૪
કિંમત રૂા.૪-૦૦

સવારે ચા, સાંજે અકિલા

AKILA RAJKOT
સાંજનું દૈનિક

ફોન:૨૪૪૫૧૧૧,૨૪૪૫૩૫૪, ■ વર્ષ:૪૮ ■ અંક:૧૬૧ ■ 1 March 2025 ■ શનિવાર ■ ફાગણ સુદ-૨ ■ પ્રકાશન સ્થળ:અકિલા-રાજકોટ www.akilaindia.com ■ www.akilanews.com

1st સૌરાષ્ટ્રમાં ROBOTIC 'Hip' & 'Knee' જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
પ્રભુકૃપા HOSPITAL
ડો. કેતન શાહ MS, DNB (Ortho.)
જ્યુબેલી ગાર્ડન પાસે, રાજકોટ.
9898 778 541

Godrej એ.સી. તો કેનવાસ માંથી જ...
ગોદરેજ એપ્લાયન્સીઝની વિશાળ રેન્જ
ઓનલાઈન થી સસ્તુ • સરળ હપ્તે • ૪ ગીફ્ટ
'કેનવાસ શો-રૂમ' બીઝનેશ માર્કેટ - 3, સવન સીગ્નેટ પાસે, તુલસી સુપર માર્કેટ સામે, રૈયા રોડ, રાજકોટ.
મો. ૯૭૨૫૩ ૯૯૯૭૯
campaign

ડ્રાયફ્રુટ સુકી કચોરી
MGC
મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા
લીમડા ચોક • રૈયા રોડ • કોઠારીયા રોડ • અમીન માર્ગ
નાના મૌવા રોડ • જામનગર રોડ • આનંદ બંગલા ચોક
કુવાડવા રોડ • બાપા સીતારામ ચોક • યુનીવર્સીટી રોડ

લેડીઝ નર્સિંગ સ્ટાફ જોઇએ છે
હરસ,ભગંદર,ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

કબુતર જાળી BIRD NET & SPIKE FITTING
Invisible Grill, Bird Spike ફીટીંગ અને ૫ વર્ષની વોરંટી સાથે
શ્રેયાંસ બર્ડનેટ સર્વિસ
અરવિંદભાઈ, રાજકોટ
87070 76651,97949 30565

કોઇપણ છાપામાં જાહેરાત આપવા માટે
વિકાસ પબ્લીસીટી
98795 18143

ટ્રમ્પ-ઝેલેંસ્કી વચ્ચે તડાફડી: સમગ્ર વિશ્વ સ્તબ્ધ

આપના ઘર, બંગલા, ફેકટરી, શેડ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષને કબુતરથી બચાવો
કબુતર જાળી મચ્છર જાળી
ANU BIRD NET
101, Raj Complex, Raiya Road, Raiya Chokdi, Rajkot.
Mahendrabhai M. 75671 99590

બંગલો વેચવાનો છે
4 BHK, ફુલી ફર્નિશ્ડ, ૧૩૪ વાર, શ્રીજીનગર ૫, એરપોર્ટ રોડ પાસે, રાજકોટ.
મો. ૯૩૭૫૬ ૨૭૧૦૩

મિનીમમ એક કરોડ રૂપીયા રોકો ૧૦૦ કરોડ રૂપિયા સુધી ૪% હર મહિને વળતર
૧૦૦% ગેરંટી સાથે મળશે શેર માર્કેટમાં
પંકજ ઠક્કર | 95126 98283

ટેનામેન્ટ વેચવાનું છે
3 BHK, 100 વાર, 16 નું મોકું, રેસીડેન્સીમાં, ફર્નિચર સાથે.
ગોલ રેસીડેન્સી, મોરાજી સર્કલ પાસે, નાના મવા રોડ.
બ્રોકર મિત્રો આવકાર્ય છે.
Mo. 98248 03996

3 BHK 1115 1268 CARPET
રેડી પઝેશન
UNITY TOWER
A HIGHER QUALITY OF LIVING
@ આકાશવાણી ચોક પાસે, યુનિવર્સીટી રોડ, રાજકોટ
99985 97972, 99985 97973
RERA REGD. NO.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/RAA10826/201022 | gujrera.gujarat.gov.in

પ્લોટ વેચવાના છે 200 થી 5000 વાર
અવધ રોડ આસપાસ
રેસીડેન્સ/ કોમર્શીયલ નાના- મોટા પ્લોટ
આદર્શ એસ્ટેટ- 98984 72723

HOTEL ATMIJ PALACE & BANQUET HALL
500 મેમ્બર્સની કેપેસીટી
31 A.C હોટલ રૂમ્સ અવેલેબલ
7574000921/ 7574000922
મંડપ પ્લોટ મેઈન રોડ,રેબજાહ પીર દરગાહની સામે, રાજકોટ

રૂફ રિનોવેશન
મકાન, હોલ, દુકાન, ઓફિસમાં ફોલ્સ સીલીંગ, પાર્ટીશન, પ્લાસ્ટર વર્ક, ACC કામ, લાદી કામ, વોટરપ્રુફિંગ, PVC ફર્નિચર, POP, સેન્ડવીચ પીલ્લો તથા રીનોવેશન લગતા દરેક કામ કોન્ટ્રાક્ટથી કરી આપશું.
M. 96242 38538

મકાન વેચવાનું છે
112 વાર, 3 BHK, ગેસલાઈન બોર, કુલપાણી, ટાઈટલ ક્લીયર બંગલો
મિલપરામાં, રાજકોટ
કિંમત- 90 લાખ (ફેરફાર પાત્ર)
99984 50677, 79902 85300

ન્યુ રીનોવેટેડ A/C લગ્ન હોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
૧૦૦ થી ૪૦૦ કેપેસીટી
ન્યુ ૭૫ રૂમ્સ રહે માટે
હોટેલ ભાલા
ભાવી મહુવરીયા સામે, રાજકોટ. M 94266 02900, 2220861 થી 66

રેલનગરમાં બિલ્ડર લાયક પ્લોટ વેચવાના છે
૭૧.૫ વાર • ૮ પ્લોટ • ૧૨ × ૫૩.૫
બેડી ચોકડી અને ૧૫૦ ફુટ રીંગ રોડથી તદ્દન નજીક • પુર્વ દિશામાં મોઢું
Mo. 94097 74400

ઉધઈ થી બચો
ઉધઈની દવાના સ્પેશ્યાલીસ્ટ
૧૦ વર્ષની ગેરેન્ટીથી કામ કરી આપશું
અનિલભાઈ 96014 14478

જોઈએ છે
રિસેપ્શનિસ્ટ
એસ્ટ્રોન ચોક, રાજકોટ.
MO. 9624321002 | 9924099226

રાજકોટ શહેરમાં કુરીઅર કામ માટે
છોકરાઓ જોઈએ છે
Mo. 88661 70009

જોઈએ છે
ઓફીસ બોય
૧૨ પાસ, સ્કૂટર તેમજ લાયસન્સ હોવું જરૂરી
બાવીસેટા રમણે રૂબરૂ મળવું
૧૧૧૯/૨૦, R.K. વર્લ્ડ ટાવર, શિતલ પાર્ક, બસ સ્ટોપ નજીક, ૧૫૦ ફુટ રીંગ રોડ,રાજકોટ.

સબ મર્સીબલ પંપના કારખાના માટે
કારીગર જોઈએ છે
મીનીમમ ૨ વર્ષનો અનુભવ
Mo. 98241 24244

ચાલુ ભાડાની આવકવાળું કોમર્શિયલ પ્લાનવાળી હોસ્ટેલ બિલ્ડીગ વેચવાનું છે
10000 F.t. બાંધકામ 30 રૂમ
૧૨૦ ની કેપેસીટી ફુલ્લી ફર્નિશ્ડ ઉચો દસ્તાવેજ
આજીડેમ ચોકડી પાસે
M-99982 76972

સ્ટાફ જોઈએ છે
વેલ્ડર ફીટર ગ્રાઈન્ડર
આકર્ષક પગાર
M.95100 81129

Shyamal INFINITY
Shops & Offices
Ready Possession
A new place of success, a new start of business.
@J.K. Chowk, Pushkardham Main Road
70488 85886

4 BHK ફ્લેટ વેચવાનો છે
લકઝુરીયસ ફ્લેટ - 2375 કાર્પેટ
સેરેનીટી ગાર્ડન
કોસ્મોપ્લેક્ષ પાછળ - કાલાવડ રોડ
M.93751 95951

લોન ચેક પર્સનલ
રાજકોટના તમામ નાના-મોટા વેપારી ભાઇઓ માટે
84888 21834

હોસ્પિટલ/કોમર્શીયલ પ્રોપર્ટી
વેચવાની / ભાડે આપવાની છે
1000 + 250 સ્કવેર ફીટ
B.U. Permission, Fire NOC કમ્પલીટ
ફર્સ્ટ ફ્લોર, ૨૬ કરણપરા, કરણસિંહજી મેઈન રોડ, બસ સ્ટેશન પાછળ, રાજકોટ
99250 04852

હોટલ કાવેરી રવિવારનું મેનું
ડ્રાયફ્રુટ બાસુંદી, પુરણપોળી
ચિઝ ચીલી પોટલી, પાપડી ચાટ
પનીર ટીકા મસાલા, રૂપે. ઉંધીયુ
રજવાડી રાજમા, દમ આલુ, રોટલી/પુરી,
દાળ/ભાત/કઢી, છાસ પાપડ, સલાડ
સાંજે રૂપે.પંજાબી મેનુ ઉપલબ્ધ
PGVCL સામે, કનક રોડ, 63566 66777
બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ 63566 66333

જોઇએ છે
ડ્રાઇવર કમ ડિલિવરી બોય
ફોર વ્હીલનું લાઈસન્સ હોવું જરૂરી
આકર્ષક પગાર
બી. એમ. એન્ટરપ્રાઇઝ
સુરેશ્વર નિવાસ, ૧૨/૪ ભક્તિનગર સ્ટેશન પ્લોટ, રાજકોટ.
બિરેનભાઇ કોઠારી
મો. ૯૯૨૫૭ ૧૨૪૨૭

સેલ્સમેન/માર્કેટીંગ પર્સન
ડિસ્પોઝેબલ આઇટમના માર્કેટીંગ અને વહેચાણ માટે રેસ્ટોરન્ટ, ફાસ્ટફુડ, હોટલ લાઈનના અનુભવી યુવકો રાજકોટ માટે ફુલટાઈમ જોઈએ છે
પરફેક્ટ ટ્રેડર્સ,જ્યુબીલી બાગ નજીક,બેંક ઓફ ઈન્ડીયા સામે,પરાબજાર,રાજકોટ. ૯૪૦૯૭ ૩૧૦૯૪

ફ્લેટ વેચવાનો છે
3 BHK 1200 Sq Ft. લકઝરીયસ
@ જામનગર રોડ
૩૦૬- શિવમ એપાર્ટમેન્ટ સેન્ટ્રલ બેંક સામે નાગેશ્વર જૈન મંદિર પાસે
2 & 3 BHK ભેગા કરી મોટા કાર્પેટ વાળો
સંપર્ક 99980 13717

તાત્કાલિક કસમાં મકાન વેચવાનું છે
128 વાર 55 K. ચાલુભાડાની આવક સાથે
150 ફુટ રીંગ રોડ, ટવીન સ્ટાર પાછળ, બાલાજી હોલ પાસે
3000 ફુટ RCC
બ્રો. રાજુભાઈ મકવાણા :94277 29961

લકઝરીયસ 4 BHK ફ્લેટ વેચવાનો છે
બિલ્ડર કંડીશન-હાઈરાઈઝ
સવન સ્ટેટસ 2500 કારપેટ
સ્વીમીંગપુલ, જીમ, મીની થીએટર, જોગીંગ પાર્ક, ચીલ્ડ્રન પ્લે ગાર્ડન
મોટા મવા, કટારીયા ચોકડીથી અર્જુન પાર્ટી પ્લોટ બાજુ
84690 18560

ઘરકામ માટે બહેન જોઈએ છે
સમય : સવારે 8 થી સાંજે 7
પગાર અપેક્ષા મુજબ
93276 00591

ઈન્દીરા સર્કલ નજીક
માત્ર 16 લાખમાં દુકાન
લોધ : રીટેઈલ ધંધા માટે અનુકૂળ નથી
વેચવાની છે ગ્રાઉન્ડ ફ્લોર
99983 88809

ચાલુ ભાડાની આવકવાળુ PG/Hostel
૨-મકાન વેચવાના છે
10 રૂમ, 03 કિચન, 01 ઓફીસ, ફર્નિચર સાથે.
કુલ 83 વાર કિ.83 લાખ
કુલ કેપેસીટીમા મહિને 56 હજાર ભાડાની ચાલુ આવકવાળા
70437 28008

કેટરીંગ સાથે મેરેજ હોલ
ફકત વાડી ભાડે જોતી હોય તો પણ મળશે.
દાંડીયા રાસ • હલ્દી સેરેમની • લગ્ન ગીત • મેરેજ હોલ • જમણવાર માટેની અલગ વ્યવસ્થા • મંડપ સાથે ડેકોરેશન સોફા • ખુરશી • ગાદલા સેટ પાર્કીંગની સુવિધા • ફેન્સી ગેઇટ વગેરે ફ્રી
જેમાં 6 રૂમ + 5 એકસ્ટ્રા કુલ 11 રૂમ
કોન્ટેક: જોષી મંડપ સર્વિસ-98254 16754

કાલાવડ રોડ રાજકોટ પર
રિસોર્ટ વેચવાનો છે
• 100 રૂમનો રિસોર્ટ ફર્નીચર સાથે • રેસ્ટોરન્ટ • કાફે • 2 પાર્ટી લોન • 2 બેન્કવેટ હૉલ • 2 સ્વીમિંગ પૂલ
3 એકર જગ્યા
1.2 લાખ Sq. Ft. બિલ્ટ અપ એરિયા
Bharmal House, Kasturba Road, Opp. Rajkot District Bank, Rajkot.
99042 52000
79907 09090
bharmalgroup@gmail.com

FLAMINGO transworld pvt. ltd.
TRAVEL CARNIVAL
ASIA AFRICA AUSTRALIA
28 FEB - 2 MAR
10:30 AM - 7 PM
Venue: All Flamingo Offices
૮૦ થી વધુ દેશોની ગ્રુપ ટુરો અને વ્યક્તિગત આયોજન
ફાર ઈસ્ટ, અમેરીકા, યુરોપ, સ્કેન્ડીનેવીયા, સમગ્ર ભારત વર્ષ અને મધ્ય પૂર્વીય દેશો
મહારાજ ની સુવિધાઓ સાથેની ટુરો
આર્ટીક સર્કલ, આઈસલેન્ડ, જાપાન-આફ્રીકા, ન્યુઝીલેન્ડ, સ્પેન - પોર્ટુગલ, વિયેતનામ-બાકુ
આરામદાયક મુસાફરી માટે આજે જ બુક કરાવો
ઓફરનો લાભ અને સમયસર વિઝા પ્રોસેસીંગ માટે...વહેલી તકે બુક કરાવો
સાઉથ આફ્રીકા ૧૬ થી વધુ ડિપાર્ચર
ભુતાન ૨ થી વધુ ડિપાર્ચર
ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ૪ થી વધુ ડિપાર્ચર
સિંગાપોર મલેશિયા ૫૫ થી વધુ ડિપાર્ચર
યુરોપ ૮૦ થી વધુ ડિપાર્ચર
અમેરીકા ૫૦ થી વધુ ડિપાર્ચર
રાજકોટ • મોરબી • જામનગર : 9377716642
www.flamingotravels.co.in

21.51 લાખથી શરૂ LUXURIOUS FLATS 2 & 3 BHK
PREMIUM SHOPS
AMI LUXURIA
તમારુ ઘર હવે, તમારા બજેટ માં...
સેમ્પલ ફ્લેટ રેડી
CONTACT : 76 76 91 0000
શિવાલય ચોક, સાધુવાસવાણી કુંજ રોડ, ન્યુ રેલનગર, રાજકોટ.

અર્જુન સુવર્ણ મેલા
CELEBRATING 18th ANNIVERSARY
પ્રીમિયમ ઘરેણાં પર FLAT ઘડામણ 9.9%
100% EXCHANGE VALUE
ઓફર 31 માર્ચ 2025 સુધી માન્ય
+91-76230-18189 | RAJKOT - Mavdi - Nana Mava
Arjun Jewellers PRIVATE LIMITED

રાષ્ટ્રપતિએ કેમલ સફારીની સાથે સાથે સફેદ રણની સુંદરતા માણી

દ્રૌપદી મુર્મુનું કચ્છની ધરા ઉપર ઉષ્માભર્યુ સ્વાગતઃ ભુજથી ધોરડો પહોંચતાઃ વિવિધ કાર્યક્રમો નિહાળી અભિભુત થયા

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૧: કચ્છના રણની મુલાકાત દરમિયાન ધોરડો ગામના સરપંચશ્રી મિયાં હુસેને આ સ્થળ કેવી રીતે વિશ્વ પ્રવાસન સ્થળ તરીકે ઉભરી આવ્યું તેના વિશે રાષ્ટ્રપતિશ્રીને અવગત કરાવ્યા હતા. સરપંચશ્રીએ રાષ્ટ્રપતિશ્રીને જણાવ્યું હતું કે, આજે સફેદ રણ અને રણોત્સવના કારણે વિશ્વભરના પર્યટકો અહીં આવે છે. રણ વિસ્તારના તબક્કાવાર વિકાસ, ધોરડો ગામના પ્રવાસનના કેન્દ્ર બનવા સાથે સ્થાનિક લોકોને રોજગારી ઉપલબ્ધ થઈ તે જાણીને ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મુજીએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત, રાષ્ટ્રપતિશ્રીએ ધોરડો સફેદ રણની મુલાકાતે આવેલા પ્રવાસીઓનું અભિવાદન ઝીલીને ધોરડોના વિકાસ માટેના પ્રયાસોને બિરદાવ્યા હતા.

આ મુલાકાત દરમિયાન ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા, કચ્છ સાંસદ વિનોદ ચાવડા, ગુજરાત પ્રવાસન નિગમના મેનેજિંગ ડિરેક્ટર એસ. છાકછુઆક, જિલ્લા કલેક્ટર અમિત અરોરા, મદદનીશ કલેક્ટર ઇ.સુસ્મિતા, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી વિકાસ સુંડા, નિવાસી અધિક કલેક્ટર મિતેષ પંડ્યા, ગુજરાત પ્રવાસન નિગમના જનરલ મેનેજર ચેતન મિસણ, ભુજ પ્રાંત અધિકારી ડો. અનીલ જાદવ, જિલ્લા પુરવઠા અધિકારી અર્શી હાસમી, નાયબ વન સંરક્ષક બી.એમ.પટેલ, ભુજ ગ્રામ્ય મામલતદાર એ.એન.શર્મા સહિતના પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી ગઈકાલે ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે પધાર્યા ત્યારે કચ્છયની ધીંગી ધરા ઉપર તેઓનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિશ્રીનું આ તકે ઉપસ્થિત રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, કચ્છના પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા, કચ્છ-મોરબીના સાંસદ વિનોદ ચાવડા, ભુજ આર્મી સ્ટેશનના ડેપ્યુટી સમાન્ડન્ટ કર્નલ અમિત, રેન્જ આઇ.જી.ચિરાગ કોરડીયા, કચ્છ બીએસએફના ડીઆઇજી અનંતકુમાર, જીલ્લા કલેકટર અમિત અરોરાએ સ્વાગત કર્યુ હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ભુજના સ્મૃતિવનની મુલાકાત બાદ સેનાના હેલિકોપ્ટર દ્વારા ધોરડો પહોંચ્યા હતા. અહીં ધોરડો મધ્યે ઊભા કરાયેલ હેલિપેડ ઉપર વિવિધ પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ દ્વારા રાષ્ટ્રપતિને આવકાર આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ધોરડોખાતે રાષ્ટ્રપતિને ગુજરાતના માનનીય રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, પ્રભારીમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, ગુજરાત ટુરિઝમના મેનેજિંગ ડિરેક્ટર એસ. છાકછુઆક, જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા અને ધોરડો ગામના સરપંચ મિયાં હુસેન સહિતના મહાનુભાવોએ આવકાર આપીને ઉમળકાભર્યું સ્વાગત કર્યું હતું.

કલા અને કસબની ધરતી એવા કચ્છની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિશ્વવિખ્યાત એવા ધોરડોના સફેદ રણ ખાતે ભાતીગળ સંસ્કૃતિની રજૂઆત કરતો રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો. કચ્છ સહિત વિવિધ પ્રાંતના લોક સંગીત, સાહિત્ય અને સંસ્કૃતિને ઉજાગર કરતો ત્રિવેણી સંગમ સમા કાર્યક્રમો નિહાળી રાષ્ટ્રપતિશ્રી પ્રભાવિત થયા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમના પ્રારંભે 'કચ્છડે જો હર ધામ' ગીતથી કલાકારોએ કચ્છના વિવિધ યાત્રાધામોને વંદન કરાવ્યા હતાં. કચ્છની ઓળખ એવા ગજીયો લોકગીતની



પ્રસ્તુતિ નિહાળી રાષ્ટ્રપતિશ્રીએ રાજીપો વ્યક્ત કર્યો હતો. આ તકે કલાકારોએ ઢાલ-તલવાર સાથે પ્રાચીન 'મણિયારો રાસ' રજૂ કરી શૌર્ય રસની અનુભૂતિ કરાવી હતી. 'શિવ આરાધના અને 'સપ્ત સિંધુ' ની કલાકારોએ કથક સાથે દર્શકો સામે રજૂઆત કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ સાંસ્કૃતિક કાર્યક્રમની રંગારંગની પ્રસ્તુતિ દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, પ્રભારીમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા, કચ્છ મોરબી સાંસદશ્રી વિનોદ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ભુજના ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલ, ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર એસ. છાકછુઆક, ગુજરાત પ્રવાસન નિગમના જોઈન્ટ ડિરેક્ટર કે.એસ.ઝાલા, જિલ્લા કલેક્ટર અમિત અરોરા, જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા, નિવાસી અધિક કલેક્ટર મિતેષ પંડ્યા, ભુજ પ્રાંત અધિકારીશ્રી અનિલ જાદવ, પ્રાંત યુવા વિકાસ અધિકારી દેવાંશી ગઢવી અને ધોરડો સરપંચ મિયાં હુસેન સહિતના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભુજના સ્મૃતિવન ભૂકંપ સ્મૃતિવન મેમોરિયલની મુલાકાત લીધી હતી. સ્મૃતિવન મ્યૂઝિયમ પરિસરમાં, ઉપસ્થિત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, કચ્છના પ્રભારી મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયા, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સી.ઈ.ઓ. અનુપમ આનંદે રાષ્ટ્રપતિશ્રીનું પુષ્પગુચ્છ આપીને ભાવભીનું સ્વાગત કર્યુ હતું. આ તકે રાષ્ટ્રપતિશ્રીએ સ્મૃતિવન પરિસરમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો.

રાષ્ટ્રપતિશ્રીએ સ્મૃતિવન મેમોરિયલની વિવિધ ગેલેરીઓ નિહાળી હતી. જેમાં જીવનની ઉત્પતિ અને માનવ જીવનનો ક્રમિક વિકાસ સાથે ભૂકંપ જેવી આપદાઓ અંગે જાણકારી મેળવી હતી. આ સાથે કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ કેવી રીતે કચ્છ બેઠું થયું તે અંગેની વિગતોથી તેઓ માહિતગાર થયા હતા. આ તકે તેમણે વિશ્વના સૌથી મોટા ભૂકંપ સિમ્યુલેટર પર વર્ષ ૨૦૦૧માં આવેલા કચ્છના ભૂકંપનો અનુભવ પણ કર્યો હતો. ધીરજ, અવિરત હિંમતની માનવકથાઓ તેમજ ભૂકંપના સાક્ષી લોકોના સંસ્મરણોના વીડિયો પણ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીએ નિહાળ્યા હતા. આ તકે રાષ્ટ્રપતિશ્રીએ 'આશાનું ગીત'રજૂ કરનારા કચ્છના કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિશ્રીની સાથે ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયા, કચ્છ જિલ્લા કલેક્ટર અમિત અરોરા, નાયબ કલેક્ટર અનિલ જાદવ અને ભગીરથસિંહ ઝાલા તેમજ નાયબ પોલીસ અધિક્ષક એમ.જે. ક્રિશ્ચિયન સહિતના અધિકારીશ્રીઓ સાથે જોડાયા હતા. (૩૫.૩)

કચ્છની પરંપરાગત કળાને જીવંત રાખવા માટે નવી પેઢી જોડાય : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

રોગાન આર્ટ, મડ વર્ક, ભરતકામ અને વણાટ કામને પ્રત્યક્ષ નિહાળી રાષ્ટ્રપતિ પ્રભાવિત



(વિનોદ ગાલા) ભુજઃ કચ્છ જિલ્લો કળા અને કારીગરી માટે જગ વિખ્યાત છે, ત્યારે કચ્છની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મએ ધોરડોના સફેદ રણની મુલાકાત દરમ્યાન કચ્છની પરંપરાગત હસ્તકલા અને કસબ સાથે જોડાયેલા કારીગરોને મળી તેમની સાથે સંવાદ સાધ્યો હતો. આ મુલાકાત દરમિયાન તેમણે કચ્છી રોગાન આર્ટ, મડ વર્ક, ભરત કામ અને વણાટ કામ સહિતની કારીગરીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું અને કચ્છી કારીગરી સાથેની હસ્તકળાની વસ્તુઓના વિવિધ સ્ટોલ્સની મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન કલાના કસબીઓ સાથે તલસ્પર્શી ચર્ચા કરી રાષ્ટ્રપતિશ્રી કચ્છના પરંપરાગત કળાઓથી પ્રભાવિત થયા હતા. તેઓશ્રીએ કારીગરો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, ''વર્ષોથી સચવાયેલી આ પરંપરાગત કળા જીવંત રાખવા માટે આવનારી પેઢીએ પણ આ કળા શીખીને તેમાં જોડાવવું જરૂરી છે.''

રાષ્ટ્રપતિશ્રીએ કચ્છી રોગાન આર્ટ સાથે આઠ પેઢીથી જોડાયેલા કારીગર એવા પદ્મશ્રી અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા અબ્દુલગફુર ખત્રીએ તેમને રોગાન આર્ટના ઈતિહાસ સહિતની માહિતી આપી હતી. તેમણે આ તકે રાષ્ટ્રપતિશ્રીને રોગાન આર્ટથી બનેલા ટ્રી ઓફ લાઈફ - કલ્પવૃક્ષની ફ્રેમ સ્મૃતિચિહ્ન સ્વરૂપે ભેટ આપી હતી. કચ્છી માટીથી બનતા મડ વર્ક વિશે માજીખાન મુતવાએ રાષ્ટ્રપતિશ્રીને વિગતે વાત કરી આ કલાની વિશેષતાઓ વર્ણવી હતી. તેમણે રાષ્ટ્રપતિશ્રીને મડ વર્કથી બનાવેલી નેમ પ્લેટ સ્મૃતિચિહ્ન સ્વરૂપે ભેટ કરી હતી.

રબારી ભરતકામના કસબી પાબીબેન રબારીએ ભરત કામથી બનાવેલ પર્સ અને અજરખ પ્રિન્ટ ડાયરી સ્મૃતિ ચિહ્ન સ્વરૂપે ભેટ આપી હતી. કચ્છી વણાટકળા સાથે સંકળાયેલા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા અરજણભાઈ વણકરે કચ્છી વણાટ કામ વિશે જાણકારી આપી હતી. તેમણે કચ્છી વણાટથી બનાવેલ સ્ટોલ રાષ્ટ્રપતિશ્રીને સ્મૃતિ ચિહ્ન સ્વરૂપે ભેટ આપી હતી.

કચ્છી હસ્તકળાનાં વિવિધ સ્ટોલની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિશ્રીએ કચ્છી બાંધણી, મેટલ અને કોપર વર્ક, તલવાર અને સુડી ચપ્પા, અજરખ વગેરે વિશે જાણકારી મેળવી હતી. કારીગરોએ પોતાનો સ્નેહ વ્યક્ત કરતા રાષ્ટ્રપતિશ્રીને અજરખ સ્ટોલ, મડ વર્ક ફ્રેમ સહિતની હસ્તકળાની વસ્તુઓ ભેટ આપી હતી.

આ મુલાકાત દરમિયાન ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, કચ્છના પ્રભારી અને રાજ્ય શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા, સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, ગુજરાત પ્રવાસન નિગમના મેનેજીંગ ડિરેક્ટરશ્રી એસ.છાકછુઆક સહિતના મહાનુભાવો અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.(૨૩.૬)



મહાશિવરાત્રી પર્વની ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા રાજકોટના ૧૧ તાલુકામાં ઉજવણી સંપન્ન

રાજકોટઃ ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા રાજકોટ જિલ્લામાં મહાશિવરાત્રી પર્વની ભવ્ય ઉજવણી રાજકોટ જિલ્લાના ગોંડલ, જેતપુર, ધોરાજી, ઉપલેટા અને જસદણ વગેરે ૧૧ તાલુકાઓમાં કરવામાં આવી. અહી ૬૫ થી વધારે યોગ કલાસ ચલાવવામાં આવે છે. શિવરાત્રી નિમિત્તે દરેક કલાસમાં યોગ સાથે શિવપૂજન, અલગ અલગ કૃતિઓની રજૂઆત તથા પ્રશ્નોત્તરી, નંદી પૂજન, ભક્તિ કીર્તન, રાસ ગરબા સાથે મનાવવામાં આવ્યો આ યોગ ઉત્સવને ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન શ્રી શિશુપાલજી, સ્ટેટ કોર્ડીનેટર શ્રી અનિલભાઈ ત્રિવેદી, ઝોન કોર્ડીનેટર શ્રી વંદનાબેન રાજાણી તથા જિલ્લા કોર્ડીનેટર હિતેશભાઈ કાચાના માર્ગદર્શન હેઠળ બધા જ યોગ કોચ અને યોગ ટ્રેનરોએ આ કાર્યક્રમને સુંદર બનાવવા માટે પૂરતો સમય અને સહયોગ આપ્યો. સાધકોએ આજીવન આદિયોગ શંકર ભગવાનની પ્રેરણા લઈ યોગ કરતા રહેવાનો સંકલ્પ કર્યો હોવાનું બોર્ડના રાજકોટ ડીસ્ટ્રીકટના યોગ કો ઓર્ડિનેટર શ્રી હિતેશ કાચા (મો. ૯૮૨૪૨ ૮૧૯૮૨) એ જણાવ્યું છે. (૩૬-૪)

આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧
॥ ૐ ॥ વીર સંવત ૨૫૫૧
શાલિવહન શક-૧૯૪૬
ઇસ્વીસન-૨૦૨૫
તા. ૨-૩-૨૦૨૫ રવિવાર
ફાગણ સુદ-૩
રમજાન મહિનો
રાજયોગ સૂર્યોદયથી
પંચક ૩૦-૪૦ સુધી

આજના ગ્રહો
સૂર્ય-કુંભ
ચંદ્ર-મીન
મંગળ-મિથુન
બુધ-મીન
ગુરૂ-વૃષભ
શુક્ર-મીન
શનિ-કુંભ
રાહુ-મીન
કેતુ-કન્યા
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-મીન
પ્લુટો-મકર



કુમારભાઈ ગાંધી
મોબાઈલ
૯૩૭૪૮ ૧૬૯૭૭
કન્સલ્ટીંગ
એસ્ટ્રોલોજીસ્ટ

સૂર્યોદય-૭-૦૯
સૂર્યાસ્ત- ૬-૪૯
જૈન નવકારશી- ૭-૫૭
ચંદ્ર રાશિ - મીન (દ.ચ.ઝ.થ.)
નક્ષત્ર-ઉત્તર ભાદ્રપદ
રાહુ કાળ ૧૭-૨૨ થી ૧૮-૫૦

માંગલિક કાર્યોનો શુભ સમય

વિજય મુર્હુત ૧૨-૩૬ થી ૧૩-૨૨ સુધી સાંજનો શુભ સમય ૬-૫૦ થી ૯-૧૪ સુધી ૮-૩૬ થી ચલ-લાભ-અમૃત ૧૨-૫૯ સુધી ૧૪-૨૭ થી શુભ ૧૫-૫૪ સુધી, ૧૮-૫૦ થી શુભ-અમૃત-ચલ ૨૩-૨૬, સુધી.

શુભ હોરા

૮-૦૭ થી ૧૧-૦૨ સુધી ૧૨-૦૧ થી ૧૨-૫૯ સુધી ૧૪-૫૬ થી ૧૭-૫૧ સુધી ૧૮-૫૦ સુધી, ૧૯-૫૧ સુધી

બ્રહ્માંડના સીતારા

સામાન્ય રીતે ઘણી વખત રાશિ ઉપર નામ નથી હોતુ જેને લઈને તેઓને એવુ કહેવામાં આવે છે કે, તમોને એ રાશિનું ફળ ભોગવવુ પડે છે. અથવા એવુ કહેવામાં આવે છે કે તમારું રાશિ ઉપર નામ નથી. જેથી તકલીફો રહેશે. ખરેખર વાસ્તવીકતા કંઈક અલગ જ છે. કારણ કે તમો નસીબદાર છો કે તમારુ રાશિ ઉપર નામ નથી છતાં તમારી ઉપર ઈશ્વરની કૃપા છે. તમો આર્થિક રીતે સધ્ધર હશો. જમીન-મકાનથી પણ તમોને લાભ રહે છે. ટૂંકમાં તમો કોઈ વહેમમાં ન રહેતા કે તમોને તકલીફો પડશે. અહીં જન્મની રાશિ અને તમારુ શુ નામ છે તે પણ મહત્વનું રહેલ છે.

સોમવારનું પંચાગ

તા. ૩-૩-૨૦૨૫ સોમવાર
ફાગણ સુદ-૪
વિનાયક ચતુર્થી
ભદ્રા ૭-૩૦ થી ૧૮-૦૩
રવિયોગ ૨૮-૩૦ થી
સૂર્યોદય ૭-૦૮ સૂર્યાસ્ત ૬-૪૯
જૈન નવકારશી- ૭-૫૬
ચંદ્ર રાશિ - મેષ (અ.લ.ઇ.)
નક્ષત્ર-અશ્વિની
રાહુ કાળ ૮-૩૫ થી ૧૦-૦૩

માંગલિક કાર્યોનો શુભ સમય

વિજય મુર્હુત ૧૨-૩૫ થી ૧૩-૨૨ સાંજનો શુભ સમય ૬-૫૦ થી ૯-૧૪ સુધી ૭-૦૭ થી અમૃત-૮-૩૫ સુધી ૧૦-૦૩ થી શુભ ૧૧-૩૧ સુધી ૧૪-૨૭ થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૨૨ સુધી ૨૩-૨૬ થી લાભ ૨૪-૫૮ સુધી

શુભ હોરા

૭-૦૭ થી ૮-૦૬ સુધી ૯-૦૫ થી ૧૦-૦૩ સુધી ૧૨-૦૪ થી ૧૪-૫૬ સુધી ૧૫-૫૫ થી ૧૬-૫૩ સુધી

બ્રહ્માંડના સીતારા

સગાઈ-લગ્ન એ જીવનનો ખુબ જ મહત્વનો નિર્ણય હોય જેથી આ બાબતમાં ખુબ જ સમજદારી કેળવવી કેવી વ્યકિત સાથે સગાઈ કરવી જેથી જીંદગી સારી રીતે પસાર થાય જન્મના ચંદ્રની સ્થિતિ ચંદ્ર કયાં ગ્રહની સાથે બીરાજમાન છે. તેની સાથે કંઈ મહાદશા ચાલે છે તે પણ ધ્યાનમાં લેવુ એકજ તારીખે એક જ સમયે ઘણા બધા લોકો જન્મેલા હોય છે તો જોડકા બાળકો પણ હોય છે. પણ તેઓના નસીબ અલગ અલગ હોઈ શકે તેના ગયા જન્મના કર્મોને પણ જન્માક્ષર ઉપરથી નક્ષત્ર ઉપરથી જાણકારી મેળવવી. સગાઈ બાબત કોઈ ઉતાવળા નિર્ણયો ન લેવા રોજ ગાયત્રી મંત્રના જાણ કરવા.

અવસાન નોંધ

લીલાવંતીબેન ઉપાધ્યાય

રાજકોટઃ વાલમ બ્રાહમણ (હનુમાનીયા ઉપાધ્યાય) મુળ ધોરાજી હાલ રાજકોટ નિવાસી મહેશભાઈ કેશવલાલ ઉપાધ્યાયના પત્નિ અ.સૌ. લીલાવંતીબેન મહેશભાઈ ઉપાધ્યાય (ઉ.વ.૮૫) તે ડોલરભાઈ કેશવલાલ ઉપાધ્યાય તથા ગં.સ્વ. મધુબેન વસંતરાય ઉપાધ્યાયના ભાભી તેમજ ઉર્મીશભાઈ, જયદેવભાઈ, વિપુલભાઈના માતુશ્રી તેમજ પ્રજ્ઞાબેન ઉર્મીશભાઈ ઉપાધ્યાય, રૂપલબેન જયદેવભાઈ ઉપાધ્યાય અને અંજનાબેન વિપુલભાઈ ઉપાધ્યાયના સાસુ તેમજ સ્વ. ગૌરીશંકર પોપટલાલ ઉપાધ્યાય (ગોંડલ)ના દિકરી અને સ્વ. શાંતીભાઈ, સ્વ.ગુણવંતભાઈ, સ્વ. મહેશભાઈ અને ચંદ્રકાંતભાઈના બહેન, દર્શનાબેન દર્પણકુમાર જાની (સુ.નગર) દેવાંગી, અભીષેક, પ્રશાંતના દાદીમાંનું ફાગણ સુદ-૧ (એકમ) તા.૨૮ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું (બંને પક્ષનું) તા.૩/૩ને સોમવારે સાંજે ૪ થી ૬ ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદીરે જનકપુરી, સાધુ વાસવાણી રોડ ખાતે રાખેલ છે. સદગતની અંતીમ યાત્રા સવારે ૧૧:૩૦ તેમના નિવાસ સ્થાનથી રૈયા મુકતીધામ નીકળશે. (૩૫.૨)

કુમારભાઇ આચાર્ય

રાજકોટઃ કુમારભાઈ જયંતભાઈ આચાર્યનું સુરત મુકામે તા.૨૩ રવિવારના રોજ અવસાન થયેલ છે. તેઓ સ્વ. જયંતીભાઈ તથા સ્વ.સવિતાબેનના પુત્ર હતા તથા સ્વ.પ્રિયતમભાઈ, સ્વ.ગૌતમભાઈ, કોટી કિરણભાઈ, સ્વ. નિતીનયનભાઈ, સસ્મિતભાઈ, સ્વ. અજ્ઞાબેન, સ્વ.અશોકાબેન, સ્વ.નીલા બેનના ભાઈ હતા તેમજ સ્વ.નટવરલાલ શાહના જમાઈ અને સ્વ.મહેન્દ્રભાઈ, ડો.ઉદયભાઈ શાહના બનેવી હતાં. તેમનું બેસણું સ્થળઃ રાષ્ટ્રીય શાળા, રાજકોટ મુકામે તા.૨/૩ના રોજ રવિવારે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી રાખેલ છે. આનંદ આચાર્ય. (૩૫.૨)

ચંદ્રાબેન દોશી

રાજકોટઃ ચંપકલાલ કેવલચંદ દોશીના ધર્મપત્નિ (ઉ.વ.૭૪)તે સમીરભાઈ, સ્વ.ડીમ્પલબેન, પ્રિતીબેન તથા શિલ્પાબેનના માતુશ્રી તેમજ સોનલબેનના સાસુ, કિયારાના દાદી તેમજ વાડીલાલ પોપટલાલ પટેલ પડધરીના સુપુત્રી તા.૨૮ના રોજ અરીહંત શરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા.૨/૩ રવિવારના રોજ સવારે ૧૦ કલાકે તેમજ પ્રાર્થનાસભા સવારે ૧૧ કલાકે રાખેલ છે. સ્થળઃ દરબારગઢ, જૈન ઉપાશ્રય. (૩૫.૨)

કુસુમબેન ભટ્ટ

રાજકોટઃ જૂનાગઢ કુસુમબેન કૌશિકભાઈ ભટ્ટ (મીઠાપુરવાળા) હાલ જૂનાગઢ તે કૌશિકભાઈ ભટ્ટના પત્ની અને મેઘનાબેન, ખ્યાતિબેનના માતા તેમજ હિરેનભાઈ (આર્શીવાદ સ્ટેશનરી), મિતેશભાઈ (રાજકોટ)ના સાસુનું તા.૨૮ના રોજ દુઃખદ અવસાન થયું છે. તેમનું બેસણું તા.૩ને સોમવારે સાંજે ૪ થી ૬, વાઘેશ્વરી સોસાયટી, સિદ્ધનાથ મંદિર, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે. (૩૮.૧૭)

રમેશભાઇ સોનાગરા

ઉપલેટા : રમેશભાઈ મોહનભાઈ સોનાગરા ઉ. વ. ૫૯ તે વલ્લભભાઈ સોનાગરા ના ભાઈ અને તેજસ તથા ધ્રુવના પિતાશ્રીનું તા. ૨૭/૨ના ગુરુવારે દુખદ અવસાન થયેલછે. તેમનુ બેસણું તા. ૩/૩ ના સોમવારે સવારે ૯ થી સાંજના ૬ સુધી ભક્તિધામ સોસાયટી બ્લોક નં. ૫૬ જાળિયા રોડ ઉપલેટા મુકામે રાખેલ છે. (૨૫.૨)


ચંપાબેન કંટારીયા

રાજકોટઃ મચ્છુ કઠીયા સઈ સુથાર જ્ઞાતિ મતવાવાળા હાલ રાજકોટ નિવાસી ચંપાબેન છોટાલાલ (હરીભાઈ) ટંકારીયા (ઉ.વ.૭૮) તે છોટાલાલ માધવજીભાઈ ટંકારીયાના ધર્મપત્નિ તેમજ દિલીપભાઈ (મો.૯૮૨૪૧ ૦૮૬૮૮)ના ભાભી તેમજ મીનાબેનના જેઠાણી તેમજ (રાજ સીલેકશનવાળા) રાજેશભાઈ (મો.૯૮૨૪૮ ૨૪૯૨૨)ના માતુશ્રી તેમજ પારૂલબેનના સાસુ તેમજ મયુર અને ધવલના દાદી તેમજ પાયલ અને દિક્ષીતના દાદી સાસુ તેમજ પીયુષ અને ચિરાગના ભાભુ તેમજ રીટાબેન પંકજભાઈ ગોહેલના માતુશ્રી તેમજ પંકજભાઈ જમનાદાસ ગોહેલના સાસુનું તા. ૨૭ના ગુરુવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તથા પીયર પક્ષની સાદડી સાથે તા.૩ના સોમવારે સાંજે ૪ થી ૬ બજરંગવાડી શેરીનં.૨, ફળેશ્વર મહાદેવ મંદીર, રાજકોટ ખાતે રાખેલ છે. સદગત તે માધાપરવાળા સ્વ.લાલજીભાઈ હિરજીભાઈ સોલંકીના દીકરી તેમજ સ્વ.ચમનભાઈ, સ્વ.બટુકભાઈ, સતીશભાઈ, જયસુખભાઈ, નાનજી ભાઈના બહેન થાય છે. (૩૫.૧૦)

વાચકોએ નોંધ લેવી

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપકઃ અકિલા



આજના શુભ દિવસે...

વિનુભાઈ જગડા • ઈન્દુબેન જગડા
મો. ૯૮૭૯૫ ૭૯૩૪૧

આત્મ ગૌરવ અને આત્મપ્રેમ-પોતાના પ્રત્યેનો સ્નેહ આપણાને બળવાન બનાવશે.

જયાબેન મોહનભાઇ બારડનું દુઃખદ અવસાનઃ સોમવારે બેસણું



રાજકોટઃ અ.ની.જયાબેન મોહનભાઈ બારડ (ઉ.વ.૭૫) તા.૨૮ના શુક્રવારના રોજ અક્ષરવાસ થયેલ છે. તેમનું બેસણું તા.૩ માર્ચના સોમવારે સાંજે ૪ થી ૬ કલાક રાખેલ છે. સ્થળઃ ૨-વિદ્યાનગર, માતૃછાયા, રાષ્ટ્રીય શાળા પાછળ, રાજકોટ મો.૯૯૨૫૬ ૧૭૫૫૨. દિલીપભાઈ મોહનભાઈ બારડ, સ્વ.જીતેન્દ્રભાઈ મોહનભાઈ બારડ, કિરીટભાઈ મોહનભાઈ બારડ, મહેન્દ્રભાઈ મોહનભાઈ બારડ, જયેશભાઈ મોહનભાઈ બારડ (૩૫.૯)

ઉઠમણું બેસણું શ્રદ્ધાંજલી દુઃખદ અવસાન ની જાહેરાતનો દર


રૂ.૪૦૦/- (અંદરના પાને)

સાઇઝ ૫ સે.મી.×૨ કોલમ અથવા ૧૦ સે.મી. ×૧ કોલમ વધારાના પ્રત્યેક એક કોલમ સે.મી.ના રૂ.૧૨૦

+ 5 % GST EXTRA

અકિલાના રાજકોટ અને પ્રત્યેક ગામ-શહેરના તમામ એજન્ટ ભાઈઓને શ્રદ્ધાંજલી-ઉઠમણું-બેસણું-અવસાનની જાહેરાત આપી શકો છો.

તકલીફ પડે તો ૦૨૮૧-૨૪૪૫૧૧૧ ઉપર સંપર્ક કરો



ચોથી વાર્ષિક પૂણ્યતિથિએ
પુષ્પાંજલી
સ્વ. સુરેશભાઈ ગોરધનદાસ મણીયાર
ફાગણ સુદ-૩,
સ્વ.તા.૧૬-૩-૨૦૨૧

આપનું પ્રભાવશાળી અને નિષ્ઠાવાન વ્યક્તિત્વ, ઉદારતા અને કુટુંબ વાત્સલતા હર હંમેશ અમારી સ્મૃતિમાં રહેશે. આપના પ્રેમભર્યા સાનિધ્યમાં અમે બધા જે હુંફ અનુભવતા, એવી જ આશિર્વાદ રૂપી ઉષ્મા સદાય અમારા પર વરસતી રહે તેવી અભ્યર્થના..
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.
માલતીબેન સુરેશભાઈ મણીયાર
વિકાસ સુરેશભાઈ મણીયાર — હેતલ વિકાસ મણીયાર
શ્રેય વિકાસ મણીયાર — રાહી વિકાસ મણીયાર
પિયુષકુમાર દિલીપભાઈ સચદે — કોમલ પિયુષકુમાર સચદે
તથા મણીયાર પરિવારના જયશ્રી કૃષ્ણ

૧૬ મી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. મહેશકુમાર આહ્યા
સ્વ.તા.૧-૩-૦૯



મર્હુમ આદમભાઈ સુમરા
સ્વ.તા.૧-૩-૦૯

આપની વસમી વિદાયને ૧૬ વર્ષ થયા પરંતુ આપની યાદ વિસરાતી નથી. આપનો સંઘર્ષ - હિંમત - સેવા અને સમર્પણની ભાવના અમોને સતત પ્રેરણા અને બળ પુરૂ પાડે તેવી આજના દિને પ્રભુ પાસે પ્રાર્થના. ઈશ્વર-અલ્લાહ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
સ્વ.ત્રિભોવનદાસ, પ્રભાબેન
કિશોરભાઈ, પ્રદિપભાઈ
જયશ્રી, સ્મીત, ફોરમ
ચેતના, મનાલી, સ્વ.પ્રિયાંશુ
શોભનાબેન યોગેશકુમાર રાચ્છ
હંસાબેન કમલેશકુમાર બુધ્ધદેવ
તથા આહ્યા પરિવાર

જીલુબેન
નાથાભાઈ અને ભાઈઓ
રફીક અને ઈમરાન
જાયદા, અયાન, માહેનુર
આદીલ-અરમાન-અબરાર
તથા ધાડા પરિવાર

MANISH ADS

અતિ મોકાનો ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ વેચવાનો છે
કુવાડવા-વાંકાનેર રોડ, કુવાડવા ચોકડીથી તદન નજીક, RK 10 માં, પ્લોટ નં. 18, 892 વાર.
M.76000 12109

ટેનામેન્ટ વેચવાનું છે
સંપૂર્ણ વાસ્તુ પ્રમાણે 4 BHK + પૂજા રૂમ, ફિકસ ફર્નિચર, સ્વંતત્ર ટેનામેન્ટ ૧૨૨ વાર, ૨૦૦૦ સ્કવેર ફુટ બાંધકામ, અંબિકા ટાઉનશીપ, સુવર્ણભુમીથી નજીક વેચવાનું છે
ફલેટ વેચવાનો છે
3 BHK, 820 કાર્પેટ, સુંદરમ સીટીમાં, ખૂબ જ મોકાનો અને વ્યાજબી ભાવે
M. 97378 93436

જગ્યા ભાડે આપવાની છે
કુવાડવા GIDC ની સામે વી.પી.એન્ડ સન્સની સામે
3500 થી 4000 સ્કેવર ફીટ
M: 94277 28540
M: 94269 53545

ગોડાઉન માટે ભાડે આપવાનું છે
૨૭૦૦ સ્કે. ફીટ એરીયા, ૧૧૦૦ સ્કે. ફીટ બાંધકામ વાળુ મકાન, યુનીવર્સીટી રોડ, પંચાયત નગર
મો. : ૭૦૧૬૧ ૭૫૩૩૧

પ્લોટ વેચવાનો છે
386 વાર
કોર્નરનો પ્લોટ
કોમર્શિયલ અને રેસિડેન્સને લાયક
સેટેલાઇટ ચોકની બાજુમાં, મોરબી રોડ, રાજકોટ
93286 84600 દલાલભાઇઓ આવકાર્ય

જોઇએ છે
ગોડાઉનમાં કામ કરી શકે તેવા
છોકરાઓ
ડયુટી ટાઇમ : સવારે - ૯.૩૦ થી રાત્રે ૮.૦૦
ગોંડલ રોડ, રાજકોટ.
પગાર : 12,000/-
9825826805

ગુંદાવાડીમાં શોરૂમ લાયક મેઇન રોડનું મકાન વેચવાનું / ભાડે
Mo. 94292 89634

જોઇએ છે
એકાઉન્ટન્ટ ફીમેલ
• મેરિકલ એકાઉન્ટ સોફટવેરનો ૨-વર્ષનો અનુભવ જરૂરી
9586487380

જોઇએ છે
દુકાનમાં કામ કરી શકે તેવા મહેનતુ વ્યકિત
ઉ. ૪૦ થી વધુ નહી
મો.90333 38112

અતિ મોકાની દુકાન + મકાન વેચવાનું છે
મીઠાઇની દુકાન, કપડાનો શો-રૂમ, હોસ્પીટલ, સુપર માર્કેટ તથા દરેક ધંધાને અનુકુળ
રૂ. 2.91 Cr
3 BHK ટેનામેન્ટ વિથ સોલાર
શાંતિનગર મેઇન રોડ, સોપાન હાઇટસની બાજુમાં
95100 80548 / 70481 56056

ચાલો રામેશ્વર
તારીખ 13-5
શ્રીમદ્ ભાગવત સપ્તાહ
રહેવા-જમવા • ટ્રેન ટીકીટ સાથે • ₹ 12500
M. 91069 28723

મકાન વેચવાનું છે
(સુચીત)પરસાણાનગર, જામનગર રોડ, રાજકોટ. સ્વતંત્ર નીચે (૨) રૂમ, કીચન લેટ્રીન બાથરૂર ઉપર ૧ રૂમ લેટ્રીન બાથરૂમ પાણી ૨૪ કલાક.
૯૮૨૪૨ ૪૪૭૬૫

મંગળા મેઇન રોડ પર (૫-મનહર પ્લોટમાં)
કસમાં મકાન વેચવાનું છે
૧૫૦ વાર, સ્વતંત્ર બંધ શેરી.
Mo. 83204 86033

આફિસ ભાડે આપવાની છે
૬૩૦ સ્કે. ફુટ, પ્રાઇમ લોકેશનમાં, ફુલ ફર્નીશ્ડ
ઇમ્પીરીયલ હાઇટ્સ, ચોથા માળે, ૧૫૦ ફુટ રીંગ રોડ, બીગ બજાર ની સામે, રાજકોટ
98242 14089

3BHK ફ્લેટ વેચવાનો છે
૮૯૫ સ્કવેર ફૂટ, ફુલ ફર્નીચર સાથે, આશ્રય ગ્રીન એપાર્ટમેન્ટ, C-૧૦૨, ફોર્ચ્યુન હોટલ પાછળ, ૧૫૦ ફુટ રિંગ રોડ, રાજકોટ.
M.76000 12109

બંગલા વેચવાના છે
300 વાર । પંચવટી સોસાયટી
200 વાર । 300 વાર હરીહર સોસાયટી, અમીન માર્ગ
200 વાર । અનુપમા સોસાયટી
200 વાર । પર્ણકુટીર સોસાયટી
150/200 વાર । સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર
200/400 વાર । એસ્ટ્રોન સોસાયટી
200 વાર । નવીન નગર
બ્રો. 94264 75016

INSTANT GLOW MASSAGE
ONLY FOR LADIES
Rs.1500 (Full Body)
HOME SERVICE AVAILABLE
97242 11329

અતિ મોકાનો પ્લોટ વેચવાનો છે
૪૬૫ વાર
ઉર્જા-૪, શાપર
98258 27325

શાપર-વેરાવળ
ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ, શેડ, દુકાન લેવા-વેચવા અને ભાડે માટે
શિવશકિત એસ્ટેટ
M.98795 98881
M.70167 13945

ઓફીસ ભાડે આપવાની છે
પહેલે માળે, ફુલ ફર્નિચર સાથે
પંચનાથ મેઇન રોડ, રાજકોટ
98242 40900 / 94295 00533

ટેનામેન્ટ વેચવાનું છે
4 BHK પાર્કિંગ સાથે
૧-રાજહંસ સોસાયટી, SBI બેંક સામે, રૈયા રોડ, રાજકોટ
9824448799 / 9824424955

સેલ્સમેન જોઇએ છે
રેડીમેન્ટ ગારમેન્ટ ની દુકાન માં કામ કરી શકે તેવા સેલ્સમેન જોઇએ છે.
અનુભવી તથા બિન અનુભવી
અમીન માર્ગ -70484 08386

રઘુવંશી રીનોવેશન
આપના મકાન-બંગલા, દુકાન, ઓફીસમાં પુટી તથા કડીયાકામ, વોટર પ્રુફીંગ, લાદીકામ, ઉધઇ કામ, સેકશન બારી દરવાજા, પીવીસી ફર્નીચર કલરકામ કરાવવા માટે
તથા દરેક પ્રકારના રીનોવેશન કામ માટે મળો
9374107894

ફ્લેટ વેચવાનો છે
3 BHK ૧૧૦૦ કારપેટ બેસ્ટ લોકેશન
આત્મીય કોલેજની બાજુમાં, કાલાવડ રોડ
97242 11329

વેરહાઉસ
ભાડેથી આપવાનું છે (સૌરાષ્ટ્ર)
રાજકોટથી માત્ર ૭ કિ.મી. દુર નવાગામમાં ૭૦,૦૦૦ ચો.ફૂટ
રાજકોટ-અમદાવાદ હાઇવે કનેકટીવીટી સાથે
M. 94282 98375

ફ્લેટ 2BHK વેચવાનો છે
610 કાર્પેટ
ફુલ્લી ફર્નિશ્ડ – ત્રીજા માળે
ગુરૂકૃપા રેસીડેન્સી
જંકશન પ્લોટ મેઇન રોડ, રાજકોટ
M. 94272 70370

યાજ્ઞિક રોડ ઉપર ઓફિસ ભાડે આપવાની છે
750 ફુટ
M. 76000 11100 / 93774 24675

ઓફીસ ભાડે આપવાની છે
૨૦૦, ૪૫૦ સ્કે. ફુટ (એટેચ ટોઇલેટ) પહેલો માળ, કુબેર કોમ્પ્લેક્ષ ડો. યાજ્ઞિક રોડ, ઓપ્સનની બાજુમાં, રાજકોટ
M.98251 97973

પાર્ટ/ફૂલ ટાઇમ **જોઇએ છે**
લેડીઝ સ્ટાફ
મેંગોની રીટેલ શોપ સંભાળી શકે તેવા
હંસરાજ ફાર્મ નાનામવા રોડ, રાજકોટ
M. 97141 00097

જોઇએ છે
સોશિયલ મિડીયા માર્કેટીંગ/ ટેલીકોલર સેલ્સ માટે માણસ
કારખાના ના કામ માટે અનુભવી ટર્નર/ હેલ્પર
98242 14089

અતિ મોકાનો પ્લોટ વેચવાનો છે
૪૦૦ વાર, ૬૦/૩૦ રોડ કોર્નર
સુવિધા-૩, રીબડા
98258 27325

ફલેટ વેચવાનો છે
2 BHK. ફુલ્લી ફર્નિશ્ડ. સોલાર વિશાળ પાર્કિંગ, ફુલ હવા- ઉજાશ
દ્વારિકા પલ એપાર્ટમેન્ટ, પાંચમા માળે, કોર્નરવાળો સ્વામિનારાયણ ચોક, PDM કોલેજ પાછળ
ગોંડલ રોડ ટચ
ફોન સમય બપોરે 4 પછી 88499 13910

દુકાન વેચવાની છે
461 સ્કે.ફુટ, 3 શટર, 22 નુ ફ્રન્ટ
ગોકુલ હોસ્પિટલની બાજુમાં
મંગળા રોડ, રાજકોટ
99241 60364, 87807 74358

પ્લોટ વેચવાના છે
૪૦૦ વાર, ૬૦૦ વાર, ૮૦૦ વારનાં જયનાથ ઈન્ડસ્ટ્રીયલ-૩, વડાલીયા પાછળ, લોઠડામાં
M.93281 13889

ભાડે જોઇએ છે
૧૦૦થી ૨૦૦ વારનું મકાન લાંબા સમય માટે નિર્મલા કોન્વેઇટથી સાધુ વાસવાણી રોડ, સુધીમાં
M.85303 31097
દલાલભાઇઓએ તસ્દી લેવી



nivaan HOMES
આરામદાયક જીવનની અનુભૂતિ..
4 BHK LUXURIOUS FLATS
અદ્યતન સુવિધાઓ સાથે
1530 કાર્પેટ
રેડી પઝેશન
માત્ર 2 ફ્લેટ બાકી
૧-નટરાજ નગર, નિલકંઠ નગર મેઇન રોડ, પટેલ કન્યા છાત્રાલય સામે, પંચાયત ચોક પાસે, રાજકોટ - ૩૬૦ ૦૦૫
બુકીંગ સંપર્ક : 93741 06727

બાલાજી રીનોવેશન
આપના મકાન-બંગલા-દુકાન ઓફિસમાં કડીયા કામ તથા લાદી કામ, વોટર પ્રુફીંગ, કલર કામ કરાવવા માટે તથા દરેક પ્રકારના રીનોવેશન કામ માટે તાત્કાલિક સંપર્ક કરો:
ઇન્ટીરીયર તથા POP અને ઇલેકટ્રીક વ્યાજબી ભાવે કામ કરી આપશું
76987 20317

વેચવાની છે સાઇઝ 8X16
દુકાન
ખાણીપીણી માટે
રાજમણી કોમ્પલેક્ષ, ૧૫૦ ફુટ રોડ, રૈયા ટેલિ. એક્ષચેન્જ પાસે, રાજકોટ.
M. 94262 33318

જોઇએ છે
પેકીંગ કામ માટે કારીગર લેડીઝ / જેન્ટસ
પગારઃ ૮ કલાકના ૩૦૦, ઓવરટાઇમના એકસ્ટ્રા
૧૨-વિજય પ્લોટ, ગોંડલ રોડ, રાજકોટ M.98252 20210

@ BAMANBORE WORKS REQUIRED
AUTO CAD DESIGNER 6
(ITI - DIPLOMA)
COMPUTER OPERATOR 10
Fresher can also apply
Transportation Facility Available • Mail Biodata :
pts@carver.co.in / cepl@carver.co.in • M. 97277 25583
CARVER ENGINEERING PVT. LTD.

સવન સીગ્નેટ, રૈયા રોડ
ફ્લેટ વેચવાનો છે
2 BHK 620 કાર્પેટ
Fully Furnished With 2-AC Chimany Bed With Mattress Curtain Sofa Wodrobe
M. 76000 43340 બ્રોકરભાઇઓ આવકાર્ય

જય આપા ગીગા રીનોવેશન
આપના મકાન-બંગલા-દુકાન ઓફીસમાં કડીયા કામ તથા લાદી કામ, વોટર પ્રુફીંગ, ઉધઇ કામ, સેકશન બારી PVC ફર્નિચર, કલર કામ કરવા માટે તથા દરેક પ્રકારના રીનોવેશન કામ માટે તાત્કાલિક સંપર્ક કરો. POP તેમજ ઇલેકટ્રીક કામ કરી આપશું.
• જય આપા ગીગા રીનોવેશન •
Mo. 81281 15148 / 93167 57950

બંગલો વેચવાનો છે
૨૨૩ વાર પાડવા લાયક
શાંતિનિકેતન સોસાયટી, કોટેચા ચોક, ICICI બેંક સામે, કાલાવડ રોડ
બ્રો. ૯૪૨૬૪ ૭૫૦૧૬

'નવાગામ'માં 'એક્સ્પોર્ટ/ઇન્વેસ્ટમેન્ટ' લાયક
ઇન્ડ. શેડ વેચવાના છે.
અમદાવાદ હાઇવે પર, AUDI શો-રૂમ સામે
375 વાર, 8,000 ફૂટ બાંધકામ
3 માળ • મટીરીયલ લિફ્ટ
3 ફેઝ • પાણી x 2 શેડ
રીયલ ડીલ 93091 83315

જા.નં. ૬૧૨ તા. ૨૭/૦૨/૨૦૨૫
મોરબી મહાનગરપાલિકા,
ટેન્ડર નોટીસઃ ૨૦૨૫

ક્રમ	કામની વિગત	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.ની રકમ
૧	યાંત્રિક સાધનો દ્વારા સફાઇ કામગીરીનું કામ	4500/-	150000/-
૨	કન્સ્ટ્રકશન અને ડિમોલેશન વેસ્ટ મેનેજમેન્ટની કામગીરીનું કામ.	5000/-	25000/-
૩	શહેરી વિસ્તારમાં વોલ પેઇન્ટીંગની કામગીરીનું કામ.	1125/-	25000/-

વેબસાઇટનું નામ	www.tender.nprocure.com
પ્રિ-બિડ મીટિંગ તારીખ	તા. ૧૦/૦૩/૨૦૨૫
ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય	તા. ૧૫/૦૩/૨૦૨૫ના રોજ ૧૮.૦૦ કલાક સુધી
ટેન્ડર જરૂરી ડોકયુમેન્ટ પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું	તા. ૨૧/૦૩/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી, કમિશ્નરશ્રી, મોરબી મહાનગરપાલિકા, જી. મોરબી
ટેકનીકલ બીડ ખોલવાની તારીખ (જો શકય હોય તો)	તા. ૨૪/૦૩/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે

નોંધ :- ટેન્ડર મંજુર કરવું/નામંજુર કરવાની સત્તા મોરબી મહાનગરપાલિકાની રહેશે.
ડેપ્યુટી કમિશ્નર
મોરબી મહાનગરપાલિકા
માહિતી/રાજ/૧૪૯૩-૨૪-૨૫

સૌરાષ્ટ્ર-કચ્છનાં અત્યાધુનીક અને સૌથી વિશાળ હાર્ડવેર શોરૂમ માટે **જોઇએ છે**
• **સેલ્સ એકઝીકયુટીવ (M)** સૌરાષ્ટ્ર કચ્છમાં ટુરીંગ કરી શકે તેવા ઉમેદવાર
• **હેલ્પર (M)** માલ ડીલીવરી તેમજ પરચુરણ કામ માટે
અરજી સાથે રૂબરૂ સંપર્ક કરો સમય : ૪:૦૦ થી ૭:૦૦
CANVAS The Journey To Your Dream Home & Office
બીઝનેશ માર્કેટ - ૩, સવન સીગ્નેટ પાસે, તુલસી સુપર માર્કેટ સામે, રૈયા રોડ, રાજકોટ.

તાત્કાલીક ફ્લેટ વેચવાનો છે
4 BHK
સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, ૧૯૩૮ ચો. ફીટ કાર્પેટ, ૧૦ મો માળ, બાંધકામ ચાલુ છે, ટા.કિ. વ્યાજબી ભાવે, અતિ મોકાનો
સંપર્ક : 98250 66907

ઇન્ડ. શેડ ભાડે લેવા-દેવા
૨૦૦ થી ૨૦૦૦ વાર
શાપર•મેટોડા•વાવડી•કોઠારિયા
આજી•સમ્રાટ•નવાગામ•કુવાડવા
15 વર્ષ 1500+ સંતુષ્ટ ગ્રાહકો
રીયલ ડીલ 93091 83315

જીંદગીભર યાદ રહી જય તેવો અદભૂત જલસો... પછી કહેતા નહિ કે રહી ગયા
આજે રાત્રે 9.30 કલાકે હેમુ ગઢવી હોલ
Online Booking bookmyshow
ટિકિટ બુકિંગ સવારે 10 થી આખો દિવસ હોલ પર
Organized by :
જેમનો અવાજ સાંભળતાની સાથે મનની વ્યાકુળતા દુર થઇ જાય....
છેલ્લો જ મોકો છેલ્લી જ તક
લોકપ્રિય પ્લેબેક સીંગર

ગીત ગઝલની યાદગાર મહેફીલ
મનહર ઉધાસ
Live in Concert
નયન ને બંધ રાખીને... શાંત જરૂખે વાટ... હું કયાં કહું છુ આપની...
રંગીલા રાજકોટના કલા રસિકો માટે ફકત એક જ શો
ટિકિટ બુકિંગ માટે સંપર્કઃ દિનેશ વિરાણી 99040 93039
શો સંપર્ક: નૈતિક નાયક 9825008915

પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન
જાહેર માહિતી (પશ્ચિમ રેલવે)
તમામ સામાન્ય જનતાને જણાવવામાં આવે છે કે ૩ માર્ચ ૨૦૨૫ ના રોજ, રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટ હેઠળ પૂર્ણ થયેલા પડધરી-હડમતિયા ડબલિંગ સેકશનમાં ટ્રેન ઓપરેશન ટેસ્ટ કરવામાં આવશે. તે મુજબ, દરેકને વિનંતી છે કે કૃપા કરીને રેલ્વે ટ્રેકથી દૂર રહો. રેલ્વે ટ્રેક પર જવું અથવા રેલ્વે ટ્રેક ઓળંગવું અસુરક્ષિત અને જીવલેણ છે. 177
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

એન્જલ પી.જી. & હોસ્ટેલ
ઇન્દિરા સર્કલથી ૪૦૦ મીટર, રવિરત્ન પાર્ક, શેરી નં.-૪, સોમેશ્વર મહાદેવ મંદિર પાસે, યુનિવર્સીટી રોડ, રાજકોટ
S.C.S.T. અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને પી.જી.માં રહેવા માટે ૧૦% ડીસ્કાઉન્ટ કરી આપવામાં આવશે
૧૦% ડીસ્કાઉન્ટ
મુલાકાત માટે રૂબરૂ મળો અથવા કોન્ટેક કરો
જમવા રહેવા સાથે
Mo. 9825412684/8401357174

ફ્લેટ વેચવાના છે
3 BHK 1050 કાર્પેટ વીથ ફર્નિચર ફર્સ્ટ ફલોર "રોઝવુડ" એપાર્ટમેન્ટ જલારામ-૧, શેરી નં. ૨, યુનિ. રોડ,
2 BHK 1800 કાર્પેટ વીથ ફર્નિચર શીતલનાથ એપાર્ટમેન્ટ-૩૦૧ સુભાષનગર-૨ રૈયા રોડ
99042 81692 મનીષભાઇ
જોવાનો સમયઃ સવારે ૧૦ થી ૧ સાંજે ૫ થી ૭ (બ્રોકર આવકાર્ય)

કેનાલ રોડ ઉપર, ગુંદાવાડી નજીક
ભાડે આપવાની છે
દુકાન 800 SQ.Ft. - 20X40
દુકાન 500 સ્કે.ફુટ | દુકાન 300 સ્કે.ફુટ | સેલર-૧ 320 સ્કે.ફુટ
દલાલભાઇઓ આવકાર્ય
મિલન જનરલ રમકડા, કેનાલ રોડ, રાજકોટ.
M. 94263 70709

પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન
મિલ્ક સ્ટોલ માટે ઇ – ટેન્ડર આમંત્રિત કરવાની સૂચના
ટેન્ડર નંબરઃ- DRM/COMML/CATG/01/2025 તારીખ: 27/02/2025; ડિવિઝનલ રેલ્વે મેનેજર, કોમર્શિયલ વેસ્ટર્ન રેલ્વે, ભાવનગર દ્વારા પ્રતિનિધિત્વ કરાયેલ ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી ભાવનગર ડિવિઝનના નીચેના બી, ડી,ઇ અને એફ વર્ગ સ્ટેશન પર "મિલ્ક સ્ટોલ" માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે.

ક્રમ નં.	સ્ટેશન	શ્રેણી	સ્થાન	અનામત કિંમત (₹ માં)/ પ્રથમ ત્રણ વર્ષ માટે વાર્ષિક અને ચોથા અને પાંચમા વર્ષ માટે અનામત કિંમતમાં 10%નો વધારો	ઇએમડી રકમ (₹)
1	બોટાદ	B	પીએફનં. 1	136125 + જીએસટી	14200
2	જૂનાગઢ	B	પીએફનં. 1	136125 + જીએસટી	14200
3	પોરબંદર	B	પીએફનં. 1/2	139700 + જીએસટી	14600
4	ગોંડલ	B	પીએફનં.1	45375 + જીએસટી	4800
5	જેતલસર	D	પીએફનં. 2/3	52140 + જીએસટી	5500
6	કેશોદ	D	પીએફનં.1	40000 + જીએસટી	4200
7	ભાવનગરપરા	D	પીએફનં.1	36000 + જીએસટી	3800
8	સાવરકુંડલા	D	પીએફનં.1	31900 + જીએસટી	3400
9	ગાંધીગ્રામ	D	પીએફનં.1	72600 + જીએસટી	7600
10	ધંધુકા	D	પીએફનં.1	23000 + જીએસટી	2400
11	ધોલા જં.	D	પીએફનં.1	52800 + જીએસટી	5500
12	મહુવા	D	પીએફનં.1	31900 + જીએસટી	3400
13	સોનગઢ	D	પીએફનં.1	100360 + જીએસટી	10500
14	અમરેલી	E	પીએફનં.1	36000 + જીએસટી	3800
15	ધસા જં.	E	પીએફનં.1	25500 + જીએસટી	2700
16	ઢોળકા	E	પીએફનં.1	23000 + જીએસટી	2400
17	સાસણગીર	E	પીએફનં.1	25500 + જીએસટી	2700
18	સરખેજ	E	પીએફનં.1	32000 + જીએસટી	3400
19	બાવળા	E	પીએફનં.1	23000 + જીએસટી	2400
20	વીરપુર	E	પીએફનં. 1	24000 + જીએસટી	2500
21	વિસાવદર	E	પીએફનં.1	16000 + જીએસટી	1700
22	વસ્ત્રાપુર	F	પીએફનં.1	34500 + જીએસટી	3600

ટેન્ડર ખોલવાની અને બંધ કરવાની તારીખ: ટેન્ડર 07/04/2025 ના રોજ 15:00 કલાકે બંધ થશે અને ટેન્ડર 07/04/2025 ના રોજ 15:30 કલાકે ખુલશે. ટેન્ડર ફોર્મની કિંમત: ₹ 5,900/- (જીએસટી સહિત); કરારની મુદતઃ 5 વર્ષ; ઓફરની માન્યતાઃ 60 દિવસ; વેબસાઇટ: https://www.ireps.gov.in; બિડ દસ્તાવેજ આઇઆરઇપીએસ પોર્ટલ, www.ireps.gov.in પર પણ ડાઉનલોડ કરી શકાય છે અને બિડ આઇઆર પોર્ટલ, www.ireps.gov.in પર ઑનલાઇન સબમિટ કરી શકાય છે. બિડિંગ દસ્તાવેજોની કિંમત માટે અને બાનાની ઈ ચુકવણીની રસીદ સાથે જે નિષ્ફળ થવાથી ઓફર ટૂંકમાં નકારવામાં આવશે. સરનામું: ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલવે, ગઢેચી વડલા પાસે, ભાવનગર પરા 364003. 207
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૪ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટના વ્યાજના દરમાં આકર્ષક વધારો (તા.૦૧.૦૭.૨૦૨૪ થી અમલમાં)
7.50% જનરલ ડિપોઝીટર માટે
8.00% વરીષ્ઠ નાગરીકો માટે
૧૦ લાખ સુધીના તમામ ધિરાણ
7.95 % વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

પાસપોર્ટ ખોવાયેલ છે
હું મનિષ રામદે લુદરિયા મારા નામનો અસલ પાસપોર્ટ નંબર P0138775 છે. તેની માન્યતા તારીખ 03/05/2016 થી તારીખ 02/05/2026 સુધીની છે. કામકાજ અર્થે લક્ષ્મીનગર ચોકથી માયાણીનગર રોડ રાજકોટમાં મારો અસલ પાસપોર્ટ રસ્તામાં કયાંક ખોવાઇ ગયેલ છે. તે આજદીન સુધી અમોને મળી આવેલ નથી. જો મળે તો અમોને જાણ કરવા નમ્ર વિનંતી.
93278 64217

વેસ્ટર્ન રેલવે દ્વારા રાજકોટ ⇄ મહેબુબનગર વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે

ટ્રેન નં.	મૂળ સ્ટેશન અને ગંતવ્ય	દોડવાની તારીખો	પ્રસ્થાન	આગમન
૦૯૫૭૫	રાજકોટ – મહેબુબનગર	૦૩.૦૩.૨૦૨૫ થી ૩૦.૦૬.૨૦૨૫	૧૩.૪૫ કલાકે (સોમવાર)	૨૦.૦૦ કલાકે (બીજા દિવસે)
૦૯૫૭૬	મહેબુબનગર – રાજકોટ	૦૪.૦૩.૨૦૨૫ થી ૦૧.૦૭.૨૦૨૫	૨૨.૧૦ કલાકે (મંગળવાર)	૦૫.૦૦ કલાકે (ગુરુવાર)

રોકાણઃ વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, ઉધના, નંદુરબાર, જલગાંવ, ભુસાવલ, મલકાપુર, અકોલા, વાશીમ, હિંગોલી, બસમત, પૂર્ણા, હજુર સાહિબ નાંદેડ, ધર્માબાદ, બસર, નિઝામાબાદ, કામરેડ્ડી, મેડચલ, કચેગુડા, ઉમદાનગર, શાદનગર અને જડચેરલા સ્ટેશન બંને દિશાઓમાં નિર્દેશન.
રચનાઃ એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

ટ્રેન નંબર ૦૯૫૭૫નું બુકિંગ તા.૦૧.૦૩.૨૦૨૫થી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ચાલુ થશે. વિરામના સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઇ શકે છે.
ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.
પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly
કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ આઇડી પ્રૂફ સાથે રાખો

સાંભળવાની ખામી ધરાવતા લોકો માટેનું - 21મી સદીનું સાયન્સનું વરદાન એટલે કોકલીઅર ઈમ્પ્લાન્ટની સારવાર



સમગ્ર દુનિયામાં ૩ માર્ચ વર્લ્ડ હિયરીંગ દિવસ તરીકે મનાવાય છે. તે નિમિત્તે મારૂતી ENT હોસ્પિટલ રાજકોટ દ્વારા "Hearing Awareness Week" એટલે કે સાંભળવાની કે બહેરાશની ખામી ધરાવતા કોઇપણ ઉંમરના દર્દીઓમાં જાગૃતતા આવે. હાલમાં કોરોના પછીનાં સમયમાં બધી જ ઉંમરના લોકોમાં ગંભીર સાંભળવાની તકલીફો પણ હાલમાં વધી રહી છે તો તેથી આવા દર્દીઓ માટે કોકલીઅર ઈમ્પ્લાન્ટ સારવાર એક વરદાન છે. "ડો. ડેનિશ આરદેશણા, M.S. ENT & કોકલીયર ઇમ્પ્લાન્ટ સર્જન"

રાહતદરે ૩ થી ૭ માર્ચ સુધી કન્સલટેશન તથા માર્ગદર્શન માટે એપોઇન્ટમેન્ટ લઇને આવવું.

Q) કોકલીઅર ઈમ્પ્લાન્ટ શું છે ! અને હિઅરીંગ એઇડ કરતા કેવી રીતે અલગ છે.
A) હિઅરીંગ એડ ફક્ત અવાજને મોટો કરે છે. જયારે 60dB અથવા એનાથી ઓછો હિઅરીંગ લોસ હોય ત્યારે હિઅરીંગ એડ વાપરી શકાય. અને 60dB કરતા વધારે હિઅરીંગ લોસ હોય ત્યારે કોકલીઅર ઇમ્પ્લાન્ટ એક વધારે સારો ઉપાય છે. કોકલીઅર ઇમ્પ્લાન્ટ એ એક કુત્રિમ મશીન છે. જે ઓપરેશનની મદદથી કાનની અંદર બેસાડવામાં આવે છે.



હેત, ઉં.વ. 15, જ્યારથી કોકલીયર ઇમ્પ્લાન્ટ કર્યા બાદ તેને સાંભળવાની અને સમજવાની શક્તિમાં ખુબજ વધારો થયો છે.

Q) કઈ ઉંમરે કોકલીઅર ઈમ્પ્લાન્ટ કરી શકાય?
A) કોકલીઅર ઇમ્પ્લાન્ટ કોઇ પણ ઉંમરે કરી શકાય છે. જન્મ જાત બહેરાશ માટે નાના માં નાનું 6 માસના બાળકમાં પણ થઇ શકે અને પુક્ત વયના માણસોમાં પણ થઇ શકે છે. સાધારણ રીતે સમજીએ તો અચાનક આવી જતી બહેરાશ માટે, એક કાનની નસ બંધ હોય તે માટે, કે ઉંમરને હિસાબે બન્ને નશ નબળી પડવાથી આવતી બહેરાશ, જ્યા હિઅરીંગ એઇડ મશીન પણ સારું સાંભળવામાં મદદ ન કરે ત્યાં કરી શકાય.

Q) એડલ્ટ કોકલીઅર ઈમ્પ્લાન્ટેશન શું છે.?
A) આપણી પાંચ ઈન્દ્રીઓ છે. જેમાં એક ઈન્દ્રી સાંભળવાની છે. અચાનક બહેરાશ આવાથી અથવા ઉંમરના હિસાબથી આવતી બહેરાશના કારણે લોકો તણાવમાં આવી જાય છે. અને આજ કારણથી સમાજમાં એકલતા અનુભવે છે. પોતાના કુટુંબી જનો સાથે પણ સરખી રીતે વાત-ચિત નથી કરી શકતા. Adult કોકલીઅર ઇમ્પ્લાન્ટ એમને ક્વોલીટી હિઅરીંગ આપી એક સારું જીવન જીવવા મદદ કરે છે. પહેલાની જેમ રોજ ના કામ-કાજ તેમજ વાત-ચિત કરી શકે છે. અને અન્ય લોકો સાથે મિલનસાર બનવામાં ભાગ રૂપ થાય છે. અમારા 15 વર્ષના ઇમ્પ્લાન્ટ કરેલા હેતના શબ્દો, "ઓપરેશન પીડા રહીત છે. હું ટુંક સમયમાં સાંભળતો થઇ ગયો, અને કોકલીઅર ઇમ્પ્લાન્ટની મદદથી હું મારા અભ્યાસ તેમજ સામાજિક જીવનમાં પરત ફરી શક્યો."

મારૂતિ ઇ.એન.ટી હોસ્પિટલ & ડાયગ્નોસ્ટીક સેન્ટર, 201, RK પ્રાઇમ પ્લસ ડોક્ટર બિલ્ડીંગ, બાલાજી હોલ પાસે, 150 ફીટ રીંગ રોડ, રાજકોટ. ફોનઃ 88033 20202

શનિ શિંગણાપુરમાં આજથી શનિ મહારાજની શિલા પર બ્રેન્ડેડ તેલ જ ચડાવી શકાશે



શનિ શિંગણાપુર,તા.૧: મહારાષ્ટ્રના જાણીતા યાત્રાધામ શનિ શિંગણાપુરમાં શનિ મહારાજની શિલા પર આજથી બ્રેન્ડેડ તેલ જ ચડાવાશે, બીજું કોઈ તેલ ચડાવવા દેવામાં નહીં આવે એવો નિર્ણય મંદિરના ટ્રસ્ટી મંડળે લીધો છે.

શિંગણાપુરમાં શનિ મહારાજનું મંદિર છે પણ એ ઓપન ટુ સ્કાય છે. એને સામાન્ય મંદિરની જેમ દીવાલો કે છાપરું નથી, માત્ર એક ચબૂતરો છે જેના પર શનિ મહારાજ શિલારૂપે બિરાજમાન છે. દર વર્ષે લાખો ભાવિકો શનિ મહારાજનાં દર્શન કરીને એ શિલા પર તેલ ચડાવે છે જેમાં ભાવિકો અલગ-અલગ પ્રકારનાં તેલ ચડાવતા હોય છે. કેટલાંક તેલ ભેળસેળિયાં હોવાથી શનિ મહારાજની શિલાને નુકસાન થઈ રહ્યું છે એમ પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન એક્ટ હેઠળ કરવામાં આવેલી ચકાસણીમાં જણાયું છે. એટલે ટ્રસ્ટીઓએ આજથી શનિ મહારાજની શિલાને વધુ નુકસાન ન થાય એ માટે ફક્ત બ્રેન્ડેડ અને એ પણ ફિલ્ટર્ડ તેલ જ ચડાવી શકાશે એવો નિર્ણય લીધો છે. ઘણા ભાવિકો બાટલીમાં કે પ્લાસ્ટિકની કોથળીમાં લાવે છે, પણ હવે એવું તેલ ચડાવી શકાશે નહીં.(૪૦.૨)

૫૦૦ થી વધુ રસ્તાઓ બંધ ; વીજળી અને પાણી પુરવઠો ખોરવાયો

હિમાચલમાં ભારે હિમવર્ષા અને વાદળ ફાટવાથી જનજીવન પ્રભાવિત

ઘણી જગ્યાએ ભારે વરસાદ અને હિમવર્ષા થઈ છે : જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે

શિમલા તા.૧: જમીનથી મધ્યમ સ્તર સુધી ભેજનું પ્રમાણ વધુ હોવાથી અને અફઘાનિસ્તાનથી આવતા પશ્ચિમી પવનોને કારણે હિમાચલ પ્રદેશના ઊંચા વિસ્તારોમાં ભારે હિમવર્ષા, વાદળ ફાટવા અને ભારે વરસાદ પડ્યો છે. છેલ્લા ત્રણ મહિનાના દુષ્કાળમાંથી રાહત મળી છે પરંતુ તેના કારણે લોકોના જીવન સંપૂર્ણપણે પ્રભાવિત થયા છે.

ચંબાના પાંગી ખીણના કોકરોલુ ગામમાં હિમ-પાતને કારણે બરફ નીચે દટાયેલા એક વ્યક્તિને ગ્રામજનોએ સુરક્ષિત રીતે બચાવી લીધો હતો અને લાહૌલ સ્પીતિના દલાંગમાં હિમ-પાતને કારણે બરફ નીચે દટાયેલા બે-વાસીઓને સ્થાનિક લોકોએ સુરક્ષિત રીતે બચાવી લીધા હતા.

કાંગડાના બારા ભંગલ ખીણના લુહારડીમાં વાદળ ફાટવાના કારણે ઉહલ નદીનું પાણીનું સ્તર વધી ગયું અને તેના કારણે બારોટ ડેમના દરવાજા ખોલવા પડ્યા. રોહતાંગમાં છ ફૂટ, અટલ ટનલ રોહતાંગમાં સાડા ચાર ફૂટ, કોથમાં ચાર ફૂટ, કિન્નૌરમાં લગભગ દોઢ ફૂટ બરફ પડ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી વધુ વરસાદ કુલ્લુના સેઉબાગમાં પડ્યો છે. તાજી હિમવર્ષા અને વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનને



કારણે પાંચ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૫૮૩ રસ્તાઓ બંધ છે. જ્યારે ૨૨૬૩ ટ્રાન્સફોર્મર નિષ્ફળ જવાને કારણે સેંકડો ગામડાઓમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. ૨૭૯ પીવાના પાણીની યોજનાઓને અસર થઈ છે.

ગુરુવાર રાતથી જ ભારે પવન સાથે બરફવર્ષા અને વરસાદનો સિલસિલો ચાલુ છે. હવામાન વિભાગે શનિવારે રાજ્યમાં કેટલાક સ્થળોએ હળવી હિમવર્ષા અને વરસાદની આગાહી કરી છે. જ્યારે ૪ અને ૫ માર્ચે ફરી એકવાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે વ્યાપક હિમવર્ષા અને વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક સંદીપ કુમારે જણાવ્યું હતું કે કુલ્લુ, મંડીમાં ભારે વરસાદ પડ્યો છે, જ્યારે કિન્નૌર અને લાહૌલ સ્પીતિ સહિત અન્ય વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. જમીનના સ્તરથી ઉપર ભેજનું પ્રમાણ વધુ હોવાથી અને અફઘાનિસ્તાનથી આવતા પવનને કારણે ભારે વરસાદ અને બરફવર્ષા થઈ છે. આવું પહેલા પણ બન્યું છે.

૨૫ ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ ૨૪ કલાક દરમિયાન ચંબામાં સૌથી વધુ ૫૨.૫ મીમી વરસાદ નોંધાયો હતો જ્યારે હવે છેલ્લા ૨૪ કલાકમાં ૯૭ મીમી વરસાદ પડ્યો છે. કુલ્લુમાં ૨૦૦૭માં ૮૪ મીમી વરસાદ પડ્યો હતો જ્યારે હવે ૧૧૩.૨ મીમી વરસાદ પડ્યો છે.

૨૦૦૫ પછી ઉપલબ્ધ ડેટાના આધારે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન કાંગડામાં સૌથી વધુ ૭૪ મીમી વરસાદ નોંધાયો હતો, આ પહેલા ૮ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ ૬૭.૯ મીમી વરસાદ નોંધાયો હતો. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ ૮૪.૫ મીમી વરસાદ પડ્યા બાદ શિમલામાં સૌથી વધુ ૬૩ મીમી વરસાદ નોંધાયો હતો.

ફેબ્રુઆરી મહિનામાં સામાન્ય કરતાં ૫૦ ટકા ઓછો વરસાદ નોંધાઈ રહ્યો હતો, જોકે, ત્રણ દિવસના વરસાદને કારણે સામાન્ય કરતાં ૧૫ ટકા વધુ વરસાદ નોંધાઈ ગયો હતો જ્યારે કુલ્લુમાં સામાન્ય કરતાં ૧૧૩ ટકા વધુ વરસાદ નોંધાઈ ગયો હતો.(૩૮.૪)

વોટ્સએપ ડાઉન: હજારો યુઝર્સ પરેશાન: સોશિયલ મીડિયામાં મીમ્સનાં ઘોડાપુર

૭૦ ટકાથી વધુ લોકોએ મેસેજ મોકલવામાં સમસ્યાની ફરિયાદ કરી જ્યારે ૧૭ ટકા લોકોએ સર્વર કનેક્શનમાં સમસ્યાનો સામનો કરવો પડ્યો

નવી દિલ્હી તા.૧: શુક્રવારે સોશિયલ મેસેજિંગ એપ વોટ્સએપ ડાઉન થઈ ગઈ. ઘણા વપરાશકર્તાઓ સંદેશા મોકલી શકતા નથી. વપરાશકર્તાઓએ ડાઉન ડિટેક્ટર પર પણ રિપોર્ટ નોંધાવ્યા છે. જોકે, વોટ્સએપ તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. દુનિયાભરના લાખો યુઝર પરેશાન થયા હોવાનું જાણવા મળ્યું છે. ભારત, યુકે સહિત અમેરિકા અને યુરોપના **whatsapp** યૂઝરે ફરિયાદ કરી હતી. જોકે આ મામલે મેટાએ કોઈ નિવેદન આપ્યું નથી.



WhatsApp અને ફેસબુક વપરાશકર્તાએ સવારથી સર્વર ફુરૂં હોવાની ફરિયાદ કરી હતી. **Down** ડિટેક્ટર એ જણાવ્યું છે કે ભારત, યુકે, અમેરિકામાં આઉટેજની સમસ્યા ઊભી થઈ હતી.૫૫ ટકા યુઝરે મેસેજ મોકલવાની મુશ્કેલી પડી હોવાનું જણાવ્યું હતું. ૨૨ ટકા યુઝરે સર્વરમાં મુશ્કેલી પડી હોવાનું કહ્યું હતું, જ્યારે ૧૯ ટકા લોકોએ એપ્લિકેશન ક્રેશ **tahi** હોવાની ફરિયાદ કરી હતી.

WhatsApp down થતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અગ્રણી એક્સ પર લોકોએ ફેસબુક અને **whatsapp** યુઝરની હાંસી ઉડાવી હતી અને લોકોએ મિમ્સ પણ બનાવ્યા હતા.

અમેરિકામાંથી ૪,૦૦૦ અને ભારતમાંથી લગભગ ૧૦,૦૦૦ જેટલી ફરિયાદ નોંધાઈ છે, જેમાં ખાસ કરીને **whatsapp dow** હોવાનું જણાવ્યું હતું. બીજી બાજુ બ્રિટનમાંથી પણ હજારો લોકોએ ફરિયાદ મારી હતી.

ખરેખર, એવું જાણવા મળ્યું છે કે આખી દુનિયામાં **WhatsApp** ડાઉન છે. આ સમસ્યા ફક્ત સ્માર્ટફોન પૂરતી મર્યાદિત નહોતી. હકીકતમાં, કોમ્પ્યુટર ધરાવતા લોકો પણ આ એપનો ઉપયોગ કરી શકતા નથી.

જ્યારે લોકોના સ્માર્ટફોન પર **WhatsApp** કામ કરતું ન હતું, ત્યારે લોકોએ તેના વિશે ફરિયાદ કરી. તમને જણાવી દઈએ કે ૭૦ ટકાથી વધુ લોકોએ સંદેશ મોકલવામાં સમસ્યાની ફરિયાદ કરી હતી જ્યારે ૧૭ ટકા લોકોએ સર્વર કનેક્શનમાં સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો.

વોટ્સએપ ડાઉન થયા પછી, યુઝર્સે સોશિયલ મીડિયા પર પોતાની પ્રતિક્રિયાઓ આપી. સોશિયલ મીડિયા પર મીમ્સનો પૂર આવ્યો. લોકોએ સોશિયલ મીડિયા પર વોટ્સએપ ડાઉન હોવાની પોસ્ટ કરી અને મીમ્સ પણ શેર કર્યા. એક યુઝરે લખ્યું, મારો ફોન રીબૂટ કર્યા પછી, હું ૯ પર ગયો કે **WhatsApp** ડાઉન છે કે નહીં તે તપાસું.

જ્યારે બીજા એક યુઝરે ભીડનો ફોટો પોસ્ટ કર્યો અને લખ્યું, "લોકો ઝડપથી ટ્વિટર તરફ દોડી રહ્યા છે કે શું વોટ્સએપ ડાઉન છે કે નહીં તે જાણવા માટે.

બીજા એક યુઝરે લખ્યું કે લોકો ટ્વિટર પર આવી રહ્યા છે કે વોટ્સએપ ડાઉન છે કે નહીં તે તપાસે.

એક યુઝરે **X** પર પોસ્ટ કરીને લખ્યું, **WhatsApp** બંધ છે કે નહીં તે તપાસવા માટે અહીં કોણ છે?

એક યુઝરે લખ્યું કે લોકો **X** તરફ દોડી રહ્યા છે કે શું **WhatsApp** ડાઉન છે કે નહીં! હાહાહા.

યુકેમાં પણ વોટ્સએપ ડાઉન છે. ઘણા યુઝર્સે **X** પર પોસ્ટ કરીને આ માહિતી આપી છે. એક યુઝરે **X** પર લખ્યું યુકેમાં **WhatsApp** ડાઉન છે.(૩૮.૨)

મોંઘવારીનો માર ! દરેક સિલિન્ડર પર ૬ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો

દેશભરમાં કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં વધારો

દિલ્હીમાં નવી કિંમત ૧૮૦૩ રૂપિયા થઈ ગઈ છે : કોલકાતામાં તે ૧૯૧૩ રૂપિયા અને મુંબઈમાં ૧૭૫૫.૫૦ રૂપિયા થઈ ગયું છે : જોકે, ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ વધારો થયો નથી : ઘરેલુ સિલિન્ડર પહેલાની જેમ જ ભાવે ઉપલબ્ધ છે

નવી દિલ્હી તા.૧: તેલ કંપનીઓએ ૧ માર્ચ, ૨૦૨૫ થી ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ **LPG** સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. દિલ્હીથી કોલકાતા સુધી, કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૬ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.



જોકે, જો આપણે છેલ્લા પાંચ વર્ષમાં કોમર્શિયલ **LPG** સિલિન્ડરોના ભાવ વલણ પર નજર કરીએ તો, માર્ચ ૨૦૨૫ માં સૌથી ઓછો વધારો કરવામાં આવ્યો છે.

ઇન્ડિયન ઓઇલ દ્વારા જાહેર કરાયેલા નવા દર મુજબ, દિલ્હીમાં ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ **LPG** સિલિન્ડરની કિંમત ૧ માર્ચ, ૨૦૨૫ થી ૧૮૦૩ રૂપિયા થઈ ગઈ છે, જે ફેબ્રુઆરીમાં ૧૭૯૭ રૂપિયામાં ઉપલબ્ધ હતી. જાન્યુઆરીમાં તેની કિંમત ૧૮૦૪ રૂપિયા હતી.

કોલકાતામાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત હવે ૧૯૧૩ રૂપિયા થઈ ગઈ છે. ફેબ્રુઆરીમાં, તેની કિંમત ૧૯૧૧ રૂપિયાથી ઘટીને ૧૯૦૭ રૂપિયા થઈ ગઈ હતી. હવે આ સિલિન્ડર મહાનગર મુંબઈમાં ૧૭૫૫.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ થશે. ફેબ્રુઆરીમાં તેની કિંમત ૧૭૪૯.૫૦ રૂપિયા અને જાન્યુઆરીમાં ૧૭૫૬ રૂપિયા હતી.

તમને જણાવી દઈએ કે ઘરેલુ **LPG** સિલિન્ડરના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. દિલ્હીમાં, ગ્રાહકોને ૧ ઓગસ્ટના દરે ૧૪ કિલોગ્રામ **LPG** સિલિન્ડર આપવામાં આવશે. ૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ પણ તેની કિંમત ૮૦૩ રૂપિયા રહેશે. કોલકાતામાં તે ૮૨૯ રૂપિયા અને મુંબઈમાં ૮૦૨.૫૦ રૂપિયા છે.

૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૭ રૂપિયા સુધીનો ઘટાડો કર્યો હતો. તે સમયે પણ ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશને ફેબ્રુઆરીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં પણ ઘટાડો કર્યો હતો.(૩૮.૩)

ટ્રિપલ મર્ડર કેસમાં બચી ગયેલા સગીરનો દાવો

કાકાએ ઓશીકાથી મારૂ મોં દબાવ્યું ત્યારે મેં શ્વાસ લેવાનું બંધ કરી મૃત હોવાનો ડોળ કર્યો

બચી ગયેલા ત્રણ બાળકો હાલ રાજ્યની સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ

કોલકાતા, તા.૧: પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ટ્રિપલ મર્ડરમાં બચી ગયેલા સગીર છોકરાએ રાજ્ય બાળ સુરક્ષા આયોગ સમક્ષ સ્ફોટક નિવેદન આપ્યું છે. એવો દાવો કરવામાં આવી રહયો છે કે હત્યાની રાત્રે કાકાએ તેને મારવા માટે ઓશિકાથી તેનુ મોં દબાવ્યું હતું. કિશોરે આ વાત ૧૯ ફેબ્રુઆરીએ કોલકાતાના ટાંગરા વિસ્તારમાં થયેલા ત્રિપલ મર્ડરના સંબંધમાં કહી હતી.

કમિશનના સલાહકાર અનન્યા ચક્રવર્તીની આગેવાનીમાં રાજ્ય બાળ સુરક્ષા આયોગના બે સભ્યો કોલકાતાની એનઆરએસ હોસ્પિટલમાં સગીરને મળવા ગયા હતા. આ ઘટનામાં બચી ગયેલા ત્રણ બાળકો હાલ આ રાજ્યની સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. કમિશનના સલાહકાર અનન્યા ચક્રવર્તીએ જણાવ્યું કે, સગીરે કહયું કે તેના પિતા અને કાકા આર્થિક નુકસાન અને દેવાના કારણે માનસિક રીતે ભાંગી પડ્યા છે. આ ઘટનાના બે દિવસ પહેલા તેણે તેના પિતા પ્રસુન ડેને કહેતા સાંભળ્યા હતા કે, હવે લેણદારો અમારી પાછળ આવશે. મૃત્યુ સિવાય બીજો કોઈ રસ્તો નથી બચ્યો. આ પછી એક સંપૂર્ણ યોજના બનાવવામાં આવી.

અનન્યા ચક્રવર્તીએ જણાવ્યું કે, સગીરે કહયું કે તે નિયમિત રીતે યોગ કરતો હતો, તેથી ઊંઘની ગોળીઓ સાથે ખીર મિક્ષ કરીને ખાધા પછી પણ તેને કંઈ થયું નહીં. તેણે દાવો કર્યો હતો કે તેના કાકાએ તેને મારવા માટે ઓશીકા વડે તેનું મોં અને નાક દબાવ્યું હતું. પરંતુ તેણે લાંબા સમય સુધી તેનો શ્વાસ રોકી રાખ્યો, જાણે તે ખરેખર મરી ગયો હોય.

કોલકાતા પોલીસના સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે સગીર છોકરાએ પણ આ જ નિવેદન તેમને આપ્યું હતું. પોલીસના એક સૂત્રએ જણાવ્યું કે, સગીરે કહયું કે જ્યારે તેના કાકાએ તેને મારવા માટે તેના ચહેરા પર ઓશીકું દબાવ્યું ત્યારે તેણે યોગાભ્યાસની પદ્ધતિનો ઉપયોગ કરીને પોતાને બચાવી લીધો. તેણે લાંબા સમય સુધી તેનો શ્વાસ રોકી રાખ્યો અને જાણે કે તે મરી ગયો હોય તેવું વર્તન કરતો રહયો. જ્યારે તેના કાકા અને પિતાએ તેને મૃત હોવાનું માની લીધું ત્યારે તેઓ રૂમમાંથી બહાર નીકળી ગયા હતા.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, આ એક શંકાસ્પદ કેસ હોવાનું જણાય છે, કારણ કે તેમના ઘરમાંથી કોઈ યોગા મેટ મળી નથી. જો કે, ઘરમાંથી બે જીમ બેગ મળી આવી છે, પરંતુ તે પ્રસૂન અને પ્રણયની જ છે. તેથી હવે કોલકાતા પોલીસ તમામ નિવેદનોની તપાસ કરી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, પ્રણયનો પ્લાન હતો કે તે બધાને ખીરમાં ઊંઘની ગોળીઓ ભેળવીને ખવડાવશે. જ્યારે આ પ્લાન સફળ ન થયો ત્યારે પ્રસૂને આગળની યોજના બનાવી. હોસ્પિટલમાં પૂછપરછ દરમિયાન પ્રસૂને પોલીસને જણાવ્યું કે તેની પત્નીઓ સુદેશના અને રોમીએ જાતે જ પોતાના હાથની નસો કાપી નાખી હતી. જોકે, પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં આનો કોઈ ઉલ્લેખ નથી. આ સંદર્ભે પ્રણયના નિવેદન મુજબ, તેણે કશું જોયું ન હતું. જોકે, પ્રણયે પોલીસને જણાવ્યું હતું કે પ્રસૂને તેને હાથની નસો કાપવાનું પણ કહયું હતું. પરંતુ તે આ કરી શક્યો નહીં.

બાળ સુરક્ષા આયોગના સલાહકારે કહયું, કિશોરના નિવેદન મુજબ, તેના માતા-પિતા અને કાકાઓએ ઘરની છત પરથી કૂદીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસ સૂત્રોનો દાવો છે કે તપાસકર્તાઓને બંને ભાઈઓએ છત પરથી કૂદકો માર્યો તે અંગે કંઈ ખબર નહોતી.

અનન્યા ચક્રવર્તીએ કહયું, રાજ્ય બાળ સુરક્ષા આયોગ બાળકને ઘરે મોકલવા તૈયાર નથી. અમે તેને કોઈ સંબંધીની સંભાળમાં રાખવા માંગીએ છીએ. પ્રસુનના સાસરિયાઓ સાથે આ અંગે વાત કરવામાં આવશે. જોકે, ભલે તેઓ તેની જવાબદારી લેવા માંગતા ન હોય, એક દંપતીએ બાળકના ભરણપોષણની જવાબદારી લેવામાં રસ દાખવ્યો છે.

બીજી તરફ, સૂત્રોએ જણાવ્યું હતું કે ડે પરિવારના બે બચી ગયેલા ભાઈઓ, પ્રણય અને પ્રસૂનને એક કે બે દિવસમાં **NRS** હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી શકે છે.(૨૩.૨)

વેલેન્ટાઇન્સ ડેના રોજ પત્નીને પોર્શે કાર ગિફ્ટમાં આપી, પત્નીએ નહીં સ્વીકારી તો કચરાપેટીમાં ફેંકી દીધી



મોસ્કો,તા.૧: રશિયામાં રિસાયેલી પત્નીને મનાવવા માટે એક પતિએ મોંઘી એવી પોર્શે કાર વેલેન્ટાઈન્સ ડેના રોજ ગિફ્ટમાં આપી હતી, પણ પતિએ એક ભૂલ કરતાં પત્નીએ આ કાર સ્વીકારી નહોતી અને છેવટે પતિને આ કાર એક કચરાપેટીમાં ફેંકવાનો વારો આવ્યો હતો.

મોસ્કો પાસે માયતીશીમાં રહેતા પતિએ તેનું લગ્નજીવન બચાવવા પત્નીને આ મોંઘી કાર ગિફ્ટમાં આપવાનું નક્કી કર્યું હતું. તેણે માર્કેટમાંથી એક એક્સિડન્ટ બાદ ડેમેજ થયેલી પોર્શે મકૈન કાર ૨૭ લાખ રૂપિયામાં ખરીદી હતી અને પત્નીને વેલેન્ટાઈન્સ ડેના રોજ ગિફ્ટ કરી હતી. આવી ડેમેજ થયેલી કાર જોઈને પત્નીને અપમાન લાગ્યું અને કાર સ્વીકારી નહીં. એથી પતિએ એને કચરાપેટીમાં ફેંકી દીધી હતી. આ કાર ત્યાં ૧૫ દિવસથી પડી રહી છે અને લોકો એની સાથે ફોટોગ્રાફ લેતા હોય છે. પતિએ હકીકતમાં આ કાર રિપેર કરાવ્યા બાદ ૮ માર્ચે મહિલાદિવસે પત્નીને આપવાનો નિર્ણય કર્યો હતો, પણ પત્ની જલદી માને એથી કાર વહેલી આપી એમાં પત્ની વધારે નારાજ થઈ ગઈ હતી.(૪૦.૪)

મારા પતિનો સંબંધ મારી બહેન સાથે થઈ ગયો છે, જેને લઈને તે દારૂ પીને મને મારે છે: પત્નીએ પણ પોલીસમાં વળતી ફરિયાદ કરી

પત્નીની રીલ બનાવવાની આદતથી કંટાળી પતિ પહોંચ્યો પોલીસ સ્ટેશન, લોકો મજાક ઉડાવે છે: છુટાછેડા અપાવો




ગોરખપુર,તા.૧: ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયાના માધ્યમનો આવકના સ્રોત તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયાના અનેક લાભ હોવાની સાથે તેના ગેરફાયદાઓ પણ છે, ત્યારે ગોરખપુરના ખજની પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં એક ટ્રક ડ્રાઈવરે પત્નીની રીલ બનાવવાની આદતથી કંટાળી ગયો હોવાની ઘટના સામે આવી છે. પતિએ આ મામલે પોલીસ સ્ટેશનમાં જઈને પત્નીથી છુટાછેડા લેવાની માગ કરી હતી. પતિએ કહ્યું કે, મારી પત્ની સોશિયલ મીડિયામાં રીલ બનાવીને પોસ્ટ કરે છે. જેને લઈને મારા મિત્રો અને સંબંધીઓ મારી મજાક ઉડાવે છે, મને છુટાછેડાં અપાવો. પોલીસ સામે પતિએ કહ્યું કે, શરૂઆતમાં હું ખુદ પત્નીને રીલ બનાવવામાં મદદ કરતો હતો. પરંતુ સંબંધીઓ મને મેણાટોણા મારવાનું શરૂ કર્યું હતું. મારી પત્ની સોશિયલ મીડિયામાં રોજ રીલ પોસ્ટ કરે છે, જેનાથી તેની બદનામી થવા લાગી છે. આ મામલે અમારા બંને વચ્ચે વિવાદ વધવા લાગ્યો અને મામલો છુટાછેડા સુધી પહોંચ્યો છે.

જ્યારે સમગ્ર મામલે પત્નીએ પોલીસમાં ફરિયાદ કરી હતી. મહિલાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, મારા પતિનો સંબંધ મારી બહેન સાથે થઈ ગયો છે. જેને લઈને તે દારૂ પીને મને મારે છે. આ પછી પોલીસે પતિને પોલીસ સ્ટેશન બોલાવીને પૂછપરછ કરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, પત્ની સોશિયલ મીડિયામાં વધુ પડતી એક્ટિવ રહેવાને લઈને પતિ કંટાળીને તેનાથી દૂર જવા માંગતો હતો. જ્યારે પોલીસે બંનેને સમજાવ્યા હતા અને તેમના બાળકોનું ધ્યાન રાખવા જણાવીને પતિ-પત્ની તેમના ઘરે મોકલી દીધા હતા. પોલીસે અંતે બંનેને જણાવ્યું કે, ભવિષ્યમાં ફરીથી આ પ્રકારનો વિવાદ સામે આવ્યો તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.(૪૦.૩)

પ્યાર કે કાગજ પે, દિલ કી કલમ સે

ઈન્સ્ટાગ્રામ પર રીલ જોઈ ફીદા થઈ ગઈ, હરિયાણાની છોકરી રાજસ્થાન ભાગીને આવી ગઈ



ચુરુ તા.૧: એક કપલને ૧ વર્ષથી ઈન્સ્ટાગ્રામ પર વાતચીત થઈ રહી હતી અને બંનેએ પોતાના સંબંધ વિશે પરિવારને વાત કરી, પણ પરિવારે લગ્ન કરવાની ના પાડી દીધી, જે બાદ તેઓ ઘરેથી ભાગીને સાદુલપુર કોર્ટમાં આવી લગ્ન કરી લીધા. હરિયાણાની રહેવાસી દીક્ષાએ કહ્યું કે, તેમના આ સંબંધથી પરિવાર અને મામા નારાજ હતા.

કાયમ એવું કહેવાય છે કે, જોડી તો ઉપરથી બનીને આવે છે. પણ બદલાતા સમયમાં હવે આ કહેવત પણ બદલાતી દેખાઈ રહી છે. જ્યાં હવે જોડીઓ સોશિયલ મીડિયા પર બની રહી છે. કંઈક આવો જ કિસ્સો સામે આવ્યો છે, રાજસ્થાનના ચુરુમાંથી, જ્યાં ઈન્સ્ટાગ્રામ પર થયેલી દોસ્તી, પ્રેમમાં બદલાઈ અને હરિયાણાની યુવતી રાજસ્થાનના યુવકના પ્રેમમાં એવી તે પાગલ થઈ કે લગ્ન કરી નાખ્યા.

એસપી ઓફિસે પહોંચેલા કપલે જણાવ્યું કે, તેમને થોડા સમય પહેલા ઈન્સ્ટાગ્રામ પર ઓળખાણ થઈ અને વાતો થવા લાગી અને વાતો ધીમે ધીમે આગળ વધી. બંને એકબીજાની નજીક આવવા લાગ્યા અને સોશિયલ મીડિયા પર બંનેને પ્રેમ થઈ ગયો. સાદુલપુરના ચનાનાની રહેવાસી ૨૩ વર્ષિય સોનુએ જણાવ્યું કે, તે ૮મું પાસ છે અને બેંગલોર ટ્રાન્સપોર્ટમાં કામ કરે છે. તો વળી દીક્ષા હરિયાણાની રહેવાસી છે.

સાદુલપુર તાલુકાના ચનાના ગામના રહેવાસી સોનુએ લોકલ ૧૮ને જણાવ્યું કે, ૧ વર્ષથી ઈન્સ્ટાગ્રામ પર વાતો થઈ રહી હતી અને બંનેએ સંબંધને લઈને ઘરે વાત પણ કરી. પણ પરિવારના લોકોએ ના પાડી દીધી, જે બાદ તેઓ ઘરેથી ભાગ્યા અને સાદુલપુર કોર્ટમાં જઈને બંનેએ લગ્ન કરી લીધા.

હરિયાણાની રહેવાસી દીક્ષાએ જણાવ્યું કે, તેમના આ સંબંધથી પરિવારના લોકો અને મામા નારાજ હતા. જે બાદ તેમને સતત ધમકીઓ મળતી હતી. તેના કારણે હવે એસપી ઓફિસે સુરક્ષાની માગ કરવા આવ્યા છીએ.(૩૮.૬)

મીકા સિંહે શાહરૂખ, અમિતાભ, ગુરદાસ માનને ૫૦ લાખ રૂપિયાની હીરાની વીંટી ભેટમાં આપી હતી

મીકા સિંહે ખુલાસો કર્યો કે શાહરૂખ ખાન પોતે પોતાની કાર લઈને ઋત્વિક રોશનની પાર્ટીમાં ગયો હતો જેમાં ગૌરી ખાન અને રણવીર સિંહ પણ હાજર હતા



મુંબઈ,તા.૧: ગાયક મીકા સિંહે એક ઈન્ટરવ્યુમાં હાથ જોડીને અનંત અંબાણી પાસે કરોડોની કિંમતની ઘડિયાળ માંગી હતી. હવે, તેમણે દાવો કર્યો છે કે તેમણે શાહરૂખ ખાન, અમિતાભ બચ્ચન અને ગુરદાસ માનને હીરાની વીંટીઓ ભેટમાં આપી છે. આ સાથે, તેણે તેની કિંમત અને ઋત્વિક રોશનની પાર્ટીમાં રણવીર સિંહ અને ગૌરી ખાન સાથે કરેલી મજા વિશે પણ જણાવ્યું છે.

'પિંકવિલા'ને આપેલા એક ઈન્ટરવ્યુમાં, મીકા સિંહે તે ક્ષણને યાદ કરી જ્યારે તે શાહરૂખ ખાનને પહેલી વાર મળ્યો હતો. શાહરૂખને "સૌથી ઉત્તમ અભિનેતા અને સૌમ્ય વ્યક્તિ" ગણાવતા, ગાયકે કહયું કે જ્યારે તે અભિનેતાને મળ્યો ત્યારે તેણે સુપરસ્ટારને ૫૦ લાખ રૂપિયાની હીરાની વીંટી ભેટમાં આપી. તેમણે ખુલાસો કર્યો, 'મેં પણ આ વીંટી અમિતાભ બચ્ચન સાહેબને પ્રેમથી આપી છે.' મેં તે ગુરદાસ માનને આપ્યું છે.

મીકા સિંહે આગળ કહયું, 'મને લાગ્યું કે મારે મારા જીવનમાં ૩ લોકો માટે કંઈક કરવું જોઈએ.' જોકે, કિંગ ખાને બીજા દિવસે સવારે ખૂબ જ નમ્રતાથી ફોન કરીને પોતાની લીધેલી વીંટી પાછી આપી. તેણે તેને પાછું લેવાનું કહયું કારણ કે તે ખૂબ મોંઘું હતું. ત્યારથી બંને એકબીજાને ઓળખે છે. તેણે એમ પણ કહયું કે શાહરૂખે તેની કાર ૩ દિવસ અને મહિનાઓ સુધી પોતાની સાથે રાખી હતી, જેને તે ફિલ્મના સેટ પરથી ઘરે લઈ ગયો હતો.(૨૩.૪)

કંગના રનૌત અને જાવેદ અખ્તર વચ્ચે સમાધાન : બંનેએ એકબીજા સામે બદનક્ષીના કેસ દાખલ કર્યા હતા

કંગના રનૌત અને જાવેદ અખ્તર વચ્ચેના વર્ષો જૂના ઝઘડાનો આવ્યો અંત : બંનેએ કેસ રદ કર્યા



મુંબઈ, તા.૧: બૉલિવૂડની પંગા ક્વિન અભિનેત્રી અને અને ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ની સાંસદ કંગના રનૌત તેના વિવાદોને લીધે ચર્ચામાં રહે છે. જોકે છેલ્લા પાંચ વર્ષથી લેખક-ગીતકાર જાવેદ અખ્તર સાથે ચાલી રહેલા વિવાદનો કાનૂની કાર્યવાહી આખરે અંત આવ્યો છે. કંગના રનૌત અને જાવેદ અખ્તર વચ્ચે સમાધાન થયું છે. શુક્રવારે મુંબઈના બાન્દ્રામાં મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ આ સમાધાન થયું. કંગના રનૌત અને જાવેદ અખ્તર બંને સવારે ૧૦:૩૦ વાગ્યે બાન્દ્રા મેજિસ્ટ્રેટ કોર્ટમાં પહોંચ્યા અને તેમના સંબંધિત વકીલો, જય કે ભારદ્વાજ અને રિઝવાન સિદ્દીકી સાથે મેજિસ્ટ્રેટ આશિષ અવારીના પણ ચેમ્બરમાં પ્રવેશ્યા. ચેમ્બરમાં એક કલાકથી વધુ સમય રહયા પછી, વકીલો રનૌત અને અખ્તરના નિવેદનો રેકોર્ડ કરવા માટે કેટલાક કાગળો મેળવવા માટે બહાર નીકળ્યા હતા.

નિવેદનો અનુસાર, અખ્તર અને રનૌત એકબીજા સામે દાખલ કરેલા માનહાનિના કેસ પાછા ખેંચવા સંમત થયા છે. કોર્ટમાંથી બહાર નીકળતાં જાવેદ અખ્તરે મીડિયાને કહ્યું, "આટલા વર્ષો પછી, આખરે આ મામલો ઉકેલાઈ ગયો છે. કંગનાએ મને થયેલી બધી અસુવિધા માટે માફી માગી છે. હું મારો કેસ પાછો લઈશ અને તે પોતાનો કેસ પાછો લેશે." છેલ્લા પાંચ વર્ષોમાં, અખ્તરે રનૌત સામેના તેમના કેસની લગભગ બધી જ સુનાવણીઓમાં હાજરી આપી હતી, અન્ય અરજદારો સાથે પોતાનો વારો રાહ જોઈ રહયા છે. તે સાક્ષી પેટીમાં પણ હાજર થયા હતા જ્યાં તેમનું અને રનૌતનું નિવેદન નોંધાયું હતું.

હળવી વાત એ છે કે, જ્યારે અખ્તરને પૂછવામાં આવ્યું કે સમાધાન પછી તેમને શાંતિ લાગે છે, ત્યારે તેમણે હસીને જવાબ આપ્યો, "હું હવે એક નવી સમસ્યા ઉપાડીશ." રનૌત અને અખ્તર વચ્ચેનો કાનૂની વિવાદ માર્ચ ૨૦૧૬ માં અખ્તરના નિવાસસ્થાને થયેલી મુલાકાતથી શરૂ થયો હતો. તે સમયે, રનૌત અને અભિનેતા હૃતિક રોશન વચ્ચે કથિત રીતે ઈમેલની આપ-લેને લઈને જાહેરમાં ઝઘડો થયો હતો. રોશન પરિવારના નજીકના અખ્તરે પોતે જ આ મામલે દરમિયાનગીરી કરી હતી અને કથિત રીતે રનૌતને રોશનની માફી માગવા કહયું હતું.

રનૌતે તાત્કાલિક જવાબ આપ્યો ન હતો. જોકે, ૨૦૨૦ માં, અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ પછી, રનૌતે એક ટેલિવિઝન ઈન્ટરવ્યુ દરમિયાન અખ્તર સાથેની ૨૦૧૬ ની મુલાકાતની ચર્ચા કરી હતી. અખ્તરે કંગના દ્વારા ઈન્ટરવ્યુ દરમિયાન કરવામાં આવેલી ટિપ્પણીઓને બદનક્ષીભરી ગણાવી હતી અને ત્યારબાદ તેની સામે માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. કંગના રનૌતે અખ્તર સામે વળતી ફરિયાદ દાખલ કરી અને બન્ને વચ્ચેનો કાનૂની વિવાદ વધુ તીવ્ર બન્યો. કંગનાએ આરોપ કર્યો હતો કે અખ્તરે તેને અયોગ્ય દબાણ હેઠળ માફી માગવા માટે દબાણ કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ દિંડોશી સેશન્સ કોર્ટે અખ્તર સામેની આ કાર્યવાહી પર હવે સ્ટે મુકી દીધો છે. કંગના રનૌતે પોતાના નિવેદનોમાં કહ્યું છે કે અખ્તર સામે ઈન્ટરવ્યુ આપવાની તેની સમગ્ર ઘટના બંને વચ્ચેના ગેરસમજને લીધે બની હતી.(૨૩.૩)

ફિલ્મની સ્ટોરી અને શૈલી વિશે હજુ પણ સસ્પેન્સ

રમેશ તૌરાણીની આવનારી ફિલ્મમાં સૈફ અલી ખાન સાથે સ્ક્રીન શેર કરશે રકુલ પ્રીત સિંહ



મુંબઈ,તા.૧: રમેશ તૌરાણીની આગામી ફિલ્મમાં સૈફ અલી ખાન સાથે રકુલ પ્રીત સિંહ પણ કામ કરવાની છે, એવા અહેવાલો સામે આવ્યા છે. 'મેરે હસબન્ડ કી બીવી' ની જબરદસ્ત સફળતા બાદ રકુલ પ્રીત સિંહની કારકિર્દીને નવી ઉડાન મળી છે, એવું કહી શકાય. તે હવે બીજી ફિલ્મ માટે તૈયાર છે. સૂત્રોના જણાવ્યાનુસાર રકુલ પ્રીત સિંહ ટૂંક જ સમયમાં સૈફ અલી ખાન સાથે સ્ક્રીન સ્પેસ શેર કરવાની છે. આ ફિલ્મનું નિર્માણ રમેશ તૌરાણી દ્વારા કરવામાં આવી રહયું છે.

રમેશ તૌરાણીના બેનર હેઠળ એક રોમાંચક નવા પ્રોજેક્ટ માટે સૈફ અલી ખાન સાથે કામ કરવા માટે રકુલ બિલકુલ તૈયાર જણાઈ રહી છે. 'મેરે હસબન્ડ કી બીવી'ની ભવ્ય સફળતા બાદ તે પોતાના કરિયરમાં સ્માર્ટ ચોઈસ પર ધ્યાન આપી રહી હોય એવી લાગી રહ્યું છે. આ ફિલ્મ તેના કરિયરના પ્રવાહને ઓર મજબૂત કરશે.

રકુલ પ્રીત સિંહે વિવિધ ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ બનાવી છે. તે રોમેન્ટિક કોમેડી હોય કે તીવ્ર નાટકો હોય. તેણે દરેક પ્રકારનું પાત્ર પસંદ કર્યું છે જે તેની અભિનય કુશળતાને નિખારે છે. 'મેરે હસબન્ડ કી બીવી' માં તેણે કરી જ બતાવ્યું કે તે ખૂબ જ કુદરતી રીતે કોમેડી અને નાટકને સંતુલિત કરી શકે છે. હવે તેની આગામી ફિલ્મને લઈને એવી જ અપેક્ષાઓ છે કે તે આ સિક્વન્સને આગળ લઈ જશે અને વધુ શાનદારરીતે પરફોર્મન્સ આપશે.

આ પ્રોજેક્ટ થકી સૈફ અલી ખાન અને રકુલને સાથે મળીને કામ કરશે. સૈફ તો તેના કુદરતીરીતે જ દરેક પાત્રમાં પ્રાણ પૂરવાની ખૂબી જાણે છે. આવી સ્થિતિમાં આ બંનેની જોડી સ્ક્રીન પર નવી ઊર્જા લાવશે.

હંમેશાં મનોરંજક ફિલ્મો માટે જાણીતા રમેશ તૌરાણી આ પ્રોજેક્ટમાં તેમની ટ્રેડમાર્ક શૈલી પણ લાવી રહ્યા છે. વ્યાવસાયિક અપીલ સાથે પાવરફૂલ સ્ટોરી કહેવાની શૈલી લાવશે. ફિલ્મની સ્ટોરી અને શૈલી વિશે હજુ પણ સસ્પેન્સ હોવા છતાં આ સહયોગની ચર્ચા ઉદ્યોગમાં જોરશોરથી ચાલી રહી છે.

ટ્રમ્પે બેઠક દરમ્યાન જેલેંસ્કીને આડેહાથ લીધા: લાખો લોકોના જીવન સાથે રમત રમતા હોવાનો અને ત્રીજા વિશ્વયુધ્ધ ભણી દોરી જતાં હોવાનો આરોપ મૂકયો

ટ્રમ્પ-જેલેંસ્કી વચ્ચે તડાફડી: સમગ્ર વિશ્વ સ્તબ્ધ

બંને વચ્ચે ૪૫ મિનિટ વાતચીત થઈ એ દરમ્યાન છેલ્લી ૧૦ મિનિટમાં 'તું-તું-મેં-મેં': ભોજન રખડી પડયું: જેલેંસ્કીને વ્હાઈટ છોડી દેવા આદેશ અપાયો

વોશીંગ્ટન, તા.૧: વ્હાઈટ હાઉસમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી વચ્ચેની મુલાકાત દરમિયાન શું થયું તેની ભાગ્યે જ કોઈએ કલ્પના કરી હશે. બંને નેતાઓ વચ્ચેની મુલાકાત ઔપચારિક મુલાકાતથી શરૂ થઈ. જ્યારે આ બંને નેતાઓ એકબીજા સાથે વાત કરી રહ્યા હતા, ત્યારે આખી દુનિયા, ખાસ કરીને રશિયા અને યુરોપિયન દેશો, તેમની દરેક વાત ધ્યાનથી સાંભળી રહ્યા હતા. ટ્રમ્પ અને ઝેલેન્સકી વચ્ચેની સામાન્ય વાતચીત ઝડપથી ગરમાગરમ ચર્ચામાં ફેરવાઈ ગઈ. આ ચર્ચા દરમિયાન, દુનિયાએ જોયું કે કેવી રીતે એક હારેલા દેશના રાષ્ટ્રપતિ અને દુનિયાના સૌથી શક્તિશાળી કહેવાતા દેશના રાષ્ટ્રપતિ વચ્ચે ટક્કર થઈ. જ્યારે ટ્રમ્પ અને ઝેલેન્સકી વ્હાઈટ હાઉસમાં મળી રહ્યા હતા, ત્યારે યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ પણ ત્યાં હાજર હતા. જ્યારે રશિયા-યુક્રેન યુદ્ધ અંગે ટ્રમ્પ અને ઝેલેન્સકી વચ્ચે ચર્ચા વધી, ત્યારે ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે પણ ઝેલેન્સકીને કડક સ્વરમાં સમજાવવાનો શ્રેષ્ઠ -યાસ કર્યો, પરંતુ ઝેલેન્સકી કોઈની વાત સાંભળવા તૈયાર ન હતા. તેઓ અટક્યા નહિ.

શુક્રવારે ઓવલ ઓફિસમાં એક બેઠક દરમિયાન યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી પર પ્રહારો કર્યા અને લાખો લોકોના જીવન સાથે રમવા બદલ ઝેલેન્સકીને ઠપકો આપ્યો. ટ્રમ્પે કહ્યું કે યુક્રેનિયન રાષ્ટ્રપતિના પગલાં ત્રીજા વિશ્વયુદ્ધને વેગ આપી શકે છે. આ પછી, ઝેલેન્સકી અચાનક અમેરિકા સાથે મહત્વપૂર્ણ ખનિજ કરાર પર હસ્તાક્ષર કર્યા વિના વ્હાઈટ હાઉસ છોડીને ચાલ્યા ગયા. ટ્રમ્પે આ કરારની માંગ કરી હતી, અને કહ્યું હતું કે તે યુક્રેનને ભવિષ્યમાં ટેકો આપવા માટે એક શરત છે.

ટ્રમ્પ, ઝેલેન્સકી અને પ્રતિનિધિમંડળ કેબિનેટ રૂમની બહાર લંચ લેવાના હતા, પરંતુ બાદમાં સ્ટાફ ત્યાં સલાડ પ્લેટ અને અન્ય વસ્તુઓ પેક કરતા જોવા મળ્યા.



ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ અને ઝેલેન્સકીએ લગભગ ૪૫ મિનિટ સુધી વાતચીત કરી, જેમાં છેલ્લી ૧૦ મિનિટ ત્રણેય વચ્ચે ગરમાગરમ ચર્ચા થઈ. ઝેલેન્સકીએ પોતાનો પક્ષ રજૂ કરતાં, રશિયાની રાજદ્વારી પ્રતિબદ્ધતા અંગે શંકા વ્યક્ત કરી અને મોસ્કો દ્વારા તૂટેલી પ્રતિબદ્ધતાઓનો ઉલ્લેખ કર્યો. તેની શરૂઆત વાન્સે ઝેલેન્સકીને કહેતા કરી, આદરપૂર્વક, શ્રીમાન રાષ્ટ્રપતિ. મને લાગે છે કે તમારા માટે ઓવલ ઓફિસમાં આવીને અમેરિકન મીડિયા સામે આનો મુકદમો ચલાવવાનો પ્રયાસ કરવો એ અપમાનજનક છે.

જણાવી દઈએ કે આ બેઠક પછી, ટ્રમ્પના ટોચના સલાહકારોએ ઝેલેન્સકીને વ્હાઈટ હાઉસ છોડવા કહ્યું. તમે ત્રીજા વિશ્વયુદ્ધ સાથે રમી રહ્યા છો. તમે જે કરી રહ્યા છો તે આ દેશ માટે ખૂબ જ અપમાનજનક છે. આ દેશે તમને એવી રીતે ટેકો આપ્યો છે જે ઘણા લોકો કહે છે કે તેમને ન મળવો જોઈએ, ટ્રમ્પે ઝેલેન્સકીને કહ્યું.

શુક્રવારે જ્યારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળવા પહોંચ્યા, ત્યારે એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે તેઓ પોતાનું વલણ છોડી દેશે અને યુદ્ધનો અંત લાવવા તરફ આગળ વધશે, પરંતુ અહીં વિપરીત થયું. ઝેલેન્સકી કેમેરા સામે વિશ્વના સૌથી શક્તિશાળી માણસ સાથે ટકરાયા. જ્યારે અમેરિકા અને યુક્રેન વચ્ચે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ, ત્યારે ટૂંકી ચર્ચા પછી, ઝેલેન્સકી વ્હાઈટ હાઉસ છોડીને ચાલ્યા ગયા. ટ્રમ્પે ઝેલેન્સકીનું સ્વાગત કર્યું, પરંતુ જ્યારે તેઓ જતા હતા ત્યારે તેમને વિદાય આપવા ગયા ન હતા. જોકે, આ વિવાદ પછી, વિશ્વના ઘણા દેશો, ખાસ કરીને યુરોપિયન દેશોએ ઝેલેન્સકી અને યુક્રેનને ટેકો આપ્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી વચ્ચે વાતચીત શરૂ થઈ. આ દરમિયાન અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ પણ હાજર હતા. જ્યારે બંને નેતાઓએ રશિયા-યુક્રેન યુદ્ધની વર્તમાન પરિસ્થિતિ વિશે વાત કરવાનું શરૂ કર્યું, ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પે પોતાનો સ્વર થોડો કઠોર બનાવ્યો. રાષ્ટ્રપતિ ટ્રમ્પે, મોટા અને કડક અવાજમાં, ઝેલેન્સકીને કહ્યું કે કાં તો સોદો કરો અથવા આપણે બહાર નીકળી જઈએ.

આનો જવાબ આપતા રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું, અમે અમારા દેશમાં છીએ અને આ સમયે અમે મજબૂત રીતે ઉભા છીએ. અમે આ (તમારા સમર્થન) માટે તમારો આભાર પણ માન્યો છે. આના પર યુએસ ઉપરાષ્ટ્રપતિએ જવાબ આપ્યો, આ મીટિંગમાં?

મને ડર છે કે વસ્તુઓ સાથે વ્યવહાર કરવાની આ રીત વસ્તુઓને ખૂબ જ મુશ્કેલ બનાવશે, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું, યુક્રેનમાં શાંતિ કરારની આશા જોખમમાં છે.

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, તમે લાખો લોકોના જીવન સાથે જુગાર રમી રહ્યા છો. તમે ત્રીજા વિશ્વયુદ્ધ સાથે જુગાર રમી રહ્યા છો અને તમે જે કરી રહ્યા છો તે યુક્રેન પ્રત્યે ખૂબ જ અપમાનજનક છે.

હવે યુએસ ઉપરાષ્ટ્રપતિ પણ ચર્ચામાં જોડાયા, જ્યારે ઝેલેન્સકીએ તેમને મોટેથી બોલવાનું ટાળવાનું કહ્યું. કડક વલણ અપનાવતા, યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને કહ્યું કે યુદ્ધનો અંત લાવવા માટે રાજદ્વારી નીતિની જરૂર છે. જોકે, રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ વળતો પ્રહાર કરતા કહ્યું કઈ રાજદ્વારી? ત્યારબાદ વાન્સે તેમના પર રાષ્ટ્રપતિ પદનો અનાદર કરવાનો આરોપ લગાવ્યો.

ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિ ઝેલેન્સકી પર પ્રહાર કરતા કહ્યું, અમે તમને ૩૫૦ બિલિયન ડોલર આપ્યા છે, અમે તમને લશ્કરી સાધનો અને ઘણો ટેકો આપ્યો છે. જો તમારી પાસે અમારા લશ્કરી સાધનો ન હોત, તો આ યુદ્ધ બે અઠવાડિયામાં સમાપ્ત થઈ ગયું હોત.

આના પર રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ તરત જ વળતો પ્રહાર કર્યો અને આડકતરી રીતે ટ્રમ્પ પર પુતિન જેવા શબ્દોનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો. તેણે કહ્યું, હા, હા, તે બે કે ત્રણ દિવસ પણ ટકી શકે નહીં, મેં પુતિન પાસેથી પણ આ સાંભળ્યું છે.

આ દરમિયાન, ઝેલેન્સકીના શબ્દો સાંભળીને ડોનાલ્ડ ટ્રમ્પ આ?ર્યચકિત થઈ ગયા. તેમણે કહ્યું, આ રીતે કામ કરવું ખૂબ મુશ્કેલ બનશે.

બેઠક બાદ, ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ઝેલેન્સકીની ટીકા કરી અને કહ્યું કે ઝેલેન્સકી શાંતિ માટે તૈયાર નથી. તેમણે ઝેલેન્સકી પર અમેરિકાનું અપમાન કરવાનો પણ આરોપ લગાવ્યો.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર કહ્યું, આજે વ્હાઈટ હાઉસમાં અમારી ખૂબ જ ઉત્પાદક બેઠક થઈ. આવી આગ અને દબાણની વાતચીત વિના ક્યારેય સમજી ન શકાય તેવું ઘણું શીખ્યા. લાગણીઓમાંથી જે બહાર આવે છે તે આશ્ચર્યજનક છે. મેં નક્કી કર્યું છે કે જો અમેરિકા સંડોવાય તો રાષ્ટ્રપતિ ઝેલેન્સકી શાંતિ માટે તૈયાર નથી કારણ કે તેમને લાગે છે કે અમારી સંડોવણી તેમને વાટાઘાટોમાં ખૂબ જ લાભ આપે છે. મને લાભ નથી જોઈતો, હું શાંતિ ઈચ્છું છું.

તેમણે એમ પણ કહ્યું, તેમણે પ્રતિષ્ઠિત ઓવલ ઓફિસમાં યુનાઈટેડ સ્ટેટ્સનું અપમાન કર્યું. જ્યારે તેઓ શાંતિ માટે તૈયાર હશે ત્યારે તેઓ પાછા આવી શકે છે.

આ ઉપરાંત, યુએસ -મુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ...તેઓ (યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી) એવા વ્યક્તિ નથી જે શાંતિ ઈચ્છે છે અને મને ફક્ત ત્યારે જ રસ છે જો તેઓ (યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી) રક્તપાતનો અંત લાવવા માંગતા હોય.

યુક્રેનિયન રાષ્ટ્રપતિએ ટ્વિટર પર લખ્યું, આભાર અમેરિકા, તમારા સમર્થન બદલ આભારા મુલાકાત બદલ આભાર. રાષ્ટ્રપતિ, કોંગ્રેસ અને અમેરિકન લોકોનો આભાર. યુક્રેનને ન્યાયી અને કાયમી શાંતિની જરૂર છે અને અમે તે જ દિશામાં કામ કરી રહ્યા છીએ.(૨૨.૨)

ટ્રમ્પે ઝેલેન્સકીને ખવડાવ્યા વિના વ્હાઇટ હાઉસમાંથી બહાર કાઢ્યા, ગરમાગરમ ચર્ચા પછી, ટ્રમ્પે જાહેરમાં ઝેલેન્સકીનું અપમાન કર્યું

ખાવાની વાત તો છોડી દો સલાડનો ટુકડો પણ ઉપાડવા દીધો નહીં

વોશીંગ્ટન, તા.૧: મિર્ઝા ગાલિબનો એક પ્રખ્યાત શેરી છે - મેં તમારી શેરી ખૂબ જ બદનામ કરીને છોડી દીધી. અમેરિકામાં યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથે પણ કંઈક આવું જ બન્યું. ઝેલેન્સકી ટ્રમ્પને મળવા માટે ખૂબ જ અપેક્ષાઓ સાથે ગયા હતા. તેમને આશા હતી કે અમેરિકા યુક્રેન માટે કંઈક કરશે. પરંતુ વાસ્તવમાં તે તેનો ભ્રમ હોવાનું બહાર આવ્યું. ટ્રમ્પે તો જાહેરમાં ઝેલેન્સકીનું અપમાન પણ કર્યું. ખાવાની વાત તો દૂર, ડોનાલ્ડ ટ્રમ્પે ઝેલેન્સકીને સલાડનો ટુકડો પણ ઉપાડવા દીધો નહીં. ડોનાલ્ડ ટ્રમ્પે ઝેલેન્સકીને ખવડાવ્યા વિના વ્હાઈટ હાઉસમાંથી બહાર કાઢ્યા. ગરમાગરમ દલીલ પછી, રાષ્ટ્રપતિ ઝેલેન્સકી ઈચ્છતા હતા કે બધું બરાબર થાય. ચાલો ટ્રમ્પ સાથે આગળ વાત કરીએ. દુનિયાને એક નવો સંદેશ આપવો જોઈએ કે બધું બરાબર છે. પરંતુ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સહમત થવાના નહોતા. તેમણે સ્પષ્ટ સંદેશ આપ્યો. ઝેલેન્સકીને ચાલ્યા જવા કહો.



ખરેખર, શુક્રવારે રાત્રે અમેરિકામાં એક હાઈ-વોલ્ટેજ ડ્રામા થયો. ડોનાલ્ડ ટ્રમ્પ અને ઝેલેન્સકી બધાની સામે એકબીજા સાથે લડ્યા. ફક્ત અમેરિકા જ નહીં, વિશ્વના ઈતિહાસમાં પહેલી વાર આવું બન્યું. વ્હાઈટ હાઉસમાં ખૂબ જ હોબાળો થયો. ટ્રમ્પ ઝેલેન્સકીના વલણ અને શબ્દોથી એટલા ગુસ્સે થયા કે તેઓ ભૂલી ગયા કે ઝેલેન્સકી તેમના મહેમાન છે. તેણે બધાની સામે ઝેલેન્સકીને માર માર્યો. ટ્રમ્પે તો યુક્રેનને પણ તેનું સ્થાન બતાવી દીધું. તેણે ઝેલેન્સકીને એમ પણ કહ્યું કે તમે ત્રીજા વિશ્વયુદ્ધનો જુગાર રમી રહ્યા છો. મામલો એટલો વધી ગયો કે યુએસ એનએસએએ માઈક વાન્સને દરમિયાનગીરી કરવી પડી.

પહેલા શું થયું તે વિગતવાર જણાવો. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી અમેરિકાના પ્રવાસે ગયા હતા. ટ્રમ્પ અને ઝેલેન્સકી વાત કરવા માટે મીડિયા સામે બેઠા. આ બેઠક ઓવલ ઓફિસમાં થઈ રહી હતી. ત્યારબાદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી પર પ્રહારો કર્યા. તેમણે ઝેલેન્સકી પર લાખો લોકોના જીવન સાથે રમવાનો આરોપ લગાવ્યો. ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ અને ઝેલેન્સકી વચ્ચે લગભગ ૪૫ મિનિટની વાતચીત થઈ. છેલ્લી ૧૦ મિનિટમાં ત્રણેય વચ્ચે ઉગ્ર દલીલ થઈ. ઝેલેન્સકીએ પોતાનો પક્ષ રજૂ કરતાં, રશિયાની રાજદ્વારી પ્રતિબદ્ધતા પર શંકા વ્યક્ત કરી અને મોસ્કો દ્વારા તોડવામાં આવેલી પ્રતિબદ્ધતાઓનો ઉલ્લેખ કર્યો. આ પછી કોણે શું કહ્યું તે જાણો.

તેની શરૂઆત વાન્સે ઝેલેન્સકીને કહેતા કરી, આદરપૂર્વક, શ્રીમાન રાષ્ટ્રપતિ. મને લાગે છે કે ઓવલ ઓફિસમાં આવીને અમેરિકન મીડિયા સામે આ મામલાનો મુકદમો ચલાવવાનો પ્રયાસ કરવો તમારા માટે અપમાનજનક છે. ઝેલેન્સકીએ વાંધો ઉઠાવવાનો પ્રયાસ કર્યો, જેના પર ટ્રમ્પે જોરદાર અવાજમાં કહ્યું, તમે લાખો લોકોના જીવન સાથે રમી રહ્યા છો. ટ્રમ્પે કહ્યું, તમે ત્રીજા વિશ્વયુદ્ધને આમંત્રણ આપી રહ્યા છો અને તમે જે કરી રહ્યા છો તે દેશ માટે ખૂબ જ અપમાનજનક છે, આ તે દેશ છે જેણે તમને ખૂબ ટેકો આપ્યો છે. આ સાથે, પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ. જોકે, વાત અહીં પૂરી ન થઈ. વાસ્તવિક પરાકાષ્ઠા હજુ આવવાની બાકી હતી.

સીએનએનના અહેવાલ મુજબ, ઓવલ ઓફિસમાં દલીલ બાદ વ્હાઈટ હાઉસની અંદર ઝેલેન્સકીનું ફરી એકવાર અપમાન કરવામાં આવ્યું હતું. ઓવલ ઓફિસમાં ચર્ચા પછી તરત જ, ડોનાલ્ડ ટ્રમ્પે તેમના મુખ્ય સલાહકારો સાથે બેઠક યોજી. ટ્રમ્પે ઝેલેન્સકી સાથે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેની ચર્ચા કરી. વ્હાઈટ હાઉસના એક અધિકારીના જણાવ્યા અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પે વાન્સ, રુબિયો, બેસન્ટ વગેરે સાથે સલાહ લીધી. આ ત્યારે થયું જ્યારે ટ્રમ્પે નક્કી કર્યું કે ઝેલેન્સકી વાટાઘાટો કરવાની સ્થિતિમાં નથી. તેમણે વિદેશ સચિવ રુબિયો અને તેમના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટ્ઝને આ સંદેશ પહોંચાડવા સૂચના આપી - જાઓ અને તેમને કહો કે ઝેલેન્સકીના જવાનો સમય આવી ગયો છે.

આશ્ચર્યજનક રીતે, જ્યારે ટ્રમ્પે આ આદેશ આપ્યો, ત્યારે ઝેલેન્સકી અને તેમની ટીમ બાજુના રૂમમાં બેઠા હતા. ઝેલેન્સકી સાથે આવેલું યુક્રેનિયન પ્રતિનિધિમંડળ નજીકના એક અલગ રૂમમાં રાહ જોઈ રહ્યું હતું. (વિદેશી નેતાઓની મુલાકાતો દરમિયાન આ સામાન્ય છે.) હકીકતમાં, ઝેલેન્સકી અને યુક્રેનિયન પ્રતિનિધિમંડળ લંચની રાહ જોઈ રહ્યા હતા. તેમને લાગ્યું કે જ્યારે ટ્રમ્પ બપોરના ભોજન માટે બેસશે ત્યારે ગરમી થોડી ઠંડી પડશે. પછી વસ્તુઓને ઠીક કરવાની તક મળશે. સામાન્ય રીતે અમેરિકાની મુલાકાતે આવેલા નેતા ફરીથી લંચ માટે મળે છે. પરંતુ ટ્રમ્પ દ્વારા મોકલવામાં આવેલા સંદેશથી સ્પષ્ટ થઈ ગયું કે ઝેલેન્સકી સહિત યુક્રેનિયન પ્રતિનિધિમંડળ વ્હાઈટ હાઉસમાં ભોજન કરશે નહીં. આશ્ચર્યજનક રીતે ખોરાક તૈયાર હતો. ઝેલેન્સકી અને તેમની ટીમ માટે ખોરાક નજીકના કોરિડોરમાં ગાડીઓ પર રાખવામાં આવ્યો હતો. પરંતુ પછી યુક્રેનિયન પ્રતિનિધિમંડળને ત્યાંથી જવાની સૂચના આપવામાં આવી. વ્હાઈટ હાઉસના અધિકારીએ જણાવ્યું હતું કે યુક્રેનિયન પ્રતિનિધિમંડળ વાતચીત ચાલુ રાખવા માંગે છે. પરંતુ તેને ના પાડી દેવામાં આવી. આનાથી ઝેલેન્સકી ગુસ્સે ભરાયો અને તે તરત જ તે સ્થળ છોડીને ચાલ્યો ગયો. (૨૨.૪)

ટ્રમ્પનું તડને ફડ : આપી ઝેલેંસ્કીને ધમકી

આજથી તમારા ખરાબ દિવસો શરૂ : તમે અમેરિકાનું અપમાન કર્યું

વોશીંગ્ટન, તા.૧: યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદીમીર ઝેલેંસ્કીએ શુક્રવારે વ્હાઈટ હાઉસમાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન બંને નેતાઓએ યુક્રેનમાં વર્ષોથી ચાલે રહેલા યુદ્ધમાં સંભાવિત યુદ્ધ વિરામ માટે ચાલી રહેલી વાતચીતના ભાગ તરીકે સંયુક્ત રાજ્ય અમેરિકા માટે ખનિજ કરાર પર ચર્ચા કરી. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર રશિયા-યુક્રેન યુદ્ધ પર મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે કહયું કે, રશિયાની સાથે યુદ્ધ વિરામ પર કૉમ્પ્રોમાઈઝ કરવું પડશે. યુદ્ધ ખોટી દિશામાં જઈ રહયું છે. રશિયાની સાથે અમારી સારી ચર્ચા થઈ છે.



આજથી તમારા ખરાબ દિવસો શરૂ થયા

ટ્રમ્પે કહયું કે, અમારા કારણે તમે સહી સલામત છો, સમજૂતી કરી લો. અમેરિકા વગર યુક્રેન યુદ્ધ ન લડી શકે યુક્રેન અમારા કારણે યુદ્ધમાં લાંબો સમય સુધી ટકી શક્યું. યુક્રેને સમજૂતી કરવી પડશે.

જો કે, ઝેલેંસ્કીએ યુદ્ધવિરામનો વિરોધ કર્યો અને સ્પષ્ટ શબ્દોમાં કહયું કે, કોઈ સમજૂતી નહીં કરીએ. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી. કીવ પોસ્ટના અનુસાર, ઝેલેંસ્કીએ ટ્રમ્પ યુદ્ધ વિરામનો વિરોધ કર્યો અને કહયું કે, અમારે માત્ર યુદ્ધ વિરામની જરૂર નથી. કોઈ યુદ્ધવિરામ નહીં માનીએ. અમે પહેલા પણ આવું કર્યું છે. પુતિને ૨૫ વખત તેનું ઉલ્લંઘન કર્યું છે, જેમાં તમારા રાષ્ટ્રપતિ કાળ દરમિયાન પણ આ થયું.

અમેરિકન મીડિયા રિપોર્ટના અનુસાર, રાષ્ટ્રપતિ ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ અને રાષ્ટ્રપતિ ઝેલેંસ્કી વચ્ચે ઓવલ ઓફિસમાં ખુબ ઉગ્ર ચર્ચા થઈ. ઝેલેંસ્કીએ વેન્સને યુક્રેન આવવા માટે કહ્યું અને વેન્સે તેના પર પ્રચાર યાત્રા કરવાનો આરોપ લગાવ્યો. ટ્રમ્પે ઝેલેંસ્કીને કહ્યું કે, હજુ તમારી પાસે કાર્ડ નથી. તમે ત્રીજા વિશ્વ યુદ્ધની રમત રમી રહયા છો. ઝેલેંસ્કી... તમે અમેરિકાનું અપમાન કરી રહયા છો. આટલી નફરત વચ્ચે શાંતિ સંભવ નથી.

શાંતિ કરારના ઉલ્લેખ પર ઝેલેંસ્કી ગુસ્સે થયા અને ટ્રમ્પ સાથે ઉગ્ર દલીલ કરી. ઝેલેંસ્કીએ કહયું કે, 'અમે કોઈપણ યુદ્ધવિરામ સ્વીકારીશું નહીં.' આના પર ટ્રમ્પે કહયું, તમારો દેશ મુશ્કેલીમાં છે. તમે અમને ન જણાવો કે અમારે શું કરવાનું છે. તમે ત્રીજા વિશ્વયુદ્ધની રમત રમી રહયા છો. તમે અમને આદેશ આપવાની સ્થિતિમાં નથી. અમેરિકાએ યુક્રેનને હથિયાર આપ્યા છે. અમે તમને ૩૫૦ અબજ ડોલરના હથિયાર આપ્યા છે. જો તમે સમાધાન નહીં કરો, તો અમે આમાંથી બહાર નીકળીશું. છે.(૨૩.૫)

અમેરિકી ટેરીફથી એશિયા પેસીફીક દેશોની નિકાસ ઉપર અસર પડશે ભારત ઉપર જોખમ નથી

ટ્રમ્પ ભલે ટેરિફ મુદ્દે ... ભલે ધમકી આપે ભારતે ટેન્શન લેવાની જરૂર નથી: મૂડીઝ

નવી દિલ્હી તા.૧: અમેરિકાના નવા ટેરિફ નિયમોએ સમગ્ર વિશ્વમાં હલચલ મચાવી દીધી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેની ખાસ કરીને એશિયા-પેસિફિક ક્ષેત્રના દેશો પર અસર થશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૧૩ ફેબ્રુઆરીના રોજ ફેર એન્ડ રેસિપ્રોકલ પ્લાન પર હસ્તાક્ષર કર્યા હતા, જે હેઠળ અમેરિકા તેના આયાત ટેરિફને તેના વેપાર ભાગીદાર દેશોના સમાન બનાવવા માંગે છે. તેનો અર્થ એ કે જો કોઈ દેશ અમેરિકન માલ પર ઊંચો ટેરિફ લાદે છે, તો અમેરિકા પણ તે દેશના માલ પર તે જ ટેરિફ લાદી શકે છે.

આ નીતિ ભારત જેવા દેશોને પણ અસર કરે તેવી શક્યતા છે. આ સંભવિત વધારાની અસર અંગે, રેટિંગ એજન્સી મૂડીઝ કહે છે કે ભારત પર તેની અસર અન્ય દેશોની તુલનામાં ઓછી હશે. પરંતુ આ પહેલા S&P એ ચેતવણી આપી છે કે ભારતને આનાથી સૌથી વધુ નુકસાન થઈ શકે છે.

અમેરિકામાં વધેલા ટેરિફની ભારતીય માલ પરની અસરને સંપૂર્ણપણે સમજવા માટે, એ જાણવું મહત્વપૂર્ણ છે કે બંને દેશો વચ્ચે કેટલો વેપાર થાય છે. અમેરિકા ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર છે અને ૨૦૨૪ માં, બંને દેશો વચ્ચેનો વેપાર ૧૨૯.૨ બિલિયનનો હતો. ૨૦૨૩-૨૪માં, ભારતે અમેરિકાને ૭૭.૫૨ અબજ ડોલરના માલની નિકાસ કરી હતી. એપ્રિલ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ભારતની અમેરિકામાં કુલ નિકાસ ૬૮.૪૭ બિલિયન હતી. આવી સ્થિતિમાં, મૂડીઝના મતે, અમેરિકન ટેરિફ એશિયા-પેસિફિક દેશોની નિકાસને અસર કરશે. પરંતુ ભારતને આ બાબતમાં ઓછું જોખમ છે કારણ કે કાપડ, દવાઓ અને ખાદ્ય પદાર્થો જેવા ચોક્કસ ક્ષેત્રો જ તેનાથી પ્રભાવિત થઈ શકે છે.

હાલમાં, અમેરિકા અને ભારત વચ્ચે વાતચીત ચાલી રહી છે, જેથી આ અસર ઓછી કરી શકાય. ભારત સરકાર અમેરિકાની કેટલીક માંગણીઓ પર વિચાર કરી રહી છે જેમાં કેટલાક અમેરિકન માલ પર ટેરિફ ઘટાડવા, અમેરિકન કૃષિ માલ માટે બજારો ખોલવા અને અમેરિકાની ઊર્જા ખરીદી વધારવાનો સમાવેશ થાય છે. બદલામાં, ભારત ૨૦૨૫ સુધીમાં એક નવો વેપાર કરાર ઈચ્છે છે. પરંતુ જો આ ટેરિફ લાગુ કરવામાં આવે છે, તો ભારતના કાપડ, દવા અને કૃષિ સંબંધિત વ્યવસાયો દબાણ હેઠળ આવી શકે છે.

ભારતના કાપડ ઉદ્યોગ માટે અમેરિકા એક મોટું બજાર છે કારણ કે તે ભારતમાંથી મોટી માત્રામાં કપડાં ખરીદે છે. ભારતીય ફાર્મા કંપનીઓનું અમેરિકામાં મોટું બજાર છે. તે જ સમયે, ટેરિફમાં વધારાને કારણે ભારતીય ખેડૂતોને નુકસાન થઈ શકે છે.

ભૂતકાળમાં પણ ભારતનો અમેરિકા સાથે ટેરિફને લઈને સંઘર્ષ રહ્યો છે. ૨૦૧૮ માં, જ્યારે અમેરિકાએ ભારતીય સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ લાદ્યો, ત્યારે ભારતે ૨૯ યુએસ માલ પર ટેરિફ વધારીને પ્રતિક્રિયા આપી. આ વખતે પણ જો અમેરિકા કડક વલણ અપનાવે છે, તો ભારત યોગ્ય જવાબ આપી શકે છે. પરંતુ નિષ્ણાતો કહે છે કે ભારતને તેના ટેરિફ માળખામાં ફેરફાર કરવાની તક પણ મળી શકે છે. નિષ્ણાતો માને છે કે જો ભારત તેના કાચા માલ પર ટેરિફ ઘટાડે છે, તો



ભારતીય ઉદ્યોગો વધુ સ્પર્ધાત્મક બની શકે છે. અમેરિકાનો સરેરાશ ટેરિફ ૨.૨% છે જે વિશ્વમાં સૌથી ઓછો છે. તે જ સમયે, ભારતનો સરેરાશ ટેરિફ અમેરિકા કરતા ઘણો વધારે છે. વિયેતનામ જેવા દેશો માટે, ટેરિફ વધારો તણાવનું મુખ્ય કારણ બની શકે છે કારણ કે તેનો અમેરિકા સાથે ૧૨૩ બિલિયનનો વેપાર સરપ્લસ છે.


S&P ગ્લોબલના અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે ભારત, દક્ષિણ કોરિયા અને થાઈલેન્ડને યુએસ ટેરિફથી સૌથી વધુ જોખમ છે. વિયેતનામ, તાઈવાન અને થાઈલેન્ડ જેવા દેશોનો અમેરિકા સાથે ભારે વેપાર છે, તેથી તેમને ભારે નુકસાન થઈ શકે છે. તે જ સમયે, ભારત અને જાપાનની અર્થવ્યવસ્થાઓ તેમના સ્થાનિક બજારો પર વધુ નિર્ભર છે, જે થોડી રાહત આપી શકે છે. પરંતુ ટ્રમ્પે સ્પષ્ટ કરી દીધું છે કે ભારત જેવા દેશો પર પણ ટેરિફ વધારવામાં આવશે. તાજેતરમાં, ચીન પર ૧૦% વધારાનો ટેરિફ લાદવામાં આવ્યો હતો અને સ્ટીલ-એલ્યુમિનિયમ પર ડ્યુટી વધારીને ૨૫% કરવામાં આવી હતી, ત્યારબાદ ભારતનો વારો આવી શકે છે.

યુએસ ટેરિફ ઓટોમોબાઈલ્સ, સેમિકન્ડક્ટર્સ અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ઉદ્યોગોને પણ અસર કરી શકે છે. નિકાસ પર અસર થવા ઉપરાંત, આનાથી રૂપિયા પર પણ દબાણ વધશે. જો યુએસ ડોલર મજબૂત થાય છે, તો RBI માટે નીતિઓ બનાવવી મુશ્કેલ બની શકે છે. એકંદરે, મૂડીઝ માને છે કે ભારત પર તેની અસર ઓછી હશે, પરંતુ S&P ની ચેતવણી ગંભીર છે. આવી સ્થિતિમાં, ભારત સરકારે કાળજીપૂર્વક પગલાં લેવા પડશે, નહીં તો વેપાર ખાધ વધી શકે છે અને અર્થતંત્ર પર દબાણ વધી શકે છે.(૩૮.૫)

મહિલા સહિત ત્રણની ધરપકડ: દંપતીનો સગીર પુત્ર તાબામાં

છૂટાછેડા ન આપનારા પતિથી છુટકારો મેળવવા પત્નીએ તેને મારી નાખ્યો

થાણે, તા.૧: છૂટાછેડા ન આપનારા પતિથી છુટકારો મેળવવા પત્નીએ તેની હત્યાની યોજના ઘડી કાઢી હોવાની ઘટના નવી મુંબઈમાં બની હતી. ગળું દબાવી હત્યા કર્યા બાદ પતિના મૃતદેહને ખાડી પરના બ્રિજ પર ફેંકનારી પત્ની સહિત ત્રણ જણની પોલીસે ધરપકડ કરી હતી, જ્યારે દંપતીના સગીર પુત્રને પણ તાબામાં લેવાયો હતો.



ઉલવે પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ રેશમા સચિન મોરે (૩૫), રિક્ષા ડ્રાઈવર રોહિત ટેમકર (૩૫) અને પ્રથમેશ મ્હાત્રે તરીકે થઈ હતી. ઘટના રેશમાના સગીર પુત્રની નજર સામે બની હોવા છતાં તેણે ચુપકીદી સેવી હતી. પોલીસે ૧૬ વર્ષના સગીર પુત્રને તાબામાં લઈ બાળસુધારગૃહમાં મોકલી આપ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ વાવળ ગામના ખાડી પરના બ્રિજ પરથી ૨૩ ફેબ્રુઆરીએ સચિન મોરે (૩૮)નો મૃતદેહ મળી આવ્યો હતો. આ પ્રકરણે ઉલવે પોલીસે એડીઆર નોંધ્યો હતો. પોલીસ સચિનની ઓળખ મેળવવાના પ્રયાસ કરતી હતી ત્યારે તેની પત્ની રેશમા પુત્ર સાથે એનઆરઆઈ સાગરી પોલીસ સ્ટેશને પહોંચી હતી. પતિ ૨૨ ફેબ્રુઆરીથી ગુમ હોવાની ફરિયાદ રેશમાએ કરી હતી. જોકે પોલીસે મૃતદેહની તસવીર દેખાડતાં તે સચિનનો હોવાનો રેશમા અને તેના પુત્રએ ઓળખી કાઢ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મહિલાએ ઉડાઉ જવાબ આપતાં પોલીસને શંકા ગઈ હતી. પોલીસે મહિલાનો મોબાઈલ ફોનને તપાસ માટે તાબામાં લીધો હતો. એ સિવાય તેના મોબાઈલ કોલ ડેટા રેકોર્ડર્સ અને ઘર આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કેમેરાનાં ફૂટેજની તપાસ કરવામાં આવી હતી.


બીજી બાજુ, ગળું દબાવીને સચિનની હત્યા કરાઈ હોવાનું પોસ્ટમોર્ટમના અહેવાલમાં જણાવાયું હતું. પોલીસે રેશમાને તાબામાં લઈ પૂછપરછ કરતાં તેણે ગુનો કબૂલ્યો હતો. પતિ સતત ત્રાસ આપતો હતો અને તે છૂટાછેડા માગતી હતી. જોકે સચિન છૂટાછેડા આપવા તૈયાર નહોતો. પરિણામે તેણે હત્યાની યોજના બનાવી હતી.

ઘટનાની રાતે રેશમાએ પતિ માટે બનાવેલા કારેલાંના જ્યુસમાં ઊંઘની ગોળીઓ ભેળવી દીધી હતી. જ્યુસ પીને બેભાન થઈ ગયેલા પતિને રિક્ષામાં ખાડી પરના બ્રિજ પર લઈ જવાતો હતો ત્યારે રેશમાએ કાપડથી તેનું ગળું દબાવ્યું હતું. પછી શબને બ્રિજ પર ફેંકી આરોપી ત્યાંથી રવાના થઈ ગયા હતા. કોર્ટે ત્રણેય આરોપીને પાંચમી માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.(૪૦.૫)

દુલ્હને પહેલા પ્રેમની જીદ કરી, પછી લગ્નની જીદ કરી અને છેલ્લે છૂટાછેડાની જીદ કરી, આ તેની માનસિક સ્થિતિને લઈને સવાલો કરે છે

ભારે કરી: ૪ વર્ષ સુધી પ્રેમ કર્યા બાદ લગ્ન કર્યા, સુહાગરાત પર દુલ્હન બોલી છી... મને આ નથી ગમતું, છૂટાછેડા લઈ લીધા

મુરાદાબાદ, તા.૧: પ્રેમ લગ્નને લઈને હંમેશા કહેવાય છે કે આ સંબંધ દો દિલ, એક જાન અને વિશ્વાસ પર ટકેલો હોય છે. પણ ઉત્તર પ્રદેશના મુરાદાબાદની એક ઘટનાએ આ ધારણાને હચમચાવી નાખી છે. અહીં એક દંપતીએ ૪ વર્ષ સુધી પ્રેમ કર્યા બાદ આખરે લગ્ન કર્યા, પણ સુહાગરાતની રાતે દુલ્હને શારીરિક સંબંધ બાંધવાની સ્પષ્ટના પાડી દીધી. આ ઘટનાથી વરરાજો જ નહીં પણ બંનેના પરિવારના લોકો પણ ચોંકી ગયા.



દુલ્હન અને વરરાજા વચ્ચે છેલ્લા ૪ વર્ષથી પ્રેમ પ્રસંગ ચાલી રહ્યો હતો. બંનેએ પોતાના પરિવારોને મનાવીને લગ્નની જીદ કરી હતી. શરૂઆતમાં બંનેના પરિવાર આ સંબંધ માટે તૈયાર નહોતા, પણ બાળકોનો પ્રેમ જોઈ પરિવારે નમતું જોખી દીધું. ધૂમધામથી લગ્ન કર્યા અને બંને પતિ-પત્ની બની ગયા, પણ સુહાગરાતની રાતે જે થયું તેવું તો કોઈએ વિચાર્યું નહોતું.

સુહાગરાતની રાતે જ્યારે વરરાજાએ દુલ્હન સાથે શારીરિક સંબંધ બાંધવાની ઈચ્છા વ્યક્ત કરી તો દુલ્હને સ્પષ્ટના પાડી દીધી. તેણે કહ્યું કે, ''મને શારીરિક સંબંધ બનાવવાનું જરાં પણ પસંદ નથી અને તે આવું ક્યારેય નહીં કરે.'' આ સાંભળીને વરરાજો પણ ચોંકી ગયો. તેને લાગ્યું કે, દુલ્હન કદાચ મજાક કરી રહી છે, જો કે બાદમાં પણ તેણે ના જ પાડી દીધું અને તે આ બાબતે ગંભીર છે.

આ મામલાના સમાધાન માટે બંનેના પરિવારે પંચાયત બોલાવી અને નારી ઉત્થાન કેન્દ્રની મદદ માગી. કાઉન્સિલરે દુલ્હન સાથે વાત કરી, પણ દુલ્હન એકની બે ન થઈ. તેણે કહ્યું કે, તેને સેક્સથી ડર લાગે છે અને તે આવું ક્યારેય નહીં કરે. વરરાજાએ પણ ઘણી કોશિશ કરી અને કહ્યું કે, તે તેના માટે સારવાર કરાવશે પણ દુલ્હન એકની બે ન થઈ. દુલ્હને છૂટાછેડા લેવાની જીદ કરી. તેણે કહ્યું કે, તે આ સંબંધમાં રહેવા માગતી નથી. પણ વરરાજો તેના માટે તૈયાર નહોતો. પણ દુલ્હનની જીદ આગળ તેને ઝૂકવું પડ્યું. બંનેએ સહમતિથી અલગ થવાનો નિર્ણય લીધો. કાઉન્સિલરે દુલ્હનને માનસિક રીતે અસ્થિર માની રહ્યા છે અને તેને સારવાર માટે મોકલવાની વાત કહી રહ્યા છે.

કાઉન્સિલરના જણાવ્યા અનુસાર, દુલ્હને પહેલા પ્રેમની જીદ કરી, પણ લગ્નની જીદ કરી અને છેલ્લે છૂટાછેડાની જીદ કરી, આ તેની માનસિક સ્થિતિને લઈને સવાલો કરે છે. દુલ્હનની માતાએ પણ માન્યું કે, આ તેમની દીકરીની ભૂલ છે અને તેને સારવારની જરૂર છે.(૪૦.૬)

ટ્રમ્પ સાથેની દલીલ પછી જેલેંસ્કી એક કલાક સુધી રૂમમાં રાહ જોતા રહ્યા, જવાબ આવ્યો - તમે જઈ શકો છો

યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને વ્હાઇટ હાઉસમાં ભોજન પણ પીરસવામાં આવ્યું ન હતું

વોશિંગ્ટન, તા.૧: શુક્રવારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર જેલેંસ્કીની ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાત સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ. ઓવલ ઓફિસમાં ટ્રમ્પ સાથેની દલીલ બાદ જેલેંસ્કીને વ્હાઈટ હાઉસ છોડવાનું કહેવામાં આવ્યું હતું. આ બેઠકના મુદ્દાઓ એટલે કે રશિયા-યુક્રેન યુદ્ધ અને અમેરિકા સાથેના ખનિજ સોદા પર કોઈ સહમતિ થઈ શકી નથી. યુક્રેનિયન રાષ્ટ્રપતિને ખૂબ જ ખરાબ વાતાવરણમાં વ્હાઈટ હાઉસ છોડવું પડ્યું. તેને ખાવાનું પણ મળી શકતું ન હતું. આ ઘટનાક્રમથી અમેરિકા અને યુક્રેન વચ્ચેના સંબંધોમાં તણાવ પેદા થયો છે. યુક્રેનને અમેરિકા તરફથી મળતી સહાય અંગે હવે અનિશ્ચિતતા છે.

જેલેંસ્કી સાથેના ઝઘડા પછી, ટ્રમ્પે તેમના સલાહકારો સાથે વાત કરી અને ત્યાંથી ચાલ્યા ગયા. બીજી તરફ, યુક્રેનિયન પ્રતિનિધિમંડળ લગભગ એક કલાક સુધી બીજા રૂમમાં રાહ જોતું રહ્યું. યુક્રેનિયન પ્રતિનિધિમંડળને આશા હતી કે ખનિજ કરાર પર હસ્તાક્ષર થશે અને મુલાકાત નિષ્ફળ જવાથી બચી જશે પરંતુ એવું થયું નહીં. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટ્ઝે જેલેંસ્કીને વ્હાઈટ હાઉસ છોડવા કહ્યું. આવી સ્થિતિમાં, ઝેલેન્સકીને ત્યાંથી ખાલી હાથે જવાની ફરજ પડી. (૨૨.૭)

જાહેર જીવનમાં ચમકતા ઘનશ્યામ હેરભાનો સ્વર્ણિમ જયંતિ વર્ષમાં પ્રવેશ



રાજકોટ તા.૧: નાણાંકીય વર્ષના અંતીમ મહીનો પરંતુ મહત્વના નાણાકીય મહીનાના પ્રથમ દિવસે તા.૧ માર્ચ જાણીતા યુવા પ્રતિભા અને સૌના સ્વીકૃત ઘનશ્યામભાઈ મેરામભાઈ હેરમા આજે ૪૯ વર્ષ પુર્ણ કરી ૫૦માં પ્રગતીશીલ જીવનમાં મંગલ પ્રવેશ કર્યો છે.

જસદણ તાલુકાના કડુકા ગામના ખમીરવંતા આહિર સમાજના અગ્રણી મેરામભાઈ હેરભાના સુપુત્ર ઘનશ્યામભાઈ હેરભાએ એમકોમ, એલએલબી અને પત્રકારત્વનો અભ્યાસ કર્યો છે. રિયલ એસ્ટેટ, ઔદ્યોગીક ક્ષેત્રે વ્યવસાય કરી ગગનચુંબી પ્રતિષ્ઠા મેળવી છે.

ઘનશ્યામભાઈ હેરભા અનેક સામાજીક અને શૈક્ષણીક સંસ્થાઓ સાથે આત્મિય નાતો ધરાવે છે. સૌરાષ્ટ્રની ઐતહાસીક શિક્ષણધામ પી.ડી.માલવીયા કોલેજના પ્રમુખ કે.ડી.પી.હોસ્પિટલ આટકોટના ટ્રસ્ટી, આહિર સમાજ ભવન દ્વારકાના ટ્રસ્ટી, અમદાવાદ આહીર કન્યા છાત્રાલયના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે. રાજકોટ સૌરાષ્ટ્ર જ નહી દેશ-વિદેશમાં પણ ઘનશ્યામભાઈ હેરભા તેની વ્યવસાય અને પ્રતિષ્ઠાની સૌરભ મહેકાવી છે.

વિશ્વસનીયતાનું પ્રતિક બનેલા ઘનશ્યામભાઈ હેરભા તેજ, તાકાત અને તરવરાટનો ત્રિવેણી સંગમરૂપ જીવન અનેક માટે પ્રેરણારૂપ બન્યુ છે. ઘનશ્યામ હેરભાના જન્મદિવસે મો.૯૪૨૭૫ ૫૫૫૫૫ ઉપર અભિનંદન વર્ષા થઈ રહી છે. (૩૫.૮)

જહાં ઘનશ્યામ હેરભા કે કદમ પડે વહા કુલો કી બરસાત હો જન્મદિનની હાર્દિક શુભકામના



વિજ્ઞાન મેળાનો પરસોતમભાઇ રૂપાલાના હસ્તે પ્રારંભઃ વિજ્ઞાન રેલી નીકળી

વિજ્ઞાન જાથા અને ન્યુ પરિમલ સ્કૂલ આયોજીત વિજ્ઞાન મેળામાં ૧૦૦થી વધુ કૃતિઓ રજુ: રેલીમાં અંધશ્રધ્ધા દુર કરોના સુત્રો

રાજકોટ: વિજ્ઞાન જાથા અને ન્યુ પરિમલ સ્કૂલ ઉપક્રમે વિજ્ઞાન રેલી વિજ્ઞાન મેળો પ્રદર્શન સાંસદ પુરષોત્તમભાઈ રૂપાલાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મેયર નયનાબેન પેઢડીયા, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનના દંડક મનિષભાઈ રાડિયા,શિક્ષણકાર ચંદ્રકાંતભાઈ મંડિર,ભા.જ.પ.ના આગેવાન મનિષભાઈ ભટ્ટે મુલાકાત લીધી હતી.

રાજકોટ વિજ્ઞાન જાથા ન્યુ પરિમલ સ્કૂલ ઉપક્રમે વિજ્ઞાન મેળો અને વિજ્ઞાન રેલી સફળતાથી સંપન્ન થઈ હતી.છાત્ર છાત્રાઓ એ ૧૦૦થી વધુ વિજ્ઞાન કૃતિઓ રજુ કરી વાલી અને જીજ્ઞાસુઓ નેં પ્રભાવિત કર્યા હતા.

વિજ્ઞાન રેલી માં અંધશ્રદ્ધા દુર કરવાના સુત્રોથી લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. સ્કુલના સંચાલક બ્રિજેશભાઈ મંડિર, અલ્પાબેન મંડિર, અને સમગ્ર શૈક્ષણિક સ્ટાફ જોડાયો હતો.વિજ્ઞાન રેલીને અને કાર્યક્રમને સફળ બનાવા જાથા ચેરમેન જયંત પંડ્યાના વડપણ હેઠળ, અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, ભાનુબેન ગોહિલ, રમેશ પરમાર, પ્રકાશ ગોહિલ કાર્યકરો એ જહેમત ઉઠાવી હતી.

જો જીવન કી ધૂલ ચાટકર બડા હુઆ હૈ, તૂફાનોમે લડકર ફીર ખડા હુઆ હૈ

ઉતમથી સર્વોતમ તરફના શ્રેષ્ઠ સારથિ બ્રિજેશ મેરજાઃ હેપ્પી બર્થ ડે



રાજકોટઃસિધ્ધાતોમાં સમતોલ, પ્રસ્તૃતિમાં પારંગત, આચરણમાં અદેકરા અભ્યાસમાં અસાધારણ અને સેવામાં શિરમોર જુના અને જાણીતા શ્રેષ્ઠી શ્રી બ્રિજેશ મેરજા માટે આજે અન્ય દિવસોથી અનોખો દિવસ છે. તેમનો જન્મ તા. ૧ માર્ચ ૧૯૫૮ ના રોજ થયેલ. આજે જાજરમાન જીવનના ૬૮ માં વર્ષની ડોરબેલ ગાડી છે.

મુળ મોરબીના ચમનપરના વતની કડવા પાટીદાર રત્ન શ્રી બ્રિજેશ મેરજા રાજયના ૧૨ મંત્રીઓના પી.એ કે પી.એસ. તરીકે રહેવાનું માન ધરાવે છે. તેઓ મોરબીના ધારાસભ્ય તેમજ રાજયના પંચાયત અને શ્રમ રોજગાર મંત્રી તરીકે કામગીરી કરી ચૂકયા છે. તેમનો જનસંપર્ક અવિરત રહયો છે ભાજપ દ્વારા તેમને પ્રસંગોપાત જુદી જુદી જવાબદારી સોપવામાં આવતી રહે છે. મચ્છુના વહેતા પાણી જોતા-જોતા રાજકીય રીતે 'પાણીદાર' થઈ ગયા છે. સારા દેખાવા કરતા, સારા રહેવાનો તેમનો પ્રયાસ હોય છે. ધૂળેટીએ રંગ લગાડતા અને વગર ધૂળેટીએ 'રંગ' બદલતા લોકોને ઓળખી શકે છે. ઉત્તમથી સર્વોતમ તરફના સેવાના સારથિ શ્રી બ્રિજેશ મેરજા પર આજે શુભેચ્છા વરસી રહી છે. મો. ૯૮૭૯૫ ૨૩૦૭૯ ગાંધીનગર(૩૬-૩)

વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવતા મેયર-કમિશનર સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ



રાજકોટઃ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ ખૂબ સકારાત્મક અભિગમ સાથે ઉજ્જવળ કારકિર્દી બનાવે તેવા ઉમદા આશય સાથે બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓનો જુસ્સો વધારવા શ્રીમતી સરોજની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, માધ્યમિક અને આનુષાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ અને ક્લીયરન્સ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણી, બાગબગીચા સમિતિ ચેરમેન સોનલબેન સેલારા, કોર્પોરેટર જયાબેન ડાંગર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને મોં મીઠા કરાવી શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવેલ છે.(૨.૨૫)

કાલે મુખ્યમંત્રીના સચિવ અવંતિકાસિંઘનો જન્મદિન



રાજકોટઃગુજરાતના મુખ્યમંત્રીના સચિવ શ્રીમતી અવંતિકાસિંઘ ઓલખનો જન્મ ૧૯૮૧ ના વર્ષની તા. ૨ માર્ચ થયેલ કાલે પીસ્તાલીસમાં વર્ષમાં પ્રવેશ કરશે. મુળ પંજાબના હોશીયારપુરના વતની (આઈ.એ.એસ. ૨૦૦૩) છે. ભુતકાળમાં આણંદના જિલ્લા વિકાસ અધિકારી, આણંદ, ભરૂચ, વડોદરા અને અમદાવાદમાં જિલ્લા કલેકટર, રાજયમાં રોજગાર તાલીમ નિયામક, ટેકનીકલ, શિક્ષણ કમિશનર, મેરીટાઈમ બોર્ડમાં સી.ઈ.ઓ. વગેરે પદ પર રહી ચૂકયા છે. સિધ્ધાંતવાદી અને કાબેલ સનદી અધિકારી તરીકે લોકપ્રિય છે. ફોન. નં. ૦૭૯ ૨૩૨૩૨૬૧૦, મો. ૯૯૭૮૪ ૦૬૦૮૧ ગાંધીનગર (૩.૨૧)

રાજકોટ જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને ૨૭ માર્ચે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

રાજકોટ તા.૧: ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના આદેશ મુજબ લોકોએ ફરિયાદ કરવા માટે ઉચ્ચકક્ષાએ ગાંધીનગર સુધી જવું ન પડે, તે હેતુસર જિલ્લાકક્ષાએ ''ફરિયાદ નિવારણ દિવસ''નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૨૭ માર્ચ, ૨૦૨૫ના રોજ યોજાનારા સ્વાગત કાર્યક્રમ માટે જિલ્લાકક્ષાના પ્રશ્નો-ફરિયાદો તા. ૦૧ થી તા. ૧૦ માર્ચ, ૨૦૨૫ સુધીમાં સંબંધિત ખાતા-વિભાગોની જિલ્લાકક્ષાની કચેરીના જે-તે વડાને પહોંચતા કરવા સબંધકર્તા લોકોને અનુરોધ કરવામાં આવ્યો છે. અરજીમાં મથાળે ''જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' લખવાનું રહેશે. (૩૮.૧૦)

રાજકોટ જિલ્લાનું અનમોલ રત્ન 'રોઝી ઘોડી'

ખીરસરા, તા.૧: પંચકોશી સ્ટડ ફાર્મની અનમોલ ૨ કાઠિયાવાડી ઘોડી 'રોઝી' એ ૧૪મા જાસરા હોર્સ શોમાં પ્રથમ સ્થાન મેળવીને ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે.

રોઝી વિવિધ પ્રતિસ્પર્ધાઓમાં અનેક પુરસ્કારો જીતી ચૂકી છે. વિશેષ વાત એ છે કે રોઝી પંચકોશી સ્ટડ ફાર્મની હોમ બ્રીડ છે, એટલે કે એ અહીંજ જન્મેલી અને ઉછેરાયેલી છે.



રોઝીના માલિક ભગિરથસિંહ ચુડાસમા, ચિત્રાવડ (જિલ્લો રાજકોટ)ના રહેવાસી છે. તેઓ કાઠિયાવાડી અને મારવાડી ઘોડાઓની ઉત્તમ વંશાવાળી લાઈન રાખે છે અને ઘોડાપાલન ક્ષેત્રે આગવી ઓળખ ધરાવે છે. તેમને ઘોડાના બ્રીડિંગની ઊંડી સમજ છે અને તેઓ પસંદગીની સંકમણ પદ્ધતિ અપનાવે છે, જેના પરિણામે તેઓના ઘોડાઓના સંતાનો ખૂબ જ ઉત્તમ લક્ષણો ધરાવતા હોય છે.

ભગિરથસિંહ ચુડાસમાએ એવા ગણનીય અશ્વ માલિકોમાંથી એક છે, જેઓ માત્ર શ્રેષ્ઠ ઘોડાપાલક જ નહીં, પરંતુ પોતાની વતની સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખનાર ઘોડાપ્રેમી છે. તેઓ મજૂરો પર નિર્ભર રહેવા કરતાં પોતે જ પોતાના ઘોડાઓની ખોરાક, આરોગ્ય અને ગ્રુમિંગની સંભાળ લે છે. રોઝીની આ જીતે રાજકોટ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે અને કાઠિયાવાડી ઘોડાની શ્રેષ્ઠતા ફરી એકવાર સાબિત કરી છે.(૨૩.૭)

દેશભરના મુસ્લિમ સમુદાયમાં

આજ રાતથી રમઝાનનો પ્રારંભઃ કાલે પ્રથમ રોઝુ

વાંકાનેર,તા.૧: ઈસ્લામ ધર્મના કેન્દ્ર સ્થાનો જ્યાં સ્થિત છે એ સાઉદી અરેબિયામાં ગઈ કાલે શુક્રવારે રાત્રે શાબાનના ૩૦ મુજબ ચંદ્ર દર્શન થતા ત્યાં ગત રાત્રે પ્રથમ રમઝાન માસની ખાસ નમાઝ તરાવીહ અદા કરાઈ હતી.

જ્યારે આજે દેશભરમાં ૩૦ શાબાન હોઈ સાંજે ચંદ્ર દર્શન બાદ રાત્રે તરાવીહની પ્રથમ નમાઝનો અદાયત્રી સાથે જ રમઝાન માસનો પ્રારંભ થશે. અને આવતી કાલથી અર્થાત રવિવારથી પ્રથમ રોઝુ શરૂ થશે.

અંગ્રેજી વર્ષની સરખામણીએ આ વર્ષે રમઝાન માસનો પ્રારંભ ૧૦ દિવસ વહેલો થયો છે. અંગ્રેજી વર્ષ ૩૬૫ કે ૩૬૬ દિવસોનું હોય છે. જ્યારે હાજરી કેલેન્ડરનું વર્ષ ૩૫૪ કે ૩૫૫ દિવસ જેટલું હોય છે. અંગ્રેજી કેલેન્ડર સૂર્ય ગતિ પર આધારિત છે. જ્યારે હાજરી કેલેન્ડર ચંદ્ર ગતિ પર આધારિત છે. વિતેલા ૨૦૨૪ના વર્ષમાં રમઝાનનો પ્રારંભ ૧૨ માર્ચ થી થયો હતો. જ્યારે હાલ ૨૦૨૫માં બે માર્ચ થી પ્રથમ રોઝાનો પ્રારંભ થાય છે.(૪૦.૧૧)

શહેર ભાજપ વોર્ડ નં. ૧૦ના પ્રભારી રઘુ ધોળકીયાનો જન્મ દિવસ



રાજકોટઃ શહેર ભાજપ વોર્ડ નં. ૧૦ ના પ્રભારી અને માલધારી સમાજના આગેવાન એવા શ્રી રઘુભાઈ ધોળકીયાનો આજે જન્મ દિવસ છે. તેઓ જીવનસફરમાં ૫૧ વર્ષ પૂર્ણ કરી પર માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. સમાજસેવા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં શીશુકાળથી રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા છે.ભાજપમાં છેલ્લા ૨૫ વર્ષથી સેવા આપી રહયા છે. અનેક સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલા રઘુભાઈએ ભરવાડ સમાજમાં છેલ્લા ૨૧ વર્ષથી સમૂહલગ્ન, ક્રિકેટ ટૂનામેન્ટનું આયોજન પણ કરે છે. (મો.૯૮૨૪૫ ૪૧૪૧૧) (૩૬-૨)

પીજીવીસીએલના નાયબ ઇજનેર આર.વી. નિમાવતનો આજે જન્મદિન




રાજકોટઃ પીજીવીસીએલ, કોર્પોરેટ ઓફીસમાં નાયબ ઈજનેર તરીકે .૨જ બજાવતા શ્રી આર.વી. નિમાવતનો આજે જન્મદિવસ છે. તેઓ જીવનના ૫૦ વર્ષ પૂરા કરી ૫૧ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓને પરીવારજનો અને મિતવર્તુળો તરફથી મો. ૭૫૬૭૧ ૧૯૭૨૦ ઉપર અભિનંદનવર્ષા થઈ રહી છે. (૩.૭)

રેવતનો આજે જન્મદિવસ



રાજકોટ : રેવત આજે જીવનના બીજા વર્ષમાં પગલા પાડી રહ્યો છે. પિતા અભિષેકભાઈ દલસાણીયા, માતા હસ્તીબેન, દાદા નિલેશભાઈ (પટેલ ઈલેકટ્રોનિક્સ સર્વિસ મો.૯૮૨૫૭૧૦૯૯૭) દાદી સંગીતાબેને શુભેચ્છા પાઠવી છે. (૨૫.૨)

મહાશિવરાત્રીના પાવન દિવસે જીવનું શિવ સાથે મિલન



શ્રી ગુરૂઆશ્રમ બગદાણાના મુખ્ય સેવક સંઘના પ્રમુખ, ભાવનગર જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના, અધ્યક્ષ બગદાણા ગામના મુખ્ય આગેવાન, પૂજય કાંતિદાદા પુરોહીત તેમનું નિધન મહાશિવરાત્રીના પાવન પવિત્ર પર્વ દિવસે થયેલ. જેને આપણે જીવનું શિવ સાથે મિલન કહી શકીએ આજે પણ તેમની વિવિધ સેવાની પ્રેરણા (વરસો)થી તેમના પરિવાર દ્વારા પરિવારજનો તેમજ પરિચિતોને તુલસીના છોડ યાદી સ્વરૂપે આપવામાં આવેલ છે. હજારો લાખો ભાઈ-બહેનો શ્રધ્ધાળુઓ માટે તેમનું જીવન હંમેશ પ્રેરણા તેમજ માર્ગદર્શન રૂપ બની રહેશે. ૯૭૨૫૨ ૯૦૧૫૬ (૩૬-૩)

હિતાંશી યાજ્ઞિક દ્વારા પડકારરૂપ સંશોધનઃ પીએચ.ડી.ની ડીગ્રી એનાયત



રાજકોટ તા.૧: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનનાં પી એચ. ડી. સ્કોલર હિતાંષી યાજ્ઞિક, દ્વારા એન્થ્રોપોમોર્ફિઝમ વિશે એક અનન્ય અને અનોખું સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. તેમના આ મહાનિબંધની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પીએચ. ડી.ની પદવી માટે માન્ય રાખવામાં આવ્યો છે. તેના સંશોધનનું શીર્ષક 'એન્થ્રોપોમોરફીઝમ ઈન લીટરેચર એન્ડ મીડિયાઃ અ ક્રીટીકલ સ્ટડી' છે અને આ સંશોધન નિર્જીવ વસ્તુઓ અથવા ાણીઓને માનવ જેવા લક્ષણો કેવી રીતે આપવામાં આવે છે અને તેની શું અસરો છે, આ સંશોધનમાં સાહિત્ય, મનોવિજ્ઞાન, ધર્મશાસ્ત્ર, મીડિયા અને કૃત્રિમ બુદ્ધિમત્તા જેવા વિષયોને ધ્યાનમાં રાખીને કેવી રીતે આ સંશોધન એક સેતુ બને એવા પ્રયત્નો કર્યા છે. જે માનવ ધારણા, સમજશકિત અને વાર્તા કહેણી પર તેની ઊંડી અસર પર પ્રકાશ પાડે છે. તેમણે આ સંશોધન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનનાં સિનિયર પ્રોફેસર ડો. જયદીપસિંહ ડોડિયાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરેલ છે.આ પ્રકારનું આવા પડકારરૂપ વિષય પર સંશોધન બદલ તેઓને ઠેરઠેરથી શુભેચ્છાવર્ષા થઈ રહી છે. (૩૫.૭)

સોનાના ભાવોએ માઝા મૂકી છે?: પ્રોપર્ટીના ભાવો આસમાનેઃ સોવેરીયન ગોલ્ડ બોન્ડ યોજનાનું પણ ફીંડલું વળી ગયું

શેરબજારમાં બ્લડ બાથઃ ૧૫%નું કરેકશનઃ રોકાણ કરવુ કયાં?! એસઆઇપી કરનારા મ્યુ ફંડમાં નાણા રોકનારા પણ મૂંઝાયા..

કડાકાની મુખ્ય અસર આઇટી- ઓટો સેકટરમાં જોવા મળીઃ મીડકેપ-સ્મોલકેપમાં ૧૯ થી ૧૫%નું ધોવાણ



પરેશ વાઘાણી

રાજકોટ તા.૧: શેરબજારમાં શુક્રવારે જોરદાર કડાકો બોલી ગયો છે.સેન્સેક્ષમાં ૧૪૦૦થી વધુ પોઈન્ટ અને નિફ્ટીમાં ૪૨૦ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો છે. નિફ્ટી ૨૨,૧૨૪ અને સેન્સેક્ષ ૭૩,૧૯૮ બંધ રહ્યો છે. નિફ્ટી અને સેન્સેક્ષ મા તેના ૫૨ વીક હાઈ થી ૧૫%નું કરેકશન થયું છે.

આ સાથે શેર બજારમાં મીડકેપ અને સ્મોલ કેપમાં અનુક્રમે ૨.૫૯ ટકા અને ૩ ટકા નો કડાકો બોલ્યો છે. મીડકેપ અને સ્મોલકેપ માં તેના ૫૨ વીક હાઈ થી અનુક્રમે ૧૯% અને ૨૫% નું ધોવાણ થયું છે.

શેરબજાર ના આ કડાકાની અસર મુખ્ય તો આઈ.ટી અને આઙ્ઘટો સેક્ટર માં જોવા મળી છે. જેમાં આઈ.ટી ઈન્ડેક્સ અને આઙ્ઘટો ઈન્ડેક્સ હાઈ ઉપર થી ૪ ડાઉન થયા છે.

આઈ. ટી સેક્ટર માં મુખ્ય તો ટેક મહિન્દ્રા -૬.૪% , વિપ્રો -૫.૪% , ઈન્ફોસિસ -૪% અને ટી.સી.એસ -૩.૬% ડાઉન થયા છે , તો બીજી બાજુ ઓટો સેક્ટર માં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા -૫.૨% ,અશોક લેલેન્ડ -૫.૧% , ટી.વી.એસ -૪.૮% , ટાટા મોટર્સ -૪.૩% અને બજાજ ઓટો -૪% ડાઉન થયા છે.

જ્યારથી ડોનાલ્ડ ટ્રમ્પ સત્તા પર આવ્યા છે,ત્યારથી બજારની પરિસ્થિતિ વધારે ખરાબ થઈ છે.ટેરીફ વોર ચાલુ થઈ છે અને આ ટેરિફ વોરની ગંભીર અસર ભારતીય શેરબજાર પર થઈ રહી છે. ઈન્વેસ્ટર્સ ના લાખો-કરોડો રૂપિયાનું ધોવાણ થઈ ગયું છે. આર્થિક સ્થિતી ડામાડોળ થઈ રહી છે. જુના ખરીદેલા શેરોના ભાવો આવતા નથી અને નવા શેરો ખરીદવાના પૈસા નથી.

વિદેશી નાણાકીય સંસ્થાઓ ભારતીય શેરબજારને ગુડ બાય કહી રહી છે. સ્થાનિક નાણાકીય સંસ્થાઓ ભારતીય શેરબજારમાં શેરો ખરીદી રહી છે પરંતુ એ તે પણ હાંફવા લાગી છે. ક્યાં સુધી આ બધી નાણાકીય સંસ્થાઓ ટક્કર ઝીલશે તે એક કરોડ રૂપિયાનો સવાલ છે .

ભારતનું અર્થતંત્ર મજબૂત છે. વિદેશી હુંડિયામણ નું રિઝર્વ પણ સારું છે.બજેટમાં પણ આયકરમાં વ્યક્તિગત કરદાતા ને ૧૨ લાખ સુધીની ટેક્સ ની જવાબદારીઓમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.બેંકો વ્યાજદરો પણ ઘટાડી રહી છે. બેન્ક ડિપોઝીટસ ના દરો ઘટવા લાગતા રોકાણકારને બેંક ડિપોઝીટસ માંથી રસ ઉડવા લાગ્યો છે.

સોનાના ભાવો એ માઝા મૂકી છે એટલે સોનું ખરીદવા પણ રોકાણકાર તૈયાર નથી.સોવેરીયન ગોલ્ડ બોન્ડ યોજનાનું પણ ફીંડલુ વળી ગયું છે.પ્રોપર્ટી ના ભાવો આસમાને છે.ત્યારે એકમાત્ર સહારો નાના રોકાણકાર માટે શેરબજાર છે અને તેના પર પણ મંદીના વાદળો છવાઈ જતા રોકાણકારોમાં હતાશા-નિરાશા વ્યાપી છે.

જોકે આ બધું થવામાં સેબી દ્વારા લેવાયેલા કડક પગલાંઓ નો પણ સમાવેશ છે. ફ્યુચર એન્ડ ઓપ્શન ટ્રેડિંગ ના નિયમો કડક બનાવવા માં આવ્યા છે,જેને લઈને વોલ્યુમમાં સતત ઘટાડો થતાં શેરબજારમાં મંદી છવાઈ છે.બે-ત્રણ ક્વાર્ટર ના કંપનીઓના પરિણામો પણ ખરાબ આવ્યા છે. જો કે ગ્રોથ સ્ટોરી પણ થોડી નબળી પડી હોય તેવું લાગે છે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર શેરબજારની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. થોડો સમય શેર બજાર ને સુધરતા જરૂર લાગશે. સૌથી મોટી ચિંતા નો વિષય પ્રાઈમરી માર્કેટ છે કે જેમાં આઈ.પી.ઓ આવવાનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે.જો કંપનીઓ આઈ.પી.ઓ લાવી શકશે નહીં અથવા તો આઈ.પી.ઓમાં પ્રમોટરો ને નબળો પ્રતિસાદ મળશે તો પ્રાઇમરી માર્કેટ રૂંધાશે.

જો પ્રાઈમરી માર્કેટમાં જ ગતિવિધિઓ અટકશે તો સરવાળે આર્થિક પરિસ્થિતિ ખરાબ થશે.સેકન્ડરી માર્કેટ પણ નહીં ચાલે. જોકે અત્યારે જ ડીમેટ ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવવા નું પ્રમાણ ઘણું ઘટી ગયું છે.આવનારા દિવસોમાં ટેરિફ વોર અટકશે અને વિદેશી નાણાકીય સંસ્થાઓ શેર વેચવાનું બંધ કરશે તો જ બજાર ચાલશે.આવનારા ક્વાર્ટર ના કંપનીઓના પરિણામો સારા હોવાની શક્યતા બજાર જોતું નથી.હજુ બે ક્વાર્ટર પછી કંપનીઓની સ્થિતિ સુધરશે તેવી શક્યતા છે.

હાલમાં બધાને પહોંચી વળવું તે જ એક મોટો પડકાર છે.(૩૮.૮)



'હીરામણિ' ની પ્રતિભાઓને સન્માનતા નીતાબેન અને નરહરિ અમીન

રાજકોટઃઅમદાવાદની હીરામણિ નર્સરી-કે.જી.(ગુજરાતી-અંગ્રેજી માધ્યમ)ના વિદ્યાર્થીઓનો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ સાંસદ-રાજ્યસભા અને જનસહાયક ટ્રસ્ટના પ્રમુખ નરહરિ અમીનના મુખ્ય મહેમાન પદે સ્કૂલ કેમ્પસમાં યોજાયો હતો. હીરામણિ સ્કૂલમાં નર્સરી તેમજ કે.જી. વિભાગમાં ભણતાં વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાન જુદી જુદી રમત-ગમત તેમજ અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં મેળવલ સિધ્ધી બદલ ૧૯૩ વિદ્યાર્થીઓને વિવિધ ઈનામો અને સર્ટીફિકેટ અને બાકીના ૧૫૪ વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામો સંસ્થા તરફથી આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન અમીન, સેક્રેટરીશ્રી આર.સી.પટેલ, સી.ઈ.ઓ. શ્રી ભગવતભાઈ અમીન, શાળાનાં આચાર્યાશ્રીઓ, કો-ઓર્ડિનેટર્સ, શિક્ષકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.(૨.૨૬)

EDITORIAL
અકિલા
તંત્રી સ્થાનેથી....
૧-૩-૨૦૨૫: શનિવાર

હિન્દુત્વ: રાજનૈતિક એપ્રિલ ફૂલ...

તટસ્થ - સ્પષ્ટ સમીક્ષાઃ ગુજરાતની સ્થાનિક ચૂંટણીમાં ટોટલ મુસ્લિમ ઉમેદવારો ચૂંટાયા તેમાં ૨૮ ટકા ભાજપના છેઃ ઘણાં વિસ્તારોમાં કોંગ્રેસ કરતા ભાજપને લઘુમતી મતો વધારે મળ્યાઃ લવ જેહાદ સહિતના ગુન્હા વધ્યા છતાં સહુ સંપૂર્ણ મૌન

'' હું ઉપલેટાનો દાદો છું, ભાગો નહી તો..'' ઉપલેટામાં સરાજાહેર જીવલેણ છરા લઈને શાહરુખ સંધી અબુમિયાણા નીકળી પડયો હતો. ખુલ્લેઆમ ગુંડાગીરીથી લોકો ફફડી ગયા. ત્રાહીમામ બનેલા હિન્દુ સમાજે ગુંડાતત્વોના સરઘસ કાઢવા માંગ કરી. હિન્દુત્વના મત લઈને સત્તાની મોજ માણી રહેલ એકપણ ભાજપીએ આ ગુંડાઓ સામે નિવેદન ન કર્યુ.

ઉપલેટામાં ગઈકાલે આ ઘટના બની હતી, જો કે અસામાજિક તત્વોના ભયાનક ત્રાસ ગામે-ગામ ફેલાઈ ગયા છે. લવજેહાદથી માંડીને ક્રુર ગુન્હાખોરી બેફામ વધી ગઈ છે. આ મુદ્દે સંઘ કે ભાજપ સંપૂર્ણ મૌન છે. પરિણામલક્ષી ઓપરેશનો કેમ થતા નથી?

આ પ્રશ્નનો જવાબ છે, હિન્દુત્વના નામે ગુજરાતીઓને એપ્રિલ ફૂલ બનાવાયા હતા. ચૂંટણીના રાજકીય તારણો કાઢો તો ગુજરાતમાં હવે હિન્દુ મતોની ગરજ રહી નથી. હમણા જ સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાઈ હતી તેના સત્તાવાર આંક તાજેતરમાં જાહેર થયા છે.

આ વખતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં લઘુમતી સમાજના ગયા વખત કરતા બમણા ઉમેદવારો ચૂંટાયા છે. ટોટલ મુસ્લિમ ઉમેદવારો ચૂંટાયા તેમાં ૨૮ ટકા ઉમેદવારો ભાજપની ટિકિટ પર વિજયી બન્યા છે.

ગુજરાતના ઘણાં વિસ્તારો એવા છે કે, કોંગ્રેસ કરતા ભાજપને લઘુમતીના મતો મળ્યા છે. ભાજપ મીડિયા સેલના સંયોજક ગૌરવભેર કહે છે કે, '' લઘુમતી વસ્તી હવે સંપૂર્ણપણે ભાજપ સાથે છે! ''

ભાજપ લઘુમતીસેલના પ્રમુખ એક ડગલું આગળ વધીને કહે છે કે, સરકાર અને ભાજપ વિવિધ યોજનાઓનો લાભ મુસ્લિમોને પૂરા દિલથી આપે છે, મુસ્લિમો પણ દિલથી ભાજપ સાથે છે.

આ બધું તટસ્થ રહીને લખ્યું છે. તથ્ય જ આપ્યું છે. લવ જેહાદથી માંડીને રાક્ષસી ગુન્હા ગામે-ગામ વધ્યા છે. તંત્ર એકાદ પ્રકરણમાં સક્રિય રહીને વાહ-વાહ મેળવે છે, પણ ગુજરાતમાં ધાક જામે તેવા કોઈ પરિણામલક્ષી અભિયાનો છેડાતા નથી. વોટબેંક તૂટવાની બીક તો હોય ને?

હિન્દુ સમાજે જે પોણા ત્રણ દાયકા સુધી ભાજપને તાકતવર સત્તા આપી, છતાં ભાજપે મૂળ વોટબેંકની સમૃધ્ધિ, સુખાકારી વધારવાને બદલે પોતાના મતદારોને રાક્ષસી તાંડવ વચ્ચે છોડી દઈને રાજકીય મજબૂતી મેળવ્યાનું ગૌરવ લે છે.

સર્વધર્મ સમભાવ શ્રેષ્ઠ માર્ગ છે, પણ આ માર્ગ વન-વે નથી. એકબાજુ કટ્ટરતા અને બીજી બાજુ નરમ. આવો સમભાવ બહુમતી સમાજને મૂરખ બનાવવા જેવો છે. ગુજરાતમાં હિન્દુઓ એપ્રિલફૂલ બન્યા, તેવું કોઈ બન્યું નહી હોય. ભાજપને ખબર છે કે, હિન્દુઓ મત તો ભાજપને આપશે!

જો સમયસર લાલ આંખ નહિ દેખાડાય તો ઉપલેટામાં દાદો જાગ્યો તેમ ગામે-ગામ દાદાઓ અને ગુજરાતમાં પણ નવા લતીફો જાગી શકે છે. (૫-૨)

હિમવર્ષા અને બર્ફીલા વાતાવરણમાં રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે

ઉત્તરાખંડમાં હિમસ્ખલનઃ ૩૩ મજૂરોનું રેસ્ક્યૂ, હજી અનેક લાપતા



નવી દિલ્હી, તા.૧ઃ ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના માણા ગામમાં હિમસ્ખલન થયું હતું. જેમાં ૫૫ જેટલા બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ) ના કામદારો ફસાયા હતા. જેમાંથી ૩૩ને રેસ્ક્યૂ કરીને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે અન્ય ૨૨ મજૂરો લાપતા છે.

હિમવર્ષા અને બર્ફીલા વાતાવરણમાં રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે. માણા ગામમાં હિમસ્ખલન થયા બાદ બીઆરઓના મજૂરો ફસાયા હતા. તેઓને રેસ્ક્યૂ કરવાની કામગીરી ચાલી રહી છે. માણા અને બદ્રીનાથ વચ્ચે બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશન કેમ્પ સંપૂર્ણપણે હિમપ્રપાતમાં દબાઈ ગયો હતો.

મજૂરો સુધી પહોંચવા માટે ટીમોએ દિવસ દરમિયાન મુશ્કેલ એવા આ ભૂપ્રદેશને સહન કર્યો. ભારે બરફ અને બરફીલા તાપમાન હોવા છતાં રેસ્ક્યૂ ઓપરેશન જારી છે. શરૂઆતમાં ૧૦ કામદારો અને પછી અન્યને બહાર કાઢ્યા હતા એમ સૂત્રોએ જણાવ્યું હતું

બચાવવામાં આવેલા મજૂરોમાંથી ચારની હાલત ગંભીર હોવાનું સેનાના પીઆરઓએ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર તમામ ૩૩ લોકોને સારવાર માટે માણામાં આઈટીબીપી કેમ્પમાં લઈ જવામાં આવ્યા છે. બદ્રીનાથથી ત્રણ કિલોમીટર દૂર આવેલ માના ભારત-તિબેટ સરહદ પર ૩,૨૦૦ મીટરની ઊંચાઈ પર આવેલું આ છેલ્લું ગામ છે

સવારે ૭.૧૫ વાગ્યે હિમસ્ખલન થયું હતું, જેમાં કામદારો આઠ કન્ટેનર અને એક શેડમાં દબાઈ ગયા હતા, એમ સેનાએ જણાવ્યું હતું. ઉત્તરાખંડમાં ૨૬ ફેબ્રુઆરી બાદ વાતાવરણમાં પલટો થયો છે, ત્યારથી મોસમ બદલાયેલું ને ખરાબ જ છે. (૨૨.૫)

મોટા ગ્રહ પરિવર્તન અને તેનાથી સર્જાતી યૂતિ ખગોળ અને જયોતિષીય દ્રષ્ટિએ અભૂતપુર્વ

આજથી જ્યોતિષ ગણનાઓના ઈતિહાસનો સૌથી કપરો માર્ચ

મુંબઈ,તા.૧ઃમાર્ચ-૨૦૨૫ ગ્રહ ગોચારની દ્રષ્ટિએ ખૂબ જ વિશેષ રહેશે. આગાહી મુજબ માર્ચ દરેકના જીવન પર અમીટ છાપ છોડી શકે છે. મોટા કાર્મિક પરિવર્તનોનો આ મહિનો બની રહે છે. જેમાં જીવનમાં અપ્રત્યાશિત ઘટનાઓ વધી શકે છે. કર્મોનું ફળ ઝડપથી મળતું જણાય. માર્ચ-૨૦૨૫ પર વિશ્વાભરના જ્યોતિષશાસ્ત્રીઓની નજર છે.

બે ગ્રહણઃ માર્ચમાં મોટા ગ્રહોના પરિવર્તનોની સાથે બે ગ્રહણ પણ જોવા મળશે. ચંદ્રગ્રહણની અતિતની ઘટનાઓ ફરી સામે આવતી હોવાનો અહેસાસ થાય તો સૂર્યગ્રહણના સાયામાં નાણાકીય સંકટો જોવા મળશે. ભારતમાં બને પૈકી એકપણ ગ્રહણ જોવા નથી મળવાનું

ગ્રહોની ચાલઃ આ મહિનામાં બુધ અને શુક્ર બે શુભ ગ્રહો એકસાથે આ મહિનામાં વક્રી છે. શનિ માસાંતે જે મીન રાશીમાં પ્રવેશ કરશે. જે અઢી વર્ષ સુધી કર્મોનો નિર્ણાયક સમય રહેશે. આ ઉપરાંત યુરેનસ વૃષભ રાશિમાં પ્રવેશ કરશે જેનાથી આર્થિક અસ્થિરતા કાબુ બહાર લઈ જઈ શકે છે. ૧૪ માર્ચ સૂર્યના મીન રાશિમાં પ્રવેશ સાથે શનિ અને સુર્યની યુતિ શર્જાશે.

રાહુ-શનિની યુતિઃ માર્ચમાં શનિ પરિવર્તન સાથે ૨૯ માર્ચ જ્યારે શનિ કુંભ રાશિમાંથી મીનમાં પ્રવેશ કરશે. ત્યારે રાહુની પહેલેથી જ હાજરી છે. શનિ-રાહુની આ યુતિ વિષ્વયુદ્ધના પ્રારંભનું બીજું ચરણ સાબિત થઈ શકે છે. માર્ચથી મે વચ્ચે બદલાતા વૈશ્વિક સમીકરણો બાદ હવે નવા મોરચે રણશિંગુ ફૂંકાઈ શકે છે.

છ ગ્રહોનો જમાવડોઃ ગુરુ અને મંગળ તેમજ કેતુ સિવાયના તમામ ગ્રહો મીનમાં જમાવડો કરવાના છે. તેની માનવજીવન પર મોટી અસર નોંધાઈ શકે છે. ૨૯ માર્ચે રાહુ, બુધ, સુર્ય, શનિ, શુક્ર અને ચંદ્ર મીન રાશિમાં યુતિથી પ્રાકૃતિક અણધારી આફતો ઉદભવી શકે છે.

યુદ્ધ અને હિંસક ઘટનાઓઃ માનમાં વૈશ્વિક સ્તરે સંઘર્ષ અને યુદ્ધ પરમ સીમાએ પહોંચી શકે છે. ગ્રહ ગોચર દુનિયામા છૂપા સત્યોને ઉજાગર કરી શકે છે રાજનીતિ વિજ્ઞાન સાથે રહસ્યમયી ઘટનાઓ ચર્ચામાં રહેશે. માર્ચના મધ્યમાં કૂદરતી આફતથી મોટી જાનહાની પણ સંભવ છે. (૪૦.૮)

દરેક રાશિ માટે કેવો રહેશે માર્ચ

મેષઃ સંબધોમાં લેવડ-દેવડ વચ્ચે સંતુલન જાળવી રાખવાનું ભુલશો નહી
વૃષભઃ કોઈ નવો પ્રોજેક્ટ શરૂ કરવાની ગણતરી હોય તો આ સમય અનુકૂળ સબિત થઈ શકે છે.
મિથુનઃ સંભવિત તકલીફો વચ્ચે પણ સફળતા માટે ધ્યાન કેન્દ્રમાં રાખવું.
કર્કઃ વ્યાસાયિક જીવનમાં આ સમય નવુ શીખવાનો અને નવા અનુભવો મેળવવાનો છે.
સિંહઃ ધારેલા કાર્યોમાં સફળતા મળે નાની-નાની વાતોમાં ગુસ્સો કરવાનો સ્વભાવ બદલવો.
કન્યાઃ પરીવારની બાબતોમાં સમજદારી અને કળથી કામ કરવામાં જ ભલાઇ રહેશે.
તુલાઃ નાની મોટી બિમારીઓનું આવરણ તમને રોજિંદા કાર્યોમાં ડિસટર્બ કરી શકે છે.
વૃશ્ચિકઃ સમગ્ર માર્ચ મહિનામાં આર્થિક મોરચે ખુબ સાવધ રહેવાની જરૂર પડશે.
ધનઃ આ મહિનો તમારા માટે એકંદરે સાનુકૂળ કહી શકાશે નોકરીમાં સન્માન પ્રાપ્ત થવાના ચાન્સ પણ દેખાઇ રહ્યા છે.
માર્ચઃ મકર રાશિ માટે ભારે ઉતાર-ચડાવવાળો સાબિત થવા જઈ રહ્યો છે. સફળતા માટે નવા માર્ગો પણ નીકળવા તૈયારી રાખવી
કુંભઃ શરૂઆતનો થોડો સમય જવા દઈએ તો આત્મવિશ્વાસમાં વધારો થાય તેવા સંજોગો જણાય, જે બાબતની લાંબા સમયથી પ્રતિક્ષામાં છો તેમાં મનોકામના પૂરી થતી લાગશે.
મીનઃ તમારા વિચાર કરેલા લક્ષ્યની પ્રાપ્તિ માટે હજી તમારે રાહ જોવાની રહે છે એટલે આ મહિનામાં તમારે વધારે પરિશ્રમ કરીને પ્રયત્નો વધારવાની વ્યવસ્થા કેળવવી જ પડશે.

બ્રેસ્ટ કેન્સરની સારવાર ટૂંક સમયમાં સર્જરી વિના પણ થઈ શકશે

એમ્સના નિષ્ણાતો સઘન સંશોધન કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૧ઃ છેલ્લા ૨૫ વર્ષોમાં દેશમાં બ્રેસ્ટ કેન્સરના કેસ ઝડપથી વધી રહ્યા છે. દેશમાં દર વર્ષે કેન્સરના લગભગ ૧૪ લાખ કેસ નોંધાય છે. આમાંથી લગભગ બે લાખ કેસ બ્રેસ્ટ કેન્સર સાથે સંબંધિત છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, નાની છોકરીઓમાં બ્રેસ્ટ કેન્સરના વધુ કેસો જોવા મળ્યા છે. બ્રેસ્ટ કેન્સરથી પીડિત મહિલાઓને રેડિયોથેરાપીની મદદથી સર્જરી વિના સચોટ સારવાર આપી શકાય છે. એઈમ્સના નિષ્ણાતો આ અંગે સંશોધન કરી રહ્યા છે. હાલમાં સ્ત્રીઓમાં રેડિયોથેરાપી અંગે ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. તે કીમોથેરાપી અને અન્ય સુવિધાઓ લેવામાં ખચકાટ અનુભવે છે. નિષ્ણાતો કહે છે કે સમય જતાં રેડિયોથેરાપીમાં સુધારો થઈ રહ્યો છે. અમારો પ્રયાસ એ છે કે જો સ્તન કેન્સર શરૂઆતના તબક્કામાં જ મળી આવે તો મહિલાઓને સર્જરી કરાવવાની જરૂર ન પડે. રેડિયોથેરાપીની મદદથી બધા કેન્સર કોષોનો નાશ કરવામાં આવશે. જેથી કેન્સરનું જોખમ સંપૂર્ણપણે દૂર થઈ શકે.



છેલ્લા ૨૫ વર્ષોમાં દેશમાં બ્રેસ્ટ કેન્સરના કેસ ઝડપથી વધી રહ્યા છે. દેશમાં દર વર્ષે કેન્સરના લગભગ ૧૪ લાખ કેસ નોંધાય છે. આમાંથી લગભગ બે લાખ કેસ બ્રેસ્ટ કેન્સર સાથે સંબંધિત છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, નાની છોકરીઓમાં બ્રેસ્ટ કેન્સરના વધુ કેસો જોવા મળ્યા છે. કુલ દર્દીઓમાંથી લગભગ ૩૦ ટકા દર્દીઓ ૩૦ થી ૪૦ વર્ષની વયના છે. ડૉ. વી.કે., પ્રોફેસર, સર્જિકલ ડિસિપ્લિન વિભાગ. બંસલે કહ્યું કે તેઓ સ્તન કેન્સરની સારવાર માટે સંશોધન કરી રહ્યા છે. આગામી દિવસોમાં વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થશે. તેમણે કહ્યું કે શક્ય તેટલી વહેલી તકે કેસ પ્રકાશમાં આવશે. સારવાર એટલી જ અસરકારક રહેશે. ડૉ. અતુલ બત્રાએ કેન્સર કીમોથેરાપીના વિકાસ વિશે માહિતી આપી.

સ્તન સમસ્યાઓ અટકાવવા માટે, AIIMS એ સ્તન સ્થિતિ જાગૃતિ કાર્યક્રમ શરૂ કર્યો છે. આ અંતર્ગત ખાસ ક્લિનિક પણ ચલાવવામાં આવી રહ્યા છે. બર્ન અને પ્લાસ્ટિક સર્જરી વિભાગના વડા ડૉ. મનીષ સિંઘલે જણાવ્યું હતું કે ૫૦-૬૦ ટકા કિસ્સાઓમાં, સ્તન સમસ્યાઓ સ્ત્રીઓને તેમના જીવનકાળમાં કોઈક સમયે અસર કરે છે. એવું જોવા મળ્યું છે કે તેમાંથી માત્ર ૧૦ ટકા લોકો જ સારવાર લે છે. દેશમાં લગભગ ૩૨ ટકા મહિલાઓ સ્તન તપાસને કારણે થતી શરમને કારણે સલાહ લેવાનું ટાળે છે. જ્યારે આ તમામ પ્રકારના રોગો માટે સારવાર ઉપલબ્ધ છે.

સ્તનના અસામાન્ય આકાર, જેમાં મોટા સ્તનો, સ્તનોની અસમ-માણતા, સ્તનોનું વધુ પડતું ઝૂલવું, નાના સ્તનો, સાંકડા કંદવાળા સ્તનો, સ્તન કેન્સરની સર્જરી દરમિયાન દૂર કરાયેલા સ્તનોનું પુનઃપ્રત્યારોપણ વગેરેનો ઉપચાર શસ્ત્રક્રિયા અથવા અન્ય માધ્યમો દ્વારા કરી શકાય છે. ડોક્ટરો કહે છે કે કેટલીક સ્ત્રીઓના સ્તનોમાં ગાંઠો હોઈ શકે છે. એવું જાણવા મળ્યું છે કે ૯૦ ટકા ગાંઠો કેન્સરગ્રસ્ત નથી, પરંતુ તેનું પરીક્ષણ ચોક્કસપણે કરાવવું જોઈએ. ડૉ. શિવાંગી સાહાએ જણાવ્યું હતું કે આ સુવિધા ઉપલબ્ધ થયા પછી, પ્લાસ્ટિક સર્જરીની માંગમાં ૩૦ ટકાનો વધારો થયો છે. તેની મદદથી, સ્તન સંબંધિત તમામ પ્રકારની સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય છે. (૨૨.૩)

મુસ્લિમોના સૌથી પવિત્ર મહિના રમઝાનનો ૨ માર્ચથી આરંભ થશે : દિલ્હી સહિત દેશના કોઈ પણ રાજ્યમાં શુક્રવારે રમઝાનનો ચાંદ જોવા મળ્યો નહોતો

ભારતમાં ન જોવા મળ્યો રમઝાનનો ચાંદ, કાલથી રોઝા રાખશે મુસ્લિમો



નવી દિલ્હી, તા.૧ઃ મુસ્લિમોના સૌથી પવિત્ર મહિના રમઝાનનો ૨ માર્ચથી આરંભ થશે. દિલ્હી સહિત દેશના કોઈ પણ રાજ્યમાં શુક્રવારે રમઝાનનો ચાંદ જોવા મળ્યો નહોતો. ૨ માર્ચના દિવસે પ્રથમ રોઝા રાખવામાં આવશે. રમઝાન ઈસ્લામિક કેલેન્ડરનો નવમો મહિનો છે. આ ઉપરાંત શબ-એ-બારાતથી ૧૪ દિવસના રમઝાન શરૂ થાય છે. રમઝાન મહિનો ચાંદ દેખાવા સાથે શરૂ થાય છે.

દિલ્હી-એનસીઆરમાં વાદળ છવાયેલા હતા એટલે ત્યાં ચાંદ જોવા મળ્યો નહોતો. ગુજરાત, બિહાર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા સહિત અનેક જગ્યાએ ચાંદ જોવા મળ્યો નહોતો. સામાન્ય રીતે ગુજરાતના કચ્છમાં ચાંદ જોવા મળતો હોય છે પરંતુ આ વખતે ત્યાં પણ રમઝાનનો ચાંદ જોવામાં આવ્યો હોવાના અહેવાલ નથી. તેથી પ્રથમ રોઝા ૨ માર્ચ, રવિવારે રાખવામાં આવશે. ઈસ્લામમાં એક મહિનો ૨૯ કે ૩૦ દિવસનો હોય છે. મહિનાના દિવસોની સંખ્યા ચાંદ દેખાવા પર નિર્ભર કરે છે. શનિવારે ઈસ્લામી કેલેન્ડરના આઠમા મહિના શાબાનની ૩૦મી તારીખ છે. ગુજરાત ટ્રાવેલ ગાઈડ

સાઉદી અરબમાં રમઝાનનો પ્રથમ રોઝા શનિવાર ૧ માર્ચે રાખવામાં આવશે. પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં પણ રમઝાનનો ચાંદ જોવા મળ્યો નહોતો, તેથી ત્યાં ૨ માર્ચથી રોઝા રાખવામાં આવશે. બ્રિટન, યુએઈ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં પણ ૧ માર્ચથી રોઝા રાખવામાં આવશે. રમઝાનનો ચાંદ જોવા મળ્યાના બીજા દિવસથી આ મહિનાનો આરંભ થાય છે અને ૩૦ દિવસ સુધી મુસ્લિમો સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી કંઈ ખાતા-પીતા નથી. મોટાભાગનો સમય અલ્લાહની બદંગીમાં વિતાવે છે. ઉપરાંત મસ્જિદોમાં વિશેષ નમાઝ પઢે છે. (૨૩.૫)

છત્રપતિ શંભાજી મહારાજ પર આધારીત 'છાવા'એ કમાઇ લીધા ૫૬૩ કરોડ

૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ થયેલી ફિલ્મ વિદેશમાં પણ મચાવી રહી છે ધૂમઃ વિક્કી કૌશલ, રશ્મિકા મંદાન, અક્ષય ખન્નાની મુખ્ય ભુમિકા

મુંબઈ તા. ૧ઃ વિક્કી કૌશલ અને રશ્મિકા મંદાના તથા અક્ષય ખન્ના અભિનીત ઐતિહાસિક ફિલ્મ 'છાવા'એ દેશભરના સિનેમાઘરોની બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી છે. વિદેશમાં પણ છાવા રાજ કરી રહી છે. બે અઠવાડીયામાં જ આ ફિલ્મ બ્લોકબસ્ટર બની ગઈ છે અને બીજી આવી અનેક ફિલ્મોના સિંહાસન હાલકડોલક કરી નાંખ્યા છે.



વર્ષ ૨૦૨૩માં શાહરૂખ ખાનની પઠાણે રેકોર્ડ તોડ્યા હતાં. એ પછી ગયા વર્ષે પુષ્પા-૨એ રેકોર્ડ તોડ્યા હતાં. હવે છાવા ફિલ્મે રેકોર્ડ તોડ્યા છે. છત્રપતિ શંભાજી મહારાજ પર આધારિત ફિલ્મ છાવા ગત ૧૪ ફેબ્રુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. પહેલા અઠવાડીયામાં જ સેન્ચુરી મારી દીધી હતી અને અનેક મોટી ફિલ્મોને ધુળ ચટાવી દીધી હતી. છાવા ફિલ્મનું પહેલા દિવસે વર્લ્ડવાઈડ કલેક્શન માત્ર ૫૦ કરોડ રૂપિયા હતું. પણ હવે આ ફિલ્મ ૫૦૦ કરોડ કમાઈ ચુકી છે. ઓસ્ટ્રેલિયા, યુએસ, યુનાઈટેડ કિંગડમ, મલેશિયા જેવા દેશોમાં પણ છાવા રિલીઝ થઈ છે અને વિદેશોમાં ૭૮ કરોડની કમાણી કરી છે. બોલીવૂડ હંગામાના કહેવા મુજબ છાવા ફિલ્મે વર્લ્ડવાઈડ બે અઠવાડીયામાં ૫૬૩ કરોડની કમાણી કરી લીધી છે.

એકના એક તેલમાં તળાતી વાનગીઓ આરોગવાથી કેન્સરનું જોખમ

હાઈપરટેન્શન, એથરોસ્કલેરોસિસ, અલ્ઝાઈમર અને યકૃતના રોગ થવાનો પણ ખતરોઃ તેલ ડામર જેવું થઈ જાય ત્યાં સુધી તેનો ઉપયોગ કરવાથી ટીપીસી વેલ્યૂ ખતરનાક રીતે વધે છે


ગ્રાહકોને સ્લો પોઈઝન ભેટમાં આપતાં કેટલાક વેપારીઓ, ૭૦% ફરસાણ પામોલીન તેલમાંથી બને છે

બે વાર ઉપયોગ થયેલા તેલને ખરીદવા FSSAIએ એજન્સીઓ નિમી

FSSAIએ અગાઉ એક મુહીમ શરૂ કરી કેટલીક એજન્સીઓને નીમિ છે. આ એજેન્સીઓ બે વાર ઉપયોગ થયેલા ખાદ્ય તેલને ખરીદે છે. જેના પૈસા પણ વેપારીઓને ચુકવવામાં આવે છે. ત્યારબાદ એજન્સીઓ આ તેલ સાબુ બનાવતી અમુક કંપનીઓને આપતી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, અમુક એજન્સીઓની લાલિયાવાડીના કારણે આ મહીમને જોઈએ તેવી સફળતા મળી નથી.

નવી દિલ્હી,તા.૧ઃ અનેક વેપારીઓ એકના એક તેલમાં વારંવાર ફરસાણ, સમોસા અને ભજીયા સહિતની વસ્તુઓ બનાવી ગ્રાહકોને કેન્સરની જીવલેણ બિમારી ભેટમાં આપી રહ્યાં છે. કેન્સરની સાથે હાઈપરટેન્શન, એથરોસ્કલેરોસિસ, અલ્લાઈમર અને પકૃતના રોગ થવાનો ખતરો પણ અનેકગણો છે.

રેસ્ટોરન્ટ અને ખાણી - પાણીની દુકાન અને લારીઓનું પ્રમાણ અનેકગણું વધ્યું છે. ખાસ કરીને તેલમાંથી બનતાં ફરસાણ, ભજીયા અને સમોસાની માંગ પણ વધુ છે. જેને લઈ ઘણાં વેપારીઓ વધુ નફો રળવાના ઈરાદે ગ્રાહકોના સ્વાસ્થય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી રહ્યાં છે.



જાણીને આશ્ચર્ય થશે કે, ૭૦ ટકા ફરસાણ પામોલીન તેલમાંથી બનાવાય છે. આ તેલ કાળા ડામર જેવું ન થઈ જાય, ત્યાં સુધી તેમાં વાનગીઓ તળાય છે. જેના કારણે તેલની ટી.પી.સી. (ટોટલ પોલર કંમ્પાઉન્ડસ) વેલ્યુ અનેકગણી વધી જાય છે. વાસ્તવમાં FSSAI દ્વારા વપરાયેલા વનસ્પતિ તેલમાં ટી.પી.સી. વેલ્યુ ૨૫ ટકા નક્કી કરાઈ છે. જયારે બિનઉપયોગી વનસ્પતિ તેલમાં ટી.પી.સી. માટે ૧૫ ટકાની મર્યાદા છે, તેમ છતાં એકના એક તેલનો અનેકવાર ઉપયોગ કરી લોકોને રોગ ભેટમાં અપાય છે.

ટી.પી.સી. શા માટે મહત્વપૂર્ણ છે? તે બાબતે ફૂડ વિભાગ સાથે સંકળાયેલા અધિકારીએ જણાવ્યું હતું કે, ટી.પી.સી. તેલ સાથે તૈયાર કરાવેલા ખોરાકના સ્વાદ અને પોષક મૂલ્યને નકારાત્મક અસર કરી શકે છે. હાઈ ટીપીસી વેલ્યુ ધરાવતા તેલમાંથી બનેલા ખાદ્ય પદાર્થ આરોગવાથી લાંબાગાળે સ્વાસ્થ્ય પર ગંભીર અસર થાય છે. ટૂંકમાં ટી.પી.સી. ઘણાં રોગો સાથે સંકળાયેલા છે. જેમાં હાઈપરટેન્શન, એથરોસ્કલેરોસિસ, અઝાઈમર રોગ અને વકૃતના રોગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેન્સર જેવા જીવલેણ રોગ થવાના ચાન્સ પણ અનેકગણા વધી જાય છે.

ટેન્કર મારફતે પામોલીન તેલનો છુટકમાં વેપલો


અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા શહેરોમાં પામોલીન તેલ ભરેલી ટેન્કરો આવે છે, જે વેપારીઓને તેમની માગણી મુજબ વૃકુ (બુઝ) તેલ આપે છે. વડોદરાની વાત કરીએ તો ચોખંડી વિસ્તારમાં આવી ટેન્કરો ફરતી હોવાનું જાણવા મળ્યું છે. ખરેખર, નિયમ મુજબ આ રીતે છુટ્ટુ તેલ વેચી શકાતું નથી. તેમજ કપાસિયા અને સીંગતેલની સરખામણીએ પામોલીન તેલ સસ્તુ મળતું હોવાથી મોટાભાગના વેપારીઓ તેનો ઉપયોગ કરે છે. જ્યારે સ્ટાન્ડર્ડ વેપારીઓ પામોલીન તેલ કે એકને એક તેલનો વારંવાર ઉપયોગ કરતાં નથી. તેવું પણ અધિકારીનું કહેવું છે.

ટી.પી.સી. શું છે?

તેલ ગરમ થઈને ભેજનાં સંપર્કમાં આવે છે. ત્યારે ટી પી.સી થાય છે, જે થર્મલ ડિગ્રેડેશન તરીકે ઓળખાતી પ્રક્રિયા છે. તેલ કેટલું બગડયુ છે. તે ટીપીસીની મદદથી જાણી શકાય છે. ટી.પી સીનું ઉચ્ચ સ્તર હાનિકારક પદાર્થોની રચના તરફ દોરી શકે છે. જેનું સેવન કરવું જોખમી હોઈ શકે છે. (૪૦.૯)

નશાખોર ચાલકે કાબુ ગુમાવતા કાર આરએમસીની ગાડીમાં અથડાઇ

કાલાવડ રોડ પર બનાવઃ પિયુષ વિરૂધ્ધ ગુનો દાખલ



રાજકોટ, તા. ૧ : કાલાવડ રોડ પર મટુકી રેસ્ટોરન્ટ પાસે નશાખોર ચાલકે કાબુ ગુમાવતા કાર આર.એમ.સી.ની ગાડીમાં અથડાવતા તાલુકા પોલીસમાં ફરીયાદ થઈ છે.

મળતી વિગત મુજબ કાલાવડ રોડ પર આર.એમ.સી.માં ઢોર પકડ પાર્ટીના લાઈવ સ્ટોક ઈન્સ્પેકટર પંકજભાઈ પ્રભુભાઈ દેત્રોજા (રહે. મોરબી શનાળા રોડ, નીતિન પાર્ક સોસાયટી ગોપી ટાવર એપાર્ટમેન્ટ બ્લોક નં.૨૦૧) રાત્રે આર.એમ.સી.ની ગાડીમાં રોડ પર રખડતી ભટકતી ગાયને પકડવા માટે કાલાવડ રોડ પર હતા અને ગાડી રોડની સાઈડમાં રાખી હતી ત્યારે પુરઝડપે આવેલી જી.જે. ૧૪ બીડી-૩૬૦૪ નંબરની કારના ચાલક કાબુ ગુમાવતા કાર આરએમસીની ગાડી સાથે અથડાતા રૂા. ૪૦ હજારનું નુકશાન થયું હતું. બનાવ બનતા ઢોરપકડ પાર્ટીના અન્ય કર્મચારીઓ એકઠા થઈ ગયા હતા. કાર ચાલકનું નામ પુછતા તેણે પોતાનું નામ પિયુષ મહેન્દ્રભાઈ લેઉવા (ઉ.વ.૩૩) (રહે. રંગોલી પાર્ક હાઉસીંગ બોર્ડના કવાર્ટર નિકુંજભાઈ પટેલ આપ્યુ હતું. આ બનાવની જાણ કરતા તાલુકા પોલીસ મથકના પી.એસ.આઈ. એસ.પી. ચૌહાણ સહિતના સ્ટાફે સ્થળ પર પહોંચી તપાસ કરતા કાર ચાલક નશો કરેલી હાલતમાં જણાતા કારચાલક પિયુશ વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. (૯.૩૧)

ટ્રમ્પ સાથે ગરમાગરમ ચર્ચા પછી પણ જેલેંન્કીનું વલણ બદલાયું નહીં

મેં કંઈ ખોટું કર્યુ નથી, હું માફી નહીં માંગુ

વોશિંગ્ટન, તા.૧ઃ શુક્રવારે વાતચીત દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલા મોટા મુકાબલા બાદ, ઝેલેન્સકીએ ટ્રમ્પની માફી માંગવાનો ઈનકાર કર્યો હતો. ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં, તેમણે આ ઘટનાને બંને પક્ષો માટે સારી નથી ગણાવી. જોકે, ઝેલેન્સકીએ કહ્યું કે જો અમેરિકા પોતાનો ટેકો પાછો ખેંચી લેશે, તો રશિયા સામે યુક્રેનનો બચાવ કરવો આપણા માટે મુશ્કેલ બની જશે. તેમણે અમેરિકન રાષ્ટ્રપતિ સાથેના મુકાબલાને જાહેરમાં પ્રસારિત કરવા બદલ દુઃખ વ્યક્ત કર્યું અને કહ્યું, હું નમ્રતા જાળવી રાખવા માંગુ છું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ રાષ્ટ્રપતિ ટ્રમ્પની માફી માંગશે, ત્યારે તેમણે જવાબ આપ્યો, ના, હું રાષ્ટ્રપતિનો આદર કરું છું. હું અમેરિકાના લોકોનો પણ આદર કરું છું. મને નથી લાગતું કે આપણે કંઈ ખોટું કર્યું છે. તે જ સમયે, તાજેતરના સમયમાં ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે વધતી નિકટતા અંગે, ઝેલેન્સકીએ કહ્યું, હું ઈચ્છું છું કે તેઓ (ટ્રમ્પ) વચ્ચે રહે. હું પણ ઈચ્છું છું કે તે આપણી બાજુમાં રહે. શુક્રવારની ગરમાગરમ ચર્ચા પછી શું તેમના અને ટ્રમ્પના સંબંધો સુધરી શકે છે? આના પર ઝેલેન્સકીએ જવાબ આપ્યો, હા, ચોક્કસ. ટ્રમ્પ અને ઝેલેન્સકી વચ્ચે કેમેરા પર થયેલી ઉગ્ર બોલાચાલી બાદ આખી દુનિયા ચોંકી ગઈ છે. મામલો એ હદ સુધી પહોંચ્યો કે ઝેલેન્સકીને વ્હાઈટ હાઉસ છોડવાનું પણ કહેવામાં આવ્યું. ટ્રમ્પે વાતચીતમાં વિક્ષેપ પાડ્યો. મીડિયા સામેની આ સામાન્ય ચર્ચા પછી, ટ્રમ્પ કંઈક ખાસ કહેવાના હતા. એટલે કે, ખનિજ સોદા પર એક કરાર, પરંતુ વચ્ચે જ વસ્તુઓ ખોટી પડી ગઈ, અને તે સુરક્ષા સોદાના પ્રશ્નથી શરૂ થયો.

ઇસ્લામિસ્ટ નેતા પર ટાર્ગેટ એટેક...મૌલાના સમી-ઉલ-હકને તાલિબાનના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે : પ્રાંતીય સરકારે એક સત્તાવાર નિવેદનમાં હુમલાની પુષ્ટિ કરી

પાકિસ્તાનના મદરેસા બ્લાસ્ટમાં 'ફાધર ઓફ તાલિબાન'ના દીકરા હક્કાનીનું પણ મોત



કરાંચી, તા.૧ઃ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના અકોરા ખટ્ટકમાં દારુલ ઉલૂમ હક્કાનીયા મદરેસામાં શુક્રવારની નમાજ દરમિયાન એક શક્તિશાળી આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ થયો હતો. જેમાં છ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ૨૦ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ વિસ્ફોટમાં જમિયત ઉલેમા-એ-ઈસ્લામ-સામી (થશ્ત-લ)ના વડા મૌલાના હામિદ-ઉલ-હક હક્કાનીનું મોત થયું હતું. જેમણે સ્વર્ગસ્થ મૌલાના સમી-ઉલ-હકના પુત્ર હતા. મૌલાના સમી-ઉલ-હકને તાલિબાનના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રાંતીય સરકારે એક સત્તાવાર નિવેદનમાં હુમલાની પુષ્ટિ કરી છે.

ઐતિહાસિક મદરેસામાં થયેલા આત્મઘાતી હુમલામાં હામિદ-ઉલ-હકના દિકરાનું પણ મોત થયું છે. ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રીના સૂચના સલાહકાર બેરિસ્ટર મોહમ્મદ અલી સૈફે એક નિવેદનમાં મોતની પુષ્ટી કરી હતી. મળતી માહિતી મુજબ, ખૈબર પખ્તુનખ્વા સ્વાસ્થ્ય વિભાગે પેશાવરના તમામ હોસ્પિટલોમાં ઈમરજન્સી ઘોષિત કરી હતી.

મૌલાના સમી-ઉલ-હકના મોટા દિકરા હામિદ-ઉલ-હક રાજકારણી, ઈસ્લામી વિદ્વાન અને ૨૦૦૨થી ૨૦૦૭ સુધી નેશનલ અસેમ્બલીના પૂર્વ સદસ્ય હતા. પિતાની હત્યા પછી તેમણે જામિયા દારુલ ઉલૂમ હક્કાનીયાના વાઈસ ચાન્સેલર અને થશ્ત-લ્ના પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી. ૨૦૨૩માં તેમણે ધાર્મિક રાજદ્વારી કાર્યના ભાગ રૂપે પાકિસ્તાની ધાર્મિક વિદ્વાનોના એક પ્રતિનિધિમંડળનું નેતૃત્વ અફઘાનિસ્તાનમાં કર્યું અને તાલિબાન નેતાઓ સાથે વાતચીત કરી હતી. તેમણે અગાઉ દાવો કર્યો હતો કે, તેમની મુલાકાતથી ઈસ્લામાબાદ અને કાબુલ વચ્ચેના અવિશ્વાસને દૂર કરવામાં મદદ થઈ હતી.

મૌલાના અબ્દુલ હક હક્કાની દ્વારા ૧૯૪૭માં સ્થાપિત હક્કાનિયા મદરસા ઘણા સમયથી જિહાદિયોને પૈદા કરવાને લઈને બદનામ રહ્યો છે. તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં અફઘાન તાલિબાનના વર્તમાન સેકન્ડ-ઈન-કમાન્ડ સિરાજુદીન હક્કાની અને તાલિબાનના સ્થાપક નેતા મુલ્લા ઓમરનો સમાવેશ થાય છે. કટ્ટરપંથી ઈસ્લામિક જૂથો સાથેના ઐતિહાસિક સંબંધોને કારણે તેને જેહાદ યુનિવર્સિટી કહેવામાં આવે છે. મદરસા પહેલા પણ વિવાદનો સામનો કરી ચૂક્યું છે. જેના કેટલાક વિદ્યાર્થીઓ પર પૂર્વ પાકિસ્તાની વડાપ્રધાન બેનજીર ભુટ્ટોની હત્યામાં સામેલ હોવાના આરોપ છે. જો કે, આ આરોપીને લઈને મદરસા ઈનકાર કરી રહી છે.

અત્યાર સુધીમાં કોઈપણ આંતકવાદી સંગઠને હુમલાની જવાબદારી લીધી નથી. પાકિસ્તાન બેવડી બળવાખોરીનો સામનો કરી રહયું છે. એકનું નેતૃત્વ ઈસ્લામી ચરમપંથિયો દ્વારા કરવામાં આવી રહ્યું છે અને બીજાનું નેતૃત્વ જાતીય અલગાવવાદિયો દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેઓ સરકાર દ્વારા સંસાધનોની ફાળવણીમાં ભેદભાવનો દાવો કરે છે. જયારે અફઘાનિસ્તાનમાં તાલિબાનની વિચારધારા અને આત્મઘાતી બોમ્બ વિસ્ફોટોના કટ્ટર સમર્થક હામિદ-ઉલ-હક આખરે એ જ ઉગ્રવાદનો ભોગ બન્યા જેને તેમણે ટેકો આપ્યો હતો.

તેમના પિતા મૌલાના સમી-ઉલ-હકની પણ આવીજ હાલત થઈ હતી. ૨૦૧૮માં મૌલાના સમી-ઉલ-હકને તેમના ઘરમાં ચાકુ મારીને હત્યા કરી દેવામાં આવી હતી. આ મામલે સુરક્ષાકર્મીઓએ હુમલાને લઈને આરોપીને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી હતી. (૨૩.૪)

કોઠારીયા સોલવન્ટ કાંગશીયાળી ચોકડી પાસે હિટ એન્ડ રનઃ અજાણ્યા પુરૂષનું કચડાઇ જતાં મોત

રાજકોટઃ બપોરે સાડા ત્રણેક વાગ્યા આસપાસ ગોંડલ રોડ કાંગશીયાળી ચોકડી પાસે હિટ એન્ડ રનની ઘટનામાં ડમ્પરનો ચાલક એક અજાણ્યા રાહદારી કે જે રસ્તો ઓળંગી રહ્યા હતાં તેને ઠોકરે લઈ ભાગી જતાં આ વ્યકિતનું છુંદાઈ જતાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું છે. (૪.૩૭)



Owned, Printed and published by AJITKUMAR GUNVANTRAI GANATRA printed at JAY SAURASHTRA PRINTING PRESS, NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT and published at NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT editor AJITKUMAR GUNVANTRAI GANATRA. Ph. No.0281-2445111 Email-akiladailyad@gmail.com

હાર્ડવેર પેઢીના ઝીંકધાતુની લાખોની ઉચાપતના ગુનામાં આરોપીના જામીન મંજુર

રાજકોટ,તા.૧: અત્રે એલટેક હાર્ડવેર નામની પેઢીમાં ઝીંકધાતુ કિલોગ્રામ ૫૮૩૬ ની રકમ રૂપિયા ૨૪,૮૦,૭૪૦/- ચોવીસ લાખ એંસી હજાર સાતસો ચાલીસ રૂપિયા ની ઉચાપત કરવાનાં ગુન્હા માં સંડોવાયેલ આરોપીનો જામીન ઉપર છુટકારો કોર્ટે ફરમાવેલ છે.

આ કેસ ની હકીકત મુજબ આ કામનો આરોપી હેમંત મનસુખ સાગઠિયા રહે રાજકોટ ફરિયાદી જગદીશભાઈ ચતુરભાઈ લુણાગરીયા ની ભાગીદારી પેઢી ''એલટેક હાર્ડવેર'' માં ઝીંક મેટલનાં દરવાજાનાં હેન્ડલ બનાવી ગુજરાત તથા ગુજરાત રાજ્ય ની બહાર વેચવાનું કારખાનું ધરાવે છે, આ કારખાના માં આરોપી હેમંત મનસુખભાઈ સાગઠિયા છેલ્લા ઘણા વર્ષો થી પરમેનન્ટ નોકરિયાત તરીકે કામ કરે છે. આ પેઢી ના ભાગીદાર કમ ફરિયાદીએ પોતાના રજીસ્ટરનો હિસાબ કરતાં બહાર થી કાચા માલ તરીકે મંગાવેલ અને તૈયાર કરેલ હેન્ડલનાં માલ નો હિસાબ કરતાં આશરે ઝીંકધાતુ કિલોગ્રામ ૫૮૩૬ ની રકમ રૂપિયા ૨૪,૮૦,૭૪૦/- ચોવીસ લાખ એંસી હજાર સાતસો ચાલીસ રૂપિયાની ઘટ જણાઈ આવેલ આથી ફરિયાદી એ પોતાના કર્મચારી હેમંત મનસુખ સાગઠિયા ઉપર નજર રાખતા આરોપી હેમંત મનસુખ સાગઠિયા ફરિયાદી તથા અન્ય ભાગીદારોની જાણ બહાર ઝીંકધાતુ કિલોગ્રામ ૫૮૩૬ની રકમ રૂપિયા ૨૪,૮૦,૭૪૦/- ચોવીસ લાખ એંસી હજાર સાતસો ચાલીસ રૂપિયા નો કાચો માલ કારખાના ની બાજુમાં આવેલ શિવ મેટલ નામ ની ધાતુ ઓગાળવાની ભઠ્ઠી માં આપતો હોવાનું જોવા મળેલ, આથી ફરિયાદીએ શિવ મેટલ નામની ધાતુ ઓગળવાની ભઠ્ઠીએ જઈ તપાસ કરતા તેમની માલિકીનો ઝીંક ધાતુનો કાચો માલ હોવાનું જાણવા મળેલ.

આ માલ તેમની ફેક્ટરી માં કામ કરતાં કર્મચારી હેમંત મનસુખ સાગઠિયા આપી ગયેલ હોવાનું જાણવા મળેલ, જે બાબત ની પૂછ પરછ ફરિયાદીએ આરોપીને કરતાં તેને પોતાનો ગુન્હો સ્વીકારી ફરિયાદી ને થયેલ નુકશાની ની રકમ રૂપિયા ૨૪,૮૦,૭૪૦/- ચોવીસ લાખ એંસી હજાર સાતસો ચાલીસ રૂપિયા પરત આપવાનું જણાવેલ ત્યારબાદ આ કામના આરોપીએ ફરિયાદી નાં કારખાના માં થી ઉચાપત કરેલ ઝીંક ધાતુ નાં કાચા માલ ને ફરિયાદી ની જાણ બહાર બારોબાર વેચી દઈ રકમ રૂપિયા ૨૪,૮૦,૭૪૦/- ચોવીસ લાખ એંસી હજાર સાતસો ચાલીસ રૂપિયા પરત નહીં આપીને ઉચાપત કરેલ હતી.

આ અંગેની ફરિયાદ આ કામના ફરિયાદીએ થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં થોરાળા પોલીસ એ આ કામનાં આરોપી હેમંત મનસુખ સાગઠિયાની ધરપકડ કરી કોર્ટ માં રજૂ કરતાં નામદાર કોર્ટ એ તેને જ્યુડિશલ કસ્ટડીમાં લઈ જેલ હવાલે કરવાનો હુકમ કરેલ, જેથી આ કામના અરજદાર આરોપીની જામીન અરજી તેમના વકીલ મારફત સેશન્સ કોર્ટ રાજકોટ સમક્ષ કરતાં સેશન્સ કોર્ટ, રાજકોટ એ અરજદારમાં વકીલ શ્રી અશ્વિન મહાલિયાની સચોટ અને દલીલો ધ્યાને લઈ આરોપી ને જામીન મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ છે, આ કેસ માં અરજદાર/આરોપી વતી રાજકોટ નાં એડવોકેટ શ્રી અશ્વિન મહાલિયા, દિવ્યેશ આર. મહેતા, કિરીટસિંહ જે. જાડેજા, પરેશ એન. વરિયા, રેખાબેન તુવાર રોકાયેલ હતા.(૪૦.૧૩)

કાર ભાડે લઇ બારોબાર વેચી નાખવા અંગે આરોપી જામીન પર

રાજકોટ,તા.૧: રાજકોટ તા. ૨૩/૦૭/૨૦૨૪ ના રોજ રાજકોટ ડીસ્ટ્રીક્ટ કોર્ટ દ્વારા રાજકોટ તાલુકા પોસ્ટે. માં સેલ્ફ ડ્રાઈવના નામે અનેક મોંઘી લક્ઝરી કાર ભાડે લઈને બારોબાર વેચાણ આપવા બાબત છેતરપીંડી તેમજ વિશ્વાસઘાતના ગંભીર ગુન્હા કામે થયેલ એફ.આઈ.આર સામે આરોપી કાનજી કોટડીયા દ્વારા ચાર્જશીટ બાદ રેગ્યુલર જામીન અરજી કરતા સદરહુ જામીન અરજ મંજુર કરેલ છે.



રોહિત રૈયાણી
એડવોકેટ

આ કેસની હકીકત એવી છેકે, રાજકોટ ખાતે ફરીયાદી તથા અન્ય સાહેદો દ્વારા રાજકોટ તાલુકા પોસ્ટે ખાતે આરોપી કાનજી કોટડીયા સામે લક્ઝરી કાર ભાડેથી લઈ ને થોડા સમય ભાડુ આપી અને ત્યાર બાદ ભાડુ ચુકવેલ નહોય તેમજ આ તમામ મોંઘી કાર અન્ય ઈસમો ને બારોબાર વેચાણ કરવા બાબતની ફરીયાદ આઈ.પી.સી કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ થી નોંધાવેલ હતી જે કામે પોલીસ દ્વારા આરોપીઓ સામે ચાર્જશીટ નામદાર ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ હતુ. આ ફરીયાદ કામે આરોપી કાનજી કોટડીયા દ્વારા ડીસ્ટ્રીક્ટ કોર્ટ રાજકોટ સમક્ષ આફટર ચાર્જશીટ રેગ્યુલર જામીન અરજી દાખલ કરતા આરોપી તર્ફે એડવોકેટ રક્ષિત પી. રૈયાણી નાઓ એ દલીલો તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન અંગે પ્રસ્થાપીત સિધ્ધાંત રજુ રાખી તેમજ હાઈકોર્ટના ચુકાદા રજુ કરતા ડીસ્ટ્રીક્ટ કોર્ટ દ્વારા આરોપી ના રેગ્યુલર જામીન મંજુર કરતો હુકમ કરેલ છે.

આ કામે આરોપી કાનજીભાઈ કોટડીયા તર્ફે વકીલ શ્રી રક્ષિત પી. રૈયાણી એન્ડ એસોસીએટ ના એડવોકેટ રક્ષિત રૈયાણી, વિજય જોશી તથા એસોસીએટ ઉત્સવ દોમડીયા,ધ્યેય વાછાણી વિગેરે રોકાયેલ છે.(૪૦.૧૪)

જાહેર નોટીસ

આથી તમામને જાણ કરવામાં આવે છે કે રાજકોટ મ્યુ. કોર્પોરેશનની હદમાં આવેલ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૨૦૩** પૈકીની બીનખેડવાણ જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૧૦૮ ની જમીન ચો.મી.૧૬૭-૧૭ શ્રીમતી વિજયાગૌરી ભરતકુમાર પટેલ ઉર્ફે શ્રીમતી કાંતાગૌરી ભરતભાઈ ખુંટ** ના સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલીકીની આવેલ છે તથા **પ્લોટ નં.૧૦૯ ની જમીન ચો.મી. ૧૬૭-૧૭ શ્રી ભરતકુમાર રાઘવજીભાઈ પટેલ** (ખુંટ) ના સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલીકીની આવેલ છે. સદરહું ઉપરોક્ત બંને પ્લોટની જમીનો અમારા અસીલ તેના ઉપર દર્શાવેલ જે તે જમીન માલીક પાસેથી ખરીદ કરવા માંગે છે. તેથી સદરહું જમીન પરત્વે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો કે દરદાવો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૧૦ (દસ)** માં અમોને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરાર આવશે નહી તો સદરહું જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો કે દરદાવો નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદરહું જમીન ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈના વાંધા-તકરાર આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની તમામએ નોંધ લેવી.

રાજકોટ તા. ૦૧/૦૩/૨૦૨૫

રાકેશ વી. ગોસ્વામી – સંદિપ વી. ગોસ્વામી
એડવોકેટસ
૨૦૫-૨૦૭, મણી કોમ્પલેક્ષ, હોટલ ઈમ્પીરીઅલ પેલેસની સામે, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના **ઈશ્વરીયા** ગામનારે.સ.નં.૨૩ની રહેણાંકનાં હેતુ માટે બીન ખેડવાણ જમીન કે જે **''સિલ્વર વિલા''** તરીકે ઓળખાતા વિસ્તાર માહેનાં પ્લોટસ પૈકી પ્લોટ નં. ૭૧ની જમીન ચો.મી.આ. ૮૭-૯૦ તથા પ્લોટ નં.૭૨ની જમીન ચો.મી.આ.૭૫-૦૦ એમ કુલ જમીન ચો. મી. આ. ૧૬૨-૯૦ **શ્રી મનોજ અમૃતભાઈ ચાંઉ**ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

સદરહું પ્લોટસની જમીન મારા અસીલે સદરહું પ્લોટનાં માલીક પાસેથી ખરીદ કરવાનું નકિક કરેલ છે તો ઉપરોકત પ્લોટસનાં વેચાણ સબંધે કે સદરહું પ્લોટસની માલીકી કબજા, ટાઈટલ વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગ ભાગ હક, હિત, હિસ્સો, બક્ષીસ ગીરો, દરદાવો વારસાઈ હકક કે અન્ય કોઈ પણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે **દિવસ ૧૦(દસ)** માં અમોને નીચેનાં સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી.જો સમય મર્યાદામાં કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહીં તો સદરહું જમીનમાં કોઈનો કોઈ પણ પ્રકારનો લાગભાગ, હકક,હીત કે હીસ્સો નથી તેમ સમજી મારા અસીલ આગળના વ્યવહાર કરશે ત્યારબાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ,જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા.૦૧-૦૩-૨૦૨૫

મુરલીધર એડ

નરેશ જી. ડાંગર એડવોકેટ મો.૯૭૨૩૪ ૫૮૦૪૪
૫૪૨, જાસલ કોમ્પલેક્ષ, નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ

જાહેર નોટીસ કમ ચેતવણી

રાજકોટ જીલ્લાના ગોંડલના રહિશ **ધીરૂભાઈ નરશીભાઈ જીંજરીયા** તરફથી આથી જાહેર જનતાને જાણ કરીએ છીએ અને ચેતવણી આપીએ છીએ કે,

કોકિલાબેન દિપકભાઈ સાકરીયા જેઓ મારા દિકરી થાય છે અને તેઓ અમારા કહ્યામાં નથી, કયાં ચાલ્યા ગયા છે, તેઓની અમોને ખબર નથી. અમારી સાથે તેઓનો કોઈપણ પ્રકારનો વ્યવહાર નથી. તેમજ કોકિલાબેન પરણીત હોય જેથી મારી કોઈપણ પ્રકારની સ્થાવર - જંગમ મિલ્કતમાં હક્ક, હિસ્સો અને હિત નથી. તેમજ કોકિલાબેન કોઈપણ પ્રકારના આર્થીક અને સામાજીક વ્યવહારો કરે તો તે અંગેની મારી કે મારા કુટુંબના કોઈપણ સભ્યોની જવાબદારી નથી. ઉપરોકત હકિકતની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૦૧/૦૩/૨૦૨૫
અમારા મારફત :
અલ્પેશ એસ. જીંજરીયા
એડવોકેટ - ગોંડલ
(તે અમારા અસીલ ધીરૂભાઈ નરસીભાઈ જીંજરીયાની સુચના અનુસાર તથા તેમના એડવોકેટ દરજ્જે)



કોકિલાબેન દિપકભાઈ સાકરીયા

અલ્પેશ એસ. જીંજરીયા - એડવોકેટ
રેલ્વે સ્ટેશન પાછળ, રામનાથ નગર, ગોંડલ. મો. ૯૮૯૮૪ ૧૬૬૧૬

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ રાજકોટના સબ-ડીસ્ટ્રીક્ટ રાજકોટ, રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ **વાવડીના રેવન્યુ સર્વે નં. ૨ પૈકી ૧ પૈકી ૧** ના બીનખેડવાણ અને રહેણાકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા **''મયુર પાર્ક-૨'' (જુનુ ''ગ્રીન એવન્યુ પાર્ક-૧'')** તરીકે ઓળખાતા પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૯૬** ની જમીન **ચો.મી.આ. ૮૮-૦૦ જેના ચો.વા.આ. ૧૦૫-૨૫** ઉપર આવેલ ઉભા ઈમલા સહિતની મિલ્કત જે **શ્રી ભરતભાઈ ગોબરભાઈ સોજીત્રા**ની સ્વતંત્ર માલીકી અને સંપુર્ણ કબજા ભોગવટાની આવેલ હોય તેથી સદરહું મિલ્કતના વેચાણ, વ્યય, વ્યવહાર, વ્યવસ્થા વિગેરે કરવાનો તેમણે સંપુર્ણ હકક, સતા અને અધિકાર છે. તેથી સંપુર્ણ રીતે બોજા રહિત તેમજ કોઈપણ પ્રકારના લીટીગેશન રહિત અન્ય કોઈના માલીકી હકક રહિત તેમજ હાલની રેવન્યું ઓથોરીટીની તમામ જોગવાઓનું પાલન કરવાની શરતે સદરહું મિલ્કત ઉપરોકત માલીક પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સદરહું ઉપરોક્ત મિલ્કતની માલીકી બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લેણું, કરજ, બોજો અને ભરણ પોષણ કે લીયનનો કે કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિવસ ૮ (આઠ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચે લખેલ સરનામે જાણ કરવી મુદત વિત્યે અમારા અસીલ સદરહું મિલ્કત પરત્વેના વેચાણ વહેવારો પુર્ણ કરી મિલ્કતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદના કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલને હકક હિત હિસ્સાને બંધન કર્તા રહેશે નહી. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તારીખ : ૦૧/૦૩/૨૦૨૫

સી. એમ. પટેલ એડવોકેટ & નોટરી મો. ૯૯૦૯૦ ૨૦૪૧૨
હેરીટેજ કોમ્પલેક્ષ, બાલાજી હોલ પાસે, ૫૦ ફુટ મેઈન રોડ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

જાહેર નોટીશ

આથી લાગતા વળગતાઓ સર્વેને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

રાજકોટ જીલ્લા ના ગોંડલ તાલુકા ના ગામ ગરનાળા ની સીમની જમીન રેવન્યુ સર્વે નં. ૨૫૮ પૈકી ૬/ પૈકી ૧ નામે ધારવાડી હેકટર ૧ આરે ૨૧-૪૦ ચો.મી. તથા સર્વે નં. ૨૫૮ પૈકી ૬/ પૈકી ૧/પૈકી ૧ નામે ધારવાડી હેકટર ૧ આરે ૨૧-૪૧ ચો.મી. ની મળી કુલ હેકટર ૨ આરે ૪૨-૮૧ ચો.મી.ની શ્રી હિતેષભાઈ મોહનભાઈ રૈયાણી ની સ્વતંત્ર ખાતા માલીકી કબજા ભોગવટાની ગામનો નમુનો નં. ૮/અ ના ખાતા નં. ૭૭૩ થી આવેલ છે તે સદરહું ખેતીની જમીન તેમની પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ, ઉપરોકત ખેડવાણ જમીન પરત્વે કે તેના માલીકી હકક સબંધે કે તેના ઉતરોતર ટાઈટલ ડીડઝ પરત્વે કે અન્ય કોઈપણ બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, દરદાવો કે અગ્રહકક કે ખોરાકી પોષાકી કે અન્ય કોઈપણ લેણું, કરજ, બોજો કે કોઈ જાતનો વાંધો તકરાર હોયતો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દશ) ની અંદર અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સહીત જાણ કરવી, મુદત વિત્યે કોઈનો વાંધો તકરાર નથી અને હોયતો વેવ (WAIVE) જતો કરેલ છે તેમ સમજી અમારા અસીલ વેચાણ અંગે નો પાકો દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે અને ત્યારબાદ કોઈનો વાંધો તકરાર અમારા અસીલને શુધ્ધબુધ્ધિ ના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. તેની લાગતા વળગતા સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

ગોંડલ., તા. ૧-૩-૨૦૨૫
મો. ૯૬૨૪૪ ૯૯૮૮૮
અમારા મારફત

(કલ્પેશ. એન. છાટબાર)

પિયુષ. એન. છાટબાર એડવોકેટ,
કલ્પેશ. એન. છાટબાર, એડવોકેટસ,
ઓ. તાલુકા સ્કુલ સામે, ગોંડલ. ફોન (૦૨૮૨૫) ૨૨૦૨૪૯

જાહેર નોટીસ કમ ચેતવણી

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, મારા અસીલે રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના ઘોઘાવદર ગામના ખેડ ખાતા નં.૧૩૮૧ વાળી નીચેના પરિશિષ્ટમાં બતાવેલ ખેતીની જમીનના માલીક પાસેથી ખરીદ કરવા નકકી કરેલ છે. સદરહું ખેતીની જમીન વેંચાણ વ્યવહાર સંબંધે કોઈને કોઈનો માલીકી હકક, કબજા, ટાઈટલ, ગાડા મારગ કે અન્ય કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, બોજો, તથા અન્ય કોઈનો કબજો, ભોગવટો, માલીકી હકક હોય તેમણે આજ થી ૮ (આઠ) દિવસમાં આધાર પુરાવા સાથે નીચેના સરનામે અમોને લેખીત જાણ કરવી જેમા કસુર થયે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી. અને હશે તો તે જતો (WAIVE) કરેલ છે. કે અગ્રહકક રહેલો નથી તેમ માની મારા અસીલ સદરહું મીલકત ટાઈટલ કિલીયર ગણી અવેજ ચુકવી મારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદના વાંધા, ખરીદનાર દરજજે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી.

-: પરિશિષ્ટ :-

ગામ	રે.સર્વે નં.	હે.આરે.ચો.મી.	જમીનના માલીકનું નામ
ઘરાળા	૧૦૦ પૈકી ૨	૦-૮૦-૯૪	તૃપ્તિબેન હસમુખભાઈ ખુંટ

ઘોઘાવદર, તારીખ : ૧-૩-૨૦૨૫

રમેશ પી. લુણાગરીયા એડવોકેટ
આશિષ એલ. લુણાગરીયા **મેહુલ એમ. સખીયા**
ડો. રાદડિયા હોસ્પિટલ નીચે, જુની કોર્ટની બાજુમાં, ગોંડલ. મો. ૯૪૨૬૨ ૨૭૫૭૯

રાજકોટ શહેરના સીટી સર્વે વોર્ડ નં.૧૫ ના સીટી સર્વે નં.૩૫૪૩ ઉપર આવેલ 'ક્રિષ્ના પેલેસ એપાર્ટમેન્ટ' મા સાતમા મજલે આવેલ ફલેટ નં.૭૦૨ કે જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.૧૧૩-૮૦ અંગે.

જાહેર નોટીસ

રાજકોટ શહેરના સીટી સર્વે વોર્ડ નં. ૧૫ ના સીટી સર્વે નં. ૩૫૪૩ ઉપર આવેલ 'ક્રિષ્ના પેલેસ એપાર્ટમેન્ટ' મા સાતમા મજલે આવેલ ફલેટ નં.૭૦૨ કે જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.૧૧૩-૮૦ શ્રીમતિ શશીબેન અશોકભાઈ દત્તાણી ઠે.૭૦૨ 'ક્રિષ્ના પેલેસ એપાર્ટમેન્ટ' અમીન માર્ગ, રાજકોટની કબજા, ભોગવટા અને માલિકીની આવેલ છે.

ઉપરોકત મિલકત અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

ઉપરોક્ત મિલકત પરત્વે કે તેના માલિકી હકક બાબતે અથવા તેના ટાઈટલ ડીડ ઉપર કોઈનો હકક, હિત, હિસ્સો, સબંધ કે દરદાવો કે કોઈ જાતના વાંધા તકરાર અથવા ચાર્જ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિવસ-૧૦ (દસ) માં લેખીત આધાર પુરાવા સહિત અમોને જાણ કરવી. મુદત વિત્યા બાદ કોઈનો કોઈ પ્રકારનો હકક નથી તથા હોય તો જતો (વેઈવ) કરેલ છે તેમ સમજી અમારા અસીલ વ્યવહાર કરશે. ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

રાજકોટ તા.૦૧/૦૩/૨૦૨૫

જી. પી. મહેતા એસોસીએટ્સ
એચ. જી. મહેતા – એડવોકેટ
નિલેશ જે. મુલીયા, તેજસ એચ. વજરીયા, એડવોકેટસ
૩૦૧ અમૃત કો. સેન્ટર, સરદારનગર મેઈન રોડ, રાજકોટ. મો. ૯૪૨૭૨ ૭૦૦૦૦

જાહેર નોટીસ

રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવેલ રૈયા ગામનાં રે.સ.નં.૨૦૮ પૈકીની રહેણાકનાં તેનુ માટે બીન ખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનનાં પ્લોટસ પૈકી પ્લાંટ નં. ૧૭ પૈકીની જમીન ચો.વા.આ.૩૧૩-૦૯ બરાબર ચો.મી.આ.૨૬૧-૭૮ **શ્રી મનોજ ગુણવંતરાય ઓઝા**ની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાનાં આવેલ છે.

સદરહું પ્લોટસની જમીન મારા અસીલે સદરહું જમીનનાં માલીક પાસેથી ખરીદ કરવા માંગે છે તો ઉપરોકત જમીનનાં વેચાણ સબંધે કે સદરહું જમીનની માલીકી કબજા ટાઈટલ વેચાણ પરત્વે કોઈને કોઈ પણ પ્રકારનો લાગ ભાગ હક, હિત, હિસ્સો બક્ષીસ ગીરો,દરદાવો વારસાઈ હકક કે અન્ય કોઈ પણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે **દિવસ-૮(આઠ)**માં અમોને નીચેનાં સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી.જો સમય મર્યાદામાં કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહું જમીનમાં કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ ભાગ, હક, હીત કે હીસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે અને સદરહું જમીનવાળી મિલ્કત ટાઈટલ કલીયર છે તેમ સમજીને ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે.જેની આથી દરેક લાગતાં વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા.૧-૩-૨૦૨૫

મુરલીધર એડ

કેતન વી. મંડ એડવોકેટ એન્ડ નોટરી એસોસીએટસ મો.૯૮૨૪૮ ૮૫૩૪૬
ભરત હુંબલ, મનવીર ડાંગર, દિપક લાડવા, કમલેશ કોઠીવાર, અશોક ભીમાણી, સંજય માવલા - એડવોકેટસ
નક્ષત્ર-૨, ૨૧૧-૨૧૨, કે.કે.વી. હોલ ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ

જાહેર નોટીસ

રાજકોટ શહેરમાં કોઠારીયા મેઈન રોડ ઉપર મેહુલનગરના નામથી ઓળખાતા વિસ્તારમાં રાજકોટના રેવન્યુ સર્વે નંબર ૨૬૨ પૈકીના (સીટી સર્વે વોર્ડ નં.૧૧, શીટ નં.૨૮૧, સીટી સર્વે નં.૨૧૩૬ પૈકી ટી.પી.સ્કીમ નં.૬, ઓ.પી. નં.૨૪, એફ.પી.નં.૮૨ પૈકી)બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૭ પૈકીની જમીન ચો.વા.આ.૧૪૮-૧-૦ બરાબર ચો.મી.આ.૧૨૩-૭૪ ઉપર આવેલ ઉભા ઈમલા ઈમારતવાળા મકાન સહિતની સમગ્ર મિલ્કત અંગે.

સદરહુ મીલ્કતના હાલના માલીક અને કબજેદાર નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ પુજારા છે. તેમણે ઉપર દર્શાવેલ મિલ્કત રાજકોટની સબ-રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ રજી. અનુ. નં. ૩૭૩૬, તા.૧૮/૦૮/૨૦૦૦ (૧ નંબરની બુકના નં.૬૫૧૦, તા.૦૩/૧૧/૨૦૦૪) ના રોજના વેચાણ દસ્તાવેજથી લાધાભાઈ ગંગદાસભાઈ વઘાસીયા પાસેથી ખરીદ કરેલ છે. તે રીતે સદરહુ મીલ્કત નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ પુજારાની માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

સદરહું મિલ્કત ઉપર હાલ HDB બેંકની લોન ચાલુ છે. તે લોન ભરપાઈ કરી આપવાની શરતે મિલ્કતના માલિક પાસેથી મારા અસીલ મનિષકુમાર નવિનચંદ્ર સોઢા એ સદરહુ મિલ્કત ખાલી, શાંત, નિર્ભય, નિર્મળ, બીનતકરારી કબજો સોંપવાની શરતે ખરીદ કરવાનું નકકી કરેલ છે. તેથી સદરહુ મીલ્કત સંબંધે, માલીકી હકક સંબંધે, ટાઈટલ ડીડઝ સંબંધે, કબજા હકક સંબંધે કોઈનું કોઈપણ પ્રકારનું લેણું, કરજ, ગીરો, બોજો, લાગભાગ, હકક, હિત, હિસ્સો, ભરણપોષણનો હકક, વારસાઈ હકક સંબંધે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ (દસ) માં નીચે દર્શાવેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી. મુદત દરમ્યાન જો કોઈનાં કોઈપણ પ્રકારનાં વાંધા તકરાર નહિં આવે તો અગર તો હોય તો પણ સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવવા અંગેની કાયદેસરની કાર્યવાહી પુર્ણ કરશે. મુદત વિત્યા બાદના કોઈનાં કોઈપણ પ્રકારનાં વાંધા-તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં. જેની આથી લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ તા.૦૧/૦૩/૨૦૨૫

યશ રૂપેશ અનડકટ - એડવોકેટ
રૂપેશ એન. અનડકટ-(એડવોકેટ એન્ડ નોટરી)
સચિન એન. અનડકટ-(સ્ટેમ્પ વેન્ડર)
ટે.૫૦૨, શ્યામ પ્રભુ-૧, ૧૩-પંચનાથ પ્લોટ કોર્નર, હરિહર ચોક, રાજકોટ. ફોન નં.૨૪૫૫૦૬૦

જાહેર નોટીસ

આથી તમામને જાણ કરવામાં આવે છે કે લોધીકા તાલુકાના ગામ હરીપર (પાળ) ના રેવન્યુ સર્વે નં.૫૬/૧-૬ ની ""અવધ પ્રીમાઈસીસ"" ના નામથી ઓળખાતી બીનખેડવાણ જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૧૬ ની જમીન ચો.મી. આ.૭૮૨-૮૦ બરાબર ચો.વા.આ.૯૩૬-૨૦ શ્રી જગદીશભાઈ વિઠ્ઠલદાસ મશરૂ ના સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલીકીની આવેલ છે. સદરહું જમીન અમારા અસીલ તેઓ પાસેથી ખરીદ કરવા માંગે છે. તેથી સદરહું જમીન પરત્વે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સોકે દરદાવો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ (દસ) માં અમોને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરાર આવશે નહી તો સદરહું જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો કે દરદાવો નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદરહું જમીન ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈના વાંધા-તકરાર આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની તમામએ નોંધ લેવી.

રાજકોટ તા. ૦૧/૦૩/૨૦૨૫

રાકેશ વી. ગોસ્વામી – સંદિપ વી. ગોસ્વામી
એડવોકેટસ
૨૦૫-૨૦૭, મણી કોમ્પલેક્ષ, હોટલ ઈમ્પીરીઅલ પેલેસની સામે, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ.

લાતી પ્લોટ, સીટી સર્વે નં.૨૫૧૯ પૈકીના સબ પ્લોટ નં.૨ થી ૬ ની જમીન અંગે

જાહેર નોટીસ

આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનની હદમાં આવેલ રાજકોટ શહેરના લાતી પ્લોટ તરીકે ઓળખાતા વિસ્તાર જેના **સીટી સર્વે વોર્ડ નં.૧૩/૨, સીટી સર્વે નં.૨૫૧૯** પૈકીના સબ **પ્લોટ નં. ૧ થી ૭** ની જમીન **ચો.મી.આ.૪૮૬-૬૦** વાળી મિલ્કત **શ્રી મનોરમાબેન નગીનદાસ દેસાઈ**ની સ્વતંત્ર માલીકી અને કબ્જા ભોગવટાની આવેલ છે. સદરહું મિલ્કત પૈકીના સબ **પ્લોટ નં.૨ થી ૬** ની જમીન **ચો.મી.આ. ૪૦૦-૩૧ બરાબર ચો.વા.આ.૪૭૮-૮૧** તેઓની પાસેથી અમારા અસીલ પુર્ણ અવેજ ચુકવી ખાલી કબ્જે ખરીદ કરવા માંગે છે.જેથી સદરહું મિલ્કત ઉપર કોઈનું કોઈ પણ પ્રકારનું લેણું, કરજ, બોજો, જામીનગીરી કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક,દાવો હોય કે આ મિલ્કતના વેંચાણ અંગે કોઈ વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થતાં **દિવસ-૮ (આઠ)** માં નીચે જણાવ્યા પ્રમાણેના સરનામે આધાર પુરાવા રજુ કરવા અથવા તો દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા.આ સમયમાં જો કોઈ વાંધા નહી આવે તો આ મિલ્કત તમામ પ્રકારના બોજા મુકત ગણવામાં આવશે તથા આ મિલ્કત પરત્વે કોઈનો પણ લાગભાગ હોય તો પણ તે લાગભાગ જતો (WAIVE) કરેલ છે.તેમ ગણવામાં આવશે.મુદત વિત્યા બાદ કોઈનો પણ વાંધો માન્ય ગણવામાં આવશે નહી.

રાજકોટ, તા. ૦૧/૦૩/૨૦૨૫

અનિલ જી. કાકડીયા (એડવોકેટ) મો.૯૮૭૯૧ ૨૫૨૦૦
૨૦૧-શ્રી રામ કોમ્પ., ડો. રંગાણી હોસ્પીટલ પાસે,
ન્યુ આશ્રમ રોડ, પેડક રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૩.

ધંટેશ્વરના રેવન્યુ સર્વે નં.૧૧૦ પૈકી ૧ ની ખેડવાણ જમીન એકર ૫-૦૪ ગુઠા અંગે.

જાહેર નોટીસ

ગુજરાત રાજયના, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના, સબ ડીસ્ટ્રીકટ રાજકોટનાં, રાજકોટ તાલુકાના ગામ ધંટેશ્વરના રેવન્યુ સર્વે નં. ૧૧૦ પૈકી ૧ ની ખેડવાણ જમીન કે જે "ધણકેડા" તરીકે ઓળખાય છે. તે ખેડવાણ જમીન હે.આરે. ચો.મી.૨-૦૬-૩૯ બરાબર એકર ૫-૦૪ ગુંઠા શ્રીમાન ઘુસાભાઈ ઘેલાભાઈની સ્વતંત્ર, માલીકી અને કબજા, ભોગવટાની આવેલ છે. સદરહું ખેડવાણ જમીન અમારા અસીલ ઉપરોકત ખેડવાણ જમીનના માલિક પાસેથી ખરીદ કરવા માંગે છે. તેથી સદરહું ખેડવાણ જમીન પરત્વે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો બક્ષીસ,ગીરો, વારસાઈ, દરદાવો કે અન્ય કોઈપણ રીતે વાંધા તકરાર હોય, તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૧૦ (દશ) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈના વાંધા-તકરાર આવશે નહી, તો આ ખેડવાણ જમીન માં કોઈનો કોઈ પણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી.અને હોય તો તે જતા કરેલ છે.તેમ સમજી અમારા અસીલ સદરહું જમીન ખરીદ કરશે. ત્યાર બાદ જો કોઈના વાંધા-તકરાર આવશે, તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની તમામએ નોંધ લેવી.

અમારા મારફત રાજકોટ તા. ૦૧-૦૩-૨૦૨૫

રીતીષ આર. પટેલ - એડવોકેટ
આર.કે. પ્રાઈમ, ઓફીસ નં.૨૧૪, સેકન્ડ ફલોર, સીલ્વર હાઈટસની બાજુમાં,
નાનામવા સર્કલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. મો. ૯૭૧૪૨ ૦૨૫૩૦

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવાની કે, અમારા અસીલ પીઠાભાઈ જસાભાઈ તથા ગુ.ગોવિંદભાઈ જસાભાઈના વારસદારો સુમિત્રાબેન ગોવિંદભાઈ ચાવડા વિગેરે, રહે.ભુખી, તા.ધોરાજી, જી.રાજકોટ વાળાની સુચના અનુસાર અમો આ નોટીસથી જાહેર કરીએ છીએ કે,

અમારા અસીલે ચોટીલા તાલુકાના પીપરાળી ગામે રેવન્યુ સર્વે નં.૫૬/પૈકી ૧/પૈકી ૨)જેનો નવો સર્વે નં.૫૧૪) જેના હે.આરે.ચો.મી. ૧-૨૨-૦૭ વાળી જમીનના માલીક છે. અને તેઓએ આ જમીન ભરતભાઈ વાસ્કુરભાઈ ખાચર રહે.ચોટીલા વાળા પાસેથી અઘાટ વેંચાણના રજી.દ.નં.૩૩૯ તા.૦૪/૦૩/૨૦૧૪ થી વેંચાણ રાખેલ હતી. અને ભરતભાઈ વાસ્કુરભાઈ ખાચરે સર્વે નં.૫૬/પૈકી ૧ની જમીન હે.આરે.ચો.મી.૨-૪૨-૪૧ એકર ૬.૦૦ ગુંઠા વાળી ભુરાભાઈ ઉકાભાઈ કોળી રહે.પીપરાળી વાળા પાસેથી અઘાટ વેંચાણના રજી.દ.નં.૨૭૦ તા.૨૩/૦૩/૨૦૧૦ થી વેંચાણ રાખેલી. જેનો રજીસ્ટ્રેશન નં. ૧૩૧૭ તા.૦૫/૦૭/૨૦૧૧ થી નોંધાયેલ હતો. ઉપરોકત બંન્ને અસલ દસ્તાવેજો તથા તેની રજીસ્ટ્રેશન રીસીપ્ટ અમારા અસીલથી ખોવાઈ ગયેલ છે. અને ઘણુ ગોતવા છતા મળી આવેલ નથી.

આ અસલ દસ્તાવેજો ઉપરોકત અમારા અસીલે કયાંય લોનમાં કે અન્ય રીતે ગીરો મુકેલ હોય કે આ મિલ્કતમાં કોઈનો લાગ ભાગ કે કોઈ હકક હિસ્સો હોય તો તે અંગેની આ નોટીસ પ્રસિધ્ધ થયેથી ૭-દીવસમાં લેખીત જાણ ઉપરોકત સરનામે અમોને કરશો. જો ૭-દીવસમાં કોઈનો હકક હિસ્સા અંગે કોઈ લેખીત જાણ કરવામાં નહી આવે તો કોઈનો હકક હિસ્સો નથી તેમજ જો હોય તો તે જતો(વેવ) કરેલ છે. તેમ માની સર્ટીફાઈડ કોપીને અસલ માની આ જમીન વાળી મિલ્કતની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

આર. બી. શાહ
-એડવોકેટ એન્ડ નોટરી, ૯૮૨૫૨ ૯૨૧૯૫
તાલુકા પંચાયત સામે, ચોટીલા, ૩૬૩૫૨૦, જી. સુરેન્દ્રનગર

જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર કુરેશી સાહિલ યુસુફભાઈ, તે અયાન સાહિલભાઈ કુરેશીના પિતા દરજજે ઉ.વ.આ.૪૦, ધંધોઃ મજુરીકામ, રહે. પ્લોટ નં. ૨૮૩, કરમ, રાજીવનગર, શેરી નં. ૩, બજરંગવાડી સર્કલ પાસે, જામનગર રોડ, ભોમેશ્વર, રાજકોટ. આથી મારા ધર્મના સોગંદ ઉપર જાહેર કરુ છુ કે, મારા પુત્ર નામે અયાન સાહિલભાઈ કુરેશી છે. જેનો જન્મ તા.૦૮/૦૪/૨૦૧૨ ના રોજ આશકા મેટરનીટી હોમ અને સર્જીકલ હોસ્પીટલ,જયશ્રી કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, રૈયા ચોકડી પાસે, રાજકોટ થયેલ હતો. અને હોસ્પીટલ દ્વારા તેની જન્મની વિગત તેમના ચોપડે નોંધેલ છે કાયદાકીય અજ્ઞાનતા તથા શરત ચુકના કારણે મારા પુત્ર અયાન સાહિલભાઈ કુરેશીના જન્મ અંગેની નોંધ કોઈ સરકાર રેકર્ડમાં આજદિન સુધી કરવામાં આવેલ નથી આથી અમોએ જન્મ મરણ નોંધણી અધિનીયમ ૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે અમોએ તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ પ્રાંત અધિકારી અને સબ-ડીવીજન મેજીસ્ટ્રેટથી રાજકોટ શહેર જુની કલેકટર કચેરી કંમ્પાઉન્ડ રાજકોટ સમક્ષ અરજી નં. . ૪૦/૨૦૨૫ થી દાદ મેળવવા અમારા એડવોકેટ હિતેષ ધીરજલાલ મકવાણા મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ નોંધ સબબ કોઈપણ ઈસમોને તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦ માં લેખીત આધાર પુરાવા સાથે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ શ્રી રાજકોટ શહેર-૧ જુની કલેકટર કચેરી કંમ્પાઉન્ડ રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળઃ રાજકોટ તા. ૨૮-૦૨-૨૦૨૫

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ચોથા એડીશ્નલ સીવીલ જજ શ્રી એ.એસ. ખંડેલવાલ સાહેબની કોર્ટમાં દિ.પ. અ.નં.૪૦૯/૨૦૨૫ થી અરજદાર કલાવતી રાજેન્દ્ર સેજપાલ એ અરજદાર દરજ્જે ગુજ. ગુજ. રાજેન્દ્ર અમૃતલાલ સેજપાલ ની સ્વતંત્ર તથા સંયુકત માલિકી ની સ્થાવર મિલ્કતોનું દિ.પ.અ. નં.૧૧૩/૨૦૨૨ ના કામે આંક-૨૩ થી તા. ૩૦/૦૪/૨૦૨૨ (ફેસલ તા.૨૭/૦૪/૨૦૨૨) ના રોજ મેળવેલ હેરશીપ સર્ટીફીકેટના પાના નં.૫ ઉપર જણાવેલ મિલ્કત નંબર (૨) ના પાના નં.૬ ઉપર દર્શાવેલ વર્ણનમાં બીજી લીટીમાં 345-51 sq. mtrs." લખાયેલ છે તેને બદલે "335-56-68 sq. mtrs." લખી આપવા અને તે મુજબ ઉપરોકત હેરશીપ સર્ટીફીકેટમાં સુધારો કરી આપવા તેમના **વકીલ શ્રી હિતેષ આઈ. ચૌહાણ તથા શ્રી સતિષ જે. ત્રિવેદી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સુધારા સબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમણે **મુદત તા.૦૭/૦૪/૨૦૨૫** ના રોજ સવારે ૧૧ વાગ્યે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે. તેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તા.૨૮ માંહે ૨ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (એચ.એમ.રામાણી) આસીસ્ટન્ટ | (કોર્ટનો સિકકો) | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ કોર્ટ રાજકોટ.

જાહેર નોટીસ

આથી જાહેર જનતા કે લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે રાજકોટ જીલ્લાનાં રાજકોટ તાલુકાના મોજે હડમતીયા (ગોલીડા) ગામના રેવન્યું સર્વે નં.૧૪૩ની જુની શરતની 'ધણ કેડી સાંઢક' ના નામે ઓળખાતી જરાયત ખેડવાણ જમીન હે.આ.ચો.મી.૨-૦૪-૩૭ આવેલ છે. જે અમો વેચનાર માલીક શ્રી ભરતભાઈ રત્નાભાઈ કાપડીયા ના સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. જે મોજે હડમતીયા (ગોલીડા) ગામના રેવન્યુ રેકર્ડ ૮-અ ના ખાતા નં.૨૩ થી તથા હકકપત્રક-૬ ના નોંધ નં.૨૦૩૪ થી અમો વેચનાર ભરતભાઈ રત્નાભાઈ કાપડીયાના નામે આવેલ છે. તેમજ આ સદરહું ખેડવાણ જમીન હે.આ.ચોમી.૨-૦૪-૩૭ જે અમો વેચનારના માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. જે રીતે આ 'ધણ કેડી સાંઢક' ના નામે ઓળખાતી ખેડવાણ જમીન હે.આ.ચોમી.૨-૦૪-૩૭ જે હાલ ઉપરના દર્શાવેલ માલીક પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

તેથી આ સદરહુ ખેડવાણ જમીનના માલીકી, કબજા, ભોગવટા, સાટાખત અંગે અન્ય કોઈપણ વ્યકિતનો હકક,હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, ભરણપોષણ, અગ્રહકક, વારસાઈ હકક કે કોઈપણ સહકારી કે સરકારી બેંકનું કે કોઈ મંડળીનું લેણું, કરજ, બોજો, વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ માં નીચે મુજબ અમારી ઓફીસે લેખિત આધાર પુરાવા સાથે રજુઆત કરવી અન્યથા મુદત વિત્યે અન્ય કોઈપણ વ્યકિતના વાંધા, તકરાર, લેણું, કરજ કે બોજો વિગેરે મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. તેમજ વાંધા કે તકરાર જતા કરેલ છે. તેમ સમજી મારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે ચુકતે અવેજની પુરેપુરી રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પુર્ણ કરાવી લેશે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

મુ. રાજકોટ. તા. ૧-૩-૨૦૨૫

અમારા મારફત
સી.વી.પટેલ (એડવોકેટ)
મિલન હોલ નીચે, અટીકા, નહેરુનગર, ૮૦ ફુટ રોડ, રાજકોટ. મો. ૯૯૧૩૭ ૪૩૨૬૨

shashi

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયનાં જામનગર જીલ્લાના ધ્રોલ તાલુકાના જાબીડા ગામમાં આવેલ જુની શરતની ખેતીની ખેડવાણ જમીન.

ક્રમ	નામ	રે.સ.નં.	હે.આરે.ચો.મી.
૧	શ્રી મયુરસિંહ જયેન્દ્રસિંહ જાડેજા	૫૨ (જુનો રે.સ.નં. ૩૧)	૨-૭૯-૬૨

ઉપરોકત ખાતેદારની માલીકીની અને કબજા ભોગવટાની જમીન અમોના અસીલ ખરીદ કરવા માંગે છે.

ઉપરોકત જમીન બાબતે કે તેના માલીકી હકક બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો, બોજો, દર-દાવો, લેણું, કરજ બોજો કે ગીરો કે ભરણપોષણનો હકક હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦(દસ) માં નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો આ સમય મર્યાદામા કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે હકક, હિસ્સો આવશે નહિ અને જો હોય તો સ્વેચ્છાએ જતો (WAIVE) કરલે છે. તેમ સમજી મારા અસીલ સદરહુ જમીન ખરીદવા અંગેની કાર્યવાહી કરશે અને સદરહું જમીન પરત્વેના વેચાણ વ્યવહાર પુર્ણ કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદના કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી. સ્થળઃ-પડધરી,

તા. ૧-૩-૨૦૨૫

પત્ર વ્યવહારનું સરનામુંઃ-
રવિન્દ્રસિંહ.એસ.જાડેજા
(એડવોકેટ એન્ડ નોટરી)
(૯૪૨૭૫ ૧૦૭૧૪)
જે.વિ.ઝાલા (એડવોકેટ એન્ડ નોટરી) (૯૩૭૬૦ ૬૬૩૬૬)
હરદેવસિંહ ડી જાડેજા (એડવોકેટ)
(૯૦૧૬૨ ૧૪૦૦૭)

આર. એસ. જાડેજા
એડવોકેટ એન્ડ નોટરી

જાહેર નોટીસ

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવેલ નાનામવાના રેવન્યુ સર્વે નં. ૬૭ પૈકી બીનખેડવાણ થયેલ જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૫** પૈકી ની જમીન **ચો.વા.આ. ૧૦૦-૦** બરાબર **ચો.મી.આ. ૮૩-૬૧** ઉપર આવેલ ઉભા ઈમલા સહિતનું મકાન છે. તે મકાન **અમો શ્રી રંજનબેન અરવિંદભાઈ રાજદેવએ** રજી. વેચાણ દસ્તાવેજ **અનુ. નં. ૫૨૪, તા. ૧૦/૦૨/૨૦૧૫** ના રોજ શ્રી ચંદ્રાવતીબેન વૃજલાલ ફાલાણી ના કુલમુખત્યાર દરજજે શ્રી અતુલકુમાર વૃજલાલ ફાલાણી પાસેથી સ્વતંત્ર રીતે ખરીદ કરેલ છે. તેમજ સદરહું મિલ્કતની અસલ ફાઈલ માંથી ઉતરોતર ટાઈટલ ડીડસ પૈકી અસલ વેચાણ દસ્તાવેજ **અનુ. નં. ૫૭૯૨, તા. ૨૭/૧૨/૧૯૮૫ તથા અસલ રજીસ્ટ્રેશન પહોંચ તથા અનુ. નં. ૪૧૫૧, તા. ૨૭/૦૫/૧૯૬૮ ની અસલ રજીસ્ટ્રેશન પહોંચ** ફાઈલમાં ઉપલબ્ધ ન હોય, સદરહું અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટ્રેશન પહોંચ અમો **શ્રી રંજનબેન અરવિંદભાઈ રાજદેવથી** અવળા હાથે કયાંક મુકાઈ ગયેલ છે અથવા તો શરત ચુકથી ગુમ થયેલ છે. જેની ઘણી શોધ-ખોળ કરવા છતા મળી આવેલ નથી. કે જેનો અમોએ કોઈ ગેરઉપયોગ કરેલ નથી કે અન્ય કોઈપણ જગ્યાએ ગીરો મુકેલ નથી. જેથી સદરહું મિલ્કતનો અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટ્રેશન પહોંચની માલીકી, કબજા, ભોગવટા કે વેચાણ પરત્વે કોઈ વ્યકિતને કે કોઈ ઈસમોને તથા કોઈપણ સરકારી કે બીનસરકારી સસ્થાં, બેંક, પેઢી, પ્રાઈવેટ પેઢી, મંડળી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દર-દાવો, વાંધો તકરાર, લીયન, ચાર્જ, ગીરો, બોજો, ટાઈટલ, અગ્રહકક કે કબજા બાબતે કે અન્ય કોઈપણ બાબતે કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૮** માં અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત વિત્યા બાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર કે હકક, હિત, હિસ્સો નથી અથવા હોયતો જતો (WAIVE) કરેલ છે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકારક રહેશે નહીં જેની આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે.

જેથી અમારા અસીલ સીવાય અન્ય કોઈ વ્યકિતનો કે ઈસમોનો તથા કોઈપણ સરકારી કે બીનસરકારી સસ્થાં, બેંક, પેઢી, પ્રાઈવેટ પેઢી, મંડળી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગભાગ નથી તેમ છતાં સદરહું દસ્તાવેજ સબંધે વહેવાર કરેલ હોય તો તે અમોને બંધનકર્તા નથી અને હવે પછી કોઈપણ પ્રકારનો વહેવાર કે વહીવટ કરશે તો તે તમામ વહેવાર ગેરકાયદેસર ગણી તેની સામે કાયદેસરની કાયદાકીય તથા કાયદેસરની કાર્યવાહી અમારા અસીલો કરશે. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા. ૦૧/૦૩/૨૦૨૫ (એડવોકેટ) તે અસીલની સુચનાથી

રજનીકાંત એસ. ગજેરા | લક્ષ્મી પી. આહિર
૨૦૬, પ્રથમ માળ, ટાઈમ્સ સ્કવેર, બાલાજી હોલ ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. મો. ૯૭૨૩૯ ૬૯૦૭૩

બિગ બાઝાર પાછળ ચંદ્રેશ પાર્કમાં રહેતાં સંતોષ ભેળવાળા વિમલ ટાંકનો ઝેરી દવા પી આપઘાત

આર્થિક સંકડામણ અને કલેશ કારણભુત હોવાની શક્યતાઃ ૩૦ વર્ષિય યુવાન બે બહેનનો એકનો એક ભાઇ હતોઃ માસુમ પુત્રીએ પિતાની છત્રછાંયા ગુમાવી

રાજકોટ તા. ૧: શહેરના દોઢસો ફુટ રીંગ રોડ પર બિગ બાઝાર પાછળ ચંદ્રેશ પાર્કમાં રહેતાં સંતોષ ભેળના નામે વેપાર કરતાં યુવાને ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. બિગ બાઝાર નજીક જ સંતોષ ભેળ નામે આ યુવાન દૂકાન ચલાવતો હતો. આર્થિક ભીંસ અને કલેશને કારણે પગલુ ભર્યાની શક્યતા જણાવાઇ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ચંદ્રેશ પાર્કમાં રહેતાં વિમલભાઇ છગનભાઇ ટાંક (ઉ.વ.૩૦) નામના યુવાને ગત ૨૭મીએ સવારે છએક વાગ્યે રૈયા ટેલિફોન એક્ષચેન્જ નજીક તુલસીબાગ પાસે ગોપાલ ચોકમાં ઝેરી દવા પી લઇ ફુવાને ફોન કર્યો હતો. તેમજ પોતે જ ૧૦૮ને ફોન કરતાં ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. બાદમાં તેના સગા પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. સારવાર દરમિયાન ગત સાંજે વિમલભાઇનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.



પ્રાથમિક વિગતો મુજબ વિમલભાઇના પિતા હયાત નથી. તેને સંતાનમાં એક દિકરી છે. પોતે માતા વાસંતીબેન અને પત્નિ સ્વાતિ સાથે રહેતો હતો. તેને દોઢસો ફુટ રીંગ રોડ પર બિગ બાઝાર નજીક સંતોષ ભેળ નામે દુકાન હતી. આર્થિક સંકડામણ અને કલેશને કારણે પગલુ ભર્યાની શક્યતા સગાએ જણાવી હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચ, ભાવેશભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ હુદડે યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં હેડકોન્સ. મુકેશભાઇ ચરમટાએ જરૂરી કાર્યવાહી કરી હતી.

ફુવાડવાના જામગઢના યુવા નપર ચાંચડીયાના તળાવ પાસે હુમલોઃ રાજકોટ સારવારમાં

તું કેમ ભાયુને જમીનનો ભાગ નથી દેતો? ખેડુત રમેશને આંતરી મોટા ભાઇના જમાઇ સહિતે પગ ભાંગી નાંખ્યો

અજાણ્યા ત્રણ શખ્સોએ પકડી રાખ્યો અને રણજીત મકવાણાએ આડેધડ ઘા ઝીંક્યાઃ જતાં જતાં ધમકી દીધી-જમીનના ભાયુ ભાગ નહિ કર તો બીજી વાર જીવતો નહિ રહેઃ ફુવાડવા રોડ પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ તા. ૧: કુવાડવાના જામગઢ ગામે રહેતાં અને ખેતી કરી ગુજરાન ચલાવતાં યુવાનને તેના મોટા ભાઇના જમાઇ સહિત ચાર જણાએ ચાંચડીયા ગામ પાસે આંતરી 'તું કેમ જમીનમાં તારા ભાયુને ભાગ નથી દેતો? ભાયુ ભાગ કરી નાંખ' કહેતાં યુવાને મારા ભાઇઓ મારી માતાને સાચવતા નથી, માતા હયાત છે ત્યાં સુધી કોઇને હક્ક હિસ્સો નહિ મળે તેમ કહેતાં ભાઇના જમાઇએ આજે તો આના ટાંગા ભાંગી નાંખવા છે, પકડો આને કહી લોખંડના પાઇપના ઘા ફટકારી એક પગ ભાંગી નાંખી મારી નાંખવાની ધમકી આપી હતી.



આ બનાવમાં હુમલામાં ઘાયેલ થયેલો જામગઢનો રમેશભાઇ સોમાભાઇ ઉતેડીયા (ઉ.વ.૩૫) સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં કુવાડવા પોલીસે રમેશભાઇની ફરિયાદ પરથી તેના મોટા ભાઇ છગન સોમાભાઇના જમાઇ બેડલાના રણજીત હેમતભાઇ મકવાણા અને ત્રણ અજાણ્યા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે.

રમેશભાઇ ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું હતું કે અમે છ ભાઇ બહેન છીએ જેમાં સૌથી નાનો ચનાભાઇ હયાત નથી. તેનાથી નાનો છગનભાઇ, તેનાથી નાનો હું, મારાથી નાનો સોમા, એ પછી કાળુ અને બાદમાં બહેન રંજુબેન છે. જેમાં કાળુ કુંવારો છે. હું મારા માતાને સાચવતો હોઇ જેથી ખેતીની બધી જમીન સાતેક વર્ષથી હું એકલો વાવુ છું. મારા બીજા ચારેય ભાઇઓનો આ જમીનમાં કોઇ હક્ક હિસ્સો આપ્યો ન હોઇ જેથી આ ભાઇઓ મારાથી નારાજ છે અને તેના કારણે મનદુઃખ ચાલે છે.

સવારે દસેક વાગ્યે હું ઘરેથી મારુ બાઇક હંકારી બારવણ ગામમાં કામ માટે ગયો હતો. ત્યાંથી પરત ઘરેઅ ાવતો હતો ત્યારે ચાંચડીયા ગામના પાદરથી થોડે આગળ તળાવ પાસે પહોંચ્યો ત્યારે મારા મોટા ભાઇ છગનના જમાઇ રણજીત મકવાણા અને ત્રણ અજાણ્યા શખ્સો તેના બાઇક પર ઉભા હતાં. તેણે મને ઉભો રાખતાં મેં વાહન ધીમુ પાડતાં રણજીતે નજીક આવી-તું કેમ બધી જમીન એકલો વાવે છે, મારા સસરા કે તમારા બીજા ત્રણ ભાઇઓને કેમ ભાગ આપતો નથી? તેમ કહેતાં મેં કહેલું કે મારા ભાઇઓ મારા બાને સાચવતા નથી, મારા બા જીવે છે ત્યાં સુધી કોઇને હક્ક હિસ્સો મળશે નહિ તેમ કહેતાં રણજીત ઉશ્કેરાઇ ગયો હતો અને બીજા અજાણ્યા શખ્સોને તમે આને પકડી રાખો હું મોટરસાઇકલમાંથી પાઇપ લઇને આવું છું, આજે ટાંગા ભાંગી નાખવા છે તેમ કહેતાં અજાણ્યા શખસોએ મને પકડી લીધો હતો.

બાદમાં રણજીત પાઇપ લઇને આવ્યો હતો અને તેણે તથા અજાણ્યાએ આડેધડ ઘા ફટકારતાં પગમાં ઇજાઓ થઇ હતી અને હું પડી ગયો હતો. એક ઘા લમણામાં લાગી ગયો હતો. આ દરમિયાન દેકારો મચાવતાં અમારા ગામના વલ્લભભાઇ બાઇક લઇને નીકળતાં તે ઉભા રહી જતાં રણજીત સહિતના ચારેય ભાગી ગયા હતાં. જતાં જતાં રણજીતે ધમકી આપી હતી કે જમીનમાં ભાયુ ભાગ કરી નાખજે નહિતર હવે બીજી વાર જીવતો નહિ રહેવા દઉં. આ પછી રણજીતભાઇ મને બાઇકમાં બેસાડી મારી વાડીએ ઉતારી ગયા હતાં. ત્યાંથી પડોશીએ ૧૦૮ બોલાવી દેતાં મને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. અહિ ડોક્ટરે એક્સરે સહિતનું નિદાન કરતાં ડાબા પગમાં બે ફ્રેકચર હોવાનું જણાયું હતું. બીજા પગ, લમણા, વાંસામાં મુંઢ ઇજાઓ થઇ હતી. તેમ વધુમાં રમેશભાઇએ કહેતાં પીઆઇ બી. પી. રજયાની રાબરીમાં એએસઆઇ કે. એચ. ચાવડાએ ગુનો નોંધી હુમલાખોરોની શોધખોળ હાથ ધરી છે. (૧૪.૭)

બીજા નિકાહ કરનાર પૂર્વપતિ સાસરીયા દુઃખત્રાસની ફરિયાદમાં કોર્ટ દ્વારા નિર્દોષ

રાજકોટ તા.૧: મુસ્લિમ સમાજમાં બીજા નિકાહ કરનાર પતિ સામે પ્રથમ પત્નીએ કરેલ શારીરીક તથા માનસીક દુઃખ ત્રાસના કેસમાં અદાલતે પૂર્વપતિ સાસરીયાનો નિર્દોષ છુટકારો ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ, મુળ ફરીયાદી સુમનબેન ઈમ્તીયાઝભાઈ હાલા (રહે. રાજકોટ)ના ફરિયાદમાં જણાવ્યા મુજબ તેના નિકાહ તા. ૧૫/ ૧૧/ ૨૦૧૮નાં રોજ ૧૫૦ ફુટ રિંગ રોડ, રૈયા ચોકડી, રાજકોટમાં રહેતા હારૂનભાઈ હાલાનાં દિકરા ઈમ્તીયાઝ હાલાની સાથે થયા બાદ સાસરે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા, દરમિયાન પતિ સાસરીયા માવતર કે અન્યત્ર બહાર જવા દેતા ન હતા. કોરોના વખતે માતા બીમાર પડતા તે વખતે તલાકની ધમકી આપીને જવા દીધી ન હતી. દરમિયાન પતિ સાસરીયા નાની નાની બાબતમાં અને રોજિંદા કામકાજમાં દુઃખ ત્રાસ આપી પતીના બીજા લગ્ન કરી લેવાની ધાકધમકી આપતા હતા.

ત્યારબાદ પરિણીતાને માવતરમાં દીકરીનો જન્મ થયો હતો. આથી પતિ સાસરિયાનો માવતર થી લેપટોપ લાવવા સહિતના દહેજ, જીયાણા સહિતની બાબતે દુઃખ ત્રાસ આપવા માંડ્યા હતા, અને પતિએ જુદી જુદી ત્રણ વખત મોબાઈલ ઉપર તલાક આપી દીધા હતા અને સમાધાન પણ કર્યા વિના પતિએ બીજા લગ્ન કરી લીધા હતા. આથી પરિણીતાએ ભારતીય દંડ સહીતાની કલમ - ૪૯૮(ક), ૫૦૪, ૧૩૩ તથા દહેજ ધારાની કલમ ૩, ૪ મુજબનો ગુનાઓ કર્યાની ઈમ્તીયાઝ હારુનભાઈ હાલા, હારુન ઓસમાનભાઈ હાલા, રોશનબેન હારુનભાઈ હાલા (બધા રહે. ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ચોકડી, નાગરીક બેંક વાળી શેરી, કીડવાઈ નગર શેરી નં. ૧, "તકદીર", મકાન, રાજકોટ) સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરીયાદીએ તેમની ફરીયાદમાં કાલ્પનીક, બનાવટી, બોગસ હકકીતોને આધારે અમો આરોપીઓની સામે પુરાવા રહીતની ખોટી ફરીયાદ કરેલ હોવાની દલીલો ધ્યાને રાખી એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ જે.વી.પરમારે આરોપી પતિ સાસરિયાંને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો છે. આ કામમાં ત્રણ આરોપીઓ તરફથી ધારાશાસ્ત્રી અજયસિંહ એમ. ચૌહાણ, ડેનિશ જે. મહેતા તથા તુષાર ડી. ભલસોડ રોકાયા હતા.(૩૮.૧૪)

તોલમાપ ખાતા દ્વારા રાજ્યભરમાં હાઇવેની ૧૮૩ હોટલો ઉપર દરોડાનો દોરઃ અનેક ગેરરિતીઃ ૪ લાખનો દંડ

રાજકોટ,તા.૧: ગુજરાત રાજ્યના અલગ-અલગ હાઈવે પર હોટલો ઉપર તોલમાપખાતાએ દરેડા પાડતા અનેક ગેરરિતી બહાર આવી. હોટલો ખાતે તંત્રના કાયદા અને નિયમોની જોગવાઈઓનો ભંગ કરતા કુલ ૧૮૩ જેટલી હોટલો સામે કાયદેસરની કાર્યવાહી કરીને અંદાજે કુલ રૂ.૪.૬૩ લાખનો દંડ કરાયો છે. હોટલોમાં ચીજ વસ્તુઓના એમારપીથી વધુ ભાવ લેવા, જથ્થામાં ઓછું આપવું અને વજનકાંટો ન રાખવો જેવી ગેરરીતિઓ સામે આવી છે.

આ દરોડામાં તપાસણી દરમિયાન હોટલોમાં પેકેજ ચીજ વસ્તુ અને ઠંડા પીણામાં એમ.આર.પી.થી વધુ ભાવ લેવા, જથ્થામાં ઓછુ આપવુ, વજનકાંટોન રાખવો, મેનુ કાર્ડમાં ખાદ્ય પદાર્થનો જથ્થોન દર્શાવવો તેમજ હોટલમાં વપરાતા ઈલેક્ટ્રોનિક વજનકાંટા ચકાસણી મુદ્રાંકન કરાવવા જેવી ગેરરીતિઓ સામે આવી છે.

વધુમાં હાઈવે હોટલો પર બહોળા પ્રમાણમાં પોતાની મુસાફરી દરમિયાન ગ્રાહકો ખાદ્ય અને અન્ય ચીજવસ્તુઓની ઉતાવળે ખરીદી કરતા હોય છે. જેમાં ઘણી વખત તેમની પાસેથી વધુ ભાવ લઈને અથવા ઘણી વખત ચીજવસ્તુના વજન/માપમાં પણ છેતરવામાં આવતા હોય છે. આવા બનાવો ન બને અને ગ્રાહકો પણ પોતાના અધિકારોથી જાગૃત થાય અને છેતરાતા અટકે તેવા ગ્રાહક સુરક્ષાના વિશાળ હેતુથી કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા રાજ્યની હાઈવે હોટલો પર તંત્રના કાયદા / નિયમોની જોગવાઈઓનું પાલન થાય તે માટે ગઈકાલે આ રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

સરધારના સર ગામે નરસીભાઇ રાઠોડને પિતા-ભાઇએ માર માર્યો



રાજકોટ તા. ૧: સરધાર નજીકના સર ગામે રહેતાં નરસીભાઇ નાથાભાઇ રાઠોડ (ઉ.વ.૪૯)ને રાતે પિતા નાથાભાઇ અને ભાઇ નાગજીભાઇએ મારકુટ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં આજીડેમ પોલીસને જાણ કરવામાં આવી હતી. નરસીભાઇએ કહ્યું હતું કે મિલ્કતના કબ્જા બાબતે માથાકુટ કરી તેમના પર હુમલો કરાયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. (૧૪.૭)

દેવપરા પાસે કૌશલ ડાભી ચોરાઉ એક્સેસ સાથે પકડાયો

ક્રાઇમ બ્રાંચના એ.એસે.આઇ.સી.એમ.ચાવડા, હેડકોન્સ કનકસિંહ સોલંકી અને ઉમેશભાઇ ચાવડાની બાતમી

રાજકોટ,તા.૧: શહેરના દેવપરા પાસે ક્રાઇમ બ્રાંચે બાતમીના આધારે એક શખ્સને ચોરાઉ એક્સેસ સાથે પકડી લીધો હતો.



મળતી વિગત મુજ દેવપરા નજીક એક શખ્સ ચોરાઉ એક્સેસ લઇને ઉભો હોવાની ક્રાઇમબ્રાંચના એ.એસ.આઇ.સી.એમ.ચાવડા, હેડ કોન્સ. કનકસિંહ સોલંકી, ઉમેશભાઇ ચાવડાને બાતમી મળતા દેવપરા નજીક કાવેરી એપાર્ટમેન્ટની બાજુમાંથી કૌશલ સંજયભાઇ ડાભી (ઉ.વ.૨૧)(રહે. હાથીખાના શેરી નં.૧૨) ને ચોરાઉ એક્સેસ સાથે પકડી લીધો હતો. આ કામગીરીપી.આઇ.એમ.આર.ગોંડલીયા, એમ.એસ.ડામોરના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઇ.સી.એમ.ચાવડા, ચેતનસિંહ ગોહિલ, હેડકોન્સ. કનકસિંહ સોલંકી, ઉમેશભાઇ ચાવડા, ગિરિરાજસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.(૪૦.૧૬)

લગ્ન બાદ પતિએ ત્રણ જ દિ' સારી રીતે રાખી, સસરાએ બસમાં બેસાડી પિયર મોકલી દીધી!

રાજકોટની નિધીબેન અજુડીયાની ઓસ્ટ્રેલિયા રહેતાં પતિ નિરવ અજુડીયા, જામનગર રહેતાં સાસુ, સસરા, દિયર વિરૂધ્ધ મહિલા પોલીસમાં ફરિયાદ

રાજકોટ,તા.૧: નાના મવા રોડ પર રાજનગર ચોક પાસે માવતરે રિસામણે આવેલી પરિણીતાને લગ્ન બાદ ત્રણ દિવસ સારી રીતે રાખ્યા બાદ પતિએ કહ્યું 'મારા માતા-પિતાને સાચવવા માટે જ તારી સાથે લગ્ન કર્યા છે. મારે તારા પ્રત્યે કોઇ લાગણી નથી. અને તારાથી કોઇ બાળક પણ જોતુ નથી.' કહી ત્રાસ આપતા પતિ, સાસુ, સસરા અને દિયર વિરૂધ્ધ ફરિયાદ થઇ શકે છે.

મળતી વિગત મુજબ નાના મવા મેઇન રોડ પર રાજનગર ચોક પાસે માતા-પિતા સાથે રહેતા નિધીબહેન નિરવભાઇ અજુડીયા (ઉ.વ.૩૧)એ મહિલા પોલીસ મથકમાં ઓસ્ટ્રેલીયામાં રહેતો પતિ નિરવ અજુડીયા, જામનગર રણજીતસાગર મેઇન રોડ સરદારપાર્ક-૧, બ્લોક નં.૧૧માં રહેતા સસરા વ્રજલાલભાઇ વશરામભાઇ અજુડીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. નીધિબેને ફરિયાદમાં જણાવ્યું છે કે હું છેલ્લા અગીયાર મહિનાથી રાજકોટમાં માતા-પિતા સાથે રહું છું. મારા લગ્ન ગત તા.૧૪/૦૨/૨૦૨૪ના રોજ જામનગરમાં સરદાર પાર્કમાં રહેતા નિરવ અજુડીયા સાથે થયા હતા. લગ્ન બાદ હું જામનગરમાં પતિ, સાસુ, સસરા અને દિયર સાથે સંયુક્ત પરિવારમાં રહેતી હતી. લગ્ન બાદ પતિએ મને ફક્ત ત્રણ દિવસ સારી રીતે રાખેલ. ગતા તા.૩/૩/૨૪ના રોજ પતિ નિરવ ઓસ્ટ્રેલિયા રહેવા જતો રહ્યો હતો. અને મને તા.૧/૪/૨૪ના રોજ મારા સસરાએ બસની ઓનલાઇન ટીકીટ કરી મને બસમાં બેસાડી મારા પિયરમાં મોકલી દીધી. હાલ હું રાજકોટ ખાતે મારા પિતાની સાથે રહું છું. અને પતિ નિરવ હાલ ઓસ્ટ્રેલીયા ખાતે રહે છે. અને તયાં નોકરી કરે છે. મારી સગાઇ થઇ ત્યોર પતિ, સાસુ, સસરાએ કહેલ કે લગ્ન બાદ તારે ઓસ્ટ્રેલિયા જ રહેવાનું છે. પરંતુ આજદીન સુધી પતિ-સાસરીયાઓનો મારા ઓસ્ટ્રેલીયા જવા માટેના ડોક્યુમેન્ટ તૈયાર કર્યા નથી. મારા લગ્ન થયા બાદ મને પતિએ ત્રણ દિવસ સરી રીતે રાખેલ. અને ચોથા દિવસે પતિએ કહેલ કે મેં ફક્ત મારા માતા-પિતાને સાચવવા માટે જ તારી સાથે લગ્ન કર્યા છે. મારે તારા પ્રત્યે કોઇ લાગણી નથી. અને મારે ભવિષ્યમાં તારાથી કોઇ બાળક પણ જોતુ નથી. તેમ કહી માનસીક ત્રાસ આપવાનું ચાલુ કર્યુ હતું. પતિ, સાસુ, સસરા મને નાની નાની બાબતોમાં ઝગડાઓ કરી ત્રાસ આપતા હતા. સંબંધીઓ સાથે ફોનમાં વાત કરવાની ના પાડતા અને સંબંધી ઘરે આવે તો તોછડાભર્યુ વર્તન કરતા હતા.

પતિ, સાસુ, સસરા મારા પર શંકા કુશંકા કરતા. હું રૂમમાં સુતી હોવ તો રૂમનો દરવાજો બંધ કરવા નહોતા દેતા દિયર, સાસુ, સસરા, અને પતિને મારા વિરૂધ્ધ ચઢામણી કરતો હતો. આ બાબતે સમાધાનના અનેક પ્રયત્નો કરવા છતાં સાસરીયાઓ મને લઇ જવા તૈયાર થતા ના હોઇ તેથી મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે હેડ કોન્સ.કે.આર.ચુડાસમાએ તપાસ હાથ ધરી છે.(૪૦.૧૫)

લાખાબાવળમાં વાડામાં રાત્રીના જંગલી પ્રાણી આવી જતાં ડરના માર્યા ૩૦ પશુઓના મૃત્યુ

માલધારી પરિવારના ૨૨ ઘેટા અને ૮ બકરાના મૃત્યુ થયાઃ તબીબો દ્વારા પી.એમ. કરાર્યુઃ ૮ને બચાવાયા

(મુકુંદ બદીયાણી દ્વારા) જામનગર, તા. ૧: તાલુકાના લાખાબાવળ ગામમાં સીમ વિસ્તારમાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા બુધાભાઈ ભુરાભાઈ રબારી નામના માલધારી કે જેઓના વાડામાં ૩૮ જેટલા ઘેટા બકરા રાખવામાં આવ્યા હતા, જ્યાં પરમદિને રાત્રે દોઢેક વાગ્યાના અરસામાં કોઈ જંગલી પ્રાણી આવી જતાં ડરના માર્યા ૨૮ ઘેટા અને ૮ બકરા સહિત ૩૦ પશુઓના મોત થયા ના અહેવાલ મળ્યા છે. જ્યારે આઠ પશુઓને સ્થળ પર જ પશુ ચિકિત્સકોની ટીમ દ્વારા પ્રાથમિક સારવાર આપીને બચાવી લેવામાં આવ્યા છે.



પોલીસને જાણ કરાતાં પંચકોશી બી. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ત્યારબાદ ફોરેસ્ટ વિભાગની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી, અને ઘેટા બકરાના મૃત્યુનું કારણ જાણવા માટે વેટરનરી તબીબો ની ટીમની પણ મદદ લેવામાં આવી હતી.

જામનગર જિલ્લાના વેટરનરી ડોક્ટર તેજસ શુકલા ના માર્ગદર્શન હેઠળ એક ટુકડી બનાવના સ્થળે પહોંચી ગઈ હતી, અને પશુઓના મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે સ્થળપરજ પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ૨૨ ઘેટા અને ૮ બકરા ના મૃત્યુ થયાનો અહેવાલ મળ્યો હતો. જેમાં કેટલાક પશુના ગળાના ભાગમાં ઈજાના નિશાન જોવા મળ્યા હોવાથી કોઈ જંગલી પ્રાણી આવ્યું હોવાના કારણે આ બનાવ બન્યો હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે, આ ઉપરાંત ડરના માર્યા બાકીના પશુઓ મૃત્યુ પામ્યા હોવાનું પણ પશુ ચિકિત્સકોની ટીમ દ્વારા તારણ કાઢવામાં આવ્યું છે.

ફોરેસ્ટ વિભાગ ના જણાવ્યા અનુસાર ઝરખ અથવા તો તે પ્રકારનું જંગલી પ્રાણી અચાનક આવી જતાં ઘેટાં બકરાઓના ભયના માર્યા મૃત્યુ થયા હોવાનું અનુમાન લગાવાયું છે. જેથી જંગલી પશુના ફૂટ પ્રિન્ટ મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે. ઉપરાંત પંચકોશી બી. ડિવિઝન પોલીસની ટીમ દ્વારા પણ સમગ્ર મામલામાં તપાસ થઈ રહી છે.

પશુ ચિકિત્સકોની ટીમ દ્વારા પોસ્ટ મોર્ટમ નો રિપોર્ટ સુપ્રત કરાયા બાદ વનતંત્ર દ્વારા પશુ માલિકને વળતર આપવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવશે.(૬.૯)

બેભાન હાલતમાં નથુભાઇ સાકરીયા અને હિમતભાઇ નિમાવતના મૃત્યુ

રઘુનંદન પાર્ક, ડાલીબાઇ ક્વાર્ટરના પરિવારોમાં શોક

રાજકોટ તા. ૧: આજીડેમ ચોકડીથી આગળ માંડાડુંગર પાસે રઘુનંદન પાર્ક-પમાં રહેતાં નથુભાઇ શંભુભાઇ સાકરીયા (ઉ.વ.૭૦) રાતે ઘરે બેભાન થઇ જતાંસિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. નથુભાઇને સંતાનમાં એક પુત્ર અને સાત દિકરી છે. કેટલાક સમયથી તે બિમાર હતાં. રાતે હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું.

બીજા બનાવમાં ગોકુલધામ પાસે ડાલીબાઇ કન્યા છાત્રાલય નજીક આરએમસી ક્વાર્ટરમાં રહેતો હિમતભાઇ જગદીશભાઇ નિમાવત (ઉ.વ.૩૫)નું બેભાન થઇ ગયા બાદ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. તે બે બહેનનો એકનો એક બીજા નંબરનો ભાઇ હતો. સંતાનમાં એક પુત્ર છે. રિક્ષા હંકારી ગુજરાન ચલાવતો હતો. લાંબા સમયથી બિમારી હોઇ તેના કારણે મૃત્યુ થયાનું સગાએ કહ્યું હતું. હોસ્પિટલ ચોકીનાર રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ આજીડેમ અને માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

જોઇએ છે
• કોમ્પ્યુટર ઓપરેટર- 1 (મેડિકલ જાણકાર) મેલ/ ફિમેલ
• વાયરમેન- 1
• પેનલ જાણકાર- 1
• દુકાનમાં કામ કરી શકે તેવા માણસ- 2
કિશાન ગ્રુપ ઇલેકટ્રીક ૨, ભક્તિનગર સ્ટેશન રોડ 98255 55407

માણસો જોઇએ છે
લેથ કામના કારીગરો વેલ્ડરો, હેલ્પર
પૃથ્વીરાજ વ્હીલ શ્રુ
૧૧, વિજય પ્લોટ, રાજકોટ
98242 91002

રાજકોટ જીલ્લામાં વર્લીના જુગાર ઉપર પોલીસની ઘોંસ : ૭ શખ્સો પકડાયા

ગોંડલમાં ૩, જસદણમાં ૨, ઉપલેટા અને વિરપુરમાં વરલીના આંકડા લેતા ૨ શખ્સો ઝડપાયા

રાજકોટ, તા., ૧: જીલ્લામાં વરલીના જુગાર ઉપર પોલીસે ઘોંસ બોલાવી અલગ-અલગ ૭ દરોડામાં ૭ શખ્સોને વરલીના આકડા લેતા પોલીસે ઝડપી લીધા હતા.

ગોંડલમાં બસ સ્ટેશન પાસે જાહેરમાં વરલીના આંકડા લેતા અખ્તર અશરફભાઇ મુળીમાં અને જેતપુર રોડ ઉપર ત્રણ ખુણીયા પાસે વરલીના આંકડા લેતા સાહિલ ફિરોઝભાઇ સેતા તથા અકરમ ઉર્ફે બકરો અબ્દુલભાઇ દોઢીયાને વરલીના સાહિત્ય અને રોકડ રકમ સાથે બી ડીવીઝન પોલીસે ઝડપી લીધા હતા.

જસદણમાં જુના બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં વરલીના આંકડા લેતા ઉસ્માન ઇસ્માઇલભાઇ પરમાર તથા જયેશ રમેશભાઇ લધુમને વરલીના સીહત્ય અને રોકડ રકમ સાથે પોલીસે ઝડપી લીધા હતા. તેમજ ઉપલેટા પોલીસે મુસ્તાક બાબુભાઇ સિપાઇને ઉપલેટા ધોરાજી દરવાજા પાસેથી અને વિરપુર પોલીસે વિરપુર બસ સ્ટેન્ડ પાસે વરલીના આંકડા લેતા દિલસુખ રવજીભાઇ સોલંકીને વરલીના સાહિત્ય અને રોકડ રકમ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.(૪.૨૮)

છેતરપીંડી-એટ્રોસીટી-ધમકીની ફરિયાદ રદ કરવા હાઇકોર્ટનો હુકમ

રાજકોટ,તા.૧: પડધરી પાસેના મોવીયા ગામના રહીશ ભરતભાઈ તળપદા વિરૂધ્ધ પડધરીના રહીશ અશોકભાઈ મકવાણાએ છેતરપીડી તથા વિશ્વાસઘાત આચરી જાનથી મારી નાખવાની ધમકી આપી એટ્રોસીટી એકટ અન્વયં પડધરી પોલીસ સ્ટેશનમાં ચાર આરોપીઓ વિરૂધ્ધ નોંધાવેલ એફ.આઈ.આર. માંથી આરોપી ભરતભાઈ તળપદા વિરૂધ્ધની એફ.આઈ.આર. તથા તેને લગતના તમામ પ્રોસીડીંગ ગુજરાત હાઈકોર્ટ ધ્વારા રદ કરતો હુકમ ફરમાવેલ છે.

કેસની હકીકત જોઈએ તો પડધરી મુકામે આંબેડકર નગરમાં રહેતા અશોકભાઈ મકવાણા નાઓએ (૧) મહેશ પીતાંબરભાઈ રાઠોડ (૨) નરેશ ભગવાનજીભાઈ બોરીચા (૩) શૈલેષ હીરાભાઈ રાઠવા (૪) ભરત ખીમજીભાઈ તળપદા નાઓ વિરૂધ્ધ પડધરી પોલીસ સ્ટેશનમાં એ મતલબની ફરીયાદ નોંધાવેલ કે ફરીયાદીએ મહેશ પીતાંબર રાઠોડને માસીક રૂા.૮૦૦૦/- એ ટ્રેકટર ભાડે આપેલ હોય જે ભાડુ આપતા ન હોય જે બાબતે અરજી કરતા અરજી પાછી ખેંચી લેવાનું કહી ટાટીયા ભાંગી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપી જાતી પ્રત્યે અપમાનીત કરી ભરતભાઈ તળપદા નાઓએ ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપી ચારેય આરોપીઓએ ફરીયાદી સાથે ફરીયાદીનું ટ્રેકટર પાછુ ન આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી જાતી પ્રત્યે અપમાનીત કરી એકબીજાને મદદગારી કરી ગુન્હો આચરતા તે અન્વયે નોંધાવેલ ગુન્હાના કામે તપાસ પુર્ણ કરી ચારેય આરપ વિરૂધ્ધ સેશન્સ અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ

ઉપરોકત હકીકતો જોતા એફ.આઈ.આર. ને આગળ ટ્રાયલની મંજુરી આપવી કાયદાની પ્રક્રિયાનો દુરઉપયોગ ગણાશે તેથી અરજદારની અરજી વિચારણાને પાત્ર છે તેથી અરજી મંજુર કરવામાં આવે છે અને અરજદાર ભરત તળપદા વિરૂધ્ધ પડધરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ એફ.આઈ.આર. અને તેને આનુસંગીક પ્રોસીડીંગ રદ કરતો હુકમ ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ફરમાવવામાં આવેલ છે.

ઉપરોકત કામના તહોમતદાર ભરતભાઈ તળપદા વતી હાઈકોર્ટમાં પ્રતિકભાઈ જસાણી તથા રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ, જયમલ મકવાણા રોકાયેલ હતા.(૪૦.૧૨)



કોટડા મામલતદાર દ્વારા સરકારી જમીન ઉપર ઉભુ થઇ ગયેલ દબાણ દૂર કરાયુંઃ ૨૧૧ કરોડની જમીન ખુલ્લી

રાજકોટઃ કોટડા સાંગાણી મામલતદારે પીપલાણા ગામે સરકારી જમીન ઉપર ઉભા થઇ ગયેલા દબાણો દૂર કરી રૂા.૨૧૧ કરોડની ૩૫૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવી હતી, આ દબાણ કેસમાં ૧.પરેશભાઈ ગોવિંદભાઈ જાતિયાણી, સ્ટાર પેક ઈન્ડસ્ટ્રીઝ, દબાણ આશરે ૨૮૦૦ ચો.મી. ૨.ઘનશ્યામભાઈ કનુભાઈ ચોવટીયા, ટોપ ક્રેન, દબાણ આશરે ૨૦૦ ચો.મી. ૩.શૈલેષભાઈ ગઢિયા, વિષ્ણુ સીન્ટેક દબાણ આશરે ૨૦૦ ચી.મી. જમીનમાં આવેલ ઔદ્યોગિક એકમોમાં મળી કુલ દબાણ ૩૨૦૦ ચો.મી. જમીનમાં ઔદ્યોગિક હેતુસર થયેલ ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવેલ છે. દબાણવાળી જમીનની આશરે બજાર કિંમત રૂપિયા ૨.૫૬ કરોડની હોવાનું જણાય છે. દબાણ દૂર કરવાની કામગીરી શ્રી જી.બી.જાડેજા, મામલતદાર, કોટડાસાંગાણી તથા હિનાબેન ગોહેલ, નાયબ મામલતદાર દબાણ, સંજયભાઈ રૈયાણી, સર્કલ ઓફિસર, નયનભાઈ રાજા, નાયબ મામલતદાર અને અમિતભાઈ બાવળિયા, રેવન્યુ તલાટી વિગેરે દ્વારા ટીમ સાથે કરવામાં આવેલ છે.(૩૮.૯)

વાણિજય વેરાની રકમમાં ઉચાપત કરવાના ગુનામાં આરોપીનો છુટકારો

રાજકોટ,તા.૧: રાજકોટનાં યોગીનગર, પ્રમુખ સ્વામી ૩૮/બી, રૈયા ચોકડી પાસે રહેતા ફરીયાદી અરૂણાબેન રજનીકાંતભાઈ ટાંકએ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં આરોપી મણીલાલ મોહનલાલ પોપટ રહે. સુભાષનગર શેરી નં.૪, રૈયા રોડ, રાજકોટવાળા વિરૂધ્ધ પ્ર.નગર પોલીસમાં ફરીયાદ કરેલ હતી કે, આરોપી મણીલાલ પોપટે વેપારીશ્રી કૈલાશ પ્લાસ્ટીકના માલીક પાસેથી વાણીજય વેરાના ભરવાનો થતો વેરો ભરવા પુરા પૈસા લઈ અને એસ.બી.આઈ. બેંક, જાગનાથ પ્લોટ શાખા, રાજકોટમાં ઓછુ ચલણ ભરી અને ચલણમાં વધારાનો આંકડાનો ઉમેરો કરી વાણીજય વેરા કચેરી તથા સરકાર સામે છેતરપીડી કરેલ હોય આરોપી સામે છેતરપીડી કરી, ખોટા ડોકયુમેન્ટ બનાવવા અંગેની ફરીયાદીએ ફરીયાદ નોંધાવેલ. જે કેસ રાજકોટના એડી. ચીફ જયુડી.મેજી.જજશ્રી પી.એસ. સિન્ધી ની કોર્ટ સમક્ષ ચાલવા પર આવતા આરોપીને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કરેલ હતો.

આ કામમાં પંચ સાહેદો અને તપાસ કરનાર અધિકારીની જુબાની નામદાર કોર્ટ સમક્ષ લેવામાં આવેલ અને વાણીજય અધિકારીનો રીપોર્ટ, ફોરેન્સીક અભિપ્રાય અને દસ્તાવેજો અધિકારીએ ગુનાના કામે કબજે કરેલા અને આરોપીએ ખોટા ડોકયુમેન્ટ બનાવીને સરકાર સાથે છેતરપીડી કરેલ હોય, સરકારની આવક ડુબાડવા માટે ગુનાહિત કૃત્ય કરેલ હોય, જેથી આરોપીની પોલીસે ઘરપકડ કરી તેની સામે ચાર્જશીટ કરેલ હતુ.

હાલના કેસમાં ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ફરીયાદી તરફે તપાસેલ સરકારી સાહેદો તથા અન્ય સાહેદોની જુબાનીઓ નોંધવામાં આવેલ હતી અને આરોપીએ માલીક પાસેથી વાણીજય વેરાના પૈસા સ્વીકારી અને બેંકમાં નહી ભરવાનું ગુનાહિત કૃત્ય કરવાનું સરકારશ્રીના રેકર્ડ સાથે ચેડા કર્યા અંગેનું તહોમતનામા મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હતા અને ફરીયાદપક્ષ યોગ્ય પુરતો પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરી શકેલ ન હોય. જે સંજોગોમાં આરોપી દોષમુકતી અને બેનીફીટ ઓફ ડાઉન મેળવવા હકદાર બને છે અને ફરીયાદ પક્ષ આરોપી સામે તહોમત મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય અને પોલીસે જે કલમો લગાવેલ છે, તે કલમોના જરૂરી તત્વો સાથે ફરીયાદ પક્ષે કરેલ તબકામાંથી મળેલ પુરાવા સુસંગત બેસતા ન હોય, જે તમામ હકિકતો જોતા ફરીયાદી પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોય તેમજ આરોપી તરફે વડી અદાલતોના ચુકાદાઓને ધ્યાને લઈને કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ કરેલ હતો.

આ કેસમાં આરોપી મણીલાલ મોહનલાલ પોપટ તરફે ધારાશાસ્ત્રી દીલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી તથા આસીસ્ટન્ટ તરીકે ઈશા કણઝારીયા રોકાયેલ હતા.(૬.૧૩)

જોઇએ છે
મેડીકલ સ્ટોરમાં કામ કરી શકે તેવા અનુભવી/બિન અનુભવી માણસોની જરૂર છે.
સારા પગાર સાથે ઉજ્જવળ ભવિષ્ય બનાવવા સંપર્ક કરો.
વય મર્યાદા ૩૦ વર્ષ
M. 96646 25845

માણસો જોઇએ છે
ચશ્મા ના શોરૂમ માટે
Job Time : 9:30-1:30, 3:00-9:00
Glasses
અમિનમાર્ગ, રાજકોટ
81603 10557

જોઇએ છે
બસ ડ્રાઇવર
સ્કૂલ બસ માટે
DELHI WORLD PUBLIC SCHOOL
RAJKOT
Haripar Pal, Survey No. 12, Kalawad Road, Rajkot-360 005.
9375263567
ADMEDIA

જાહેર નોટીસ

હું ડો. હસમુખ કે. સાઈપરીયા (ખાપરા) મવડી મેઈન રોડ ઉપર શ્યામલ કોમ્પ્લેક્ષમાં છેલ્લા ૨૦૦૪ થી સાઈપરીયા ડેન્ટલ કલીનીક ના નામે પ્રકટીસ કરું છું. મને સને ૨૦૦૨ ની સાલ માં ગુજરાત સ્ટેટ ડેન્ટલ કાઉન્સીલ તરફથી રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ જેનો નંબર A-2318 મળેલ છે. જે સર્ટીફીકેટ મારા કલીનીકમાં રાખેલુ પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગુમ થયેલ છે. તો જો કોઇને આ સર્ટીફીકેટની જાણ થાય તો મને જાણ કરવા વિનંતી. મારૂ એડ્રેસ નીચે આપેલ છે.

૨૦૧ શ્યામલ કોમ્પ્લેક્ષ, બીજો માળ, વિશ્વેશ્વર શાક માર્કેટ, મવડી મેઈન રોડ, રાજકોટ-૩૬૦૦૦૪

મો. નં. ૯૫૮૬૯ ૩૦૩૦૧, ૯૫૮૬૯ ૪૩૦૨૬, ૯૪૨૬૯ ૩૦૩૦૧

RAJKOT MUNICIPAL CORPORATION

e-TENDER Notice

e-Tender No.RMC/SWM/2024-25/18 to 21

Rajkot Municipal Corporation invites different four e-Tenders from the experienced contractors Manpower Supply for Sweeping and Waste Collection from East Zone Ward No.04-A, Ward No.04-B, Ward No. 05-B & C, Ward No. 06-A & C. The last date for downloading and submission of online e-Tenders as above is 17 March 2025 up to 16.00 hours and 18.00 hours respectively. Whereas pre-bid meeting is scheduled on 07 March 2025. Please visit https://tender.nprocure.com/ or www.rmc.gov.in for further details.

Environment Engineer

એક્ષપોર્ટ અને પાસપોર્ટ વધુ મજબુત બનશે: રાજકોટમાં બજેટનું મહત્વ વર્ણવતા કેન્દ્રીય મંત્રી

કેન્દ્રીય બજેટ વિકાસનો રોડ મેપ અને વિકસિત ભારતનું વિઝનઃ માંડવિયા



રાજકોટ ખાતે આજે સવારે કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવીયાએ પત્રકાર પરિષદ સંબોધેલ તે પ્રસંગની તસ્વીરમાં સાથે સ્થાનિક આગેવાનો પરસોતમ રૂપાલા, રામભાઈ મોકરિયા, નયનાબેન પેઢડિયા, દર્શિતાબેન શાહ, મુકેશ દોશી, રાજુભાઈ ધ્રુવ, મોહનભાઈ કુંડારિયા, માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિન મોલિયા, પ્રદીપ ડવ, કમલેશ મીરાણી મયુર શાહ વગેરે ઉપસ્થિત છે. (તસ્વીરઃ સંદીપ બગથરીયા)(૨.૧૯)

રાજકોટ તા.૧: ભારત સરકારના શ્રમ અને રોજગાર તથા યુવા પ્રવૃતિઓ અને રમત-ગમત વિભાગના મંત્રીશ્રી મનસુખ માંડવિયાએ આ વખતના કેન્દ્રીય બજેટને ૧ વર્ષના વિકાસનો રોડમેપ અને લાંબા ગાળાનું (વિકસિત ભારત) વિઝન ગણાવેલ છે. તેમણે અમેરિકાથી અનઅધિકૃત ગુજરાતીઓને પરત મોકલી દેવાના ટ્રમ્પના પગલાને તે દેશની વ્યુહરચના અને અધિકાર ગણાવી તેના પર વધુ ટીપ્પણી કરવાનું ટાળ્યું હતું. માળખાકીય સુવિધાની શરૂઆત કરી ૨૦૩૬માં વૈશ્વિક સ્તરને ઓલોમ્પિક દેવામાં આવ્યાનું જણાવ્યું હતું. તેમના ભારતમાં યોજવા દરખાસ્ત અને મતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ એકધારો વિકાસ માર્ગે આગળ વધી રહયાનું ઉમેર્યું હતું. ભાજપના વિભાગય પ્રવકતા રાજુભાઈ ધ્રુવે સ્વાગત પ્રવચન કર્યા બાદ કેન્દ્રીય મંત્રીએ બજેટના લાભનું વર્ણન કર્યું હતું.

શ્રી મનસુખ માંડવિયાએ પત્રકારોને જણાવેલ કે દેશમાં એક સમય હતો કે જયારે બજેટમાં માત્ર જાહેરાતો થતી પણ અમલનો પ્રશ્ન રહેતો હતો. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા દસકામાં બદલાવ આવ્યો છે. હવે બજેટ માત્ર ઘોષણાપાત્ર નહિ પણ ૧ વર્ષના વિકાસનો રોડમેપ અને વિકસીત ભારત માટેનું લાંબા ગાળાનું વિઝન છે. ૨૦૧૪માં ભારત સરકારનુ બજેટ ૧૭ લાખ કરોડ હતુ તે ૨૦૨૪માં ૫૦ લાખ કરોડે પહોંચ્યું છે. ૨૦૪૭ના વર્ષ સુધીમાં વિકસીત ભારતને ઘડનારુ બજેટ છે. ૧ વર્ષનો વિકાસનો રોડમેપ અને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકાસનો દ્રષ્ટિકોણ છે. દર વર્ષે આંતરમાળખાકીય સુવિધા વધારવા માટે ૧૫ લાખ કરોડ રૂપિયા ખર્ચાનો એક્ષપોર્ટ અને પાસપોર્ટ મજબુત બનશે. કેન્દ્રીય મંત્રીએ કહયું કે શ્રી રાજીવ ગાંધી ભારતના વડાપ્રધાન હતા ત્યારે દેશને ૨૧મી સદીમાં લઈ જવાની વાત કરેલ પણ માત્ર વાત થઈ, તેને અનુરૂપ આયોજન ન થયું. અમારી સરકાર જે જાહેરાત કરે છે તેને અનુરૂ, આયોજન કરે છે. ૧૨ લાખ સુધી આવકવેરામાં મુકિત આપવામાં આવી છે. તેનાથી મધ્યમવર્ગને દર વર્ષે રૂા.૧.૨૦ લાખની બચત થશે. તે બાબત મોંઘવારી સામે રાહતરૂપ બનશે. નવા ભારતનું નિર્માણ થઈ રહયું છે. શ્રી માંડવિયાએ ગુજરાત સરકારના બજેટને પણ વિકાસલક્ષી ગણાવી માધવપુર ઘેડ પંથકમાં ચોમાસામાં પુરથી સર્જતી પરિસ્થિતિનું નિવારણ લાવવા ૧૫૦૦ કરોડની જોગવાઈને આવકારી છે.(૨.૧૮)

મોંઘવારી ઘટાડનારૂ બજેટઃ અનઅધિકૃત નાગરિકોને દુર કરવાનો જે તે દેશનો અધિકારઃ ૨૦૩૬માં ઓલોમ્પિક ભારતમાં થાય તેવા પ્રયાસો

એઇમ્સ પૂર્ણ રીતે કાર્યરત થતા પાંચ વર્ષ લાગશે

રાજકોટ તા.૧: શહેરની ભાગોળે આરોગ્ય ક્ષેત્રની અદ્યતન એઈમ્સનું ઉદઘાટન થઈ ગયું છે. એઈમ્સને અનુરૂપ સુવિધા કયારે મળશે? તેવા સવાલના જવાબમાં કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ પત્રકારોને જણાવેલ કે સામાન્ય રીતે એઈમ્સને પૂર્ણ રીતે કાર્યરત થતા (મોટી સર્જરી સહિત) પાંચ વર્ષ જેટલો સમય લાગતો હોય છે. તે મુજબ તબક્કાવાર સુવિધા વધતી જશે.(૨.૧૯)

રાજયના મંત્રીપદ માટે અર્જુનભાઇ મોઢવાડીયાનું નામ નક્કી?



(હેમેન્દ્રકુમાર પારેખ દ્વારા) પોરબંદર, તા. ૧: રાજયના નવા મંત્રી મંડળમાં મંત્રીપદ માટે પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઇ મોઢવાડીયાનું નામ નક્કી હોવાનું ચર્ચા થઈ રહી છે.

કોંગ્રેસના પુર્વ પ્રદેશ પ્રમુખ અને પુર્વ વિરોધ પક્ષના નેતા અર્જુનભાઇ મોઢવાડીયા ગત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી પક્ષ પલટો કરીને ભાજપના ઉમેદવાર તરીકે ચુંટણી લડતા અર્જુનભાઈનો જંગી બહુમતીથી વિજય થયો હતો. ત્યાર પછી અર્જુનભાઈને તે સમયે મંત્રી મંડળમાં મંત્રી તરીકે સમાવવામાં આવે તેવી સંભાવના વધી હતી અને નવા મંત્રી મંડળમાં તે વખતે અર્જુનભાઈને મંત્રીપદ અપાયું ન હોતું ત્યાર પછી તાજેતરમાં ફરી અર્જુનભાઇ મોઢવાડીયાની રાજય મંત્રી મંડળમાં મંત્રી પદ નક્કી હોવાની ચર્ચા ઉઠી છે.(૬.૧૧)

રાજકોટના જાણીતાહ ટેક્ષ કન્સલન્ટ-એડવોકેટ

ભાસ્કરભાઇ જોષીની નોટરી તરીકે નિમણુક



રાજકોટ,તા.૧ : એડવોકેટ ભાસ્કરભાઈ જે. જોશી, જેઓ ૧૯૯૧ થી એડવોકેટ તરીકે ટેક્સેશનની પ્રેક્ટીસ કરી રહીયા છે. જેઆ સેન્ટ્રલ ઓફ સાઈઝ સર્વિસ ટેક્ષ અને અને વેટની પ્રેક્ટીસ સ શરૂઆતથી કરી રહ્યા છે. તેઓ તેમના વિષયમાં પારંગત છે. તેઓએ **SERVICE TAX** અંગે પુસ્તક પ્રકાશિત કરેલ હતું ઉપરાંત તેઓ વારંવાર અખબારોમાં કરવેરા અંગેના લેખો આપતા રહે છે. કેન્દ્રીય બજેટ પછી બજેટ વિશ્લેષણ અંગે સેમીનાર કરતા રહીયા છે. તેઓએ એક સમયે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના કમીટી મેમ્બર તરીકે સેવા આપેલ છે અને સભ્યને સેમિનારો દ્વારા ઉપયોગી માર્ગદર્શન આપતા રહીયા છે. તેઓ લાબા સમય થયા વકીલાતમાં હોય કેન્દ્ર સરકારના કાયદા વિભાગ દ્વારા તેઓને નોટરી તરીકે ધ્**RTIFICATE OF PRACTICE** થી તેમની નોટરી તરીકે નિમણુક કરેલ છે. તેમની બોહળી પ્રસિધ્ધિને હવે પછી તેમના અનુભવનો લાભ નોટરીની નિમણુકથી તેઓના ક્લાઈન્ટને મળી રેહેશે. તેમનું સરનામુ : ભાસ્કર જે. જોશી (એડવોકેટ & નોટરી) ૬૦૨- કિંગ્સ પ્લાઝા, એસ્ટ્રોન ચોક, સરદાર નગર મેઈન રોડ, રાજકોટ મો. - ૯૮૨૫૦ ૬૨૨૬૯, ઓ.- ૦૨૮૧ - ૨૪૬૫૫૧૧ છે. (૨૫.૩)

ઓનલાઈન ફ્રોડનો ભોગ બનનારા ૧૩ અરજદારોના રૂા.૨.૯૦ લાખ પરત અપાવતી સાયબર પોલીસ

બી. ડીવીઝન પોલીસના પી.આઈ.એસ.એસ.રાણેની રાહબરી હેઠળ કામગીરી



રાજકોટ,તા.૧: શહેરના અલગ-અલગ વિસ્તારમાં ઓનલાઈન ફોડના બનાવો ગઠીયાઓ તાત્કાલીક લોન અપાવવાના નામે, હોસ્પિટલમાં તાત્કાલીક પૈસાની જરૂર છે તથા ટેલીગ્રામમાં રેડીયો લોજીના ગ્રુપમાં એપ્લીકેશન મારફતે તેમજ ડ્રીમ-૧૧ એપમાં ક્રિકેટ ટીમ બનાવવાના નામે વધુ પૈસા મળવાની લાલચ આપી ઓનલાઈન છેતરપીંડી અંગે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદો આવતા પોલીસ કમિશનર શ્રી બ્રજેશ ઝા તથા જોઈન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજજનસિંહ પરમાર તથા એસીપી આર.એસ. બારીઆ એ ઓનલાઈન ફ્રોડનો ભોગ બનારા અરજદારોને નાણા પરત અપાવવા માટે સુચના આપતા બીડીવીઝન પોલીસ મથકના પી.આઈ. એસ.એસ. રાણેના માર્ગદર્શન હેઠળ સાયબર સેલના પી.એસ.આઈ. એ.બી.ચોધરી, કોન્સ. પુજાબેન વાળા, સંગીતાબેન ચાવડા તથા કાજલબેન મોલીયા સહિતની ટીમે ટેકનીકલ એનાલીસીસની મદદથી ઓનલાઈન ફ્રોડનો ભોગ બનનારા ૧૩ અરજદારોને રૂા.૨,૯૦,૬૪૬ પરત અપાવ્યા હતા. (૨૨.૧૨)

કાન્તાબેન કામદારનું અવસાન થતા ચક્ષુદાનનું પ્રેરક કાર્ય



રાજકોટ તા. ૧ : કાન્તાબેન નટવરલાલ કામદાર અરિહંતશરણ પામતા ચક્ષુદાન કરી માનવસેવાનું પ્રેરક ઉદાહરણ પુરૂ પાડેલ છે. અર્હમ આઈ ફાઉન્ડેશનના ડો. ધર્મેશભાઈ શાહ અને તેમની ડોકટરની ટીમ દ્વારા ચક્ષુદાન-ત્વચાદાન સ્વીકારવાની સેવા અપાઈ હતી. શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા ચક્ષુદાન, અંગદાન, દેહદાન, ત્વચાદાન તેમજ જીવદયાના સેવા કાર્ય માટે જાગૃતિના પ્રયાસો કરાયા હતા. આ તકે કામદાર પરિવારનો આભાર વ્યકત કરાયો હતો. તેમ વિનય જસાણી (મો.૯૪૨૮૨ ૦૦૬૬૦)ની યાદીમાં જણાવાયુ છે. (૧૬.૧)

આર.ટી.ઇ. હેઠળ પ્રવેશ ફોર્મ ભરી આપવા એડવોકેટ હિરેન રાવલની નિઃશુલ્ક સેવા



રાજકોટ તા. ૧ : રાઈટ ટુ એજયુકેશન (શિક્ષણનો અધિકાર) હેઠળ હાલ પ્રવેશ કાર્ય ચાલુ થયુ હોય યુવા એડવોકેટ હિરેન રાવલ દ્વારા તા. ૩ થી ૧૨ સુધી વાલીઓને વિનામુલ્યે ફોર્મ ભરી આપવાની સેવા અપાશે.

લાભ લેવા ઈચ્છુકોએ જરૂરી ડોકયુમેન્ટ સાથે સોમથી શનિમાં સાંજે ૬ થી ૭.૩૦ દરમિયાન મિતલ પ્રિન્ટર્સ એન્ડ જે. એમ. બાઈન્ડર્સ, ૧-શિવ શક્તિ કોલોની શોપીંગ સેન્ટર, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી સામે, કીડની હોસ્પિટલ નજીક, રાજકોટ (મો.૯૯૭૪૬ ૧૦૯૯૯) ખાતે સંપર્ક કરવા જણાવાયુ છે. (૧૬.૧)

શ્રી શ્યામલાલજીની હવેલીમાં કાલે ફૂલફાગ રસિયા કાર્યક્રમ



રાજકોટઃ સૌરાષ્ટ્રની અતિપ્રાચીન શ્રી શ્યામલાલજી હવેલીમાં આવતીકાલે તા.૨ ના રવિવારે શ્રી શ્યામલાલજી હવેલી પુરુષોની મંડળી ના ફુલ-ફાગ રસિયા નું આયોજન કરવામાં આવ્યું છે. દર્શન નો સમય સાંજે ૬થી ૮વાગ્યા સુધી ઠાકોરજી સન્મુખ રસિયા કીર્તન થશે. તેમજ દર્શન નો ટેરો આવ્યા બાદ કણિકા પ્રસાદ (અલ્પાહાર) નું પણ આયોજન કરવામાં આવેલ છે. તો સમગ્ર વૈષ્ણવ સુષ્ટિને દર્શન નો લાભ લેવા પધારવા શ્રી મુખ્યાજી જયેશભાઈ હરિભાઈએ આમંત્રણ આપ્યું છે.

સ્થળઃ શ્રી શ્યામલાલજીની હવેલી (જુની સદર ની હવેલી) પંચનાથ મંદિર મેઈન રોડ જય સીયારામ પેંડા વાળા ની સામે રાજકોટઃ- મો.૮૫૧૧૭૬૩૭૬૩ (૩૬-૮)

અન્નના અનાદરથી બચવા ભોજન સમયે મૌન રાખવું: પૂ.ધીરગુરૂદેવ

પાળીયાદ જૈન સંઘમાં કાલે મુમુક્ષુ દર્શનકુમારનો દિક્ષા મહોત્સવ

૯ સંતો અને ૪૧ મહાસતીજીઓનું આગમન દીક્ષાર્થીની ડ્રાયફ્રુટ તુલા વિધિ: વરસીદાન વરઘોડો, કોળીયા વિધિ, આખરી અલવિદા કાર્યક્રમ



રાજકોટ તા.૧: શ્રી સ્થાનકવાસી જૈન સંઘ - પાળિયાદના આંગણે ૨૫ વર્ષે પૂર્વે આચર્યા પૂ. નવીનચંદ્રજી મ.સા. ના સાંનિધ્યે યુવાપ્રેરક પૂ. જયેશચંદ્રજી મ.સા. ના ઉજવાયેલ દીક્ષા ઉત્સવ બાદ માતા જવનીકાબેન અને દીપકભાઈ ચંપકભાઈ માલવણીયા ના સુપુત્ર દર્શનકુમાર ૧૯ વર્ષની વયે તા. ૨ને રવિવારે જૈનધર્મની દીક્ષા ગચ્છાધિપતિ પૂ. શૈલેષચંદ્રજી મ. સા. ના મુખે અંગીકાર કરશે.

આ દીક્ષા મહોત્સવની વિગત આપતાં જે. એસ. એમ. પરિવારના યુવાનોએ જણાવેલ કે - દીક્ષાર્થી દર્શનકુમારની ડ્રાયફ્રુટ તુલા વિધિ અને ભાઈ-બહેનની રક્ષાબંધન કાર્યક્રમમાં પૂ.જયેશચંદ્રજી મ. સા. ગોંડલ સંપ્રદાયના શતાધિક ઉપાશ્રય નિર્માણ ણેતા પૂ. શ્રી ધીરગુરુદેવ તથા સંઘાણી ના ગાદીપતિ પૂ. પંથકમુનિ મ. સા., ગોપાલના પૂ. દીપમુનિ મ. સા. કુલ થાણા -૯ સંતો તથા બોટાદ ના પૂ. સવિતાબાઈ મ.સ., આદિ, ગોંડલના ગુણીબાઈ મ.સ. આદિ, અજરામરના પૂ. આરાધનાજી મ. સ., ખંભાતના પૂ. નમ્રતાજી મ.સ. તપાગચ્છના શાસનધ્રુમા મહાસતીજી સહિત ૪૧ ઠાણાનું સ્વાગત કરેલ.

પૂ. ધીરગુરુદેવે વિશાળ ધર્મસભાને સંબોધતા જણાવેલ કે - અન્નના અનાદરથી બચવા જમતી વખતે મૌન રાખવું સ્વાસ્થ્ય માટે લાભકારી છે. અનેક ભાવિકોએ પ્રતિજ્ઞા ગ્રહણ કરેલ. બપોરે દીક્ષાર્થીના ઉપકરણની સ્વસ્તિક વિધિ અને રાત્રે જિનશાસન કસુંબીનો રંગ - લોકડાયરો અભેસીંગ રાઠોડ રજૂ કરેલ.

આજે તા. ૦૧ ને શનિવારે સવારે ૮:૩૦ કલાકે વરસીદાન શોભા યાત્રા, દાતા સન્માન અને સંયમ વંદના કાર્યક્રમ તેમજ બપોરે ૨:૩૦ કલાકે દીક્ષાર્થીની કોળિયાવિધિ અને રાત્રે ૮કલાકે આખરી અલવિદા કાર્યક્રમ યોજાશે. જોગાનુજોગ પૂ. જયેશચંદ્રજી મ. સા. ની સંયમ રજત જયંતિ શનિવારના હોવાથી સોનામાં સુંગધ ભળી છે.

પાળિયાદની ભૂમિમાંથી પૂ. જેચંદ્રજી મ.સા., આચાર્ય પૂ. નવીનચંદ્રજી મ.સા., પૂ. જયેશચંદ્રજી મા., પૂ. ગુણવંતીજી મ. સ., પૂ. વસુમતીજી, પૂ. રંજનજી મ.સ., પૂ. સુશીલાજી મ. સ., પૂ. રક્ષાજી મ.સ., પૂ. રોશનીજી મ.સ., પૂ. ચાંદનીજી મ. સ., પૂ. સુપ્રજ્ઞાજી મ. સ. એ સંયમ અંગીકાર કરેલ છે.

કાલે તા. ૨ને રવિવારે સવારે ૮ઁ૧૫ કલાકે, દીક્ષા શોભાયાત્રા અને ૯ઁ૧૫ કલાકે દીક્ષા વિધિનો પ્રારંભ થશે. ભાવિકોને દીક્ષા પ્રસંગે ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.(૩૮.૧૪)

ડાકોર ટેમ્પલ કમિટીનો વધુ એક મોટો નિર્ણય; આરતી વખતે વારાદારી સિંહાસન પર ઉભા નહીં રહે

પ્રથમ વખત ઠાકોરજીની આરતીનું સ્થળ બદલાશે

હવેથી સિંહાસન તેમજ પાટિયા પર ન ઉભા રહેતા નીચેથી સન્મુખ ઉભા રહીને વારાદારીઓએ આરતી ઉતારવાની રહેશે

ખેડા તા.૧: વારંવાર વિવાદોમાં રહેવા ટેવાયેલ ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા વધુ એક નિર્ણય લેવામાં આવ્યો છે. ઈતિહાસમાં પ્રથમ વાર ઠાકોરજીની આરતીનું સ્થળ બદલાશે. જી હા... આરતી સમયે કોઈપણ વારાદારી સિંહાસન કે તેના પાટિયા પર ઉભા નહીં રહી શકે તેવો ફરમાન જાહેર કરાયું છે. તા.૦૧ માર્ચથી આ નિર્ણયની અમલવારી થશે. ડાકોર રણછોડરાયજી મંદિરમાં દિવસ દરમિયાનના તમામ ભોગો સમયે થતી આરતી માટે આ નવો નિર્ણય લાગુ પડશે. હવેથી સિંહાસન તેમજ પાટિયા પર ન ઉભા રહેતા નીચેથી સન્મુખ ઉભા રહીને વારાદારીઓએ આરતી ઉતારવાની રહેશે.

૨૨/૧૧/૨૪ ના રોજ મંગળા આરતી સમયે તપોધન વારાદારીનો ખેસ સળગવાની ઘટના બની હતી. જે બાબતનો વિડીયો સામે આવ્યો હતો. વીડિયોમાં સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું છે કે બાજુમાં ઊભા રહેલા વારાદારી જો નીચે ખસી ગયા હોત તો આ ઘટના ન ઘટી હોય. આરતી ઉતારનાર વારાદારીએ જોડે ઊભા રહેલા વારાદારીને ખસવાનું કહ્યું પરંતુ જોડે ઊભા રહેલા વારાદારી ખસ્યા નહીં. જેને લઈ ડાકોર ટેમ્પલ કમિટીની ૧૦/૧૨/૨૪ ની મિટીંગમાં આ અંગે ઠરાવ કરાયો હતો, જેનો ૧ માર્ચ શનિવારથી અમલ કરાશે.

જો ભગવાન સન્મુખ ઉભા રહી વારાદારી આરતી ઊતારે તો ભક્તોને રણછોડજીના દર્શનમાં મુશ્કેલી થઈ શકે છે. તમને જણાવી દઈએ કે, આરતી માટે ડાકોર ટેમ્પલ કમિટીએ પોલીસ બંદોબસ્ત માંગ્યો છે.(૩૮.૭)

ખેડાના કલેકટર અમિત પ્રકાશ યાદવને જન્મદિન મુબારક



રાજકોટઃ ખેડાના જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવ (આઈ.એ.એસ. ૨૦૧૩)નો જન્મ તા. ૧ માર્ચ ૧૯૮૭ના દિવસે થયેલ. આજે ૩૯માં વર્ષના દ્વારે પહોંચ્યા છે. તેઓ મુળ ઉતરપ્રદેશના વતની છે. ભૂતકાળમાં ભાવનગરમાં તાલીમી સમયગાળો પૂર્ણ કર્યા બાદ ભરૂચમાં મદદનીશ કલેકટર, આણંદમાં જિલ્લા વિકાસ અધિકારી, રાજયમાં પ્રાદેશિક નગરપાલિકા કમિશનર, નવસારીમાં કલેકટર વગેરે પદ પર રહી ચુકયા છે.

ફોન નં.૦૨૬૮-૨૫૫૩૩૩૪ મો.૯૯૭૮૪ ૦૬૨૧૨ નડીયાદ.(૨.૨૫)

રાજકોટ ડેરી દ્વારા દૂધ ઉત્પાદકોને લાભઃ ખરીદભાવમાં રૂા.૧૦ વધ્યા

રાજકોટ તા.૧: દૂધ સંઘનાં અધ્યક્ષશ્રી ગોરધનભાઈ ધામેલીયા અને નિયામક મંડળના સભ્યો દ્વારા સંઘ સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક હિતોને ધ્યાનમાં રાખીને દૂધ ઉત્પાદકોને આર્થિક રીતે મદદ થવાનાં ઉદેશથી સંઘનાં નિયામક મંડળે પ્રતિ કિલો ફેટે રૂા. ૧૦/- નો ભાવ વધારો કરીને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૭૮૦/- કરવા નિર્ણય નક્કી કરેલ છે.

અત્યારે દૂધ મંડળીઓને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૭૭૦/- ચુકવવામાં આવી રહયો છે. દૂધ સંઘ દ્વારા તા. ૦૧/૦૩/ ૨૦૨૫ થી દૂધ મંડળીઓને પ્રતિકિલો ફેટે રૂા. ૭૮૦/- ચુકવવામાં આવશે અને દૂધ મંડળીઓ તેના દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા. ૭૭૫/- ચુકવશે. આ નિર્ણયથી દૂધ સંઘ સાથે જોડાયેલ ૫૦ હજારથી વધારે દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો થશે. તેમ ગોરધનભાઈ ધામેલીયા જણાવે છે.(૩૮.૧૬)

રાજકોટ એઇમ્સ હોસ્પિટલના નવા ડે. ડાયરેકટર તરીકે ચાર્જ સંભાળતા કર્નલ અંકુર પ્રતાપસિંહ

રાજકોટઃ અહિંની એઈમ્સ હોસ્પિટલમાં નવા ડેપ્યુટી ડાયરેકટર કર્નલ અંકુર પ્રતાપસિંહે ચાર્જ સંભાળ્યો હતો.આ તકે કલેકટરશ્રી પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદ અને ડી.એચ.ઓ.એ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ મુલાકાત વેળાએ કલેકટરશ્રીએ આર્ટિફિશીયલ ઈન્ટલિજન્સ દ્વારા હેલ્થકેર ફેસિલિટી આપવા અને સંશોધન પર ભાર મૂકયો હતો. હોસ્પિટલમાં તમામ વિભાગો અને અદ્યતન બિલ્ડીંગની મુલાકાત કરી હતી.એઈમ્સમાં ઉપયોગી વિવિધ સાધનો, દવાઓનો સ્ટોક તેમજ અદ્યતન ટેકનોલોજીથી સજજ સુવિધાઓ સહિતની જાણકારી અધિકારીઓએ મેળવી હતી.અને વધુને વધુ સારું કાર્ય થાય તે બદલ અભિવાદન પાઠવવામાં આવ્યું હતું.(૩૮.૧૭)

હાજાબાપા ધામ-લૈયારા ખાતે દ્વારકાના પદયાત્રીઓ માટે સેવા કેમ્પ



સમસ્ત જુંજા પરિવાર દ્વારા પદયાત્રીઓ માટે રહેવા, જમવા, ન્હાવાની વ્યવસ્થા

રાજકોટ, તા.૧: ધુળેટી પર્વ પર અખિલ બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રી દ્વારકાધીશને શીશ નમાવવા દુર-દુરથી શ્રધ્ધાળુઓ પદયાત્રા કરી દ્વારકા આવે છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજકોટ-જામનગર હાઈવે ઉપર સમસ્ત જુંજા પરીવારના સુરાપુરા શ્રી હાજાબાપા ધામ-લૈયારા ખાતે પદયાત્રીઓ માટે રહેવા-જમવા-ન્હાવાની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જુંજા કુટુંબના સભ્યો તથા લૈયારાના ગ્રામજનો યાત્રિકો માટે ૨૪ કલાક ખડેપગે રહી ચા, પાણી,ઠંડા-પીણા, જમવાની વ્યવસ્થા કરે છે. શ્રી હાજાબાપાધામ ખાતે યાત્રિકોને પધારવા જુંજા પરીવારની એક યાદીમાં જણાવાયું છે. (૩૬-૫)

રાજકોટ માર્કેટીંગ યાર્ડ (અનાજના ભાવ)

અનાજ	ન્યુનતમ	મહત્તમ	અનાજ	ન્યુનતમ	મહત્તમ
કપાસ બી.ટી.	૧૨૫૦	૧૪૮૪	મગફળી જીણી	૯૬૦	૧૨૦૦
ઘઉં લોકવન	૫૧૭	૫૫૪	તલી	૧૮૦૦	૨૪૦૦
ઘઉં ટુકડા	૫૫૦	૫૯૪	એરંડા	૧૨૦૫	૧૨૩૩
જુવાર સફેદ	૭૦૦	૯૭૦	સોયાબીન	૭૪૧	૭૮૯
જુવાર લાલ	૧૦૦૦	૧૧૫૦	સીંગફાડા	૧૦૭૦	૧૩૩૦
બાજરી	૪૦૦	૪૬૮	કાળા તલ	૩૭૦૦	૫૩૨૧
તુવેર	૧૩૨૧	૧૪૮૦	લસણ	૮૫૦	૧૫૨૦
ચણા પીળા	૯૫૦	૧૦૬૦	ધાણા	૧૧૫૦	૧૯૪૦
ચણા સફેદ	૧૧૦૦	૧૮૫૦	મરચા સુકા	૯૫૦	૨૫૦૦
અડદ	૧૨૫૦	૧૫૧૦	ધાણી	૧૧૮૦	૨૪૧૧
મગ	૧૩૧૦	૧૮૦૦	વરીયાળી	૧૩૫૦	૧૫૧૫
વાલ દેશી	૭૦૦	૧૨૦૫	જીરૂ	૩૫૭૫	૪૨૫૦
ચોળી	૧૧૪૫	૨૦૯૦	રાય	૧૦૦૫	૧૩૦૦
વટાણા	૧૨૫૦	૧૬૧૫	મેથી	૯૫૦	૧૩૭૦
મગફળી જાડી	૯૨૦	૧૧૨૫	રાયડો	૯૫૦	૧૦૬૦

જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના **અમરેલી** જીલ્લાના **બગસરા** તાલુકાના **ગામ માવજીંજવાના રે.સ.નં.૨૫/૨ પૈકી ૧** ની જુની શરતની જરાયત પ્રકારની ખેતીની જમીન હે.આરે.ચો.મી.૨-૬૧-૦૨, **ધનજીભાઈ છગનભાઈ ચોવટીયાના નામે માવજીંજવા** ગામના ગામ નમુના નં.૮-અ ના ખાતા નં. ૧૨૮૦ થી સદરહું ખેડવાણ જમીન તેઓની માલીકી તથા કબ્જા ભોગવટાની આવેલ છે, સદરહું ખેતીની ખેડવાણ જમીન બોજા રહિત હોવાનુ જણાવતા તેઓ પાસેથી ખાલી કબ્જે મારા અસીલે સુથી આપી સંભવિત રીતે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

સદરહું ઉપરોકત ખેડવાણ જમીન કે તેના વેચાણ સંબધે કોઈનો કોઈપણ પ્રકારનો માલિકી, રસ્તા બાબત, લેણું કરજ, બોજો, ગીરો, ભરણપોષણ કે વારસાઈ હકક, હિત, હિસ્સો, દાવા-દુવી, સાટાખત કે વેચાણ સંબધીત કોઈપણ કરાર, ચુકતે અવેજની પહોંચ કે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો **દિવસ-૧૦(દસ)** માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર-પુરાવા સાથે જાણ કરવી, જો નિયત સમયમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહી આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોય તો તે સ્વૈચ્છાએ જતો (ષ્ષ્ત્સ્ર) કરેલ છે તેમ સમજી મારા અસીલ શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે સદરહું ખેડવાણ જમીન ખરીદ કરવા અંગેની કાર્યવાહી પુર્ણ કરશે, ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ જેની આથી લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી. ગોડલ, તા.૦૧/૦૩/૨૦૨૫ **તે મારા અસીલની સુચના તથા ફરમાઈશથી**

રાહુલ વી. વેકરીયા એડવોકેટ

એફ-૧૦૭, કૈલાશ કોમ્પલેક્ષ, બસ-સ્ટેશન રોડ, ગોંડલ મો. નં. ૮૫૧૧૧ ૩૧૪૨૧

પ.અરજી નં.૦૧/૨૦૨૫ તા. ૨૨-૦૧-૨૦૨૫

શ્રી અમરદાસ બટુકદાસ સરપદડીયા(રજી. એડી)
રે.માટેલ ચોક,ક્રિષ્ના પાર્ક-૩, રામેશ્વર નગર, જામનગર ...અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી, (રજી.એડી)
જન્મ - મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, મોટા વડાળા, તા.કાલાવડ, જી. જામનગર ...સામાવાળા

-: નોટીસ :-

આથી જાહેર જનતા, આગેવાન તથા લાગતી વળગતી સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, સંસ્થા ટ્રસ્ટ, શાળા, કોલેજ ઈત્યાદી શૈક્ષાણીક તેમજ સામાજીક સંસ્થા સહીત તમામને આ નોટિસથી ખબર આપવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલ અરજદારએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી પરચુરણ અરજી જન્મ / મરણ નોંધણીની કલમ ૧૩ (૩) લાવી અરજદારશ્રી **શ્રી અમરદાસ બટુકદાસ સરપદડીયા** ના પિતા **બટુકદાસ કેશવદાસ સરપદડીયાનું** અવસાન તા.૦૪/૦૩/૨૦૨૩ના રોજ મોટા વડાળા ગામ, તા.કાલાવડ, જી. જામનગર મુકામે થયેલ છે જેથી સદરહુ અરજીમાં જણાવેલ નામ સરનામાવાળા અરજદારને મરણનો દાખલો સામાવાળાની કચેરી તરફથી કાઢી આપવામાં આવે તે સબંધીત કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર રહેલ હોય, તો તે ઈસમ કે સંસ્થા કે કચેરી જવાબદાર વ્યકિતએ જાતે અથવા તો તેમના પ્રતિનિધિ, મુખત્યાર કે વકિલ મારફતે સદરહુ નકકી કરેલ મુદત તારીખ ૦૮ /૦૪/૨૦૨૫ ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકે આધાર પુરાવા સાથે અચૂક હાજર રહેવું, મુદત હરોળ દરમ્યાન કોઈ હાજર રહે નહી કે કોઈ લેખીત રજુઆત રજુ ન થયેથી આ અરજીની હકીકત બાબત કાંઈ કહેવું નથી તેમ સમજી અત્રેની કોર્ટ તરફથી આ અરજીનો ન્યાયિક નિકાલ કરવામાં આવશે જેની દરેકે નોંધ લેવી.

આ નોટીસ આજરોજ તા.૨૨/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવે છે.

(કોર્ટનો સિક્કો) **સહી અવાચ્ય**
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,કાલાવડ

પ.અરજી નં.૭/**RFMS-320250067286**/ ૨૦૨૫ તા. ૦૬/૦૨/૨૦૨૫

કંચનબેન હીરાભાઈ રાઠોડ
-વા. ઓફ દેવજીભાઈ ચાંડપા (રજી. એડી)
રે. આંબેડકરકોલોની કાલાવડ . તા. કાલાવડ જી.જામનગર
...અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી, (રજી.એડી)
જન્મ - મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, ખાનકોટડા ગ્રામ પંચાયત,તા.કાલાવડ, જી. જામનગર
...સામાવાળા

-: નોટીસ :-

આથી જાહેર જનતા, આગેવાન તથા લાગતી વળગતી સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, સંસ્થા ટ્રસ્ટ, શાળા, કોલેજ ઈત્યાદી શૈક્ષણિક તેમજ સામાજીક સંસ્થા સહિત તમામને આ નોટિસથી ખબર આપવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલ અરજદારએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી પરચુરણ અરજી જન્મ / મરણ નોંધણીની કલમ - ૧૩ (૩) લાવી **અરજદારશ્રી કંચનબેન હિરાભાઈ રાઠોડ વા. ઓફ દેવજીભાઈ ચાંડપાનો** જન્મ તા.૦૧/૦૧/૧૯૬૪ ના રોજ ખાનકોટડા ગામ, તા.કાલાવડ, જી. જામનગર મુકામે થયેલ છે જેથી સદરહુ અરજીમાં જણાવેલ નામ સરનામાવાળા અરજદારને જન્મનો દાખલો સામાવાળાની કચેરી તરફથી કાઢી આપવામાં આવે તે સબંધિત કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર રહેલ હોય, તો તે ઈસમ કે સંસ્થા કે કચેરી જવાબદાર વ્યક્તિએ જાતે અથવા તો તેમના પ્રતિનિધિ, મુખત્યાર કે વકિલ મારફતે સદરહુ નક્કી કરેલ મુદત તારીખ ૨૨/૦૪/૨૦૨૫ ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકે આધાર પુરાવા સાથે અચૂક હાજર રહેવું, મુદત હરોળ દરમ્યાન કોઈ હાજર રહે નહી કે કોઈ લેખીત રજુઆત રજુ ન થયેથી આ અરજીની હકીકત બાબત કાંઈ કહેવું નથી તેમ સમજી અત્રેની કોર્ટ તરફથી આ અરજીનો ન્યાયિક નિકાલ કરવામાં આવશે જેની દરેકે નોંધ લેવી.

આ નોટીસ આજરોજ તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવે છે.

(કોર્ટનો સિક્કો) **સહી અવાચ્ય**
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,કાલાવડ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ મોજે ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૨૫ પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૬ ની જમીન ચો.મી.આ. ૭૨૪-૦૬ માંહેથી ટી.પી.રોડમાં કપાત થતી જમીન ચો.મી.આ. ૧૪-૭૦ બાદ કરતા બાકી રહેતી જમીન ચો.મી.આ. ૭૦૯-૩૬ ઉપર બાંધવામાં આવેલ ''સમન્વય સુલભ'' માંહેથી વિંગ-બી માંહેના થર્ડ ફલોરમાં આવેલ ફલેટ નં. ૩૦૩ જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૩૪-૩૮૭ જે શ્રી રીકલ પ્રવીણભાઈ ગોવાણીની સુવાંગ માલીકી અને સંપુર્ણ કબજા ભોગવટાનો આવેલ છે. અને સદરહું ફલેટ તેઓની પાસેથી અમારા અસીલએ ખરીદ કરવા નકકી કરેલ છે. તો ઉપરોકત ફલેટની માલીકી બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લેણું, કરજ, બોજો અને ભરણ પોષણ કે લીયનનો કે સદરહું ફલેટના ટાઈટલ અંગે કોઈને કોઈપણ જાતનો વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ ૮ (આઠ) માં લેખીત આધાર પુરાવા સાથે નીચે લખેલ સરનામે જાણ કરવી, મુદત વિત્યે કોઈનો વાંધો તકરાર નથી, અને જો હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદરહું ફલેટ પરત્વેના વેચાણ, વહેવારો પુર્ણ કરી, સદરહું ફલેટનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદના કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલને કે તેમના હકક હિત હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ:- રાજકોટ તારીખ:-૦૧-૦૩-૨૦૨૫

આશુતોષ એમ. વસાવડા
મહેશ આર. સખીયા
દિવ્યેશ કે. રાઠોડ
પ્રવિણ જી. પરમાર
આરદિપ બી. બુસા
પંકજ બી. પાંભર
પિયુષ જી. સખીયા
(એડવોકેટસ)

કિશોર આર. સખીયા
(એડવોકેટ)

ઓફીસ:- ધ મીલેનીયમ, ૫૦૮, પાંચમો માળ
નાના મવા સર્કલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ

જાહેર નોટીસ કમ ચેતવણી

અમો નીચે સહી કરનાર ઉપીન જે. ભીમાણી તે દેવેન વિનોદચંદ્ર ખીમાણીના એડવોકેટ દરજ્જે આ જાહેર નોટીસ કમ ચેતવણી આપીને લાગતા-વળગતાં તેમજ અન્ય પરિવારના સભ્યોને જાણ કરીએ છીએ કે,

મારા અસીલ દેવેન વિનોદચંદ્ર ખીમાણી રાજકોટ શહેરમાં ઘણા વર્ષો થયા તેના પરિવાર સાથે રહે છે અને તેઓ સ્વતંત્ર ધંધો-વ્યવસાય કરે છે. મારા અસીલના પિતાશ્રી વિનોદચંદ્ર ખીમાણી કે જે વેરાવળ મુકામે રહે છે અને તેમને મારા અસીલ દેવેન ઉપરાંત પાર્થ એમ કુલ બે સંતાનો છે. બન્ને સંતાનો સને-૧૯૯૫ થી અલગ રહે છે અને પોત-પોતાનો ધંધો-વ્યવસાય રાજકોટ મુકામે કરે છે. એ રીતે મારા અસીલને તેમના ભાઈ પાર્થ સાથે કોઈપણ પ્રકારે ધંધાકીય કે અન્ય સામાજીક રીતે પણ કોઈ જાતનો સંબંધ કે વ્યવહાર છે નહિં અને પાર્થ તથા તેનો પરિવાર રાજકોટ મુકામે અલગ રહીને ધંધો-વ્યવસાય કરે છે તેમજ તે રીતે મારા અસીલ અને પાર્થ વર્ષો થયા સામાજીક રીતે પણ અલગ-અલગ સંબંધો ધરાવે છે. પરંતુ પાર્થે કરેલ કોઈપણ જાતના ધંધા કે વ્યવસાયમાં મારા અસીલ દેવેનનો કોઈપણ પ્રકારે ઈન્વોલમેન્ટ કે જવાબદારી હતી નહિં કે છે નહિં. જેથી આ જાહેર નોટીસ કમ ચેતવણી આપીને તમામ લાગતા-વળગતાંને જાણ કરવાની કે, ''પાર્થ'' ને લગતા કોઈપણ હિસાબો કે આર્થિક વ્યવહારોમાં મારા અસીલ દેવેન કે તેના પરિવારની કોઈપણ પ્રકારની જવાબદારી રહેતી ન હોય, કોઈએ તે અંગે મારા અસીલ દેવેનને કે તેના પરિવારના કોઈપણ સભ્યોને માનસિક કે સામાજીક રીતે ત્રાસ થાય તે રીતનું મેસેજ, ફોન કોલ્સ કે રૂબરૂ આવીને પણ હેરાન કરવા નહિં અને જો તેમ કરવામાં આવશે તો મારા અસીલ દેવેન સલાહ મળ્યા મુજબ તે ઈસમો સામે સીવીલ તેમજ ફોજદારી રાહે પગલા ભરશે તેવી આ જાહેર નોટીસ કમ ચેતવણી દ્વારા જાહેર જનતાને દેવેન વિનોદચંદ્ર ખીમાણી તથા તેમના પરિવાર તરફથી જાણ કરીએ છીએ. જેની સર્વેએ નોંધ લેવી.

રાજકોટ. તા. ૦૧-૦૩-૨૦૨૫. અમારા મારફત

ઉપીન જે. ભીમાણી
-એડવોકેટ હાઈકોર્ટ

૨૦૫, ઉમેશ કોર્મશીયલ કોમ્પલેક્ષ, ચૌધરી હાઈસ્કુલની બાજુમાં, રાજકોટ.
મો. નં. ૯૪૨૮૧-૯૬૯૮૬
મારી સુચનાથી શ્રી દેવેન વિનોદચંદ્ર ખીમાણી

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, શ્રી મારૂતીયુવા ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મવડી બાયપાસ રોડ, રાજકોટ હોય જેનાં નામ અને સરનામા ફેરફાર અંગેના પેટાનિયમ સુધારા અંતર્ગત નવું નામ **શ્રી અયોધ્યા ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી. રાજકોટ, તથા સરનામું આર.કે.એમ્પાયર, ૧લો માળ, શો-રૂમ નં-૧૦૪/૧૦૫, ૧૫૦ ફૂટ રિંગ રોડ, મવડી ચોકડી, રાજકોટ રહેશે.** જે સુધારવા અમોએ પેટા કાયદા સુધારવાની દરખાસ્ત કરેલ છે. આ નામ અને સરનામાં ફેરફાર અંગે કોઈ પણ મંડળીને કોઈ વાંધો કે તકરાર હોય અને કોઈ રજુઆત કરવાની થતી હોય તો તે અંગે સક્ષમ અધિકારીશ્રી જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, ૧/૬ બહુમાળી ભવન, રાજકોટ સમક્ષ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭**માં કચેરી સમય દરમ્યાન મોકલી આપવા જણાવવામાં આવે છે. અન્યથા પ્રસ્તુત બાબતે કોઈ મંડળીને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી, તેમ માની યોગ્ય તે નિર્ણય કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી

સ્થળ: રાજકોટ ચેરમેન
તારીખ: ૦૧/૦૩/૨૦૨૫ **શ્રી મારૂતીયુવા ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી.**
રાજકોટ S.D

ગામ બાલસરની જમીનો ખરીદ કરવા અંગેની

જાહેર નોટીસ

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના ગામ બાલસર ના રે.સર્વે નંબર-૭૩ પૈકી ૩૦ પૈકી ૧ ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા ''વિશ્વા ગ્રીન'' તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પ્લોટ નંબર-૧ થી ૩૧, ૩૪ થી ૩૭, ૪૦ થી ૫૧, ૫૫ થી ૬૩, ૬૫,૬૬ ૭૦ થી ૯૮ ની એમ મળી કુલ જમીન ચો.મી.આ.૯૩૮૩-૫૨ શ્રી કુંવરબેન રઘાભાઈ ગમારાની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટામાં આવેલ છે. સદરહુ જમીનો શ્રી કુંવરબેન રઘાભાઈ ગમારા પાસેથી અમારા અસીલ ખરીદ કરવા ઈચ્છે છે.

સબબ સદરહુ જમીનોની માલિકી, ટાઈટલ કે કબજા પરત્વે કોઈના કોઈપણ પ્રકારના હક્ક, અગ્રહકક, હિત, હિસ્સા, લાગભાગ, દરદાવા, ભરણ પોષણનો હકક, વારસાઈ હકક કે અન્ય કોઈપણ પ્રકારના હકક કે વાંધા તકરારો હોઈ તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખ થી દિવસ-૮ માં અમારી ઓફીસે લેખીત રજુઆત આધાર પુરાવા સાથે કરવી.સદરહુ મુદત દરમ્યાન જો કોઈના વાંધા તકરાર નહિં આવે તો અમારા અસીલ સદરહુ જમીનો પરત્વે ના વેચાણ વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરારો અમારા અસીલને શુદ્ધબુદ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિં જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ.
તા.૧/૦૩/૨૦૨૫

દિવ્યેશ ડી. કલોલા મેહુલ આર. ઝાપડા
એડવોકેટસ
૩૦૨-૩૦૩ અક્ષર ચેમ્બર્સ, રજપુતપરા મેઈન રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામ ને જાણ કરવામાં આવે છે કે, **અમરેલી જીલ્લાના કુંકાવાવ વડીયા તાલુકાના જીથુડી ગામ** ના રેવન્યુ રેકર્ડ ના ખાતા નંબર-૮૩૭માં લખી વિગતે જીથુડી ગામની પીયત ની સીમની જમીનના સર્વે નંબર-૨૦ ખેતરનામે રાજગરવાળુ હેકટર ૩-૮૯-૫૧ વાળો નંબર શ્રી અશોકભાઈ લખમણભાઈ હીરપરા પાસેથી **શ્રી નિતીનકુમાર વિનુભાઈ આસોદરીયા** એ કુંકાવાવ-વડીયા સબ.રજી.દ.અનું.નંબર-૪૩૩ તારીખ.૦૨/૦૫/૨૦૨૪ ના રોજ વેચાણ રાખેલ છે જે સર્વે નંબર તેમના સ્વતંત્ર કબજા ભોગવટાનો તેમની માલીકી હકકનો આવેલ છે તે સર્વે નંબર તેઓની પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે જેથી તે સર્વે નંબર પરત્વે કોઈનો કોઈપણ પ્રકાર નો ટાઈટલ સબંધે કબજા સબંધે કે કાંઈપણ લાગભાગ, હકક, હિત,હિસ્સો, બક્ષીસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ,ગીરો બોજો કે કોઈપણ બેંક કે સહકારી સંસ્થા કે મંડળી કે પ્રાઈવેટ ફાયનાન્સ નું લેણું હોય કે અન્ય કોઈપણ લેણુ હોય કે ઉતરોતર ટાઈટલ રસબંધે કે ગાડા મારગ હકક અંગે કે ઈઝમેન્ટ રાઈટ સબંધે અન્ય કોઈપણ પ્રકાર નો વાંધો તકરાર દરદાવો હોય કોઈ રીતે વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે થી **દિવસ દસ (૧૦)** માં અમોને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર આવશે નહિ તો આ સર્વે નંબર માં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે દરદાવો નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ સમજી અમારા અસીલ તે સર્વે નંબર નો પાકો રજીસ્ટર દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિ જેની તમામ એ નોંધ લેવી.

ગોંડલ. ,તારીખ: ૧-૩-૨૦૨૫

હિરલકુમાર જે. રૈયાણી
કિર્તિકુમાર જે. રૈયાણી
બી.એ.એલએલ.બી.(એડવોકેટસ)
ઠે.C/o. મોહનલાલ ડોસાભાઇ પટેલ
તાલુકા સ્કુલ સામે, ગુલમહોર રોડ, ગોંડલ મો. ૯૮૭૯૩ ૧૦૧૬૩

કિર્તી જે. રૈયાણી
(એડવોકેટ)

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામને જાણ કરવાની કે રાજકોટ તાલુકાના મોજેગામ વાજડી(વિરડા)ના રેવન્યુ સર્વે નં.૮૪/૧ પૈકીની જમીન એકર ૫-૦૦ ગુંઠાના રહેણાંકના હેતુ માટેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરી વાળા ''ડ્રાઈવ ઈન પાર્ક'' તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૪ ની જમીન ચો.મી.આ.૧૬૮-૬૧ વાળી ખુલ્લી જમીન કે જે **શ્રી વિક્રમભાઈ હિરાભાઈ મૈયડએ તેમના જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનું.નં. ૬૧૩૪,તા.૧૯-૧૨-૨૦૧૮ ના રોજથી શ્રી નિકુંજભાઈ વિઠલભાઈ અકબરી** વિગેરે પાસેથી ખરીદ કરેલ છે. ત્યારથી સદરહું પ્લોટ મારી સ્વતંત્ર માલીકી, કબ્જા, અને ભોગવટાનો આવેલ છે. ઉપરોકત પ્લોટ અમારા અસીલ તેઓની પાસેથી અવેજ ચુકવી ખાલી કબજે ખરીદ કરવા માંગે છે.

ઉપરોકત પ્લોટ નં. ૪ ની જમીનના માલીકી બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લેણું, કરજ, બોજો અને ભરણ પોષણ કે લીયનનો કે સદરહું જમીનના ટાઈટલ ડીડસ અંગે કોઈને કોઈપણ જાતનો વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ ૮ (આઠ) માં લેખીત આધાર પુરાવા સાથે નીચે લખેલ સરનામે જાણ કરવી, મુદત વિત્યે કોઈનો વાંધો તકરાર નથી અને જો હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ સમજી સદરહું પ્લોટ પરત્વેના વેચાણ વહેવારો પુર્ણ કરી, સદરહું પ્લોટનો પ્રત્યક્ષ કબજો અમારા અસીલ સંભાળી લેશે. ત્યારબાદના કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલને હકક હિત હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા. ૧-૩-૨૦૨૫

સતિષ પી. મુંગરા એડવોકેટ મો. ૯૮૭૯૧ ૯૯૦૩૨
રોહિત પી. મુંગરા એડવોકેટ મો. ૭૦૧૬૧ ૮૪૭૦૪/૯૯૨૪૦ ૨૬૫૫૬

એ.એલ.ડાંગર, એમ.આર.બગડા - એડવોકેટસ
૧૦૨-બી, નક્ષત્ર-૨ કોમ્પલેક્ષ, કે.કે.વી. હોલની સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

રેરેસ્ટ ઓફ રેર કેસ

દિલ્હી કોર્ટે સગીરા પર દુષ્કર્મ બાદ હત્યા મામલે આરોપીને મૃત્યુદંડ ફટકાર્યો

નવી દિલ્હી, તા.૧: દિલ્હીની કોર્ટે ૨૦૧૯માં સગીરા પર બળાત્કાર અને હત્યા કેસમાં આરોપી પુરુષને મૃત્યુ દંડની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને સમાજ માટે જોખમ ગણાવતા કહ્યું છે કે આ અપરાધ રેરેસ્ટ ઓફ રેર કેટેગરીમાં આવે છે.

એડિશનલ સેશન્સ જજ બબિતા પુનિયાએ આરોપીના પિતા રામ સરનને પણ આજીવન કેદની સજા ફટકારી છે. સગીરાની હત્યામાં સાથ આપવા બદલ રામ સરનને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

કોર્ટે જણાવ્યું હતું કે આરોપી રાજેન્દરને સમાજમાંથી દૂર કરવો ખૂબ જ જરૂરી છે. તેને પોક્સો એક્ટ અને આઈપીસીની જોગવાઈઓ હેઠળ મૃત્યુ દંડની સજા ફટકારવામાં આવી છે.

રાજેન્દર અને તેના પિતાને આ કેસમાં ફેબ્રુઆરી, ૨૦૨૪માં દોષિત ઠેરવવામાં આવ્યા હતાં. સગીરા ૯ ફેબ્રુઆરી, ૨૦૧૯ના



રોજ લાપતા થઈ હતી. બે દિવસ પછી તેનો મૃતદેહ એક પાર્કમાંથી મળી આવ્યો હતો.

ચુકાદામાં જણાવવામાં આવ્યું હતું કે અપરાધના પ્રકાર અને નિર્દોષ બાળકોને આવા અધમ કૃત્યથી બચાવવા માટે દોષિતને કઠોર સજા આપવી જરૂરી છે.

કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે આ આરોપીએ અગાઉ પણ એક સગીર બાળાનું અપહરણ કર્યુ હતું.(૨૩.૨)

પ.અરજી નં. ૧૮/૨૯૨૩૫૭/ **e-tappal**/૦૨/૨૦૨૫ તા. ૨૪-૦૨-૨૦૨૫

શ્રી પ્રવિણભાઈ નથુભાઈ પરમાર(રજી. એડી)
રે.નાની વાવડી, તા.કાલાવડ જી.જામનગર . . .
અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી, (રજી.એડી)
જન્મ - મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, નાની વાવડી, તા.કાલાવડ, જી. જામનગર ... સામાવાળા

-: નોટીસ :-

આથી જાહેર જનતા, આગેવાન તથા લાગતી વળગતી સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, સંસ્થા ટ્રસ્ટ, શાળા, કોલેજ ઈત્યાદી શૈક્ષાણીક તેમજ સામાજીક સંસ્થા સહીત તમામને આ નોટિસથી ખબર આપવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલ અરજદારએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી પરચુરણ અરજી જન્મ / મરણ નોંધણીની કલમ - ૧૩ (૩) લાવી **અરજદારશ્રી પ્રવિણભાઇ નથુભાઇ પરમારના ભાઇ બધાભાઇ નથુભાઇ પરમારનું** અવસાન તા.૧૪/૦૫/૨૦૨૦ ના રોજ નાની વાવડી ગામ, તા.કાલાવડ, જી. જામનગર મુકામે થયેલ છે જેથી સદરહુ અરજીમાં જણાવેલ નામ સરનામાવાળા અરજદારને અવસાનનો દાખલો સામાવાળાની કચેરી તરફથી કાઢી આપવામાં આવે તે સબંધીત કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર રહેલ હોય, તો તે ઈસમ કે સંસ્થા કે કચેરી જવાબદાર વ્યકિતએ જાતે અથવા તો તેમના પ્રતિનિધિ, મુખત્યાર કે વકીલ મારફતે સદરહુ નકકી કરેલ મુદત તારીખ ૨૨ -૦૪-૨૦૨૫ ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકે આધાર પુરાવા સાથે અચૂક હાજર રહેવું, મુદત હરોળ દરમ્યાન કોઈ હાજર રહે નહી કે કોઈ લેખીત રજુઆત રજુ ન થયેથી આ અરજીની હકીકત બાબત કાંઈ કહેવું નથી તેમ સમજી અત્રેની કોર્ટ તરફથી આ અરજીનો ન્યાયિક નિકાલ કરવામાં આવશે જેની દરેકે નોંધ લેવી.

આ નોટીસ આજરોજ તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવે છે.

(કોર્ટનો સિક્કો) **સહી અવાચ્ય**
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,કાલાવડ

કોટડાસાંગાણી તાલુકાનાં મોજે ગામ વેરાવળનાં સર્વે નં.૨૦૯ નાં ઔદ્યોગીક હેતુનાં પ્લોટસ પૈકી પ્લોટ નં.૬ ની ખુલ્લી જમીન અંગે

જાહેર નોટીસ

આથી તમામને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ જીલ્લાનાં **કોટડાસાંગાણી તાલુકાનાં મોજે ગામ વેરાવળનાં રેવન્યુ સર્વે નં.૨૦૯ ની જમીન ઔદ્યોગીકનાં હેતુ માટે બીનખેડવાણ થતાં તેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનનાં પ્લોટસ પૈકી પ્લોટ નં.૬ ની જમીન ચો.મી.આ.૧૨૮૨-૫૦ પટેલ પુંજાભાઈ કાળાભાઈ એન્ડ કું ના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ અનુક્રમ નં.૬૫૩૨, તા.૦૯/૦૫/૨૦૦૮** નાં વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ. તે રીતે અને ત્યારથી ઉપરોકત પ્લોટની ખુલ્લી જમીન તેઓનાં કબ્જા ભોગવટા તથા માલીકી હક્કની આવેલ.

સદરહુ ઉપરોકત પ્લોટની ખુલ્લી જમીન તેઓનાં પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે. તો તે પ્લોટની ખુલ્લી જમીન પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે કોઈનો હકક, હીસ્સો, હીત, ભાગ કે દર-દાવો કે વારસાઈ હકક હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-(૮) આઠમાં** લેખીત આધાર પુરાવા સહિત નીચેના સરનામે અમોને જાણ કરવી જો ઉપરોકત મુદતમાં કોઈના પણ તરફથી વાંધા તકરાર આવશે નહી તો કોઈને વાંધો નથી અને હોય તો જતા કરેલ છે, તેમ સમજીને સદરહુ ઉપરોકત પ્લોટની ખુલ્લી જમીનનો અમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરી કબ્જો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના વાંધાઓ ચાલશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ
તા. ૧/૩/૨૦૨૫

લલીત એમ. કાલાવડીયા એડવોકેટ

લલીત એમ. કાલાવડીયા (એડવોકેટ)
૬૦૬, ''અનંત'', એચ.ડી.એફ.સી. બેંક સામે, કાલાવડ રોડ, રાજકોટ.
O.MO.NO. 73 83 506 606

RUDRA Publicity

જાહેર નોટીસ

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના **કોટડાસાંગાણી** તાલુકા ના ગામ **પીપલાણા** ના રેવન્યુ સર્વે નં.૨૯૧ ની ઓદ્યોગીક (ઓબ્નોકસીયસ તથા હેઝાર્ડસ સિવાયના) હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરી વાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૮ ની જમીન ચો.મી.આ.૬૩૧-૭૫ બરાબર ચો.વા.આ.૭૫૫-૫૭ વેચાણ દસ્તાવેજ અનું. નં.૨૮૮૫ તા.૨૩/૦૭/૨૦૨૧ ના રોજથી તથા પ્લોટ નં.૯ ની જમીન ચો.મી.આ.૫૨૫-૦૦ બરાબર ચો.વા.આ.૬૨૭-૯૦ વેચાણ દસ્તાવેજ અનું.નં.૧૫૧૪ તા.૨૯/૦૩/૨૦૨૨ ના રોજથી **શ્રી નીલેશભાઈ શામજીભાઈ કમાણી એ શ્રી વિશાલભાઈ નાથાલાલ અણદાણી તથા શ્રી હરેશભાઈ વિનુભાઈ પડારીયા** પાસેથી ખરીદ કરેલ છે અને ત્યારથી સદર મીલ્કત તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને સદરહું સ્થાવર મિલ્કત સંપુર્ણ રીતે બોજા રહીત તેમજ હાલની રેવન્યુ ઓર્થોરીટી ની તમામ જોગવાઈઓનું પાલન કરવાની શરતે ઉપરોકત મિલ્કત માલીક પાસેથી મારા અસીલ ખરીદ કરવા ઈચ્છે છે.

સદર મીલ્કત મારા અસીલના ખરીદ કરવા પરત્વે કે સદર મીલ્કત પરત્વે કે તેના ટાઈટલ સબંધે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો, દર, દાવો, પ્રાઈવેટ પેઢી, ફાયનાન્સ કે કોઈ બેંકનું લેણું, કરજ, ગીરો, બોજો કે વારસાઈ હકક કે કોઈ ભરણપોષણનો હકક કે કુલમુખત્યારનામાનાં હકક કે કોઈપણ જાતનો કે કોઈપણ પ્રકારનો વાંધો-તકરાર હોય તો **દિન-૮** માં નીચેના સરનામે લેખિતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. સદર મુદત દરમ્યાન જો કોઈનો વાંધો-તકરાર હોય અને રજુ કરવામાં આવશે નહી તો તેઓએ તેમના વાંધા-તકરાર જતા (WAIVર) કરેલ છે. તેમ માની મારા અસીલ શુધ્ધ બુધ્ધીના ખરીદનાર તરીકે આગળની કાર્યવાહીઓ હાથધરી વેચાણ દસ્તાવેજ અંગેની જરૂરી કાર્યવાહીઓ પુર્ણ કરી લેશે અને ત્યારબાદના વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા થશે નહી જેની આથી તમામ લાગતા વળગતાએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

રાજકોટ. તા.૦૧/૦૩/૨૦૨૫ -: અમારા મારફત :-

હિરેન એમ. શેઠ-એડવોકેટ
c/o. ''શેઠ એડવોકેટસ'',
૫-૬ રાજન બીલ્ડીંગ,
આઈ.સી.આઈ.સી.આઈ.બેંકની સામે,
મકકમ ચોક, ગોંડલ રોડ, રાજકોટ.
મો.નં.૯૮૨૪૨૧૪૦૬૯/
૯૯૦૪૨૦૦૫૫૯

હિરેન એમ. શેઠ
અમીત લોકવાણી / વિજયેન્દ્ર પટેલ / નંદિની આચાર્ય
(એડવોકેટસ)

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૮માં એડી. સિનિયર સીવીલ જજ એ.આર. સોની સાહેબની કોર્ટમાં દિ.પ.અ. નં. ૪૬૦/૨૦૨૫ ના કામમાં અરજદારો **શ્રી ચંદ્રેશભાઈ શરદભાઈ ઠાકર તથા શ્રી જીજ્ઞેશ શરદભાઈ ઠાકર** રહે. રાજકોટ. જેઓએ તેમના પિતા સ્વ. **શરદભાઈ ઉર્ફે શરદચંદ્ર કેશવલાલ ઠાકરના** નામની સ્થાવર મિલ્કત ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટનાં સબ-ડીસ્ટ્રીકટ રાજકોટનાં રાજકોટ શહેર (પશ્ચિમ) તાલુકાનાં હાલ રાજકોટ મ્યુનિ. કોર્પો. માં સમાવેશ થયેલ ગામ રૈયા-૩ ના રેવન્યુ સર્વે નં. ૧૯૮ પૈકીની બીનખેડવાણ જમીનના પ્લોટસ પૈકી ટી.પી.સ્કીમ નં. ૬(રૈયા) એફ.પી. નં. ૪૬૭ ના બીનખેતી પ્લોટ નં. ૫૧ પૈકી ઉતર તરફની જમીન ચો.વા.આ. ૨૬૩-૯૬ ઉપર આવેલ મિલ્કત **સ્વ. શરદભાઈ ઉર્ફે શરદચંદ્ર કેશવલાલ ઠાકરની** માલિકીની આવેલ છે. સદરહું પ્લોટ નં. ૫૧ પૈકી ઉતર તરફની જમીન ચો.વા.આ. ૨૬૩-૯૬ સહિતની મિલ્કત **શ્રી શરદચંદ્ર કેશવલાલ ઠાકર** એ રજીસ્ટર્ડ બક્ષીસ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૭૭૪ તા. ૧૨/૧૧/૧૯૭૬ થી **શ્રી કેશવલાલ મોહનલાલ ઠાકર** પાસેથી બક્ષીસ દસ્તાવેજથી ખરીદ કરી કબજો ભોગવટો સંભાળેલ છે. ત્યારબાદ ક્ષેત્રફળ અંગે ચુકસુધારા દસ્તાવેજ અનુક્રમ નં. ૬૫૫૬ તા. ૯/૧૦/૨૦૧૭ થી સુધારો કરેલ છે. જેની ગામ રૈયાના રેવન્યુ રેકર્ડ ગામ નમુનો નં. ૨, અનુક્રમ નં. ૫૨/૧૮૦ થી એન્ટ્રી પડેલ છે. જે અંગેનું હેરશીપ સર્ટીફિકેટ મળવા અંગે અરજદારોએ તેમનાં **વકીલ શ્રી સુમિત ડી. વોરા** મારફતે ઉપરોકત દિ.પ.અ. અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. સદરહું અરજી સંબંધે જેને વાંધો, તકરાર હોય, તેમણે મુદત તા. ૨-૪-૨૦૨૫ ના સવારના ૧૧:૦૦ કલાકે લેખિત વાંધા સાથે હાજર રહેવું. ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજરોજ તા.૨૮/૨/૨૦૨૫ના મારી સહી તથા સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
(પુષ્પરાજસિંહ એન. જાડેજા)
રજીસ્ટ્રાર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
(એન.આર. વ્યાસ)
રજીસ્ટ્રાર

ગામ સરધારકા રેવન્યુ સર્વે નં. ૧૧૪ તથા ૧૧૪ પૈકી ૧ ની ખેતીની ખેડવાણ જમીન અંગે

જાહેર નોટીશ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે, ગુજરાત રાજયના મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાનાં મોજે ગામ સરધારકાના રેવન્યુ સર્વે નં.૧૧૪ તથા ૧૧૪ પૈકી ૧ ની જુની શરતની જીરાયત પ્રકારની ખેતીની કુલ જમીન હે.આરે.ચો.મી.૩-૮૫-૪૭ ના ક્ષેત્રફળ વાળી જમીન અરવીંદભાઈ લાખાભાઈ સોલંકી તથા ખીમાભાઈ નારણભાઈ રામ ના સયુકત નામે આવેલ છે. જે અંગેના તેઓના નામે રેવન્યુ રેકર્ડઝ ગામ નમુના નં.૭, ૧૨,૮-અ ના ખાતા નં.૭૫૮ હકકપત્રક નં.૬ માં નોંધ નં.૨૬૪૮ થી નોંધાયેલ છે. તે રીતે અને ત્યારથી સદરહુ ખેડવાણ જમીન તેઓના કબજા ભોગવટાની આવેલ છે.

સદરહુ ઉપરોકત ખેતીની ખેડવાણ જમીન તેઓના પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માગે છે તો તે ખેતીની જમીન પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે કોઈનો હકક, હીસ્સો હીત ભાગ કે દર-દાવો કે વારસાઈ હકક હોય તો આ નોટીશ પ્રસીધ્ધ થયેથી દીવસ(૧૨) બારમાં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે અમોને જાણ કરવી. જો ઉપરોકત મુદતમાં કોઈના તરફથી વાંધા તકરાર આવશે નહી તો કોઈને વાંધો નથી અને આ હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ સમજીને સદરહુ ઉપરોકત ખેતીની જમીનનો અમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરીને તેનો કબજો સંભાળી લેશે.ત્યારબાદ વાંધાઓ ચાલશે નહી તેની સર્વે નોંધ લેવી.

તા.૦૧/૦૩/૨૦૨૫

ફારૂક એસ.ખોરજીયા

ઠે.કે-૨૦૪,સ્તુતી આંખની હોસ્પીટલ સામે, એસ.ટી.બસ ડેપો સામે, વાંકાનેર મો.નં.૯૭૨૩૭ ૩૫૫૩૧

ફારૂક એસ.ખોરજીયા
-એડવોકેટ

જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ કોટડા સાંગાણીના ગામ **રાજગઢ** ના **રેવન્યુ સર્વે નં.૬૦૩ (જુના રેવન્યુ સર્વે નં.૯૪/૮)** ની **''બોરડીવાડી નુ પડુ કટકી''** તરીકે ઓળખાતી જુની શરતની જરાયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન **હેકટર-૦, આરે-૫૨, ચો.મી.-૭૧** જેની **શ્રી વિપુલકુમાર જીવરાજભાઈ ઘેલાણી**ના નામની રેવન્યુ રેકર્ડ ઉતારામાં ગામ નમુના નં.૬ હકક પત્રકમાં નોંધ નં.૧૦૪૭ તથા ગામ નમુના નં.૮-અ માં **ખાતા નં.૩૮૦** થી તેઓની સ્વતંત્ર, માલીકી, તથા કબજા ભોગવટાની આવેલી છે. સદરહું ખેતીની ખેડવાણ જમીન **શ્રી વિપુલકુમાર જીવરાજભાઈ ઘેલાણી** પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

ઉપરોકત વર્ણનવાળી જમીન સબંધે કે તેના વેચાણ સંબંધે કોઈપણ વ્યકતી, પેઢી, મંડળી કે એસાઈનીઓ કે વારસદારો વિગેરેને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હકક, ભરણપોષણનો હકક, લેણુ, બોજો, ગીરો, લીયન, કે કોઈપણ જાતની જવાબદારી કે હકક, અધિકાર, ટાઈટલ ડીડઝ, સદરહું જમીન પરત્વે કોઈનો દરદાવો, લાગભાગ, કબજા હકક કે કોઈપણ અન્ય હકક જો હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં લેખીત આધાર પૂરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી મુદત વિત્યે આ જમીન પરત્વે કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું જમીન ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે. અને ત્યારબાદ કોઈપણ જાતના લેખીત કે મોખીક આધાર, પુરાવા સાથેના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ **અમારા મારફત-એડવોકેટસ**
તા. ૦૧-૦૩-૨૦૨૫
બજરંગ ઈન્ડ. એરીયા,
લીલાવંતી પાર્ટી પ્લોટની પાછળ,
કોઠારીયા રીંગ રોડ, રાજકોટ.
મો. નં. ૯૧૦૬૩ ૨૪૦૨૨

રવિ જી. ભાલિયા, જયોતિ એચ. ભુવા,

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫૫

જાહેર નોટીસ

અમો અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ આ જાહેર નોટીસ ધ્વારા જણાવીએ છીએ કે નીચે દર્શાવેલ લોન ખાતેદારોએ તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખા માંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે આ લોન ખાતેદારો લોનના હપ્તા નિયમિત રીતે ભરપાઈ ન કરતાં તેઓના ખાતા એન. પી. એ. થતાં તેઓને તેમજ તેમના જામીનોને ' ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ અસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ઈસ્યુ કરીને **૬૦ દિવસની** મુદતમાં તેઓએ લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઈ કરી જવા જણાવેલ પરંતુ ઉપરોકત લોન ખાતેદારો/તેમના જામીનો લોન લેતી વખતે તેઓએ આપેલ સરનામાં વાળી જગ્યા છોડી અન્યત્ર જતાં રહેલ હોય કે અન્ય કોઈપણ કારણસર ઉપરોકત નોટીસ તેઓને બજતી ન હોય આથી આ જાહેર નોટીસ ધ્વારા તેઓને જાણ કરવાની કે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ ૬૦ની** મુદતમાં તેમના ખાતે નિકળતી બેંકની બાકી લેણી રકમ ચડત વ્યાજ વિગેરે સાથે ભરપાઈ કરી જવી. જો આમ કરવામાં તેઓ નિષ્ફળ જશે તો ઉપરોકત કાયદાની જોગવાઈ પ્રમાણે બેંક પોતાનું લેણુ વસુલ કરવા તેઓની મિલ્કતો જપ્ત કરવા સહિતની આગળની કાર્યવાહી કરશે. જેની આ ખાતેદારોએ તેમજ તેમના જામીનોએ નોંધ લેવી.

ક્રમ નં.	શાખાનું નામ	ધિરાણનો પ્રકાર તથા ખાતા નંબર	ખાતેદારોના નામ તથા સરનામા	જામીનના નામ તથા સરનામા	ખાતુ એન.પી.એ. થયા તારીખ અને વ્યાજદર	બાકી રકમ	તારણમાં આપેલ મિલ્કતોનું ટુંકું વર્ણન
૧	સોરઠીયાવાડી શાખા (રાજકોટ)	લેન્ડ એન્ડ બિલ્ડીંગ લોન ખાતા નં. ૧૪૧/૬/૫૨૨૭ (SEC/4893)	**આસોડીયા નિતાબેન સંજયભાઈ,** ફલેટ નં. ૨૦૨, પ્રમુખરાજ પેલેસ–૨, પ્રમુખરાજ સોસાયટી શેરી નં.૩, જાગનાથ મહાદેવ મંદિર પાસે, કોઠારીયા, રાજકોટ ૩૬૦૦૦૨ **આસોડીયા નિતાબેન સંજયભાઈ,** ફલેટ નં. ૨૦૩, પ્રમુખરાજ પેલેસ–૨, પ્રમુખરાજ સોસાયટી શેરી નં.૩, જાગનાથ મહાદેવ મંદિર પાસે, કોઠારીયા, રાજકોટ ૩૬૦૦૦૨	(૧) **આસોડીયા સંજયભાઈ બાવાભાઈ,** ફલેટ નં. ૨૦૨, પ્રમુખરાજ પેલેસ–૨, પ્રમુખરાજ સોસાયટી શેરી નં. ૩, જાગનાથ મહાદેવ મંદિર પાસે, કોઠારીયા, રાજકોટ ૩૬૦૦૦૨ **આસોડીયા સંજયભાઈ બાવાભાઈ,** ફલેટ નં. ૨૦૩, પ્રમુખરાજ પેલેસ–૨, પ્રમુખરાજ સોસાયટી શેરી નં.૩, જાગનાથ મહાદેવ મંદિર પાસે, કોઠારીયા, રાજકોટ ૩૬૦૦૦૨ (૨) **મેનારીયા રાધાબેન પુરસોતમભાઈ,** "પ્રભુ શ્રીરામ", રામ રણુજા સોસાયટી શેરી નં.૩, કોઠારીયા રોડ, રાજકોટ ૩૬૦૦૦૩	૩૦/૧૧/૨૦૨૪ PLR-4.95% (8.80%)	(તા.૩૦/૧૧/૨૦૨૪) **મુદલ :** ૧૧,૫૧,૧૫૩–૦૦ **વ્યાજ :** ૧,૦૭,૫૯૨–૩૨ **અન્ય ખર્ચા :** ૧૧૯–૧૮ **કુલ બાકી :** ૧૨,૫૮,૮૬૪–૫૦	રાજકોટ શહેરની હદમાં સમાવેશ કરવામાં આવેલ ગામ કોઠારીયાના રેવન્યુ સર્વે નં. ૧ પૈકી ૧ ની રહેણાંક હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૬ તથા પ્લોટ નં. ૭ ની જમીનના સબ પ્લોટસ પૈકી સબ પ્લોટ નં. ૬+૭/૧ +૨+ ૩/૨ ની કુલ જમીન ચો.મી.આ. ૨૩૪–૮૩ ઉપર ઉભા ઈમલા વાળા રહેણાંક હેતુ માટેના "પ્રમુખરાજ પેલેસ–૨" ના નામથી ઓળખાતા બિલ્ડીંગ જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૪૬૭૨, તા.૧૩/૦૭/૨૦૨૨ નાં રોજ થી આસોડીયા નિતાબેન સંજયભાઈના નામે છે તે મિલ્કત.
૨	ભુપેન્દ્ર રોડ શાખા (રાજકોટ)	લેન્ડ એન્ડ બિલ્ડીંગ લોન ખાતા નં. ૧૪૧/૬/૨૭૦૮ & નાગરીક લઘુઉધોગ વેપાર લોન ખાતા નં. ૭૧૭/૨/૧૦૦૪ (SEC/4891)	**બારભાયા રાજેશ પ્રવિણચંદ્ર** "શિયાણી સદન", ગુંદાવાડી શેરી નં. ૧૮, મહેશ મંડપ સર્વિસની સામે, રાજકોટ ૩૬૦૦૦૨ **બારભાયા રાજેશ પ્રવિણચંદ્ર** બ્લોક નં. ૫, ફલેટ નં. એલ–૬૦, બીજો માળ, લક્ષ્મી પાર્ક, લક્ષ્મીવાડી કોલોની, રાજકોટ ૩૬૦૦૦૨	(૧) **પરમાર સંદીપ મહેન્દ્રભાઈ,** સોમનાથ સોસાયટી–૩, રણુજા મંદિર પાસે, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ ૩૬૦૦૦૨ **પરમાર સંદીપ મહેન્દ્રભાઈ** શ્રીરામ ફાયનાન્સ, મેહુલનગર શેરી નં.૨, રાજકોટ ૩૬૦૦૦૨ (૨) **મેવાડા ચેતના નિતિનભાઈ,** પ્રહલાદ પ્લોટ શેરી નં. ૯/૧૫, સંતોષ શેરી સામે, પ્રહલાદ પ્લોટ, રાજકોટ ૩૬૦૦૦૭ **મેવાડા ચેતના નિતિનભાઈ,** "અર્થ", સપના સોડા સામે, કેવડાવાડી મેઈન રોડ, રાજકોટ ૩૬૦૦૦૨	૩૦/૧૧/૨૦૨૪ PLR-3.95% (9.80%) & ૩૦/૧૧/૨૦૨૪ PLR-1.75% (12.00%)	(તા.૩૦/૧૧/૨૦૨૪) **મુદલ :** ૪,૦૮,૬૯૧–૦૦ **વ્યાજ :** ૫૩,૨૫૨–૬૪ **અન્ય ખર્ચા :** ૪૪–૮૪ **કુલ બાકી :** ૪,૬૧,૯૮૮–૪૮ & (તા.૩૦/૧૧/૨૦૨૪) **મુદલ :** ૨,૬૯,૪૦૦–૦૦ **વ્યાજ :** ૩૪,૯૬૫–૬૬ **અન્ય ખર્ચા :** ૪૦–૧૨ **કુલ બાકી :** ૩,૦૪,૪૦૫–૭૮	(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટ, સબ ડિસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૩૧૫, ૩૫૫૫/૧ વિગેરેમાં આવેલ લક્ષ્મીવાડી કોલોની (હાલમાં લક્ષ્મી પાર્ક) તરીકે ઓળખાતા વિસ્તારમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ૧૪૪–એલ.આઈ.જી. સ્કીમમાં બાંધેલ બ્લોક નં. ૫ માં બીજા માળે આવેલ ફલેટ નં. એલ–૬૦ જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૪૫–૩૨ છે તે ફલેટ જેના સીટી સર્વે વોર્ડ નં. ૯, સીટી સર્વે નં. ૮૦૫ પૈકી છે તે તેમજ ભવિષ્યના બાંધકામ સહિતની મિલ્કત જે રજી. વેચાણ દસ્તાવેજ નં. ૬૩૬, તા.૨૮/૦૧/૨૦૨૦ ના રોજ રાજેશ પ્રવિણચંદ્રભાઈ બારભાયાના નામે નોંધાયેલ છે તે મિલ્કત. (૨) બાકીદારનો માલ સ્ટોક, મશીનરી, ફર્નીચર, ફિકસચર્સ વગેરે.
૩	મવડી પ્લોટ શાખા (રાજકોટ)	નાગરીક લઘુઉધોગ વેપાર લોન ખાતા નં. ૭૧૭/૨/૧૫૨૮ (SEC/4890)	**ગોહીલ મનોહરસિંહ મહાવીરસિંહ** "ચામુંડાકૃપા", ૨–ઉદયનગર શેરી નં.૮, કારડીયા રાજપુત વાડીની પાછળ, મવડી, રાજકોટ	(૧) **ગોહીલ મહાવીરસિંહ ભરતસિંહ,** "ચામુંડાકૃપા", ૨–ઉદયનગર શેરી નં.૮, કારડીયા રાજપુત વાડીની પાછળ, મવડી, રાજકોટ (૨) **વાઘડીયા રામજીભાઈ હરીભાઈ** જય ખોડીયાર કૃપા, મહાદેવવાડી શેરી નં.૧, મેક્ષ બાવરેજની બાજુમાં, લક્ષ્મીનગર મેઈન રોડ, રાજકોટ	૩૦/૧૧/૨૦૨૪ PLR-1.75% (12.00%)	(તા.૩૦/૧૧/૨૦૨૪) **મુદલ :** ૨,૫૬,૦૧૧–૬૮ **વ્યાજ :** ૨,૧૮,૭૯૮–૦૦ **અન્ય ખર્ચા :** ૯૭–૨૬ **કુલ બાકી :** ૪,૭૪,૯૦૬–૯૪	(૧) ગુજરાત રાજયના ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં સમાવીષ્ટ કરવામાં આવેલ ગામ મવડીના રે.સર્વે નં.૧૧૫'/બી ના બીનખેતી પ્લોટસ પૈકી પ્લોટ નં.૩૩ પૈકીન જમીન ચો.મી.આ. ૪૯–૦૦ બરાબર ચો.વા.આ. ૫૯–૬–૦ ઉપર આવેલ ઉભા ઈમલાવાળા મકાન જેના રજી.વે.દ.અનું.નં.૪૯૧૪ તા.૫/૫/૧૯૯૨ થી ગોહીલ મહાવીરસિંહ ભરતસિંહના નામે છે તે મિલ્કત. (૨) બાકીદારનો માલ સ્ટોક, મશીનરી, ફર્નીચર, ફિકસચર્સ વગેરે.

તા. ૨૮-૦૨-૨૦૨૫, રાજકોટ

અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ., હેડ ઓફીસ, રિકવરી વિભાગ, રાજકોટ.

શાંતિ કરાર ખોરવાઇ જતા મેલોનીએ તાત્કાલીક સમિટની માગ કરી

તમે એકલા નથી... ટ્રમ્પ સાથેના ટકરાવ બાદ ઝેલેંસ્કીને મળ્યો યુરોપિયન નેતાઓનો ટેકો



નવી દિલ્હી,તા.૧:અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેંસ્કી વચ્ચે ઓવલ ઓફિસમાં શું થયું તે દુનિયાએ જોયું. ઝઘડા પછી શાંતિ કરાર ખોરવાઈ ગયો છે. વ્હાઈટ હાઉસ ખાતે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેંસ્કી વચ્ચે ગરમાગરમ ચર્ચા બાદ યુરોપિયન નેતાઓએ ઝેલેંસ્કીને ટેકો આપ્યો છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને રશિયાને આક્રમક ગણાવ્યું અને કહયું, 'રશિયા આક્રમક છે, અને યુક્રેન એક પીડિત રાષ્ટ્ર છે.' તેમણે એમ પણ કહયું કે યુક્રેન તેની ગરિમા, સ્વતંત્રતા, તેના બાળકો અને યુરોપની સુરક્ષા માટે લડી રહયું છે.

જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે ખાતરી આપી હતી કે યુક્રેન જર્મની અને યુરોપ પર આધાર રાખી શકે છે. સ્પેન અને પોલેન્ડના વડા પ્રધાનોએ પણ ઝેલેન્સકી સાથે એકતા વ્યક્ત કરતા કહયું, ''તમે એકલા નથી.''

યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને જવાબ આપ્યો,પ્રિય પ્રમુખ, તમે ક્યારેય એકલા નથી હોતા.તમારી ગરિમા યુક્રેનિયન લોકોની બહાદુરીનું સન્માન કરે છે. મજબૂત બનો, બહાદુર બનો, નિર્ભય બનો. અમે ન્યાયી અને કાયમી શાંતિ માટે તમારી સાથે કામ કરવાનું ચાલુ રાખીશું.

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયો મેલોનીએ યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપિયન રાજ્યો અને સાથી દેશો વચ્ચે તાત્કાલિક સમિટનું આયોજન કરવાની હાકલ કરી હતી જેથી આપણે આજના મહાન પડકારોનો સામનો કેવી રીતે કરવાનો ઈરાદો રાખીએ છીએ તે અંગે ખુલ્લેઆમ વાત કરી શકાય. નોર્વેના વડા પ્રધાન જોનાસ ગાહરે શુક્રવારે વ્હાઈટ હાઉસમાં બનેલી ઘટનાને ગંભીર અને નિરાશાજનક ગણાવી હતી.

આ ઘટના બાદ, યુએસ અધિકારીઓએ યુક્રેનને આપવામાં આવતી સહાયમાં સંભવિત છેતરપિંડી અને દુરુપયોગની તપાસ વધુ તીવ્ર બનાવવાનો નિર્ણય લીધો છે. એલોન મસ્ક અને તેમનો 'ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી' પહેલાથી જ આ બાબતોની તપાસ કરી રહ્યા હતા, પરંતુ હવે આ પ્રયાસોને ઝડપી બનાવવામાં આવશે.

ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે ઝેલેન્સકી પર યુનાઈટેડ સ્ટેટ્સનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો. તેથી ટ્રમ્પે યુક્રેનિયન રાષ્ટ્રપતિને ઘણી વખત અટકાવ્યા અને ઠપકો આપ્યો. ટ્રમ્પે ઝેલેંસ્કી પર ત્રીજા વિશ્વયુદ્ધ પર જુગાર રમવાનો પણ આરોપ લગાવ્યો.આ પછી, ગુસ્સે ભરાયેલા ઝેલેંસ્કીને ઝડપી પગલાં સાથે બહાર નીકળતા જોવામાં આવ્યા.(૨૩.૧૭)

કેરળ હાઇકોર્ટની મહત્વની ટિપ્પણી

જાતીય સતામણીમાં પુરૂષોને ફસાવવાની જાણે ફેશન : મહિલાની દરેક વાત સાચી ગણવી યોગ્ય નથી

એક વ્યકિતને આગોતરા જામીન મંજુર કરતી વખતે કોર્ટની ટિપ્પણી

નવી દિલ્હી, તા.૧: એક મહત્વપૂર્ણ આદેશમાં, કેરળ હાઈકોર્ટે કહયું છે કે ફોજદારી કેસોમાં, ખાસ કરીને જાતીય ગુનાઓમાં, ફરિયાદી દ્વારા આપવામાં આવેલ દરેક નિવેદન સાચું છે તેવું માનવું ખોટું છે. કોર્ટે એમ પણ કહયું કે વર્તમાન સમયમાં આવા કેસોમાં નિર્દોષ લોકોને ફસાવવાની વૃત્તિ વધી ગઈ છે. જસ્ટિસ પીવી કુન્હીકૃષ્ણને એક મહિલા કર્મચારી દ્વારા જાતીય સતામણીના આરોપોનો સામનો કરી રહેલા એક પુરુષને આગોતરા જામીન આપતી વખતે આ વાત કહી.



કોર્ટે કહયું કે આ કેસમાં પોલીસે આરોપીની ફરિયાદની તપાસ કરી નથી જેમાં તેણે કહયું હતું કે નોકરીમાંથી કાઢી મૂક્યા પછી, મહિલાએ તેને દુર્વ્યવહાર કર્યો અને ધમકી આપી.

''ફોજદારી કેસની તપાસનો અર્થ ફક્ત ફરિયાદીના પક્ષની તપાસ જ નથી, પરંતુ આરોપીના કેસની પણ તપાસ થવી જોઈએ. ફરિયાદી એક મહિલા હોવાને કારણે, એવું માનવું યોગ્ય નથી કે તેનું દરેક નિવેદન સાચું છે. પોલીસ ફક્ત તેના નિવેદનના આધારે કાર્યવાહી કરી શકે નહીં. આરોપીના કેસની પણ ગંભીરતાથી તપાસ થવી જોઈએ,''કોર્ટે કહયું.

કોર્ટે એમ પણ કહયું કે આજકાલ એક ટ્રેન્ડ બની ગયો છે કે સ્ત્રીઓ પુરુષોને તેમના જાતીય સતામણીના આરોપો ખોટા હોવા છતાં પણ ફસાવે છે. જો પોલીસને લાગે કે મહિલા દ્વારા લગાવવામાં આવેલા આરોપો ખોટા છે તો તે ફરિયાદી સામે પણ કાર્યવાહી કરી શકે છે. કાયદો પણ એવું જ કહે છે.

કોર્ટે કહયું કે જો કોઈ વ્યક્તિને ખોટા આરોપોમાં ફસાવવામાં આવે છે, તો તેનું નામ, સમાજમાં પ્રતિષ્ઠા અને સ્થિતિને નુકસાન થઈ શકે છે. ફક્ત નાણાકીય વળતરથી તે પાછું મેળવી શકાતું નથી. કોર્ટે પોલીસ અધિકારીઓને સત્યની તપાસ કરતી વખતે સાવચેત અને સતર્ક રહેવાની સલાહ આપી હતી જેથી ગુનાના કેસોની તપાસ દરમિયાન કોઈ નિર્દોષ વ્યક્તિને નુકસાન ન થાય.

તમને જણાવી દઈએ કે મહિલાએ આરોપ લગાવ્યો હતો કે કંપનીના મેનેજરે જાતીય હેતુ માટે તેના હાથ પકડ્યા હતા. તે જ સમયે, આરોપીએ પોલીસમાં ફરિયાદ કરી હતી કે મહિલાએ તેને દુર્વ્યવહાર કર્યો અને ધમકી આપી. આ સંદર્ભમાં, તેમણે મહિલાના કથિત નિવેદનો પેન ડ્રાઈવમાં રેકોર્ડ કર્યા અને તેને પોલીસને સોંપી દીધા. કોર્ટે કહ્યું કે આ એક એવો કેસ હતો જેમાં તપાસ અધિકારી (IO) એ આરોપીની ફરિયાદની પણ તપાસ કરવી જોઈતી હતી. કોર્ટે આરોપીને તપાસ અધિકારી સમક્ષ પેન ડ્રાઈવ રજૂ કરવાનો આદેશ આપ્યો અને તપાસ અધિકારીને તેની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો.

કોર્ટે આરોપીને ૫૦,૦૦૦ રૂપિયાના વ્યક્તિગત જામીન અને બે સક્ષમ જામીનદારો પર જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. આ ઉપરાંત, આરોપીને તપાસમાં સહકાર આપવા, સાક્ષીઓને પ્રભાવિત કરવાનો કે ડરાવવાનો પ્રયાસ ન કરવાનો અને તપાસ અધિકારી દ્વારા બોલાવવામાં આવે ત્યારે હાજર રહેવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો.(૨૩.૧૯)

મધ્યપ્રદેશની સરકારી હોસ્પિટલમાં સનસનાટીભર્યો કિસ્સો...

ડિલિવરી પછી પાંચ મહિલાઓએ યાદશક્તિ ગુમાવી: ડોક્ટરો આશ્ચર્યચકિત

રેવા,તા.૧: મધ્યપ્રદેશના વિંધ્ય પ્રદેશની સૌથી મોટી હોસ્પિટલ ગાંધી મેમોરિયલ હોસ્પિટલમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શુક્રવારે અહીં સિઝેરિયન ડિલિવરી બાદ પાંચ મહિલાઓએ પોતાની યાદશક્તિ ગુમાવી દીધી છે. આ મહિલાઓ પોતાના નજીકના સંબંધીઓ અને પરિવારના સભ્યોને પણ ઓળખી શકતી નથી. આ ઘટનાથી હોસ્પિટલના ડોક્ટરો પણ ચોંકી ગયા છે. બધી અસરગ્રસ્ત મહિલાઓને ICUમાં દાખલ કરવામાં આવી છે અને નિષ્ણાત ડોકટરોની એક ટીમ સઘન તપાસ અને સારવારમાં રોકાયેલી છે.



આ મામલો ગાંધી મેમોરિયલ હોસ્પિટલના ગાયનેકોલોજી વોર્ડનો છે. શુક્રવારે અહીં પાંચ મહિલાઓ પર સિઝેરિયન ઓપરેશન કરવામાં આવ્યું. ઓપરેશન પછી, તેણીને જનરલ વોર્ડમાં ખસેડવામાં આવી, પરંતુ લાંબા સમય સુધી તેણી ભાનમાંન આવી. જ્યારે પરિવારના સભ્યોએ આ જોયું ત્યારે તેમની ચિંતા વધી ગઈ. વોર્ડમાં હાજર ડોકટરો સાથે વાત કર્યા પછી, મહિલાઓ થોડા સમય પછી ભાનમાં આવી, પરંતુ તેઓ તેમના પરિવારના સભ્યોને ઓળખી શકી નહીં. આ જોઈને પરિવાર ચિંતિત થઈ ગયો અને તાત્કાલિક હોસ્પિટલ મેનેજમેન્ટને જાણ કરવામાં આવી. આ સમાચાર ફેલાતા જ હોસ્પિટલમાં હોબાળો મચી ગયો.હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. રાહુલ મિશ્રા તાત્કાલિક ડોક્ટરોની ટીમ સાથે ગાયનેકોલોજી વોર્ડમાં પહોંચ્યા અને મહિલાઓની સ્થિતિનો તાગ મેળવ્યો. સાવચેતીના પગલા તરીકે પાંચેય મહિલાઓને ICUમાં ખસેડવામાં આવી હતી, જ્યાં વિવિધ નિષ્ણાત ડોકટરો તેમનું નિરીક્ષણ અને સારવાર કરી રહ્યા છે. ડો. મિશ્રાએ જણાવ્યું હતું કે ત્રણ મહિલાઓની હાલત હવે સ્થિર છે, જ્યારે બેની હાલત હજુ પણ ગંભીર છે.

અસરગ્રસ્ત મહિલાઓના પરિવારોમાં ચિંતા અને ગુસ્સો પણ છે. તાહિદ અલી અને અંબુજ ગુપ્તાએ જણાવ્યું, ઓપરેશન પછી અમારા દર્દી કોઈને ઓળખી શકતા નથી. ડોકટરો તેની સારવાર કરી રહ્યા છે, પરંતુ તે ક્યારે સ્વસ્થ થશે તે કહી શકતા નથી. પરિવારના સભ્યો કહે છે કે આવી પરિસ્થિતિ પહેલા ક્યારેય જોવા મળી નથી.

હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. રાહુલ મિશ્રાએ જણાવ્યું હતું કે, ઓપરેશન પછી, મહિલાઓની યાદશક્તિ ગુમાવવાની સમસ્યા સામે આવી છે. અમે આ સ્થિતિ પાછળના કારણો શોધવા માટે સંપૂર્ણ તપાસ કરી રહ્યા છીએ. ઓપરેશનમાં વપરાતી દવાઓ અને તેમના ડોઝની પણ તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં, મહિલાઓની સ્થિતિ સ્થિર છે અને તેમને વધુ સારી સારવાર આપવામાં આવી રહી છે. તેમણે ખાતરી આપી હતી કે આ મામલાની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને કારણો શોધી કાઢવામાં આવશે.

આ ઘટના માત્ર હોસ્પિટલમાં જ નહીં પરંતુ તબીબી ક્ષેત્રમાં પણ ચર્ચાનો વિષય બની છે. નિષ્ણાતો તપાસ કરી રહ્યા છે કે શું આ સ્થિતિ એનેસ્થેસિયાની આડઅસર અથવા અન્ય કોઈ દવા સાથે જોડાયેલી હોઈ શકે છે. વહીવટીતંત્રે પણ આ બાબતને ગંભીરતાથી લીધી છે અને ટૂંક સમયમાં પરિસ્થિતિ સ્પષ્ટ થવાની અપેક્ષા છે.(૪૦.૧૮)

૧૩૦૦૦ રૂપિયાનું એક લીંબુ...!!!

મંદિરમાં હરાજી દ્વારા વેચાયું



ચેન્નાઈ,તા.૧: એક સામાન્ય લીંબુ, જેની કિંમત માત્ર ૨ અથવા ૩ રૂપિયા છે, એવામાં તમિલનાડુના ઈરોડ જિલ્લામાં માત્ર એક લીંબુની હરાજી રૂ. ૧૩,૦૦૦માં થઈ હતી. આ લીંબુ આટલી ઊંચી કિંમતે વેચવામાં આવ્યું કારણ કે તેનો ઉપયોગ ગામના મંદિરમાં ધાર્મિક વિધિમાં કરવામાં આવતો હતો.

મીડિયા રિપોટ્‌ર્સ અનુસાર, મહા શિવરાત્રિ પર્વની પરંપરા મુજબ બુધવારે મધ્યરાત્રિએ તમિલનાડુના વિલક્કેથી ગામમાં પઝમથિન્ની કરુપ્પા ઈશ્વરન મંદિરમાં હરાજી કરવામાં આવી હતી. જેમાં, ભક્તો મુખ્ય દેવતાની મૂર્તિ પર મૂકવામાં આવેલી પવિત્ર વસ્તુઓ માટે બોલી લગાવે છે, આ હરાજીમાં લીંબુ, ચાંદીની વીંટી અને ચાંદીનો સિક્કો સામેલ છે. આ વખતે થંગારાજ નામના વ્યક્તિએ રૂ. ૧૩,૦૦૦માં લીંબુ ખરીદ્યું, જ્યારે અરાચલુરના ચિદમ્બરમે રૂ. ૪૩,૧૦૦માં ચાંદીની વીંટી ખરીદી. આ હેલીવાર નથી જ્યારે મંદિરમાં ચડાવવામાં આવતા લીંબુની આટલી ઊંચી કિંમતે હરાજી કરવામાં આવી હોય. ગયા વર્ષે, તામિલનાડુના વિલુપ્પુરમ જિલ્લામાં ભગવાન મુરુગન મંદિરમાં ૯ લીંબુની ૨.૩૬ લાખ રૂપિયામાં હરાજી કરવામાં આવી હતી, જેમાંથી એક લીંબુ ૫૦,૫૦૦ રૂપિયામાં વેચવામાં આવ્યું હતું. ભક્તો આમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે અને મંદિર પૂજામાં વપરાતી પવિત્ર વસ્તુઓને આસ્થા અને પરંપરાનું પ્રતીક માનીનેતેને ખરીદવા માટે ઊંચી બોલી લગાવે છે. (૨૨.૧૪)

જીડીપી ૬.૫% વૃધ્ધીનું અનુમાન

કુંભમેળાની કમાલ : ઇકોનોમી રોકેટ ગતિથી ઉંચે જશે : 3 લાખ કરોડના વેપારનો અંદાજ

નવી દિલ્હી, તા૧: પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભ ૨૦૨૫નું સમાપન થયું છે. અહીં કરોડો ભક્તોએ શ્રદ્ધાના સંગમમાં ડૂબકી લગાવી હતી. બીજી તરફ, આ મહાકુંભ દેશના અર્થતંત્રમાં પણ મોટો ફાળો આપવાનો છે. મુખ્ય આર્થિક સલાહકાર (CEA) વી. અનંત નાગેશ્વરને જણાવ્યું હતું કે મહાકુંભ ભારતને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૬.૫% કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

સીઈએ કહયું, 'આગાહી કરવી મુશ્કેલ છે, પરંતુ કુંભ મેળા માર્ચ ક્વાર્ટરમાં વપરાશ ખર્ચમાં નોંધપાત્ર વધારો કરશે.' વપરાશ ખર્ચ એટલે લોકો કેટલા પૈસા ખર્ચ કરી રહયા છે. મહાકુંભમાં આવતા લોકોએ ખાવા-પીવા, રહેવા, ખરીદી વગેરે પર ખર્ચ કર્યો છે. આનાથી અર્થતંત્રને વધુ વેગ મળશે તે લગભગ નિશ્ચિત છે.

૨૮ ફેબ્રુઆરીના રોજ જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ, નાણાકીય વર્ષ ૨૫ ના ત્રીજા ક્વાર્ટરમાં ભારતનો આર્થિક વિકાસ દર વધીને ૬.૨% થયો છે. સારા ચોમાસાને કારણે ગ્રામીણ વપરાશમાં સુધારો અને સરકારી ખર્ચમાં વધારો થવાને કારણે આ વધારો થયો છે. પાછલા ક્વાર્ટરમાં આ દર ૫.૬% હતો. એટલે કે આ વખતે તેમાં વધારો થયો છે. આ દર્શાવે છે કે દેશની અર્થવ્યવસ્થા ઝડપથી વધી રહી છે.

મહાકુંભનું બજેટ લગભગ ૧૨,૬૭૦ કરોડ રૂપિયા હતું. આમાં રાજ્ય અને કેન્દ્ર બંનેનો ખર્ચ શામેલ છે. કુંભ દરમિયાન કરોડો લોકો પ્રયાગરાજની મુલાકાત લેતા હોવાથી, આ વિશાળ યાત્રાધામ કાર્યક્રમથી મોટા પાયે વ્યવસાય થવાની અપેક્ષા હતી.

વહીવટીતંત્રે અગાઉ અંદાજ લગાવ્યો હતો કે મહાકુંભમાં ૪૦ કરોડ લોકો હાજરી આપશે. તે સમયે એવો અંદાજ હતો કે આ ૪૦ કરોડ લોકો આ મેળામાં લગભગ ૨ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરી શકે છે. પરંતુ આ મહાકુંભમાં ભક્તોની સંખ્યા ૬૩ કરોડ સુધી પહોંચી ગઈ. આવી સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે ભક્તો દ્વારા કરવામાં આવતો ખર્ચ અંદાજ કરતાં ઘણો વધારે હોઈ શકે છે.

ઉદ્યોગ નિષ્ણાત અને કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) ના જનરલ સેક્રેટરી પ્રવીણ ખંડેલવાલના મતે, મહાકુંભને કારણે ઘણો વ્યવસાય થયો છે. માલ અને સેવાઓ દ્વારા આર્થિક પ્રવૃત્તિ રૂ. ૩ લાખ કરોડ હોવાનો અંદાજ છે. તેમણે કહયું કે આ મહાકુંભને દેશના સૌથી મોટા આર્થિક કાર્યક્રમોમાંનો એક બનાવે છે.(૨૩.૧૮)

ધો.૧૦માં બેઝીક ગણિતનું પ્રશ્નપત્ર પાઠયપુસ્તક આધારીત સહેલું નીકળતા પરિક્ષાર્થીઓ રાજીના રેડ

રોકડીયા ગુણના પ્રશ્નપત્રમાં વિદ્યાર્થીઓએ ખૂબ વિશ્વાસપૂર્વક ઉત્તર આલેખ્યા

રાજકોટ, તા.૧: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ચાલતી ધો.૧૦ અને ધો.૧૨ની પરિક્ષા શાંતિપૂર્ણ ચાલી રહી છે. ધો.૧૦માં આજે પરિક્ષાના બીજા દિવસે ધો.૧૦માં બેઝીક ગણિતનું પ્રશ્નપત્ર હતું. જે પાઠય પુસ્તક આધારીત સરળ નીકળતા પરિક્ષાર્થીઓ રાજીના રેડ થઈ ગયા હતા.

ધો.૧૦માં આજે બેઝિક ગણિતનું પ્રશ્નપત્ર હાથમાં આવતા જ મોટાભાગના પરિક્ષાર્થીઓ ઉત્તર આલેખવા લાગ્યા હતા. પરિક્ષાના સમય દરમ્યાન ખૂબ શાંતિપૂર્વક વિશ્વાસથી વિદ્યાર્થીઓ પ્રશ્નોના જવાબો લખતા હતા. પરિક્ષા કેન્દ્ર બહાર નીકળતા પરિક્ષાર્થીઓ ખૂબ આનંદીત જણાતા હતા.

જ્યારે સ્ટાન્ડર્ડ મેથ્સનું પ્રશ્નપત્ર મધ્યમ રહયાનું જાણવા મળે છે.

આજે ધો.૧૦માં ગણિત અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર છે તો ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં વાણિજ્ય વ્યવસ્થાનું પ્રશ્નપત્ર છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની પરિક્ષા ધો.૧૦ અને ધો.૧૨માં પ્રથમ પ્રશ્નપત્ર સહેલુ નિકળ્યું હતું. આજે ધો.૧૦માં ગણિતનું રોકડીયા ગુણનું પ્રશ્નપત્ર છે. સવારથી જ શિક્ષણ બોર્ડ અને શિક્ષણાધિકારીની ચેકીંગ ટુકડી વિવિધ પરિક્ષા કેન્દ્રોની મુલાકાત લઈ રહી છે.

ધો.૧૦-૧૨ની પરિક્ષાનો માહોલ પૂરબહારમાં ખીલ્યો છે. સવારે રાજમાર્ગો તેમજ પરિક્ષા કેન્દ્રો આસપાસ વાલીઓ તેમના સંતાનોને પરિક્ષા કેન્દ્ર ઉપર મૂકવા આવ્યા ત્યારે ભારે ભીડ જોવા મળી હતી.(૨૨.૧૫)

પાણીનું એક-એક ટીપુ કિંમતી છે, કારણ કે તે દરેક ટીપામાં એક જિંદગી છે... જલ હે તો કલ હે....

રાજયપાલ આચાર્ય દેવવ્રતજી મંગળવારે રાજકોટમાં: ચેકડેમનું ખાતમુર્હૂત કરશે: હીરાબા સરોવરની મુલાકાત લેશે

પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો, જીવનમાં વરસાદી શુધ્ધ અમૃત સમાન પાણીનું મહત્વ અને પાણીનું જતન કરવા અંગેનું માર્ગદર્શન આપશે: દિલીપ સખીયા

રાજકોટ: ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા કાલાવડ રોડ, કટારીયા ચોકડી પાસે, રાજકોટ ખાતે બનાવવામાં આવનાર ચેકડેમનું તા. ૦૪ માર્ચ, મંગળવારના રોજ મહામહીમ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ખાતમુર્હુત કરશે તથા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માતૃશ્રીના સ્મરણાર્થે બાલાજી વેફર્સના વિરાણી પરીવારના અનુદાનથી બનાવેલ હીરાબા સરોવરની પણ મુલાકાત લેશે. ત્યારબાદ કાલાવડ રોડ, કોસ્મોપ્લેક્સ સિનેમાની પાછળ આવેલ પેરેડાઈઝ હોલ ખાતે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો, ઉધોગપતિઓ, દાતાઓ, સમાજ શ્રેષ્ઠીઓને પ્રાકૃતિક ખેતીમાં અને જીવનમાં વરસાદી શુધ્ધ અમૃત સમાન પાણીનું મહત્વ અને પાણીનું યોગ્ય જતન કરવા અંગેનું માર્ગદર્શન આપશે.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજી ગુજરાત ભરમાં ભ્રમણ કરીને અત્યાર સુધીમાં ૯ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળી પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરણા આપી અને ખેડૂતોને તે તરફ વાળ્યા છે. જેથી સમગ્ર જીવસૃષ્ટિની રક્ષા સાથે ખેડૂતોની આવકમાં વધારો અને ભારત દેશની આર્થિક સમૃધ્ધિમાં વધારો થઈ રહયો છે. આ જ રીતે ગીરગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા જે વરસાદી અમૃત સમાન શુધ્ધ પાણી દરીયામાં જતું રોકાઈ તેના માટે 'પાણી બચાવો ની જે ઝુંબેશ ઉઠાવેલ છે, તેને વધુ પ્રોત્સાહન મળે. તે હેતુથી કાર્યક્રમનું આયોજન કરેલ છે. તેમ આજરોજ યોજાયેલ પત્રકાર પરીષદમાં માહિતી આપવામાં આવી હતી.

ગીરગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા વર્ષો જુના ચેકડેમો જર્જરીત હાલતમાં, તુટેલા છે તે રીપેર,ઉડા,ઉંચા કરી તેનો જીર્ણોધ્ધાર કરવામાં આવે છે, અને જરૂરીયાત પ્રમાણે નવા પણ બનાવવામાં આવે છે તેમજ . ઘણા ડેમોમાં કાંપ ભરાઈ ગયેલ અને ખૂબ જ છીછરા થઈ ગયેલ હાલતમાં છે. કાંપથી ભરાઈ ગયેલ હાલતમાં હોય અને તે ફળદ્રુપ માટી ચેકડેમમાંથી ઉપાડી જમીનના તળ ખુલ્લા કરવામાં આવે છે, અને ડેમમાં પાણીની ક્ષમતા વધારવામાં આવે છે, અને ખેડૂતો ડેમમાંથી નીકળેલી ફળદ્રુપ માટી ઉપાડીને ખેતરમાં નાંખવાથી પાક ઉત્પાદનમાં પુષ્કળ વધારો થાય છે, જે ચેકડેમોને દાતાઓના સહયોગથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા રીપેર કરવામાં આવે છે. તેમજ અત્યાર સુધીમાં દ્વારા ૨૫૦ થી વધુ ચેકડેમોનું કામ પૂર્ણ કરેલ છે, જેમાંથી અમુક ડેમો રીપેર કરવા, ઉંચા કરવા અને ઊંડા કરવામાં આવેલ છે, અને બાલાજી વેફર્સ ના વિરાણી પરિવાર દ્વારા કાલાવડ રોડ પર માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબના માતૃશ્રીના નામનુ 'હિરાબા સરોવર' આજે પણ ઓવરફલો થઈ રહયું છે, તથા કાલાવડ રોડ પર તેમજ રાજકોટ શહેરમાં રૈયા રોડ થી નાનામવા વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧૧ થી વધુ વિશાળ ચેકડેમો બનાવવામાં આવેલ છે.

ગીરગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ૧૧,૧૧૧ ચેકડેમો તથા ૧૧,૧૧૧ રીચાર્જ બોર કરવાનો દ્રઢ સંકલ્પ કરવામાં આવ્યો છે. જે પૈકી ૨૫૦ ચેકડેમ તથા ૧૨૫ જેટલા રીચાર્જ બોર થઇ ગયેલ છે. તેમાં રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલન મંડળ ની શાળાઓમાં જીનીયસ સ્કૂલ, ગાર્ડી કોલેજ, મોદી સ્કૂલ, નેસ્ટ સ્કૂલ, માસુમ સ્કૂલ તેમજ ઈન્ડસ્ટ્રીઝમાં એસો. તરફથી જેતપુર, શાપર, મેટોડા, વાવડી, પડધરી ઈન્ડસ્ટ્રીઝમાં તેમજ રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં અનેક રીચાર્જ બોર કરવામાં આવેલ છે.



ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમો અને ૧૧,૧૧૧ રીચાર્જ બોર કરવાનો દ્રઢ સંકલ્પ

ગીરગંગા પરીવાર ટ્રસ્ટના સહયોગી પ્રતાપભાઈ પટેલ,(ટર્બો બેરીંગ), ભીખુભાઈ વીરાણી પરીવાર(બાલાજી વેફર્સ) જમનભાઈ પટેલ (ડેકોરા બીલ્ડર), વિરાભાઈ હુંબલ (જય મુરલીધર ફાર્મ), રમેશભાઈ ઠક્કર (ગીરીરાજ હોસ્પિટલ), રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય શ્રી), જયેશભાઈ બોધરા (માર્કેટિંગ યાર્ડ પ્રમુખ), જે.કે. મણવર, હરીશભાઈ લાખાણી (DML ગૃપ), અમુભાઈ ભારદીયા (રવિ ટેકનોફોર્જ), ભરતભાઈ પરસાણા (ગૌભકત), જયંતીભાઈ સરધારા (પડવલા જી.આઈ.ડી.સી. પ્રમુખ), ભરતભાઈ ગાજીપરા (સર્વોદય સ્કૂલ), બીપીનભાઈ હદવાણી (ગોપાલ નમકીન), શંભુભાઈ પરસાણા (પ્રશાંત કાસ્ટેક), કાર્તિકભાઈ પરસાણા (પ્રશાંત કાસ્ટીંગ), દિનેશભાઈ પરસાણા, ચંદુભાઈ પરસાણા, સતીષભાઈ બેરા (KSP ફોર્જ), નરેન્દ્રસિંહ જાડેજા, દિલીપભાઈ લાડાણી (લાડાણી બીલ્ડર્સ), ઉમેશભાઈ માલાણી (માલાણી કન્સ્ટ્રકશન), મનોજભાઈ ટીલાળા, પરસોતમભાઈ ટીલાળા, અશ્વિનભાઈ ગઢીયા, અરવિંદભાઈ લાવડીયા (દેવગામ), રમેશભાઈ લુણીધાર, સુરેશભાઈ દેસાઇ (નાના સખપુર) . ચેતનભાઈ કોઠીયા, પ્રકાશભાઈ કનેરીયા, ચંદુકાંતભાઈ ઢઢાણીયા (રવી બીલ્ડર્સ), અરવિંદભાઈ પટેલ (ફીલ્ડ માર્શલ), ભરતભાઈ શાહ (મુંબઈ), દુર્ગેશભાઈ શાહ (મુંબઈ) રમેશભાઈ ઠકકર (ગીરીરાજ હોસ્પીટલ), ભરતભાઈ ટીલવા (ખાંભા જી.આઈ.ડી.સી. -મુખ), ગોપાલભાઈ બાલધા (નિવૃત જી.ઈ.બી. અધીકારી), બી.એમ.શાહ સાહેબ (PGVCL), ધીરુભાઈ ધાબેલીયા, વસંતભાઈ લીંબાસીયા (વૃંદાવન ડેરી), શ્રી વિનેશભાઈ બાબુલાલ પટેલ (ઓર્બીટ બેરિંગ્સ પ્રા.લી), રાજેશભાઈ નાથાભાઈ કાલરીયા (સનફોર્જ પ્રા.લી.), શ્રી સુરેશભાઈ ગોરધનભાઈ હીરપરા (યુનિવર્સલ ટેકનો), શ્રી ચંદ્રકાન્તભાઈ વલ્લભદાસ ભાલારા (બાલાજી મલ્ટી કલેક્ષ પ્રા.લી), શ્રી કિરીટભાઈ શિવલાલભાઈ અદ્રોજા (એન્જલ પમ્પ પ્રા.લી), ધીરુભાઈ રામાણી (સ્વાતી બિલ્ડર્સ), શૈલેશભાઈ જાની (ગીતાંજલિ કોલેજ), જીગ્નેશભાઈ પટોળીયા, જયેશભાઈ ઉપાધ્યાય, રાજુભાઈ ગોસ્વામી (રણછોડ નગરના વેપારી), મનીષભાઈ મદેકા (રોલેક્ષ રિંગ્સ), પુનિતભાઈ ચોવટિયા (યુનિટી સિમેન્ટ), મુકેશભાઈ પાબારી (બિજનેસમેન), ભરતભાઈ ભુવા, હરીભાઈ ચૌહાણ, અરવીંદભાઈ પાણ (પાણ હેલ્થ), શિવલાલભાઈ અદ્રોજા (એન્જલ પંપ), વેજાભાઈ રાવલીયા (સીઝન હોટેલ), વિજયભાઈ કોરાટ, કમલનયનભાઈ સોજીત્રા (ફાલ્કન પંપ), ડી.વી.મહેતા (જીનીયસ સ્કૂલ), રશ્મીકાંતભાઈ મોદી (મોદી સ્કૂલ), નીતિનભાઈ દુદાણી (કેન્સર ટ્રસ્ટ), ડૉ.વલ્લભભાઈ કથીરિયા (પૂર્વ સાંસદશ્રી), જેરામભાઈ વાંસજાળીયા (ઉમિયા પરિવાર પ્રમુખ), ભરતભાઈ ભુવા, મુળજીભાઈ ભીમાણી (બિલ્ડર), મુકેશભાઈ ગાજીપરા (ગીરગામઠી હોટેલ), પરસોતમભાઈ કમાણી (ડૉ.પંપ), બાકીરભાઈ ગાંધી (બિલ્ડર), રાજકોટ લાફીંગ કલબ ગૃપ, નારણભાઈ લુણાગરિયા, રાજુભાઈ મહેતા (ભાભા હોટલ), ઘ પાર્ક અને પવિત્રમ પ્રયાગ ગૃપનો સહયોગ મળ્યાનું જણાવાયું છે.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટનાં પ્રમુખશ્રી દિલીપભાઈ સખીયા,મો. ૯૪૨૭૨ ૦૭૮૬૮, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ (મો. ૯૮૨૪૨ ૩૮૭૮૫)

રમેશભાઈ જેતાણી, મનીષભાઈ માયાણી, સંદીપભાઈ જોષી, તુષારભાઈ, મહેશભાઈ સેગલીયા, કિશોરભાઈ કાથરોટીયા, જયેશભાઈ પટેલ, પ્રવીણભાઈ ભુવા, રમેશભાઈ ઠકકર વગેરેની ટીમ સંચાલન કરી રહી છે. (તસ્વીર: અશોક બગથરીયા)

દ્રષ્ટિહીન છાત્રો અને સામાન્ય છાત્રોની મુશ્કેલી અંગે બોર્ડની સ્પષ્ટતા

ધો.૧૨ ભૌતિક વિજ્ઞાનના પેપરના એક પ્રશ્નના જવાબના આધારે મુલ્યાંકન

રાજકોટ, તા., ૧: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની ભૌતિકવિજ્ઞાન (૦૫૪) વિષયની પરીક્ષા તા.૨૭/૦૨/૨૦૨૫ના રોજ ૩.૦૦ થી ૬.૩૦ કલાક દરમિયાન યોજવામાં આવેલ.


તા.૨૭/૦૨/૨૦૨૫ના ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્રના મુખ્ય પેજ પર સૂચના નંબર-૯ માં આકૃતિવાળા/ચાર્ટ પ્રશ્નોમાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો આપેલા છે. જેનું ખાસ ધ્યાન રાખવું. આ પ્રશ્નો માત્ર દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે એમ જણાવેલ જ છે અને જ્યાં (ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે)ની સૂચનાની નીચેનો પ્રશ્ન દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે જ છે. પરંતુ પરીક્ષા દરમિયાન દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ અને સામાન્ય વિદ્યાર્થીઓ માટેના સમાન ક્રમાંક ધરાવતાં પ્રશ્નોની વચ્ચે (ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે) લખાયેલ હોઈ પરીક્ષાર્થીઓને કયા પ્રશ્નના ઉત્તર આપવો તે સમજવામાં મુશ્કેલી પડી હોવાની રજૂઆત મળેલ છે. જે ધ્યાને લેતાં વિદ્યાર્થીના હિતમાં આ પ્રકારનાં પ્રશ્નમાં વિદ્યાર્થીએ જે પ્રશ્નનો ઉત્તર આપ્યો હશે તેનું મૂલ્યાંકન કરી મળવાપાત્ર ગુણ આપવામાં આવશે.

વધુમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના અન્ય વિષયોના પ્રશ્નપત્રોમાં પણ સામાન્ય વિદ્યાર્થી માટેના ચિત્ર કે આકૃતિ આધારિત પ્રશ્નોના વિકલ્પ સ્વરૂપે દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે સમાન પ્રશ્નક્રમાંક ધરાવતાં વૈકલ્પિક પ્રશ્નો આપવામાં આવેલ હશે, જેની સંબંધિત પરીક્ષાર્થીઓએ, વાલીઓએ અને શિક્ષકોએ નોંધ લેવી તેમ બોર્ડના સંયુકત સચિવ ડી. એસ. પટેલ જણાવે છે. (૪.૩૫)

સુપ્રીમ કોર્ટનો ચુકાદો

બિઝનેસ લોન લેનારા લોકો બેન્ક વિરુદ્ધ ગ્રાહક પંચમાં ફરિયાદ ન કરી શકે

નવી દિલ્હી, તા.૧: સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક મહત્ત્વના ચુકાદામાં જણાવ્યું હતું કે જે સંસ્થાઓએ નફો કમાવવા માટે બેન્ક પાસેથી બિઝનેસ લોન લીધી છે તેઓ ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ હેઠળ ગ્રાહક તરીકે બેન્ક સામે ગ્રાહક ફોરમનો સંપર્ક કરી શકે નહીં.



સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા વિરુદ્ધ એડ બ્યુરો એડવર્ટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડના વિવાદની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે બેન્ક પાસેથી બિઝનેસ લોન લેતી સંસ્થાઓને ઉપભોક્તા નહીં પરંતુ લાભાર્થી કહેવાશે, તેઓને ઉપભોક્તા કહી શકાય નહીં. તેથી આવી સંસ્થાઓ કન્ઝ્યુમર પ્રોટેકશન એક્ટ, ૧૯૮૬ હેઠળ ગ્રાહક ફોરમનો સંપર્ક કરી શકતી નથી.

મીડિયા રિપોટ્‌ર્સ અનુસાર, જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે કહ્યું, અમે આ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે આ કેસમાં પ્રતિવાદી, એડ બ્યુરો એડવર્ટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડને ગ્રાહક કહી શકાય નહીં કારણ કે તેણે બેન્ક પાસેથી પ્રોજેક્ટ લોન લઈને નફો મેળવ્યો છે. આ પ્રોજેક્ટ લોન દ્વારા કંપનીનો ઉદ્દેશ્ય ફિલ્મ કોચાદઈયાંના સફળ પોસ્ટ પ્રોડક્શન પર નફો કમાવવાનો હતો.

વર્ષ ૨૦૧૪ માં, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાએ એડ બ્યુરો એડવર્ટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડને રૂ. ૧૦ કરોડની પ્રોજેક્ટ લોન આપી હતી. આ લોન -ખ્યાત અભિનેતા રજનીકાંત અભિનીત ફિલ્મ કોચાદઈયાંના પોસ્ટ-પ્રોડક્શન માટે હતી, જેની સામે મિલકત ગીરો રાખવામાં આવી હતી. બાદમાં કંપની સમયસર લોન ચૂકવી શકી ન હતી. જેના કારણે બેન્કે વર્ષ ૨૦૧૫માં કંપનીના લોન એકાઉન્ટને NPA જાહેર કર્યું હતું.

ત્યારબાદ બેન્કે ફાઈનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ અને બેન્કસ અને ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશન્સ એક્ટને કારણે ઋણની વસૂલાત હેઠળ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનની રિકવરી કાર્યવાહી શરૂ કરી અને અંતે કંપનીએ રૂ.૫૬ કરોડની એકસાથે પતાવટ કરી.

આ સમજૂતી કરી હોવા છતાં, બેન્કે ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો ઓફ ઈન્ડિયા લિમિટેડને ડિફોલ્ટર તરીકે મેસર્સ એડ બ્યુરોને ખોટી રીતે જાણ કરી, જેનાથી કંપનીની પ્રતિષ્ઠાને અને નાણાકીય નુકસાન પણ થયું. આને કારણે કંપનીએ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સાથે જાહેરાત ટેન્ડર ગુમાવવું પડ્યું કારણ કે કંપની ડિફોલ્ટર હોવાને કારણે બેન્ક ગેરંટી આપી શકતી ન હતી.

આનાથી નારાજ થઈને, એડ બ્યુરો એડવર્ટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડે નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશન સમક્ષ ફરિયાદ દાખલ કરી, જેમાં બેન્ક દ્વારા સેવાની અછત અને અયોગ્ય વેપાર વ્યવહારનો આરોપ લગાવ્યો.

૩૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજના તેના આદેશમાં, ગ્રાહક ફોરમે કંપનીની તરફેણમાં ચુકાદો આપ્યો, બેન્કને રૂ. ૭૫ લાખનું વળતર ચૂકવવા, નો-ડ્યુઝ સર્ટિફિકેટ જારી કરવા અને CIBILને તેની રિપોર્ટિંગ સુધારવાનો નિર્દેશ આપ્યો. તેમજ બેન્કને મુકદમાના ખર્ચ તરીકે ૨૦,૦૦૦ રૂપિયા ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો.

બેન્કે આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો અને દલીલ કરી હતી કે એડ બ્યુરો ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ ગ્રાહકની શ્રેણીમાં આવતું નથી, કારણ કે લોન વ્યાપારી હેતુ માટે લેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ દલીલ સ્વીકારી અને કહ્યું કે કંપની લાભાર્થી છે ઉપભોક્તા નથી. તેથી તેને ગ્રાહક ફોરમમાં જવાનો કોઈ અધિકાર નથી. (૨૨.૧૩)

તાત્કાલીક કસમાં મકાન વેચવાના છે

- શ્યામનગર મે. રોડ શ્રીજી પાર્કમાં 3 bhk ૪ એટેચ-બાથ-સોલાર ફર્નીચર સાથે ઉગમણાબારનું ૮૬ વારનું ટેર્નામેન્ટ.
- બજરંગવાડી-૧૪માં બગીચા સામે સંપૂર્ણ સગવડતાવાળુ ૮૬ વારનું ટેર્નામેન્ટ આથમણા બારનું તુરંત વેચવાનું છે.

(બ્રોકર મિત્રો આવકાર્ય)

સંપર્ક: ભગવતીપ્રસાદ બી. પંડયા ૯૦૩૩૩ ૧૦૯૩૬

ભગવતીપરામાં યોજાયેલા પ્રસંગમાં કેશીયો પાર્ટીમાં ઢોલ વગાડી ઘરે જતી વખતે બનાવ: સ્પીડ બ્રેકર પર કામચલાઉ ચુનાના પટ્ટા જે ચાલકને દેખાયા નહિ

કેવડાવાડીમાં નવા સ્પીડબ્રેકર પર બાઇક ઉલળીને થાંભલામાં ભટકાયું: ૧૪ વર્ષના પરેશનું મોત, માસીયાઇ ભાઇ સુમિતને ઇજા

કેનાલ રોડ પાસે ઝૂપડામાં રહેતો પરેશ પાંચ બહેનનો એક જ ભાઇ હતો: દેવીપૂજક પરિવારમાં ગમગીની

રાજકોટ તા. ૧: શહેરમાં જીવલેણ વાહન અકસ્માતનો વધુ એક બનાવ બન્યો છે. કેવડાવાડીમાં નવા બનાવવામાં આવેલા સ્પીડબ્રેકર પર રાતે બાઇક ઉલળીને થાંભલામાં અથડાતાં ચાલક વીસ વર્ષનો યુવાન અને પાછળ બેઠેલો તેનો ચૌદ વર્ષનો માસીયાઈ ભાઈ ઉલળીની પછડાતાં બંનેને ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાં ચૌદ વર્ષીય તરૂણનું મોત નિપજ્યું હતું. જ્યારે બાઈકચાલકને સારવાર માટે દાખલ કરાયો હતો. બંને ભાઈઓ



બાઇકચાલક સુમિત પરમાર

ભગવતીપરામાં પ્રસંગ હોઇ કેશીયો પાર્ટીમાં ઢોલ વગાડી ઘરે જતાં હતાં ત્યારે બનાવ બન્યો હતો. નવા જ બનાવવામાં આવેલા મસમોટા સ્પીડબ્રેકર પર સફેદ પટ્ટા કરવામાં આવ્યા ન હોઇ તેના બદલે કામચલાઉ ચુનાથી પટ્ટા ચીતરાયા હોઇ આ પટ્ટા ન દેખાતાં ચાલકે બાઇક પરનો કાબુ ગુમાવ્યો હતો અને અકસ્માત સર્જાયો હતો. ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ કેનાલ રોડથી આગળ લલુડી વોંકળી નજીક એંસી ફુટ રોડ પર ઝુપડામાં રહેતો સુમિત રાકેશભાઈ પરમાર-દેવીપૂજક (ઉ.વ.૨૦) ગત સાંજે ભગવતીપરામાં કેશીયો પાર્ટીમાં ઢોલ વગાડવા ગયો હતો. તેની સાથે બાજુમાં રહેતો તેનો માસીયાઈ ભાઈ પરેશ મુકેશભાઈ શેખલીયા (ઉ.વ.૧૪) પણ ગયો હતો. રાતે સાડા બારેક વાગ્યે પ્રસંગ પુરો થતાં બંને ભાઈ બાઈક પર બેસી ઘરે જતા હતાં ત્યારે કેવડાવાડી-૮માં અચાનક સ્પીડ બ્રેકર આવતાં બાઈક સ્લીપ થઈ ગયું હતું અને બંને ફંગોળાઈ જતાં ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ૧૪ વર્ષના પરેશનું મોત થયું હતું. સુમિતને દાખલ કરાયો હતો.

પરેશ પાંચ બહેનનો એકનો એક ભાઈ હતો. તેના પિતા બિમાર છે અને માતા છુટક કામ કરે છે. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઈ, ભાવેશભાઈ, ધર્મેન્દ્રભાઈએ ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા છે. જેમાં કઈ રીતે બાઈ સ્પીડબ્રેકર પર ઉલળીને થાંભલામાં અથડાય છે અને પછી બંને માસીયાઈ ભાઈઓ કઈ રીતે નીચે પટકાય છે તે દ્રશ્યો જોઈ શકાય છે. ચૌદ વર્ષના પરેશનું માથું થાંભલામાં અથડાયા બાદ તે ઉંધો પડી જાય છે અને વીસ વર્ષનો સુમિત તેનાથી દૂર પડીને તરફડીયા મારતો જોવા મળે છે. બંનેને સારવાર માટે ખસેડાયા હતાં. જેમાં પરેશનું મોત થયું હતું. નવા સ્પીડબ્રેકર પર સફેદ પટ્ટા મારવામાં આવ્યા ન હોઈ સ્પીડબ્રેકર ન દેખાતાં આ બનાવ બન્યાનું મૃતકના પરિવારજનોએ કહ્યું હતું. (૧૪.૮)



તસ્વીરમાં સ્પીડબ્રેકર પરથી ઉલળીને થાંભલામાં ભટકાતું બાઇક (પ્રથમ તસ્વીર), બાઇકચાલક અને પાછળ બેઠેલો તેનો માસીયાઇ ભાઇ ઉછળે છે તે (બીજી તસ્વીર) અને બંને ફેંકાઇ જાય છે તે (નીચે ત્રીજી તસ્વીર) અને નવા બનાવાયેલા સ્પીડબ્રેકર પર ચુનાના કામચલાઉ પટ્ટા જોઇ શકાય છે (ફોટોઃ અશોક બગથરીયા)

ઉદ્યોગનગરમાં ઘર નજીક મંદિર પાસે હૃદય બેસી જતાં અમિતભાઇનું મોત

આડત્રીસ વર્ષિય યુવાન દવા લઇને ઘર નજીક પહોંચ્યા ત્યારે ઢળી પડ્યા: ચાર બહેનના એક જ ભાઇ હતાં: પરિવારજનોમાં ગમગીની

રાજકોટ તા. ૧: હાર્ટએટેકથી મૃત્યુના વધુ એક બનાવમાં ગોડલ રોડ ઉદ્યોગનગર ક્વાર્ટર નં. ૧૧૯માં રહેતાં અમિતભાઇ નટુભાઈ પરમાર (ઉ.વ.૩૮) નામના યુવાનનું ઘર પાસે આવેલા ખોડિયાર માતાજીના મંદિર પાસે બેભાન થઈ ઢળી પડ્યા બાદ મોત થયું હતું.

અમિતભાઈ સવારે ઘર નજીક મંદિર પાસે હતો ત્યારે એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલે ખસેડાયેલ પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. અમિતભાઈની સવારે તબિયત ખરાબ હોઈ દવા લઈને ઘરે પરત આવતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. તે ચાર બહેનના એકના એક ભાઇ હતાં અને પ્લાયવૂડ સીટ વાહનમાં ચડાવવા, ઉતારવાની મજૂરી કરી ગુજરાન ચલાવતાં હતાં. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. (૧૪.૧૦)


ચૌધરી હાઇસ્કૂલ સામે શ્રીચિંતામણી પાર્શ્વનાથ જીનાલયમાં બે દિવસ પહેલા બનાવ બન્યો હતો

દેરાસરમાં જુના ગાભાના ધંધાર્થી સાગરે ચોરી કરી' તી: એલસીબી ઝોન-૨ ટીમે ભેદ ઉકેલ્યો

રૂપિયાની જરૂર હોઇ દેરાસર પાસેથી નીકળ્યો ત્યારે ચોરી કરવાની ઇચ્છા થઇ અને અંદર ઘુસી ગયો હોવાનું રટણ: ઘંટેશ્વર ૨૫વારીયાના શખ્સને સંતોષીનગર પાસેથી પકડી લીધો: રોકડ કબ્જે: એએસઆઇ જે. વી. ગોહિલ, શક્તિસિંહ, રાહુલભાઇ, હેમેન્દ્રભાઇ, ધર્મરાજસિંહ, કુલદિપસિંહની ટીમની કામગીરી

રાજકોટ તા. ૧: ચૌધરી હાઇસ્કૂલ સામે આવેલા શ્રીચિંતામણી પાર્શ્વનાથ જીનાલય-જૈન દેરાસરમાં બે દિવસ પહેલા બુકાનીધારી ચોર ઘુસી ગયો હતો અને ત્રિકમ જેવા હથીયારથી તાળા તોડી દાનપેટીઓમાંથી ચોરી કરી ગયો હતો. આ બનાવને પગલે શ્રધ્ધાળુઓમાં રોષ વ્યાપી ગયો હતો. દરમિયાન આ ચોરીનો ભેદ એલસીબી ઝોન-૨ ટીમે ઉકેલી નાંખી ઘંટેશ્વર ૨૫ વારીયા મફતીયાપરામાં રહેતાં અને જુના ગાભા કપડા વેંચતા શખ્સને પકડી લીધો છે. પૈસાની જરૂર હોવાથી પોતે દેરાસર પાસેથી નીકળ્યો ત્યારે તેમાં ચોરી કરવાનું મન થઈ જતાં અંદર ઘુસી ગયાનું આ શખ્સે રટણ કર્યુ હતું.

વિગત એવી છે કે શ્રીચિંતામણી દેરાસરમાં તા. ૨૭મીના રાતે બે વાગ્યાથી ત્રણ વાગ્યા સુધીમાં એક બુકાનીધારી ચોરે ઘુસી જઈ અલગ અલગ ત્રણ દાનપેટી



તોડી તેમાંથી આશરે બે હજાર જેવી રોકડ ચોરી ગયો હતો. રાતે અવાજ થતાં ચોકીદાર મનસુખલાલ જાગી જતાં તેણે હાકલા પડકાર કરતા આ તસ્કર તેના પર દાનપેટીનો ઘા કરી ભાગી ગયો હતો. આ તસ્કરની કરતૂતો સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. આ બનાવ બારામાં જૈન તપગચ્છ સંઘમાં સેક્રેટરી તરીકે હોદ્દો ધરાવતાં કિરીટભાઈ રહેચંદભાઈ સંઘવી (ઉ.વ.૭૨-રહે.ચાણક્ય બિલ્ડીંગ બી-૩૧, થ્રોફ રોડ)ની ફરિયાદ પરથી પ્ર.નગરના હેડકોન્સ.એ.ટી.વઘેરાએ ગુનો દાખલ કર્યો હતો. પ્ર.નગર ડી. સ્ટાફની ટીમ, એલસીબી ઝોન-૨ અને ડીસીબીની ટીમોએ તપાસ શરૂ કરી હતી.



દરમિયાન એલસીબી ઝોન-૨ ટીમે

કબ્રસ્તાનની ચોરીમાં પોતે સામેલ નહિ હોવાનું રટણ: ઉંડી પુછતાછ

સીસીટીવી ફૂટેજ, બાતમીદારો અને ટેકનીકલ સોર્સના માધ્યમથી બાતમી મેળવી તસ્કરનું પગેરૂ શોધી કાઢ્યું હતું. જૈન મંદિરમાં ચોરી કરનાર તસ્કર રેલનગર સંતોષીનગરમાં આટાફેરા કરે છે તેવી બાતમી મળતાં તેને સકંજામાં લઈ પુછતાછ કરતાં પોતાનું નામ સાગર દિલુભાઈ કરસાંગીયા (ઉ.વ.૩૦-રહે. ઘંટેશ્વર ૨૫ વારીયા મફતીયાપરા) જણાવ્યું હતું.ફુટેજમાં જે શખ્સ દેખાયો હતો તે અને સાગર મળતાં હોઈ આકરી પુછતાછ કરતાં આ શખ્સ પોતે જ હોવાની કબુલાત આપી હતી અને દાનપેટીમાંથી ચોરેલી રકમ કાઢી આપી હતી.

ઝડપાયેલો સાગર જુના ગાભા કપડા વેંચી ગુજરાન ચલાવે છે. તેણે એવુ રટણ કર્યુ હતું કે તેને પૈસાની જરૂર હતી અને રાતે દેરાસર પાસેથી નીકળ્યો ત્યારે અંદર ડોકુ કાઢતાં કોઈ ન દેખાતાં ચોરી કરવાની ઈચ્છા થઈ ગઈ હતી અને દાનપેટીઓ તોડી નાંખી હતી. જો કે મોટી રકમ મળી નહોતી.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જે.સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, ડીસીપી જગદીશ બાંગરવાની સુચના અનુસાર એલસીબી ઝોન-૨ના જે. વી. ગોહિલ, હેડકોન્સ. રાહુલભાઈ ગોહેલ, હેમેન્દ્રભાઈ વાધીયા, શક્તિસિંહ ગોહિલ, ધર્મરાજસિંહ ઝાલા, કોન્સ. કુલદીપસિંહ રાણાએ આ કામગીરી કરી હતી. ઝડપાયેલો સાગર દાઉદી વ્હોરા સમાજના કબ્રસ્તાનની ચોરીમાં પોતે સામેલ નહિ હોવાનું કહી રહ્યો છે. તેની વિશેષ પુછતાછ યથાવત રખાઈ છે. (૧૪.૯)

પ્રીયદર્શન સોસાયટીમાં ઘર પાસે પાણી ઢોળવાની ના પાડતા વર્ષાબેનને પાડોશી મહિલાએ મારમાર્યો

મહિલાની તાલુકા પોલીસમાં પાડોશીના ભાડુઆત સુનીતા હજારી વિરૂધ્ધ ફરિયાદ

રાજકોટ, તા. ૧: મવડી રોડ પ્રીયદર્શન સોસાયટીમાં ઘર પાસે પાણી ઢોળવાની ના પાડવા જતા મહિલાને પાડોશીના મકાનમાં ભાડે રહેતી મહિલાએ ઝઘડો કરી મારમારી ધમકી આપતા ફરિયાદ થઈ છે.

મળતી વિગત મુજબ પ્રિયદર્શન સોસાયટી શેરી નં. ૫ માં રહેતા વર્ષાબેન કીશોરભાઈ પોરડીયા (ઉ.વ.૫૦) એ તાલુકા પોલીસમાં પાડોશીના મકાનમાં ભાડે રહેતી સુનીતા ધર્મેશભાઈ હજારી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. વર્ષાબેન ફરિયાદમાં જણાવ્યુ છે કે ગત તા. ૨૦ ના રોજ સવારે હું મારા ઘરે હતી ત્યારે મારા ઘરની બાજુમાં રહેતા રંજુબેનના મકાનમાં રહેતી સુનીતા ધર્મેશભાઈ હજારી પોતાનાં ઘરે ફળીયુ સાફ કરતા હતા. તે દરમ્યાન મારા ઘર પાસે પાણી આવતા મેં તેને કહેલ કે 'અમારા ફળીયામાં કેમ પાણી નાખો છો' તો સુનીતાએ કહેલ કે 'તું કેમ તારા દીકરાના લગ્ન કરે છે' તેમ કહી ગાળો આપતા મેં તેને ગાળો દેવાની ના પાડતા સુનીતાએ ઝઘડો કરી બે ઝાપટો મારી માથાના વાળ પકડી ખેંચવા લાગતા પાડોશી ત્રીવેણીબેન અને તેની પુત્રવધુ પાયલ બંને છોડાવવા માટે વચ્ચે પડતા તેને પણ ધક્કો મારી પછાડી દીધા હતા. બાદ સુનીતાએ કહેલ કે 'આજે તને જીવતી નહી જવા દવ' તેમ કહી ઘરપાસે પડેલો લાકડાનો ધોકો લઈ મને મારવા જતા પુત્ર મેહુલે વચ્ચે પડી સુનીતાના હાથ પકડી લેતા મેહુલનો પણ માથાના ભાગે ધોકો લાગી ગયો હોઈ આ સુનીતા અવાર નવાર ઝઘડો કરી હેરાન કરતી હોઈ તેથી ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસને જાણ કરી હતી બાદ મને સારવાર માટે સિવિલ હોસ્પિટલ માં ખસેડાયા બાદ તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી આ અંગે પી.એસ.આઈ.એસ.પી. ચૌહાણે તપાસ હાથધરી છે.(૬.૧૮)

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની કડક કાર્યવાહી

શાંતિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ PMJAYમાંથી સસ્પેન્ડ: ૨૩ લાખનો દંડ

જે સર્જનનું નામ હેમ પોર્ટલમાં ન હતું તેણે ૨૪ સર્જરી કરી: રેડીયેશન અટકાવવા કોઇ મેટલ વોલ નથી: પેનલ્ટીની રકમ ૭ દિવસમાં જમા કરાવવા આદેશ

રાજકોટ તા. ૧ :.. શહેરની શાંતિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં PMJAY યોજનામાં ગંભીર બેદરકારી પકડાતા હોસ્પીટલને સસ્પેન્શન આપી દર્દીઓને પાછા દેવાની રકમની પાંચ ગણી પેનલ્ટી રાજયના આરોગ્ય વિભાગ દ્વારા ફટકારવામાં આવી છે. પી.એમ.જે.એ.વાય-મા યોજના અંતર્ગત નિયત માપદંડો ધરાવતા પરિવારોને કુટુંબદિઠ વાર્ષિક રૂ. ૧૦ લાખ સુધી નિયત કરેલ પ્રાથમિક, સેકન્ડરી તેમજ ટર્શરી બિમારીઓ માટે કેશલેસ સારવાર આપવામાં આવે છે.

રાજકોટ કોર્પોરેશન કક્ષાની આરોગ્ય ટીમ તથા બજાજ ઈન્સ્યોરન્સ કંપનીની ટીમ દ્વારા તા. ૬જાન્યુઆરીના રોજ થયેલ વિઝીટ દરમિયાન ગંભીર ક્ષતિઓ જોવા મળેલ હતી.

જેમાં હોસ્પીટલમાં ઓડિટ દરમિયાન HEM પોર્ટલ પર રજીસ્ટર થયેલ તબીબો વિઝીટ દરમ્યાન હાજર ન હતા.

GPCB સર્ટિફિકેટ એકસપાયર હતું તેમજ હોસ્પિટલ દ્વારા રીન્યુઅલ માટે કોઈ અરજી કરેલ ન હતી. ઉક્ત હોસ્પિટલ દ્વારા બ્લડ રિપોર્ટની પ્રિન્ટ તેમના દ્વારા કરેલ હતી અને સહી હોસ્પિટલના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ તેવું જાણવા મળેલ.

પ્રિ-ઓટી અને ઓટી નોટ બ્લેન્ક રાખવામાં આવેલ હતી.

એક્સ-રે મશીન જનરલ વોર્ડમાં જોવા મળેલ હતું તથા રેડિયેશન એક્સપોઝર અટકાવવા માટે હોસ્પિટલમા કોઈપણ પ્રકારના કર્ટેન કે મેટલ વોલ હતી નહીં.

ઉક્ત હોસ્પિટલ દ્વારા આઈ.સી.યુ, ઓ.ટી. અને રીકવરી રૂમ યોજનાની માર્ગદર્શિકા અનુસાર ન હતા તેમજ ફ્યુમીગેશન અને ઓટોકલેવ રજીસ્ટરમાં ક્ષતિઓ જોવા મળેલ હતી. ઓડિટ દરમિયાન દર્દી ઓ પાસે થી કુલ ૧૪૯૦૦ /- રકમ લીધેલ .આ બાબત હોસ્પિટલ ને પૂછતા જણાવેલ કે ડિસ્ચાર્જ સમયે આ પૈસા તેમના દ્વારા પાછા કરવામા આવે છે.

આ ઉપરાંત ઈન્સ્યોરન્સ કંપની દ્વારા તા. ૧૯ ઓકટોબર ના રોજ શો-કોઝ નોટીસ આપવામાં આવેલ હતી. જેમાં ધ્યાને આવેલ છે કે HEM PORTAL પરથી સર્જન નું નામ હટાવી દીધેલ હોવા છતાં તેમના દ્વારા ૨૪ કેસ ની સર્જરી કરવામાં આવેલ હતી. જેની કુલ રકમ ૪૪૮૧૦૦/- થાય છે. મળેલ મંજુરી અન્વયે હોસ્પિટલ દ્વારા યોજનાની માર્ગદર્શિકા નું પાલન ન કરેલ હોવાથી પર કાર્યવાહી કરવામાં આવે છે.

કાર્યવાહી હોસ્પિટલ દ્વારા દર્દીઓ પાસેથી વસૂલ કરેલ રકમ રૂ. ૧૪૯૦૦ /- જે તે લાભાર્થી ને પરત કરવાની રહેશે અને તેના ૦૫ ગણી પેનલ્ટી એટલે રૂ.૭૪૫૦૦/- રકમ એસ.એચ.એ. ખાતે જમા કરાવાની રહેશે

હેમ પોર્ટલ પરથી સર્જન નું નામ હટાવી દીધેલ હોવા છતાં તેમના દ્વારા ૨૪ કેસ ની સર્જરી કરવામાં આવેલ હતી. જેની કુલ રકમ ૪૪૮૧૦૦/- થાય છે. ઉક્ત રકમ નું ચુકવણું થઈ ગયેલ હશે તો રીકવર કરવામાં આવશે અને બાકી હોય તો ચુકવણું કરવામાં આવશે નહિ અને આ રકમ પર યોજનાની માર્ગદર્શિકા મુજબ ૫ ગણી પેનલ્ટી રૂ ૨૨,૪૦,૫૦૦/- કરવામાં આવે છે .પી.એમ.જે.એ.વાય.-મા યોજના અંતર્ગત હોસ્પિટલને યોજનામાંથી ૬ માસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

આથી, હોસ્પિટલ દ્વારા આચરવામાં આવેલ ગંભીર ક્ષતિઓને ધ્યાને લઈ યોજનાની માર્ગદર્શિકા અનુસાર પેનલ્ટી રકમ રૂ.૭૪૫૦૦/-અને રૂ.૨૨,૪૦,૫૦૦/-એમ કુલ રૂ.૨૩,૧૫,૦૦૦ કામગીરીના ૭ દિવસમાં જમા કરવાની રહેશે અને કામગીરીના ૭ દિવસમાં પેનલ્ટી ની રકમ ભરવામાં નહી આવે તો યોજનાની માર્ગદર્શિકા અનુસાર હોસ્પિટલ વિરુદ્ધ પગલા લેવામા આવશે તેમ રાજયના આરોગ્ય વિભાગે શાંતિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલને પાઠવેલ નોટીસમાં જણાવ્યું છે. (૯.૩૦)

૨૫% જેટલા તુટ્યા મ્યુ.ફંડ

મોતીલાલ ઓસ્વાલ ELSS ટેક્સ સેવર ફંડ-૨૩.૯૯%
શ્રીરામ મલ્ટી સેક્ટર રોટેશન ફંડ-૨૩.૮૧%
સેમ્કો ELSS ટેક્સ સેવર ફંડ-૨૩.૨૭%
મોતીલાલ ઓસ્વાલ મેન્યુફેક્ચરિંગ ફંડ-૨૩.૨૧%
સેમ્કો સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ-૨૨.૯૮%
LIC MF સ્મોલ કેપ ફંડ-૨૨.૯૨%
યુનિયન એક્ટિવ મોમેન્ટમ ફંડ-૨૨.૯૦%
HSBC સ્મોલ કેપ ફંડ-૨૨.૭૧%
મોતીલાલ ઓસ્વાલ લાર્જ અને મિડકેપ ફંડ-૨૨.૨૧%
સેમ્કો ફ્લેકસી - -૨૪.૫૯%
LIC MF ઈન્ફ્રા ફંડ-૨૨.૧૧%
યુનિયન સ્મોલ કેપ ફંડ-૨૨.૦૬%
એચએસબીસી મિડકેપ ફંડ-૨૧.૭૫%
બેંક ઓફ ઈન્ડિયા સ્મોલ કેપ ફંડ- ૨૧.૨૪%.(૨૩.૨૧)

આ પહેલા જન્મેલા લોકોને વૈકલ્પિક દસ્તાવેજની પરવાનગી

બદલાઇ ગયા નિયમ : ઓકટોબર ૨૦૨૩ પછી જન્મેલા લોકોનાં બર્થ સર્ટી. વગર નહિ બની શકે પાસપોર્ટ



નવી દિલ્હી, તા.૧: પાસપોર્ટ એક એવો દસ્તાવેજ છે જેનાથી કોઈ પણ વ્યક્તિની ઓળખ અને તેની નાગરિકતા સાબિત થાય છે. વિદેશ પ્રવાસ માટે આ સૌથી જરૂરી દસ્તાવેજ છે. તેની મદદથી જ તમે અન્ય દેશોમા ફરવાનું, ભણવાનું, બિઝનેસ કે અન્ય કારણોસર મુસાફરી કરી શકો છે. ત્યારે હવે પાસપોર્ટને લઈને કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે પાસપોર્ટ માટે અરજી કરનારાઓ માટેના નિયમોમાં સુધારો કર્યો છે. નવા સુધારા પ્રમાણે હવે ૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અથવા તે પછી જન્મેલા અરજદારો માટે સરકાર અને યોગ્ય અધિકારીઓ દ્વારા જારી કરાયેલ જન્મ પ્રમાણપત્ર જ જન્મ તારીખનો એકમાત્ર પુરાવો રહેશે. આ જન્મ પ્રમાણપત્ર વિના જન્મ તારીખ સાચી ગણવામાં આવશે નહીં અને તેના વિના પાસપોર્ટ નહીં બનશે.

કેન્દ્ર સરકાર દ્વારા આ અઠવાડિયે ૧૯૮૦ના પાસપોર્ટ નિયમોમાં સુધારાને અસર કરતી એક સત્તાવાર નોંધ જારી કરવામાં આવી હતી. આ નોંધ અંગે અધિકારીઓ દ્વારા કહેવામાં આવ્યું હતું કે, સુધારાઓ સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત થયા બાદ નવા નિયમો લાગુ થઈ જશે.

જન્મ તારીખના પુરાવા માટે માત્ર જન્મ પ્રમાણપત્ર જ માન્ય રહેશે

આ નવા નિયમો પ્રમાણે ૧ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ અથવા તે પછી જન્મેલા લોકોના જન્મ તારીખના પુરાવા માટે માત્ર જન્મ પ્રમાણપત્ર જ માન્ય રહેશે. આ જન્મ પ્રમાણપત્ર જન્મ અને મૃત્યુ રજિસ્ટ્રાર, મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા જન્મ અને મૃત્યુ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ હેઠળ સત્તા પ્રાપ્ત કોઈપણ યોગ્ય અધિકારી દ્વારા જારી કરાયેલ હોવું જરૂરી છે. આ ઉપરાંત આ તારીખ પહેલાના અરજદારો જૂની સિસ્ટમ પ્રમાણે જન્મ તારીખના પુરાવા તરીકે ડ્રાઈવિંગ લાઈસન્સ અથવા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જેવા વૈકલ્પિક દસ્તાવેજો પણ જમા કરાવી શકે છે.(૨૩.૨૦)

ચાલતા યંત્રે

બુલેટ ટ્રેનનો ૩૬૦ કિમીનો પ્રોજેક્ટ પૂરો : દરિયાની અંદર ૨ કિમીની ટર્નલ પણ તૈયાર : મહારાષ્ટ્રમાં ટનાટન કામ ચાલે છે : રેલ્વેમંત્રી

વરલી ફીચરનો જુગાર રમતા મનોજ અને ચંદુ પકડાયા

વિજયપ્લોટ અને ગોકુલધામ આવાસના ક્વાર્ટર પાસે દરોડો

રાજકોટ તા. ૧: ગોંડલ રોડ પર વિજય પ્લોટ અને એંસી ફૂટ રોડ ગોકુલધામ આવાસ યોજનાના ક્વાર્ટર પાસે પોલીસે દરોડો પાડી વરલી ફીચરનો જુગાર રમતા બે શખ્સોને પકડી લીધા હતા.

મળતી વિગત મુજબ ગોંડલ રોડ પર વિજય પ્લોટમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમી મળતા એ-ડીવીઝન પોલીસ મથકમાં હેડકોન્સ સાગરભાઈ માવદીયા તથા કોન્સ ધવલભાઈ જીલડીયા સહિતે દરોડો પાડી વરલી ફીચરનો જુગાર રમતા મનોજ ઉર્ફે પ્રવિણ વસંતભાઈ જાદવ (રહે. રામનાથ પરા નવપુગપરા શેરી નં. ૩) ને પકડી લઈ રૂા. ૩૦૦ કબ્જે કર્યા હતા.

જયારે બીજા દરોડામા એંસી ફૂટ રોડ પર ગોકુલધામ આવાસ યોજના ક્વાર્ટર પાછળ માલવીયાનગર પોલીસ મથકના હેડકોન્સ એ.બી.વીકનો તથા કોન્સ મયુરદાનભાઈ બાટી સહિતે દરોડો પાડી વરલીફીચરનો જુગાર રમતો ચંદુ બેચરભાઈ ડાભી (રહે. કોઠારીયા રોડ ઘનશ્યાનનગર) ને પકડી લઈ રૂા. ૧૧૦૦ ની રોકડ સહિતની મતા કબ્જે કરી હતી. (૩.૨૦)

અવસાન નોંધ

ધનકુંવરબેન મારૂ

રાજકોટ: ધનકુંવરબેન બટુકભાઈ મારૂ (ઉ.વર્ષ ૭૩) રહે રાજકોટનું તા. ૧ ને શનિવારે અવસાન થયેલ છે, સદગતનું બેસણું: તા. ૩ ને સોમવારે, કષ્ટભંજન મંદિર, ૪૦ ફૂટનો રોડ,સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે ધવલભાઈ મો. નં ૯૯૯૮૯ ૭૨૦૪૩ (૩.૨૧)

ચાલતા યંત્રે

ઉત્તરાખંડ દુર્ઘટના : ૪ના મોત : ૫૦નો બચાવ : ૫ હજુ ફસાયેલા : બચાવ કાર્ય ચાલુ

ગ્રંથગોષ્ઠિની બેઠક

રાજકોટઃપ્રિન્સીપાલ ડી.પી.જોશી પબ્લિક લાઈબ્રેરી ઉપક્રમે સાહિત્યરસિકો દર મહિને સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્ર, ૩-બાલમુકુંદ પ્લોટસ ખાતે 'ગ્રંથગોષ્ઠિ' સાહિત્યસભામાં એકત્ર થઈ વિવિધ ભાષાની ઉત્તમ સાહિત્ય કૃતિનો, સાહિત્યના ઉત્કૃષ્ટ કાર્યક્રમની દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા પ્રસ્તુતિ તેમજ વિવિધ ક્ષેત્રના તજજ્ઞોની જ્ઞાનવાણીનો આસ્વાદ માણે છે. આ માસની ૩૧૧ મી 'ગ્રંથગોષ્ઠિ'બેઠક તા. ૫ બુધવારે સાંજના ૫ વાગ્યે મળશે. આ બેઠકમાં જાણીતા કવિ, લેખક અને પત્રકાર શ્રી કૌશિકભાઈ મહેતા સ્વલિખિત પુસ્તકો 'પર્યાવરણનો પોડકાસ્ટ' અને 'વહાલી દીકરી' નો રસાસ્વાદ કરાવશે.

જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ચક્ષુદાન

રાજકોટ, તા.૧: જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટની યાદી મુજબ શાંતાબેન ગોબરભાઈ બુસાનું અવસાન થતાં પરિવારની ઈચ્છા ટ્રસ્ટની પ્રેરણાથી, વિજયભાઈ ડોબરીયાના સહયોગ ચક્ષુદાન કરવામાં આવેલ છે. તેમ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ આર. મહેતાની યાદિમાં જણાવાયું છે.

કોર્ટ નોટીસ

આથી અમો નીચે સહી કરનાર **હંસાબેન હિતેશભાઈ જાદવ,** રહે. કુંભાર વાસ, મજેવડી, જુનાગઢ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે, અમારા પતિ 'હિતેશભાઈ અરજણભાઈ જાદવ' રાજકોટ મુકામે તા.૧૯/૦૨/૧૯૯૬ ના રોજ અવસાન પામેલ છે, જેની નોંધ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન કચેરીના જન્મ-મરણ વિભાગના રેકર્ડમાં આજદીન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ જન્મ-મરણ નોંધણી અધિનીયમ-૧૯૯૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરી આપવા અંગે પ્રાંત અધિકારી અને સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર વિભાગ-૧, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ દાદ મળવા અમારા **એડવોકેટ રાજ ડી.રતનપરા** મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે, આ મરણ નોંધ સબંધે કોઈ પણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦ માં લેખિત આધાર પુરાવા સાથે સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર વિભાગ-૧, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ રજુ કરવા, જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

નં./પ્રાંક-૧/મજસ/જન્મ-મરણ રજી. ૩૮ /૨૫.
તા. ૨૨/૦૨/૨૦૨૫

રાજકોટ, તા. ૨૪/૦૨/૨૦૨૫ (કોર્ટનો સિક્કો) સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ રાજકોટ સીટી-૧

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટ ના મહે. ૧૬માં અધિક સીનીયર સીવીલ જજ શ્રી **એસ. વી. મુદલીયાર** સાહેબ ની કોર્ટમાં **દિવાની પર. અરજી નં.૪૧૧/૨૦૨૫** ના કામના અરજદાર **દીપકભાઈ નારણભાઈ રાઠોડ** એ **ગુજ. નારણભાઈ બચુભાઈ રાઠોડ**ની મીલ્કત જે રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નંબર ૬૨૦ પૈકી ૬૨૧ અને ૬૨૨ પૈકી રાજય સરકારશ્રી દ્વારા મંજુર થયેલ અંતીમ ટી.પી.સ્કીમ નંબર ૨૪ રાજકોટના અનામત પ્લોટના એફ.પી.નંબર ૧૫/એ (છત્રપતિ શિવાજી ટાઉનશીપ) S E W S અનામત પ્લોટની જમીન ચો.મી.આ.૧૯૮૦૦-૦૦ ઉપર ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક બજટ/૧૦૨૦૧૩/૪૬/થ તા.૧૮-૦૭-૨૦૧૩ ના ઠરાવથી શહેરી વિસ્તારમાં મુખ્યમંત્રી ગૃહ (GUJARAT RURAL URBAN HOUSING) યોજના અંતર્ગત ઓછી આવક ધરાવતા લોકો માટે LIG તથા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે EWS આવાસ યોજના હેઠળ આવાસોનું રાજકોટ મહાનગરપાલીકા રાજકોટ દ્વારા નિર્માણ કરવામાં આવેલ યોજના EWS માંહેથી બીલ્ડીંગ નંબર-G ના સેકન્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નંબર-૨૦૭ જેનો કારપેટ એરીયા ચો.મી.આ.૨૮-૦૦ જે ગુજનારએ રજી. કન્વેયન્સ ડીડ નં.૧૧૯૫૩, તા. ૧૬/૧૨/૨૦૧૭ ના રોજ થી ખરીદ કરેલ છે. જેમા ગુજનારનો ૫૦ ટકા અવિભાજય હિસ્સો આવેલ છે. તે મિલકતનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા અંગે ઉપરોકત અરજદારે તેમના **એડવોકેટસ પી.એચ.પનારા તથા વિવેક ડી. મકવાણા** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજી દાખલ કરેલ છે. તે સબંધે જો કોઇ વ્યક્તિને વાંધો કે તકરાર હોય તેમણે મુદત તા.૭-૪-૨૦૨૫ ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે સદરહું મિલ્કત સંબંધે લેખીત વાંધા અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા તેમજ સદરહુ મીલ્કત સંબંધે કોઇનો વાંધોકે તકરાર ન આવેથી આગળની કાર્યવાહી કરવા માટે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૮-૦૨-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ.

તૈયાર કરનાર (આર.એમ.દાણીધારીયા) આસીસ્ટન્ટ — (કોર્ટનો સિક્કો) — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, કાલાવડ
તાલુકા સેવા સદન, કાલાવડ-ધોરજી રોડ-કાલાવડ
email : mam-kalavad@gujarat.gov.in

૫. અરજી નં. ૧૪/૨૯૨૭૦૮/e-tappal/02/2025
તા.૨૪/૦૨/૨૦૨૫

શ્રી અજીતભાઈ અભેરામભાઈ દોઢીયા (રજી. એડી),
રે.પીપર,
તા.કાલાવડ જી. જામનગર ......અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી, (રજી.એડી)
જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, પીપર
તા.કાલાવડ, જી.જામનગર ......સામાવાળા

-:: નોટીસ ::-

આથી જાહેર જનતા આગેવાન તથા લાગતી વળગતી સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, સંસ્થા ટ્રસ્ટ, શાળા, કોલેજ ઈત્યાદી શૈક્ષણીક તેમજ સામાજીક સંસ્થા સહીત તમામને આ નોટીસથી ખબર આપવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલ અરજદારએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી પરચુરણ અરજી જન્મ/મરણ નોંધણીની કલમ-૧૩ (૩) લાવી અરજદારશ્રી અજીતભાઈ અભેરામભાઈ દોઢીયા ના પુત્ર અલ્ફિશાન અજીતભાઈ દોઢીયાનો જન્મ તા.૨૬/૦૪/૨૦૦૩ ના રોજ પીપર ગામ તા. કાલાવડ, જી. જામનગર મુકામે થયેલ છે જેથી સદરહુ અરજીમાં જણાવેલ નામ સરનામાવાળા અરજદારને જન્મનો દાખલો સામાવાળાની કચેરી તરફથી કાઢી આપવામાં આવે તે સંબંધિત કોઈપણ પ્રકારનો વાંધો તકરાર રહેલ હોય તો તે ઈસમ કે સંસ્થા કે કચેરી જવાબદાર વ્યકિતએ જાતે અથવા તો તેમના પ્રતિનિધિ મુખત્યાર કે વકિલ મારફતે સદરહુ નકકી કરેલ મુદત તારીખ :- ૦૮/૦૪/૨૦૨૫ ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકે આધાર પુરાવા સાથે અચૂક હાજર રહેવું, મુદત દરોળ દરમ્યાન કોઈ હાજર રહે નહી કે કોઈ લેખીત રજુઆત રજુ ન થયેથી આ અરજીની હકીકત બાબત કાંઈ કહેવું નથી તેમ સમજી અત્રેની કોર્ટ તરફથી આ અરજીનો ન્યાયિક નિકાલ કરવામાં આવશે જેની દરેકે નોંધ લેવી.

આ નોટીસ આજરોજ તા. ૨૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

(કોર્ટનો સિક્કો) **સહી અવાચ્ય**
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કાલાવડ

જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ચંપાબેન ખીમજી રાજપરા વા/ઓ રસિકભાઈ ચાંગેલાએ તેઓનાં જન્મની નોંધ જન્મ રજીસ્ટરે દાખલ કરવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. તેઓની અપીલ અરજી મુજબ તેઓનો જન્મ તા.૧-૬-૧૯૬૭નાં રોજ રાજકોટ જીલ્લા ધોરાજી તાલુકાનાં કલાણા મુકામે થયેલ છે.

સદરહું અપીલ સામે જો કોઇને વાંધો-તકરાર હોય તો તેઓએ જાતે અથવા તેમના કાયદેસરનાં મુખત્યાર મારફત સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટ, ધોરાજી સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિવસ-૩૦માં વાંધો-તકરાર રજુ કરી શકે છે. જો કોઇ વાંધા તકરાર રજુ કરવાની નહી આવે તો કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

(એન. એમ. તરખાલા)
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
ધોરાજી

જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ગિરીશકુમાર જાદવજી રાજપરાએ તેઓનાં જન્મની નોંધ જન્મ રજીસ્ટરે દાખલ કરવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. તેઓની અપીલ અરજી મુજબ તેઓનો જન્મ તા.૨૮-૬-૧૯૭૧નાં રોજ રાજકોટ જીલ્લા ધોરાજી તાલુકાનાં કલાણા મુકામે થયેલ છે.

સદરહું અપીલ સામે જો કોઇને વાંધો-તકરાર હોય તો તેઓએ જાતે અથવા તેમના કાયદેસરનાં મુખત્યાર મારફત સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટ, ધોરાજી સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિવસ-૩૦માં વાંધો-તકરાર રજુ કરી શકે છે. જો કોઇ વાંધા તકરાર રજુ કરવાની નહી આવે તો કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

(એન. એમ. તરખાલા)
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
ધોરાજી

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના શહેર રાજકોટના **રેવન્યુ સર્વે નં. ૩૪૫** જેના ટી. પી. સ્કીમ નં. ૫, એફ. પી. નં. ૨૦૩, (સીટી સર્વે વોર્ડ નં. ૮) ના સબ-પ્લોટ નં. ૨ ની જમીન ચો. મી. આ. ૨૭૫-૮૨ ઉપર બાંધવામાં આવેલ **''પ્રગતિ પ્લાઝા''** નામથી ઓળખાતા રેસીડેન્સીયલ કમ કોર્મશીયલ બિલ્ડીંગ માંહેથી થર્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ૩૦૨ જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૯૨-૪૪ **શ્રી મહેશકુમાર દિલીપસિંહ જાડેજા**એ રજી. વે. દ. અનું. નં. ૭૫૩૧, તા.૧૩-૧૧-૨૦૧૭ થી **શ્રી મીનાબેન નરેશભાઈ પટેલ**ના કુ. મુ. **શ્રી નરેશભાઈ નાથાભાઈ પેઢડીયા (પટેલ)** પાસેથી ખરીદ કરેલ છે. સદરહું ફલેટ નં. ૩૦૨ **શ્રી મહેશકુમાર દિલીપસિંહ જાડેજા**ની સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલિકીનો આવેલ છે. સદરહું ફલેટ મારા અસીલ તેઓની પાસેથી ખરીદ કરવા માંગે છે. જેથી સદરહું ફલેટ પરત્વે જો કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો કે અન્ય કોઈપણ વાંધા/તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે અમોને જાણ કરવી. મુદત વિત્યે આ મિલકત પરત્વે કોઈને કોઈ પણ જાતના વાંધા/તકરાર નથી અને જો હોય તો તે જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ સદરહું ફલેટનો તેમના જોગનો પાકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. અને ત્યારબાદ કોઈના કોઈ પણ જાતના વાંધા/ તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની તમામે નોંધ લેવી.

રાજકોટ તા. ૦૧-૦૩-૨૦૨૫

દિપક કે. ભંડેરી એડવોકેટ — **અંકિત કે. અકબરી** એડવોકેટ
૭-રમણીક હાઉસ, જયુબેલી ચોક, રાજકોટ મો. નં. ૯૯૭૪૨ ૦૩૬૪૯
મારી સુચનાથીઃ **મહેશકુમાર દિલીપસિંહ જાડેજા**

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે રાજકોટ મ્યુનિ. કોર્પો. મા સમાવેશ કરવામાં આવેલ મોજે ગામ **મવડીના રેવન્યુ સર્વે નં. ૧૫૩** પૈકીના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૩૨/બી**ની જમીન **ચો. મી. આ. ૬૩-૮૭** બરાબર **ચો. વા. આ. ૭૬-૩૮** ઉપર આવેલ ઉભા ઈમલા સહિતનું મકાન કે જે **શ્રી વિનુભાઈ કેશુભાઈ નળીયાપરા**ની સ્વતંત્ર માલીકી અને સંપુર્ણ કબ્જા ભોગવટાનું આવેલ છે. સદરહું મિલ્કત તેઓની પાસેથી અમારા અસીલ ખરીદ કરવાની ઈચ્છા ધરાવે છે.

સદરહું ઉપરોકત મિલ્કતની માલીકી બાબતે કે તેના વેચાણ સંબંધે કોઈપણ વ્યકતી, પેઢી, મંડળી તથા એસાઈનીઓ કે વારસદારો વિગેરેને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, લેણું, બોજો, ગીરો, લીયન કે કોઈપણ જાતની જવાબદારી કે હકક, અધિકાર, કોઈનો દરદાવો, કબજા હકક કે કોઈપણ અન્ય સાટાખત કે કુલમુખત્યારનામાના હકકોના આધારે કાઈપણ વહીવટ કરવામાં આવેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિવસ ૧૦ (દસ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે જાણ કરવી. મુદત વિત્યે આ મિલ્કત પરત્વે કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો કે વાંધા તકરાર નથી, અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ, વ્યવહાર પુર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો, વાંધો, કે તકરાર અમારા અસીલને બંધન કર્તા રહેશે નહી. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા. ૦૧-૦૩-૨૦૨૫ અમારા મારફતઃ-

રીધમ કે.ઝાલાવાડીયા (એડવોકેટ) મો. ૯૭૨૨૧ ૫૭૨૨૪ | **ગૌતમ બી.કોટડીયા** (એડવોકેટ) મો. ૯૬૦૧૫ ૧૩૬૫૦
ઓફીસ નં. ૩૦૨, એપલ ગોલ્ડ કોમ્પલેક્ષ, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના શહેર રાજકોટના **રેવન્યુ સર્વે નં. ૩૪૫** જેના ટી. પી. સ્કીમ નં. ૫, એફ. પી. નં. ૨૦૩, (સીટી સર્વે વોર્ડ નં. ૮) ના સબ-પ્લોટ નં. ૨ ની જમીન ચો. મી. આ. ૨૭૫-૮૨ ઉપર બાંધવામાં આવેલ ''પ્રગતિ પ્લાઝા'' નામથી ઓળખાતા રેસીડેન્સીયલ કમ કોર્મશીયલ બિલ્ડીંગ માંહેથી થર્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ૩૦૨ જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૯૨-૪૪ **શ્રી મહેશકુમાર દિલીપસિંહ જાડેજા**એ રજી.વે.દ.અનું. નં.૭૫૩૧, તા.૧૩-૧૧-૨૦૧૭ થી **શ્રી મીનાબેન નરેશભાઈ પટેલ**ના કુ. મુ. **શ્રી નરેશભાઈ નાથાભાઈ પેઢડીયા (પટેલ)** પાસેથી ખરીદ કરેલ છે. સદરહું ફલેટ નં. ૩૦૨ **શ્રી મહેશકુમાર દિલીપસિંહ જાડેજા**ની સ્વતંત્ર માલીકી અને કબજા, ભોગવટાનો આવેલ છે. સદરહું ફલેટ નં. ૩૦૨ ના ઉતરોતર દસ્તાવેજો પૈકી **(૧) શ્રીમતિ ચંદ્રિકાબેન અનંતભાઈ મહેતા જોગ શ્રી પ્રજ્ઞાબેન નંદલાલભાઈ ટુડિયાએ કરી આપેલ રજી. વેંચાણ દસ્તાવેજ અનું. નં. ૮૦૩૮, તા.૨૮-૧૦-૨૦૦૯ તથા (૨) શ્રી પ્રજ્ઞાબેન નંદલાલ ટુડીયા જોગ શ્રીમતિ બીનાબેન રાજેશકુમાર રાણપરા વિગેરેએ કરી આપેલ રજી. વેંચાણ દસ્તાવેજ અનું. નં. ૯૨૯, તા.૦૫-૦૨-૨૦૦૯** વાળા બંને અસલ દસ્તાવેજો તથા બંને દસ્તાવેજોની અસલ રજીસ્ટ્રેશનની પહોંચો ખોવાય ગયેલ છે અને પુરતા ખંતપુર્વક શોધવા છતાય મળી આવતા નથી જેથી ઉપરોકત ફલેટ નં. ૩૦૨ ના કબજા, ભોગવટા અને માલિકી હકક પરત્વે કે ટાઈટલ્સ પરત્વે કોઈપણ વ્યકિતના કોઈપણ જાતના વાંધા-તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે અમોને જાણ કરવી. મુદત વિત્યા બાદ આ મિલકત પરત્વે કોઈને કોઈપણ જાતના વાંધા-તકરાર હોય તો તે જતા (WAIVE) કરેલ છે અને ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા-તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં અને સદરહું દસ્તાવેજોની સર્ટીફાઈડ નકલને હવે પછીથી આ મિલકતના ટાઈટલમાં અસલ ગણવામાં આવશે જેની સર્વોએ નોંધ લેવી.

રાજકોટ તા. ૦૧-૦૩-૨૦૨૫

દિપક કે. ભંડેરી એડવોકેટ — **અંકિત કે. અકબરી** એડવોકેટ
૭-રમણીક હાઉસ, જયુબેલી ચોક, રાજકોટ મો. નં. ૯૯૭૪૨ ૦૩૬૪૯
મારી સુચનાથીઃ **મહેશકુમાર દિલીપસિંહ જાડેજા**

જાહેર નોટીસ

મવડીમાં આવેલ ''હિરવીલા'' (સ્થળ પર આવેલ બિલ્ડીંગ નં. ''એ'') માંહેથી ચોથા માળે આવેલ ફલેટ નં. ૪૦૧ અંગે

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવેલ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં. ૨૭૧** પૈકી (જેના ટી.પી.સ્કીમ નં. ૨૮(મવડી), એફ.પી.નં. ૩૮, ઓ.પી.નં. ૩૮) ના બીનખેડવાણ મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૧૭થી ૨૨ તથા ૪૨ થી ૪૪** ની કુલ જમીન **ચો.મી.આ. ૧૧૦૭-૫૮** ઉપર બાંધકામ કરેલ રહેણાંક હેતુ માટેની લો-રાઈઝડ ઈમારત કે જે **''હિરવીલા''** ના નામથી ઓળખાતી ઈમારત (સ્થળ પર આવેલ બિલ્ડીંગ નં. **''એ''**) માંહેથી **ચોથા માળ** ઉપર આવેલ **એપાર્ટમેન્ટ (ફલેટ) નં. ૪૦૧** જેના રાજકોટ મહાનગરપાલીકામાંથી મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાનમાં જેના બિલ્ટઅપ એરીયા **ચો.મી.આ. ૬૦-૩૦** તથા **''રેરા''** મુજબના કારપેટ એરીયા ક્ષેત્રફળ **ચો.મી.આ. ૫૩-૬૬**, વોશ એરીયા **ચો.મી.આ. ૨-૩૨** વાળા એપાર્ટમેન્ટ(ફલેટ) ની માલીકી તથા કબજો ભોગવટો **મંજુલાબેન ગોરધનભાઈ કાનાણી**નો આવેલ છે. સદરહું ફલેટ તેમની પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે. ઉપરોકત ફલેટ કે તેના ટાઈટલ ડીડઝ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હીત, હિસ્સો, લાગ-ભાગ, દરદાવો, લેણું, કરજ, બોજો, જામીનગીરીનો બોજો, ભરણપોષણનો હકક, વારસાઈ હકક, બેન્ક લોન કે ટાઈટલ ડીડઝ બાબતે કે અન્ય કોઈપણ પ્રકારના હકક કે વાંધા તકરારો હોઈ તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૦૮ (આઠ)** માં અમોને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી મુદત પુરી થયેથી આ મિલ્કતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ દર, દાવો હકક, હીત, હિસ્સો, ગીરો, બક્ષીસ, વિગેરે નથી, તેમ માની તેમજ આવો કોઈ હકક હોય તો તે જતો (WAIVE) કરવામાં આવેલ છે, તેમ માની અમારા અસીલ અવેજ ચુકવી વેંચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે ત્યારબાદ કોઈનો હકક, દાવો વાંધો, તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

રાજકોટ તા. ૦૧/૦૩/૨૦૨૫

હેમાંશુ પી. શીશાંગીયા
હિરેન જી. શીશાંગીયા, જીજ્ઞેશ વિ. યાદવ, આશિષ વી. ચૌહાણ
ઓફીસઃ શિવધારા એપાર્ટમેન્ટ, અતિથી ચોક, પંચવટી મેઈન રોડ, પંચવટી ટાવર સામે, રાજકોટ. મો. ૯૮૨૫૮ ૭૭૩૩૧

'જાહેર નોટીસ'

આથી હું નીચે સહી કરનાર **ઉકાભાઈ લાખાભાઈ મકવાણા રહે :** માખાકરોડ , તા. કાલાવડ, જી. જામનગર.

હું જાહેર કરૂ છું કે મારા માતાશ્રી **ફિરૂબેન લાખાભાઈ મકવાણા** નું અવસાન વર્ષ–૨૦૦૩માં ગામ માખાકરોડ તા. કાલાવડ, જી. જામનગર મુકામે થયેલ છે. અમો અરજદારના માતાશ્રીની મરણ નોંધણી અમારી કાયદાકીય અજ્ઞાનતાને લીધે આજ દીવસ સુધી અમોએ કોઈપણ સરકારી કે અર્ધસરકારી કચેરીમાં કરાવેલ નથી. હવે અમે જન્મ– મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ ની કલમ–૧૩(૩) મુજબ મરણની નોંધણી કરવા અંગે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી –કાલાવડ સમક્ષ દાદ મળવા માંગણી કરેલ છે. જેથી આ અંગે જણાવવાનું કે, સદર બાબતે અન્ય કોઈ વ્યકિતઓને વાંધો– તકરાર હોય તો **દિવસ-૩૦**માં ઉકત અધિકારીશ્રીને સમક્ષ રેકર્ડ આધારિત વિગતો સાથે વાંધા રજુ કરવા લાગતાવળગતાઓને નોંધ લેવા આથી સ્પષ્ટ જણાવવામાં આવેછે.

સ્થળઃ રાજકોટ,
તાઃ ૦૧–૦૩–૨૦૨૫

મનોજ એચ. સોજીત્રા
એડવોકેટ એન્ડ નોટરી
ઓફીસ નં. એફ-૧૨, નવસર્જન મ્યુનિસીપલ શોપીંગ સેન્ટર, મવડી ફાયર બ્રિગેડ પાછળ, મવડી મેઈન રોડ, રાજકોટ. મો. ૯૭૧૨૯ ૨૫૮૩૩

શેર સર્ટીફીકેટ ગુમ થયાની જાહેરાત

રાજકોટ ના રે.સ.નં. ૧૮૮ પૈકીમાં આવેલ શ્રી શકિત કો.ઓ.હા.સોસા.લી.ના બીનખેડવાણ જમીનના પ્લોટ નં. ૧૯–એ ની જમીન ચો.વા.આ. ૧૪૩–૧–૭૨, નટવરલાલ ભીમજીભાઈ સચાણીયા ધરાવે છે, જે અન્વયેના સોસાયટી તરફથી અપાયેલ શેર સર્ટીફીકેટ અસલ, જે શરતચુકથી ખોવાઈ ગયેલ છે, કે અવળે હાથે મુકાય ગયેલ છે. જે શોધવા માટેના પ્રયત્નો છતા મળી આવેલ નથી તેવી અમારા સમક્ષ રજુઆત કરેલ છે અને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ કાઢી આપવા અરજ કરેલ છે. આ અંગે કોઈને વાંધા તકરાર હોય, અથવા તો તે અસલ કોઈપણ વ્યકિતને મળ્યે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૭(સાત)** માં અત્રે લેખીત જાણ કરવી સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર નહી આવ્યે આ પ્લોટ હોલ્ડરને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ કાઢી આપવામાં આવશે તેમજ ખોવાયેલ ડોકયુમેન્ટસ રદ કરવામાં આવશે જેની તમામે સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા. ૦૧/૦૩/૨૦૨૫
અશ્વિન સેખલીયા
એમ.કે.જાડેજાએડવોકેટસ
૨-સદગુરૂ સોસા. કોર્નર બીલ્ડીંગ, સંતકબીર મે. રોડ, રાજકોટ. ફો. ૯૮૨૪૫ ૨૯૯૯૯

અશ્વિન સેખલીયા

'જાહેર નોટીસ'

આથી હું નીચે સહી કરનાર **ઉકાભાઈ લાખાભાઈ મકવાણા રહે :** માખાકરોડ , તા. કાલાવડ, જી. જામનગર.

હું જાહેર કરૂ છું કે મારા પિતાશ્રી **લાખાભાઈ માવાભાઈ મકવાણા** નું અવસાન તા. ૨૧/૦૩/૨૦૧૧ ના રોજ ગામ માખાકરોડ તા. કાલાવડ, જી. જામનગર મુકામે થયેલ છે. અમો અરજદારના પિતાશ્રીની મરણ નોંધણી અમારી કાયદાકીય અજ્ઞાનતાને લીધે આજ દીવસ સુધી અમોએ કોઈપણ સરકારી કે અર્ધસરકારી કચેરીમાં કરાવેલ નથી. હવે અમે જન્મ – મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ ની કલમ–૧૩(૩) મુજબ મરણની નોંધણી કરવા અંગે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી –કાલાવડ સમક્ષ દાદ મળવા માંગણી કરેલ છે. જેથી આ અંગે જણાવવાનું કે, સદર બાબતે અન્ય કોઈ વ્યકિતઓને વાંધો– તકરાર હોય તો **દિવસ-૩૦**માં ઉકત અધિકારીશ્રીને સમક્ષ રેકર્ડ આધારિત વિગતો સાથે વાંધા રજુ કરવા લાગતાવળગતાઓને નોંધ લેવા આથી સ્પષ્ટ જણાવવામાં આવેછે.

સ્થળઃ રાજકોટ,
તાઃ ૦૧–૦૩–૨૦૨૫

મનોજ એચ. સોજીત્રા
એડવોકેટ એન્ડ નોટરી
ઓફીસ નં. એફ-૧૨, નવસર્જન મ્યુનિસીપલ શોપીંગ સેન્ટર, મવડી ફાયર બ્રિગેડ પાછળ, મવડી મેઈન રોડ, રાજકોટ. મો. ૯૭૧૨૯ ૨૫૮૩૩

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ તાલુકાના મોજેગામ **કણકોટના રેવન્યુ સર્વે નં ૧૦૩** પૈકીની જમીન એકર ૩-૧૦ ગુંઠાના રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા **''સહયોગ પાર્ક''**તરીકે ઓળખાતા પ્લોટસ પૈકી **પ્લોટ નં.૧૦** ની જમીન **ચો.મી.આ.૧૩૪-૭૦** બરાબર **ચો.વા.આ. ૧૬૧-૧** વાળી ખુલ્લી જમીનનો પ્લોટ કે જે **શ્રી નીલેશભાઈ રતીલાલ હુંમરના** સ્વતંત્ર કબ્જા, ભોગવટા અને માલીકીનો આવેલ છે. અને સદરહુ પ્લોટ તેમની પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવે છે.

જેથી સદરહું પ્લોટ કે આ વેચાણ પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, લાગભાગ, હકક, હિત, હિસ્સો, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણનો હકક કે અન્ય કોઈ હકક હોય કે કોઈ સરકારી અર્ધસરકારી કે કોઈપણ બેન્ક અથવા પેઢી, મંડળી કે અન્ય કોઈપણ પ્રકારનું લેણુ, કરજ, બોજો કે જામીનગીરી હોય કે કોઈને આ વેચાણ પરત્વે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ- ૮ (આઠ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિસ્સો, દરદાવો નથી અને હોય તો જતો કરેલ છે તેમ સમજીને અમારા અસીલ ચુકતે અવેજની રકમ ચૂકવી, વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી, સદરહું મિલ્કત ખરીદ કરી, કબ્જો ભોગવટો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના વાંધા તકરાર આવશે તો તે શુધ્ધબુધ્ધી ના ખરીદનાર તરીકે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની સર્વેએ નોંધ લેવી.

રાજકોટ, તા. ૦૧/૦૩/૨૦૨૫ (એસોસીએટ એડવોકેટસ/નોટરી)
છગન એન. તાળા | ભાર્ગવ સી. તાળા
આઈ. વાય. પરાસરા
૩૦૩-બી, ફોર પ્લસ કોમ્પલેક્ષ, સરદારનગર મેઈન રોડ, રાજકોટ. મો. ૯૪૨૮૭ ૯૦૨૯૮

જાહેર નોટીસ

આથી મારા નીચે જણાવ્યા મુજબના અસીલના કહેવાથી અને તેમની સુચના અનુસાર આ જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ શહેર (પશ્ચિમ)ના રાજકોટ શહેરના **રેવન્યુ સર્વે નં. ૪૩૫/પૈકી** મા આવેલ પંચવટી સોસાયટી પાસે, મુળ રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની માલીકીની અને તેના કર્મચારીઓને ફાળવેલ જમીન કે જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૫, ટી.પી સ્કીમ નં. ૨, એફ. પી. નં. ૪૮૦, સબ પ્લોટ નં. સી/૮ જેના સીરીયલ નં. ૧૯ ની જમીન ચો.મી.આ. ૬૧-૦૩ **શ્રી ગિરિશચંદ્ર ભોવાન ફળદુએ** રજી. ભાડા પટ્ટાના હકકોનો દસ્તાવેજ અનુંકમ નં. ૯૧૦૩, તા. ૩/૦૮/૧૯૯૯ ના રોજથી ખરીદ કરેલ છે ત્યારબાદ સદરહું જમીન ઉપર **શ્રી ગિરિશચંદ્ર ભોવાન ફળદુએ** રહેણાંક હેતુ માટેના મકાનનું બાંધકામ કરેલ છે. તે મકાન અમારા અસીલ **શ્રી ગિરિશચંદ્ર ભોવાન ફળદુની** સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાનો આવેલ છે. સદરહું મકાનનો તમામ પ્રકારે વેચાણ, વ્યય, વ્યવસ્થા, વ્યવહાર વિગેરે કરવાનો તેને સંપુર્ણ હકક, સતા અને અધિકાર છે.

સદરહું ઉપરોકત મિલ્કતનો અસલ ભાડા પટ્ટાના હકકોનો દસ્તાવેજ તથા રજી. ફી ભર્યા અંગેની પહોંચ અસલ તથા ઉતરોતર ડોકયુમેન્ટ સહિતની અસલ ફાઈલ શરતચુકથી ખોવાય ગયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) શ્રી ગિરિશચંદ્ર ભોવાન ફળદુ જોગ ટાઉન પ્લાનર સાહેબશ્રી રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન એ કરી આપેલ રજી. ભાડાપટ્ટાના હકકોનો દસ્તાવેજ અનુંકમ નં. ૯૧૦૩, તા. ૩/૦૮/૧૯૯૯ ના રોજનો અસલ તથા રજી. ફી ભર્યા અંગેની પહોંચ અસલ.
(૨) રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના ભાડાપટ્ટાની લીઝની પહોંચ અસલ.
(૩) રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના તમામ ઠરાવની નકલો.

હાલ ઉપરોકત મુજબ મિલ્કતની ઓરીજનલ ફાઈલ માંથી ઉપરોકત દર્શાવેલ અસલ ભાડાપટ્ટાના હકકોનો દસ્તાવેજ તથા રજી. ફી ભર્યા અંગેની પહોંચ અસલ અમારા અસીલથી શરતચુકથી ખોવાય ગયેલ છે અથવા તો ગુમ થયેલ અથવા આડા અવડા હાથે મુકાય ગયેલ જે શોધવા છતા મળી આવેલ નથી તેથી અમારા અસીલે સક્ષમ ઓથોરીટી પાસેથી ઉપરોકત ડોકયુમેન્ટની ખરીનકલ કઢાવી ફાઈલમાં રાખેલ છે. તેથી તે ભાડાપટ્ટાના હકકોનો દસ્તાવેજ તથા ઉતરોતરના ડોકયુમેન્ટની ખરીનકલને અસલ ગણી ભવિષ્યમાં કોઈપણ જાતના વ્યવહાર, વેચાણ કે ટાઈટલ રીપોર્ટ અંગે કયારેય વાંધો કે તકરાર ઉપસ્થિત ન થાય તે હેતુથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ ઉપરોકત વર્ણનવાળી મિલ્કત સબંધે કે તેના ઉપરોકત ટાઈટલ બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગ-ભાગ, હકક, હિત, દાવો, કરજ, ગીરો, ભરણ-પોષણ કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૮ (આઠ) માં નીચેના સરનામે દસ્તાવેજી આધાર, પુરાવાઓ સાથે લેખીતમાં જાણ કરવી મુદત દરમ્યાન કોઈના વાંધા-તકરાર નહીં આવે તો કોઈને વાંધો-તકરાર નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ સદરહું મિલ્કતની અસલ ફાઈલમાં સદરહું ખોવાય ગયેલ દસ્તાવેજની ખરીનકલ રાખી કાર્યવાહી કરશે. અને ત્યારબાદ કોઈપણના કોઈપણ જાતના વાંધા કે તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. તેમજ ઉપરોકત મુજબનો વેચાણ દસ્તાવેજ અંગેના અસલ ડોકયુમેન્ટ કોઈપણ વ્યકિત પેઢી કે એસાઈનીઝને મળે તો નીચે જણાવેલ સરનામે જાણ કરવી તેમજ આ અસલ દસ્તાવેજને આધારે કોઈએ કોઈપણ જાતની વેચાણ અંગેની કે નાણાકીય લેતી-દેતી અંગેની કોઈપણ જાતની ગેરકાયદેસર કાર્યવાહી કરવી નહીં કે કરવાની નથી. નહીં તો અમારા અસીલ આવા લે-ભાગુ તત્વો સામે કાયદેસરની કાનુની કાર્યવાહી કરશે જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ, તા. ૦૧/૦૩/૨૦૨૫

''ધી લો-પોઈન્ટ'' એડવોકેટ એશોસીએટસ
ભાવેશ ડી. રંગાણી | નિલેશ જે. બુસા
હાર્દિક ડી. હરણેશા - બી. એન. બુસા
''નોર્થ એંગલ'', શોપ નં. ૧૦૩, ફર્સ્ટ ફલોર, આસ્થા રેસીડેન્સી પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, મવડી, રાજકોટ-૪, મો. ૯૪૨૬૨ ૬૭૧૩૨, ૯૯૨૪૪ ૬૪૯૩૨

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના લાલપર ગામના સર્વે નં. ૧૩ ની જમીન હે. ૨- ૪૦- ૭૯ આરેની જમીન જે ખેતર નામે :- "રેથાળીયુ" તરીકે ઓળખાય છે જે જમીન (૧) મોમીન અકબરભાઈ બાજાભાઈ (૨) મોમીન નુરમહંમદભાઈ બાજાભાઈ બન્ને રહે. મોમીનવાસ, નરીમાનપુરા, બાદરાબાદ, અમદાવાદ- ૩૮૨૨૧૦ વાળાના સંયુક્ત નામે માલીકી અને સંપુર્ણ કબજા ભોગવટાની આવેલ છે. તેમજ પોતાના વહીવટ હેઠળનું હોવાનું જણાવી તમામ પ્રકારના બોજાથી મુક્ત તેવા પ્રત્યક્ષ કબજા સાથે મારા અસીલ ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઇનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, દરદાવો, વાંધો તકરાર લીયન, ટાઇટલ, અગ્રહક્ક કે કબજા બાબતે વાંધો તકરાર હોય તો દિવસ - ૧૦ માં અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત વિત્યા બાદ કોઇનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે હક્ક હિસ્સો નથી અથવા જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ રજી. દસ્તાવેજથી સદરહું મિલ્કત ખરીદ કરશે. ત્યાર બાદ કોઇનો કાઇપણ પ્રકારનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકારક રહેશે નહીં જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : વાંકાનેર
તારીખ : ૦૧/૦૩/૨૦૨૫

ટી. એ. લધડ એડવોકેટ

ટી.એ. લધડ,
બી.એ.એલ.એલ.બી., એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)
સ્ટાર પ્લાઝા, આશિર્વાદ એસોસીએટ્સ, ઓફીસ નં. ૩૭/૩૮, ૨૭-એ નેશનલ હાઇવે, ચંદ્રપુર, તા. વાંકાનેર, જી. મોરબી. મો.નં. ૯૫૭૪૬ ૪૭૪૧૨

ઉત્તરોતર દસ્તાવેજો ખોવાયા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે રાજકોટ જીલ્લાના રાજકોટ મ્યુનિ.કો.ની હદમાં હજુર પેલેસ રોડ ઉપર રણજીત વિલાસ પેલેસના નામથી ઓળખાતી જમીનના પ્લોટસ પૈકીના પ્લોટ નં. ૩૮/બી ની જમીન ચો.મી.આ ૯૭–૩૮ સહિત તે પર આવેલ મકાનના માલિક મારા અસીલ દર્શિતભાઈ કનૈયાલાલ જાની, રહે.રાજકોટવાળા છે જે મિલ્કત તેમને સી.એમ.એ. નં.૧૩૬૩/૨૦૧૧ ના કામમાં આપવામાં આવેલ હેરશીપ સર્ટી.થી પ્રાપ્ત થયેલ છે. અને જેનો કબજો ભોગવટો પણ તેમનો છે. ઉપરોક્ત મકાનના ઉત્તરોતરના દસ્તાવેજોની ફાઈલમાં અસલ રજી.ડુપ્લીકેટ પાર્ટીશન ડીડ કે જે રૂા. ૧૫/– ના સ્ટેમ્પ પેપર ઉપર નં. ૨૩૨૯ તા.૧૧–૦૨–૯૮ તથા તેની ટકાની પહોંચ મળી આવતી નથી અને ખોવાઈ ગયાનું માલુમ પડે છે.

ઉપરોક્ત દસ્તાવેજ ખોવાઈ ગયેલ છે અને પુરતી તપાસ કરવા છતાં મળી આવેલ ન હોવાથી તેની ખરી નકલો અગર દાખલો મેળવીને ઉત્તરોતરની ફાઈલમાં રાખવામાં અને તેને જ અસલ ગણવામાં આવશે. તેમ છતાં ઉપરોક્ત વિગતવાળો દસ્તાવેજ તથા તેની ટકાની પહોંચ કોઈપાસે હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ–૮ (આઠ) માં અમોને અમારા નીચે જણાવેલ સરનામે સોપી આપવા વિનંતી છે અથવા તો આ જાહેર નોટીસ સામે કે બાબતે જો કોઈને કોઈ વાંધો કે તકરાર હોય તો તે અંગેની લેખીત જાણ આધાર પુરાવા સાથે ઉપરોક્ત મુદતમાં કરવા વિનંતી. ઉપરોક્ત સમય મર્યાદામાં તેમ નહી થાય તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર, હકક, દાવો નથી અને હોય તો તેઓએ સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ ઉપરોક્ત ખોવાયેલ દસ્તાવેજોની ખરીનકલો/દાખલો મેળવી તેને અસલ તરીકે માની તથા ગણી તેનો ઉપયોગ કરવામાં આવશે અને મુદત વિત્યે આવેલ વાંધાઓ કે તકરારો મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આથી લાગતા–વળગતા તમામે સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા.૧-૩-૨૦૨૫

વિજય બી. વ્યાસ (એડવોકેટ)
"ગાયત્રી",૨૨–ગુંદાવાડી, રાજકોટ ફોન (ઓ) ૨૨૩૪૪૫૧ મો. ૯૮૨૫૫૩૮૮૫૫

જાહેર નોટીસ

રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના ગામ **ચીભડા** ના **રેવન્યુ સર્વે નં.૨૧૭/પૈકી ૧** (જુના સર્વે નં.૧૩૪) ની **''પાટડી''** તરીકે ઓળખાતી ખેતીની જમીન **હે.આરે. ચોમી. ૦-૮૦-૯૪** રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૮–અ ના ખાતા નં.૧૬૩૦ થી **ભગવાનજીભાઈ બાબુભાઈ વસોયા,** રહે. મું. ચીભડા ની સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે. સદરહું જમીન તેઓની પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોકત ખેતીની જમીન સબંધે કે તેના વેચાણ, માલીકી, કબજા કે ટાઈટલ સંબંધે કોઈપણ વ્યકતી, પેઢી, મંડળી કે એસાઈનીઓ કે વારસદારો વિગેરેને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ–ભાગ, વારસાઈ હકક, ભરણપોષણનો હકક, હાલવા ચાલવાનો હકક, લેણુ, બોજો, ગીરો, લીયન, દરદાવો, કબ્જા હકક કે અન્ય હકક જો હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિવસ ૮(આઠ)** માં લેખીત આધાર પૂરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી મુદત વિત્યે આ મિલ્કત પરત્વે કોઈના કોઈ પણ જાતના હકક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ દસ્તાવેજ રજીસ્ટર કરવા અંગેની આગળની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈના કોઈ પણ જાતના વાંધા કે તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા–વળગતાઓએ નોંધ લેવી.

રાજકોટ તાઃ ૦૧/૦૩/૨૦૨૫ (એડવોકેટસ)

રાજેશ બી. નસીત | હસમુખ એલ. કલકાણી
મવડી મેઈન રોડ, જીથરીયા હનુમાન પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ ચોકડી, રાજકોટ

સમરી દાવાનું જાહેર સમન્સ

હાજર રહેવાનું સ્થળ : સંયુકત રજીસ્ટ્રાર અને સભ્ય, બોર્ડ ઓફ નોમીનીઝ, રાજકોટ વિભાગ, રાજકોટ. બ્લોક નં.૨, પહેલો માળ, જિલ્લા સેવા સદન-૩, સરકારી પ્રેસ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

આથી તમો નીચે જણાવેલ શખ્સને ખબર આપવામાં આવે છે કે, **શ્રી જનતા કો.ઓપરેટીવ કેડીટ સોસાયટી. લી. ઠે. 'ઈશાવાશ્યમ', જનસતા પ્રેસ રોડ, ઈગલ પેટ્રોલ પંપની સામે, રાજકોટ** તરફથી તમારી સામે સહકારી કાયદાની કલમ-૯૯(૪) હેઠળ સમરી લવાદ કેસ દાખલ કરવામાં આવેલ છે. રજીસ્ટર્ડ પોસ્ટથી સમન્સ બજાવવાનો પ્રયત્ન કરવા છતા નીચેના પ્રતિવાદીઓને સમન્સ બજેલ નથી. તેમનો અન્ય પતો કે સરનામું મળી શકેલ નથી. તેથી આ જાહેર સમન્સથી જણાવવામાં આવે છે કે આ સમન્સ પ્રસિધ્ધ થયાથી દિન-૧૦ ની અંદર તમો જો બચાવ કરવા માંગતા હોય તો સોગંદ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખતા હોય તે સાથે ઉપરોકત સરનામે હાજર થવું અને બચાવ કરવાની પરવાનગી મેળવવી. (મજકુર શખ્સો તેમની સામે દાખલ થયેલ આ દાવાની દાવા અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવાની નકલો અત્રે રૂબરૂ સંપર્ક કરી મેળવી શકશે.) જો તમો તેમ કરવામાં કસૂર કરશો તો દિન ૧૦ ની મુદત વિત્યા બાદ કોઈપણ સમયે વાદી તમારી સામે દાવામાં લખેલ રકમનો વ્યાજ ખર્ચ સહિતનો એવોર્ડ મેળવવા હકકદાર થશે. જેની નોંધ લેશો.

આજરોજ કોર્ટનું સીલ મારી સહી કરી.

વાદી : શ્રી જનતા કો. ઓપરેટીવ કેડીટ સોસાયટી લી.

ક્રમ	લવાદ કેસ નં.	પ્રતિવાદી નંબર અને નામ		કયા દરજ્જે	દાવાની રકમ
૧	૩૭૨/૨૦૨૪	૧. શ્રી શાહબાજભાઈ રફીકભાઈ કાદરી	રે. રાજકોટ	લોની	રૂા.૫૨,૬૫૪/-
૨	૩૭૩/૨૦૨૪	૧. શ્રી અરમાનખાન ઈરફાનખાન પઠાણ ૨. શ્રી શરીફભાઈ હનીફભાઈ સૈયદ ૩. શ્રી મુકીમભાઈ મહમદશકીલભાઈ સૈયદ	રે. રાજકોટ રે. રાજકોટ રે. રાજકોટ	લોની જામીન જામીન	રૂા.૬૪,૪૯૮/-
૩	૩૭૪/૨૦૨૪	૧. શ્રી શરીફભાઈ હનીફભાઈ શૈયદ ૨. શ્રી અરમાનખાન ઈરફાનખાન પઠાણ ૩. શ્રી મુકીમભાઈ મહમદશકીલભાઈ સૈયદ	રે. રાજકોટ રે. રાજકોટ રે. રાજકોટ	લોની જામીન જામીન	રૂા.૬૩,૧૫૪/-
૪	૩૭૫/૨૦૨૪	૧. શ્રી મુકીમભાઈ મહમદશકીલભાઈ સૈયદ ૨. શ્રી શરીફભાઈ હનીફભાઈ શૈયદ ૩. શ્રી અરમાનખાન ઈરફાનખાન પઠાણ	રે. રાજકોટ રે. રાજકોટ રે. રાજકોટ	લોની જામીન જામીન	રૂા.૬૪,૭૫૬/-
૫	૩૭૮/૨૦૨૪	૨. શ્રી વિકાસભાઈ હિંમતભાઈ કોલા	રે. રાજકોટ	જામીન	રૂા.૪૦,૫૫૭/-
૬	૩૭૯/૨૦૨૪	૧. શ્રી વિકાસભાઈ હિંમતભાઈ કોલા	રે. રાજકોટ	લોની	રૂા.૪૨,૨૦૫/-
૭	૩૮૧/૨૦૨૪	૧. શ્રી અનિશાબેન અંજુમનભાઈ જુણેજા ૨. શ્રી અંજુમનભાઈ હનીફભાઈ જુણેજા	રે. રાજકોટ રે. રાજકોટ	લોની જામીન	રૂા.૪૨,૪૫૪/-
૮	૩૮૨/૨૦૨૪	૧. શ્રી અનિશાબેન અંજુમનભાઈ જુણેજા ૨. શ્રી અંજુમનભાઈ હનીફભાઈ જુણેજા	રે. રાજકોટ રે. રાજકોટ	જામીન જામીન	રૂા.૪૨,૮૩૮/-
૯	૩૮૩/૨૦૨૪	૧. શ્રી અંજુમનભાઈ હનીફભાઈ જુણેજા ૨. શ્રી અનિશાબેન અંજુમનભાઈ જુણેજા	રે. રાજકોટ રે. રાજકોટ	લોની જામીન	રૂા.૪૨,૨૩૭/-
૧૦	૩૮૪/૨૦૨૪	૨. શ્રી વિકાસભાઈ હિંમતભાઈ કોલા	રે. રાજકોટ	જામીન	રૂા.૫૪,૪૩૭/-

રાજકોટ. તા.૬-૦૨-૨૦૨૫ (બોર્ડ ઓફ રજીસ્ટ્રાર્સ નોમીનીઝ રાજકોટ વિભાગ — સિક્કો)
તૈયાર કરનાર (ડી.જે. ભટ્ટ) જુ. કલાર્ક | **સરખાવનાર** કે.એલ. કોડીયાતર સિ. કલાર્ક | **જયકાન્ત એન. દવે** સભ્યશ્રી બોર્ડ ઓફ નોમીનીઝ રાજકોટ

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, કાલાવડ
તાલુકા સેવા સદન, કાલાવડ-ધોરજી રોડ-કાલાવડ
email : mam-kalavad@gujarat.gov.in

૫. અરજી નં. ૧૫/૨૯૨૫૨૬/e-tappal/02/2025
તા.૨૪/૦૨/૨૦૨૫

શ્રી અજીતભાઈ અભેરામભાઈ દોઢીયા (રજી. એડી),
રે.પીપર,
તા.કાલાવડ જી. જામનગર ......અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી, (રજી.એડી)
જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, પીપર
તા.કાલાવડ, જી.જામનગર ......સામાવાળા

-:: નોટીસ ::-

આથી જાહેર જનતા આગેવાન તથા લાગતી વળગતી સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, સંસ્થા ટ્રસ્ટ, શાળા, કોલેજ ઈત્યાદી શૈક્ષણીક તેમજ સામાજીક સંસ્થા સહીત તમામને આ નોટીસથી ખબર આપવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલ અરજદારએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી પરચુરણ અરજી જન્મ/મરણ નોંધણીની કલમ-૧૩ (૩) લાવી અરજદારશ્રી અજીતભાઈ અભેરામભાઈ દોઢીયા ના પુત્ર નવાઝ અજીતભાઈ દોઢીયાનો જન્મ તા. ૧૬/૦૨/૨૦૦૫ ના રોજ પીપર ગામ તા. કાલાવડ, જી. જામનગર મુકામે થયેલ છે જેથી સદરહુ અરજીમાં જણાવેલ નામ સરનામાવાળા અરજદારને જન્મનો દાખલો સામાવાળાની કચેરી તરફથી કાઢી આપવામાં આવે તે સંબંધિત કોઈપણ પ્રકારનો વાંધો તકરાર રહેલ હોય તો તે ઈસમ કે સંસ્થા કે કચેરી જવાબદાર વ્યકિતએ જાતે અથવા તો તેમના પ્રતિનિધિ મુખત્યાર કે વકિલ મારફતે સદરહુ નકકી કરેલ મુદત તારીખ :- ૦૮/૦૪/૨૦૨૫ ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકે આધાર પુરાવા સાથે અચૂક હાજર રહેવું, મુદત દરોળ દરમ્યાન કોઈ હાજર રહે નહી કે કોઈ લેખીત રજુઆત રજુ ન થયેથી આ અરજીની હકીકત બાબત કાંઈ કહેવું નથી તેમ સમજી અત્રેની કોર્ટ તરફથી આ અરજીનો ન્યાયિક નિકાલ કરવામાં આવશે જેની દરેકે નોંધ લેવી.

આ નોટીસ આજરોજ તા. ૨૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

(કોર્ટનો સિક્કો) **સહી અવાચ્ય**
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કાલાવડ

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, કાલાવડ
તાલુકા સેવા સદન, કાલાવડ-ધોરજી રોડ-કાલાવડ
email : mam-kalavad@gujarat.gov.in

૫. અરજી નં. ૧૬/૨૯૨૫૩૬/e-tappal/02/2025
તા.૨૪/૦૨/૨૦૨૫

શ્રી અજીતભાઈ અભેરામભાઈ દોઢીયા (રજી. એડી),
રે.પીપર,
તા.કાલાવડ જી. જામનગર ......અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી, (રજી.એડી)
જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, પીપર
તા.કાલાવડ, જી.જામનગર ......સામાવાળા

-:: નોટીસ ::-

આથી જાહેર જનતા આગેવાન તથા લાગતી વળગતી સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, સંસ્થા ટ્રસ્ટ, શાળા, કોલેજ ઈત્યાદી શૈક્ષણીક તેમજ સામાજીક સંસ્થા સહીત તમામને આ નોટીસથી ખબર આપવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલ અરજદારએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી પરચુરણ અરજી જન્મ/મરણ નોંધણીની કલમ-૧૩ (૩) લાવી અરજદારશ્રી અજીતભાઈ અભેરામભાઈ દોઢીયા ના પુત્ર તાહિર અજીતભાઈ દોઢીયાનો જન્મ તા. ૩૦/૧૨/૨૦૦૬ ના રોજ પીપર ગામ તા. કાલાવડ, જી. જામનગર મુકામે થયેલ છે જેથી સદરહુ અરજીમાં જણાવેલ નામ સરનામાવાળા અરજદારને જન્મનો દાખલો સામાવાળાની કચેરી તરફથી કાઢી આપવામાં આવે તે સંબંધિત કોઈપણ પ્રકારનો વાંધો તકરાર રહેલ હોય તો તે ઈસમ કે સંસ્થા કે કચેરી જવાબદાર વ્યકિતએ જાતે અથવા તો તેમના પ્રતિનિધિ મુખત્યાર કે વકિલ મારફતે સદરહુ નકકી કરેલ મુદત તારીખ :- ૦૮/૦૪/૨૦૨૫ ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકે આધાર પુરાવા સાથે અચૂક હાજર રહેવું, મુદત દરોળ દરમ્યાન કોઈ હાજર રહે નહી કે કોઈ લેખીત રજુઆત રજુ ન થયેથી આ અરજીની હકીકત બાબત કાંઈ કહેવું નથી તેમ સમજી અત્રેની કોર્ટ તરફથી આ અરજીનો ન્યાયિક નિકાલ કરવામાં આવશે જેની દરેકે નોંધ લેવી.

આ નોટીસ આજરોજ તા. ૨૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

(કોર્ટનો સિક્કો) **સહી અવાચ્ય**
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કાલાવડ

રાજકોટ રેન્જના વિવિધ જિલ્લાઓમાંથી અધિકારીઓ અને સ્ટાફનાં જામનગરમાં ધામા: પોલિસના વજનદાર બુટ, સાયરન ગુંજી રહ્યા છે

પીએમ માટે અભેદ સુરક્ષા ચક્ર રચતાં રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ

એસપી પ્રેમસુખ ડેલુ ટીમ દ્વારા સતત નિરીક્ષણ... બોમ્બ ડીસ્પોઝલ સ્કોડ દ્વારા તસુ એ તસુ જમીનની ચકાસણી



જામનગરની ઇતિહાસ ભૂગોળથી પરિચિત દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં એસપી નિતેશ પાંડેને મહત્વની જવાબદારી: ગીર સોમનાથ એસપી મનોહરસિંહ જાડેજા ટીમ પણ એક્ટિવ મોડમાં

રાજકોટ તા.૧: ચાલુ માસમાં બે તબક્કે સૌરાષ્ટ્ર અને ગુજરાતની મુલાકાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પોતાના કાર્યક્રમનો આજ સાંજથી જામનગર ખાતેથી પ્રારંભ કરી જામનગર સર્કીટ હાઉસ ખાતે રાત્રી રોકાણ કરવાના હોવાથી પોલીસ બંદોબસ્ત રણનીતિમાં ધરખમ ફેરફાર સાથે રાજકોટ રેન્જ વડા અશોકકુમાર યાદવ જાતે જામનગર પહોંચી લોખંડી બંદોબસ્તનો માસ્ટર પ્લાન એસપી પ્રેમસુખ ડેલું, જામનગરનો અનુભવ ધરાવતા દ્વારકા એસપી નીતીશ પાંડે વિગેરે સાથે ઘડી કાઢ્યો છે અને જામનગર શહેર અને રાજકોટ રેન્જના વિવિધ જિલ્લામાંથી અધિકારીઓ અને પોલીસ સ્ટાફ જામનગર બોલાવી લીધો છે.

વડાપ્રધાન કાલે રિલાયન્સમાં રિફાઈનરી અને વન્ય જીવન પ્રાણીઓ માટે ચાલતા અભિયાન સહિતનાં કાર્યક્રમો માટે જવાના હોવાથી આખા રૂટનું પોલીસ દ્વારા ફાઈનલ રિહર્સલ કરવામાં આવેલ.

વડાપ્રધાન અહીથી સાસણની મુલાકાત લેશે અહી રાષ્ટ્રીય વન જીવન બોર્ડની ખૂબ મહત્ત્વની બેઠકની અધ્યક્ષતા કરશે. આ બોર્ડમાં ખૂબ ઉચ્ચ લેવલના મહાનુભાવો હોય છે.જંગલ સફારીનો આનંદ માણવા સાથે સોમનાથ ખાતે પૂજા અર્ચના સાથે સોમનાથ ટ્રસ્ટ બેઠકની અધ્યક્ષતા કરશે. ત્યારબાદ હેલિકોપ્ટર દ્વારા રાજકોટ હિરાસર એરપોર્ટ પર આવી સોશ્યલ એર કાફટમાં દિલ્હી જશે.(૨.૨૦)



સાંજે નરેન્દ્રભાઈ મોદી જામનગર



જામનગરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગમન પહેલા રીહર્સલ કરાયું હતું (તસ્વીર - કિંજલ કારસરીયા)

(મુકુંદ બદિયાણી દ્વારા)જામનગર, તા.૧: આજે દિલ્હીથી સાંજે સાત વાગ્યે જામનગર એરપોર્ટ ખાતે નરેન્દ્રભાઈ મોદીનું આગમન થશે સુત્રોના જણાવ્યા મુજબ દિગ્જામ સર્કલ થી મોફીલા (જામ સાહેબ બંગલો) સુધી રોડ શો કરી જામસાહેબ શત્રુશલ્યાસિંહજી જાડેજાને તેઓના જન્મદિવસની શુભેચ્છા મુલાકાત લઈ સાત રસ્તા સર્કલ થઈ સર્કીટહાઉસ પહોંચશે ત્યાં રાત્રી ભોજન તથા વિશ્રામ કરી સવારે સાત વાગ્યે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જવા રવાના થશે ત્યાં વનતારાની મુલાકાત લેશે તેમજ સુત્રોના જણાવ્યા અનુસાર બાયોગેસના પ્લાન્ટનું ઉદઘાટન કરે તેવી સંભાવના છે. અને ત્યાંથી બપોરે ૧૨-૩૦ વાગ્યે ગીર જવા રવાના થશે.

સરકારી માહિતી મુજબ ફકત રાત્રી રોકાણ સરકીટ હાઉસમાં કરશે તેવું જણાવવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગમન થવાના પહેલા સાત રસ્તા પાસે સ્પીડ બ્રેકરો કાઢી નાખવામાં આવ્યા અને પેચ વર્કની કામગીરી આજે સવારે પુરી થઈ ગયેલ છે તેમજ સાત રસ્તાના ઓવરબ્રીજના કામમાં રંગબેરંગી પડદા મારી દેવામાં આવ્યા છે. તેમજ દિગ્જામ સર્કલથી ઓશવાળ સેન્ટર સુધી બંન્ને સાઈડ બેરીકેટ લગાડી દેવામાં આવી છે. જેથી રોડ શો થવાની પુરી સંભાવના છે તેમજ જામનગર એરપોર્ટ થી રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સુધી ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને ઝેડ સુરક્ષાન વ્યવસ્થા ગોઠવવાના કારણે કાલે સવારે પી.એમ. મોદી રોડ માર્ગે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જશે.(૨૩.૧૦)

નરેન્દ્રભાઈનો જામનગરનો કાર્યક્રમ આવા પ્રકારે નક્કી થયો છે



રાજકોટ, તા.૧: વડા પ્રધાન દિલ્હી એરપોર્ટ દ્વારા જામનગર આવવા નીકળી સાંજે ૭.૨૦ વાગ્યે જામનગર એરફોર્સ પર પોહચી જશે તેમ સૂત્રો જણાવે છે.

સૂત્રોનાં જણાવ્યા અનુસાર અહી સ્વાગત વિધિ પછી કાર દ્વારા સર્કીટ હાઉસ પોહચી જશે.અહી રાત્રી રોકાણ કરશે.

બીજા દિવસે મોટી ખાવડી વનતારા કાર્યક્રમ માટે રિલાયન્સ મોટી ખાવડી જશે. અહી લાંબો સમય ગાળે તેવી સંભાવના છે , અહીથી રિલાયન્સ હેલિપેડ મારફત ગીર જવા રવાના થશે. (૪.૩૧)

નરેન્દ્રભાઇ મોદી કાલે સાસણમાં

રાત્રિ રોકાણ કરી સોમવારે સિંહ દર્શન કરશે એસપીજી કમાન્ડો ઉપરાંત ૮ એસપી, ૧૫ ડીવાયએસપી, ૩૦ પીઆઈ સહિત પોલીસનો બંદોબસ્ત

(વિનુ જોશી દ્વારા) જૂનાગઢ તા.૦૧: ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે સાસણનાં પ્રવાસે આવી રહ્યા છે. જેને લઈ તેઓની સુરક્ષા માટે લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રનાં પ્રવાસનો પ્રારંભ મોદી આજે રાત્રે જામનગર ખાતેથી કરશે. ત્યાંના સર્કિટ હાઉસમાં રાત્રી રોકાણ કરી રવિવારે વહેલી સવારે રિલાયન્સ ખાતે વનતારાની મુલાકાત લેશે અને બપોરે ભોજન લીધા બાદ સીધા સાસણ જવા રવાના થશે. અહીં તેઓ સિંહ દર્શન કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષા માટે એસપીજી કમાન્ડો ઉપરાંત ૮ એસપી, ૧૫ ડીવાયએસપી, ૩૦ પોલીસ ઈન્સ્પેક્ટર, ૧૦૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર, ૧૨૦૦ પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

સાસણ ખાતે રાત્રી રોકાણ કરી સોમવારે વહેલી સવારે તેઓ સોમનાથ જવા રવાના થશે. સોમનાથ ખાતે દર્શન કર્યા બાદ સોમનાથ ટ્રસ્ટની બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સહિતના નેતાઓ પણ ઉપસ્થિત રહેશે. બપોરે સોમનાથ ખાતે ભોજન લીધા બાદ તેઓ સીધા રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી બપોરે ૨:૩૦ કલાકે દિલ્હી જવા રવાના થશે.(૩૮.૧૧)

વડાપ્રધાન બન્યા પછી બીજીવાર સોમનાથ પધારી રહેલા નરેન્દ્રભાઇ મોદી



(ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ- પાટણ તા. ૧: વડાપ્રધાન અને સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્રભાઈ મોદી તારીખ ૩ માર્ચે સવારે હેલીકોપ્ટર દ્વારા સોમનાથ આવી રહ્યા છે.

વડાપ્રધાન બન્યા પછી તેઓની સોમનાથની આ બીજી મુલાકાત છે પ્રથમવાર ૮ માર્ચ ૨૦૧૭ ના રોજ સોમનાથ આવ્યા હતા અને સોમનાથ ટ્રસ્ટની મીટીંગ અને અભિવાદન સમારોહ યોજાયો હતો.

નરેન્દ્રમોદી ૨૦૧૦ થી સોમનાથના ટ્રસ્ટપદે હતા અને ૨૦૨૧થી અધ્યક્ષ છે,મોદીનું આગમન હાલની તકે ટ્રસ્ટની મીટીંગ હોઈ તેવું જણાતું નથી પરંતુ તેઓ દર્શન પૂજન અને મંદિરના વિકાસ કાર્યો અંગેની સ્થાનિક તંત્ર સાથે ચર્ચા વિચારણા કરે તેવી સંભાવના છે.

આ વરસે પ્રયાગ ખાતે પવિત્ર ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી સ્નાન કર્યું હતું ત્યારે મનોમન સંકલ્પ કર્યો હતો કે આ મહાકુંભના સાક્ષી બનવાથી મારી શ્રધ્ધા અનેકગણી મજબૂત થઈ છે. જે રીતે ૧૪૦ કરોડ ભારતીયોએ એકતાનો મહાકુંભ પ્રસંગમાં ફેરવ્યો તે ખરેખર અદ્ભૂત છે.

લોકોના સમર્પણ -ભક્તિ અને પ્રયત્નોથી પ્રેરિત થઈને હું ટુંક સમયમાં શ્રી સોમનાથજીની મુલાકાત લઈશ. જે બાર જયોર્તિલિંગમાનું પ્રથમ છે.જેથી હું આ સામુહિક રાષ્ટ્રીય પ્રયાસોનું ફળ તેમને અર્પણ કરી શકું અને દરેક ભારતીયો માટે પ્રાર્થના કરી શકું તેમ મળતા અખબારી અહેવાલ જણાવે છે.

પરસાણાનગરમાં રેલ્વેની પાણીની લાઇન લીકેજ: ઉનાળામાં ચોમાસાનો ઘાટ: મચ્છરનો ભારે ઉપદ્રવ: કોંગ્રેસ

તુરંત લાઇન રિપેર કરાવવા રેલ્વેના ડીઆરએમ- મ્યુ.કમિશનરને શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની રજૂઆત



રાજકોટ તા.૧: શહેરના મોટાભાગના વિસ્તારોમાં મચ્છરોનો ત્રાસ વર્તાય રહયો છે. મનપા દ્વારા મશીન અને ફ્રોન દ્વારા દવા છંટકાવ કરાઇ રહયો છે. ત્યારે કોંગ્રેસ દ્વારા પરસાણાનગર વિસ્તારમાં પાણીની લીકેજ લાઈન અંગે રેલ્વે અને મનપામાં રજુઆત કરાઈ છે.

રજુઆતમાં જણાવ્યા મુજબ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની યાદી મુજબ પરસાણાનગર વિસ્તારનું નીકળી રહેલ ગંદુ પાણી સમગ્ર વિસ્તારમાં ફરી વળ્યું છે અને લાંબા સમયથી આ પાણીને પગલે ભર ઉનાળે હાલ ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે. આ ગંદા પાણીને લિસાબે બિનજરૂરી કાંટાળી વનસ્પતિ ઉગી નીકળી છે. પરસાણા નગર ના રહેવાસીઓની ફરિયાદ છે કે આ ઠેક ઠેકાણે તળાવ જેવા ભરાયેલા આ ગંદા પાણી ઠંકીમાં પણ ઘૂસી ગયા છે. હાલ આ પાણીને પગલે મચ્છરનું આક્રમણ વધી ગયું છે અને ગંધાતા ગંદા પાણીના પગલે સમગ્ર પરસાણાનગર વિસ્તાર મચ્છરોનું ઉત્પાદન કેન્દ્ર બની ગયું છે. જીવજંતુ અને મચ્છરોની ત્રાસદાયક સમસ્યા ઊભી થઈ છે અને રોગચાળો ફાટી નીકળે એ પહેલા રાજકોટ મહાનગરપાલિકા અને રેલવેના તંત્રને જગાડવા માટે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રેલવેના ડીઆરએમ અને રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરને ગંદા પાણી નીકળે છે તે બાબતે તાત્કાલિક મરામત કરી યોગ્ય કરવા ટેલીફોનિક અને લેખિત રજૂઆત રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી દ્વારા કરવામાં આવી છે.(૨.૨૮)

વેધરએનાલીસ્ટ અશોકભાઇ પટેલની તા.૧ થી ૮ માર્ચ સુધીની આગાહી

ગુરૂ થી શનિ ગરમીનો નવો રાઉન્ડ: પ્રથમ વખત પારો ૪૦ને આંબશે

આજથી બુધવાર સુધી તાપમાન ૩૪ થી ૩૭ ડીગ્રીની રેન્જમાં રહેશે: તા.૮ થી તાપમાંન એકાદ ડીગ્રી વધતુ જશે, ગુજરાતમાં પ્રથમ વખત કોઇ સેન્ટરમાં તાપમાન ૪૦ ડીગ્રીએ પહોંચી શકે છે: સોમવાર સુધી કચ્છ અને પશ્ચિમ સૌરાષ્ટ્રના સિમિત વિસ્તારોમાં ઝાકળની શકયતા

રાજકોટ: ઠંડીમાં રાહત મળ્યા બાદ એકાએક ગરમીમાં ગતિ પકડી લીધી છે.હાલ છેલ્લા કેટલાક દિવસોથી દિવસનું તાપમાન નોર્મલથી ઉંચુ જ રહે છે. તાજેતરમાં જ રાજકોટ શહેરમાં તાપમાન ૩૮.૭ ડીગ્રીએ પહોચી ગયુ હતું. જે દેશભરમાં સૌથી ઉંચુ તાપમાન નોંધાયેલ. ત્યારે આગામી દિવસોમાં પણ ગરમીમાં રાહત મળવાની નથી. વેધરએનાલીસ્ટ શ્રી અશોકભાઇ પટેલે જણાવ્યું છે કે આગામી સપ્તાહમાં ગુરૂથી શની ગરમીનો નવો રાઉન્ડ આવી રહયો છે. તો આ રાઉન્ડમાં પારો પ્રથમ વખત ૪૦ ડીગ્રીને પણ વટાવી જાય તેવી શકયતા છે.

તેઓએ જણાવેલ કે ગત આપેલી આગાહી મુજબ તા.૨૫ થી ૨૮ ફેબ્રુઆરી વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસરથી નોર્થ ઇન્ડિયામાં બરફવર્ષા થઇ હતી. જયારે સૌરાષ્ટ્રના કચ્છ, ગુજરાતમાં તાપમાન ૩૬ થી ૩૮ની રેન્જમાં આવી જશે તે અનુસંધાને રાજકોટનું મહતમ તાપમાન ૩૮.૭ ડીગ્રીએ પહોંચી ગયુ હતું. જે દેશભરમાં સૌથી ઉંચું તાપમાન નોંધાયું હતું.

ગઇકાલે અમદાવાદ ૩૬.૬, રાજકોટ ૩૬.૭ (બન્ને નોર્મલથી ૩ ડીગ્રી વધુ), વડોદરા, ૩૫.૮ (નોર્મલથી બે ડીગ્રી ઉંચુ) ડીસા ૩૪.૪, ભુજ ૩૩.૭ (બન્ને એક ડીગ્રી નોર્મલથી ઉંચા) નોંધાયેલ.

વેધરએનાલીસ્ટ શ્રી અશોકભાઇ પટેલે તા. ૧ થી ૮ માર્ચ સુધીની આગાહી કરતા જણાવેલ કે પવનની વાત કરીએ તો તા. ૪ માર્ચ સુધી પશ્ચિમ ઉત્તર પશ્ચિમના ફૂકાશે. ત્યારબાદના દિવસોમાં ઉત્તરાદી પવન ફૂંકાશે. તા. ૩ થી ૫ માર્ચ દરમ્યાન પવનની ગતી ૧૫ થી ૨૫ કિ.મી. અને બાકીના આગાહીના દિવસોમાં પવનની ઝડપ ૧૦ થી ૧૫ કિ.મી.ની રહેશે.

હાલમાં તા. ૪ માર્ચ સવાર સુધી છુટાછવાયા વાદળોની શકયતા, ત્યારબાદ વાતાવરણ ચોખ્ખુ રહેશે.



તા. ૩ માર્ચ સુધી કચ્છ અને પશ્ચિમ સૌરાષ્ટ્રના સિમિત વિસ્તારોમાં ઝાકળની શકયતા છે.

તાપમાનની વાત કરીએ તો દિવસનું નોર્મલ તાપમાન ૩૨.૫ થી ૩૪ ડીગ્રી ગણાય.

તા.૧ થી ૫ માર્ચ મહતમ તાપમાન ૩૪ થી ૩૭ ડીગ્રીની રેન્જમાં રહેશે. તા.૬ થી ૮ માર્ચ મહતમ તાપમાન દરરોજ એકાદ ડીગ્રી વધશે. રેન્જ ૩૭ થી ૩૯ ડીગ્રી વચ્ચે રહેશે. અને તેવી પણ શકયતા છે કે ગુજરાતમાં કોઇ સેન્ટરમાં તાપમાન ૪૦ ડીગ્રીએ નોંધાઇ શકે છે. (૩૫.૧૬)

પાંચમી વખત ધારાસભ્ય બનેલા સી.કે. રાઉલજીનો જન્મદિન



રાજકોટ :પંચમહાલ જિલ્લાના ગોધરા મત વિસ્તારના ભાજપના ધારાસભ્ય શ્રી સી.કે. રાઉલજીનો જન્મ તા. ૧ માર્ચ ૧૯૫૪ ના દિવસે થયેલ આજે ૭૨ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે તેઓ પાંચમી વખત ધારાસભ્ય તરીકે ચુંટાયા છે. ભૂતકાળમાં પાણી પુરવઠા, નાગરિક પુરવઠા, માર્ગ અને મકાન, વાહન વ્યવહાર વગેરે વિભાગોના મંત્રી તરીકે રહી ચુકયા છે. પંચમહાલ જિલ્લા રાજપૂત સમાજ, જિલ્લા સહકારી બેંક, બહેરા મુંગા શાળા, દુધ ડેરી, માર્કેટીંગ યાર્ડ વગેરે સંસ્થાઓમાં તેમનું મહત્વનું યોગદાન છે. આજે સેવાકીય પ્રવૃતિથી જન્મદિનની ઉજવણી કરી છે.

મો. ૯૮૨૫૨ ૧૨૩૦૦ ગોધરા (૬.૧૭)



બારડોલીના ધારાસભ્ય પૂર્વ મંત્રી ઇશ્વરભાઇ પરમારનો જન્મદિન

રાજકોટ: સુરતના બારડોલી મતક્ષેત્રના ભાજપના ધારાસભ્ય શ્રી ઈશ્વરભાઈ રામાભાઈ પરમારનો જન્મ તા. ૧ માર્ચ ૧૯૭૧ ના દિવસે થયેલ. આજે પંચાવનમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓ ભૂતકાળમાં રાજયમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી તરીકે રહી ચૂકયા છે. ખેતી સાથે સંકળાયેલા છે. મો. ૯૯૭૮૧ ૭૭૭૬૬ બારડોલી (૩.૧૯)

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી રાજસ્થાનમાં છવાઈ બરફની ચાદર, કરા પડ્યા: ભારે વરસાદ

અચાનક આવેલ આફતથી ઘઉં, ચણા, સરસવ અને જીરુંના પાકનો નાશ



દેશમાં બદલાતા વાતાવરણ વચ્ચે રાજસ્થાનથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં શુક્રવારે બપોર પછી રાજસ્થાનમાં હવામાન ફરી એકવાર બદલાયું હતું. આ તરફ બિકાનેર જિલ્લાના લુંકરનસર સહિત ચુરુ, નાગૌર, ઝુનઝુનુ અને શેખાવતીના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ અને કરા પડવાથી ખેડૂતોની મહેનત બરબાદ થઈ ગઈ છે. ગુરુવારે આવેલી આ અચાનક આફતથી ઘઉં, ચણા, સરસવ અને જીરુંના પાકનો નાશ થયો છે, જેના કારણે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડી શકે છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી હવામાનમાં અચાનક ફેરફાર થયો છે. શુક્રવારે શ્રીગંગાનગર અને જેસલમેર સહિત ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો હતો. ચુરુના રતનગઢ તાલુકાના કાંગાર ગામમાં બપોરે અચાનક કરા પડવા લાગ્યા, જેના કારણે ખેતરોમાં બરફની સફેદ ચાદર ફેલાઈ ગઈ. આ ઉપરાંત, સવારથી બિકાનેરમાં પણ સમયાંતરે વરસાદ ચાલુ રહ્યો. બિકાનેરના લુંકરનસર વિસ્તારના ભડેરા ચક ૧ BHM ગામમાં પણ કરા પડ્યા, જેના કારણે સરસવ અને ઘઉંના પાકનો નાશ થયો. ચક પએડી, શેખસર, નથવાના, ચક ૨૬૬, ૨૭૨, ૨૬૪,આરડી, ઉદાણા, ખોડાલા, ધણીપંડુસર, કપૂરીસર અને કાંકરવાલા ગામમાં ભારે કરા પડ્યા હતા જેના કારણે ખેતરો સફેદ ચાદરથી ઢંકાઈ ગયા હતા. સ્થાનિક ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી સુમિત ગોદારાએ કહ્યું છે કે, વહીવટીતંત્ર પાસે માંગણી કર્યા બાદ, નુકસાનનો ઝડપી અને દૃશ્યમાન સર્વે કરવામાં આવશે.

આ તરફ ચુરુ જિલ્લાના રાજગઢ, સાદુલપુર, ધોલિયા, ચીમનપુરા, બેરાસર અને નાવા ગામોમાં કરા પડવાથી તારામીરા, ચણા અને સરસવના પાકનો નાશ થયો. ખેડૂતોના મતે જો વરસાદ સામાન્ય હોત તો પાક માટે ફાયદાકારક હોત પરંતુ ભારે કરા અને ઝરમર વરસાદથી પાકને ભારે નુકસાન થયું છે. ગ્રામજનોના મતે લીંબુના કદના કરા પડ્યા, જેના કારણે ઉભા પાકનો નાશ થયો અને કેટલીક જગ્યાએ વૃક્ષો ઉખડી ગયા. ગામલોકોએ કોદાળી અને પાવડાની મદદથી ખેતરોમાંથી કરા દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો.

કોંગ્રેસ નેતા સારિકા પિલાનિયાએ મુખ્યમંત્રી ભજનલાલ શર્માને ખેડૂતોને થયેલા નુકસાનની નોંધ લેવા અને તાત્કાલિક વળતર આપવા અપીલ કરી છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું કે, રાજસ્થાનના લુંકરનસરના ચુરુમાં ભારે કરા પડવાથી ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે. હું રાજ્યના મુખ્યમંત્રીને વિનંતી કરું છું કે તેઓ ખેડૂતો પર પડેલી આ આફતનું વ્યક્તિગત ધ્યાન લે અને અર્થપૂર્ણ પગલાં લે.(૩૮.૨૫)

મનપા તંત્ર લાલઘુમ: ગોકુલધામ આવાસના ૫૭૬ કવાર્ટરો ભયગ્રસ્ત: નોટીસ

ચોમાસા પહેલા રિપેરીંગ કરવા તાકીદ: નળ કનેકશન સહિતની કડક કાર્યવાહીની ચીમકી



રાજકોટ, તા., ૨૮: શહેરના ગુરૂપ્રસાદ વિસ્તારમાં આવેલ ગોકુલધામ આવાસ ક્વાર્ટરમાં ભયગ્રસ્ત કુલ-૫૭૬ આવાસોને આગામી ચોમાસાની ઋતુ પહેલા સુરક્ષિત સ્થિતિમાં કરવા અંગે મ્યુનિ.કોર્પોરેશન દ્વારા નોટીસ આપવામાં આવી છે.

આ અંગે મનપાની સતાવાર યાદીમાં જણાવ્યા મુજબ વોર્ડ નં.- ૧૨માં પંચશીલ ૮૦ ફુટ રોડની સામે, ગોકુલધામ આવાસ કવાટરમાં ભયજનક કુલ-૫૭૬ આવાસોને ભયગ્રસ્ત બાંધકામને આગામી ચોમાસાની ઋતુ પહેલા સુરક્ષિત સ્થિતિમાં કરવા અંગે અગાઉ સને- ૨૦૨૪માં નોટીસ પાઠવવામાં આવેલ છે. પરંતુ આજ-દિન સુધી જે આવાસોના રીપેરીંગ થયેલ નથી તથા આ આવાસોનાં રહેવાસીનાં જાન-માલને જોખમ રહેલ હોય, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફરી વખત તા.૨૭-૦૨તથા તા.૨૮- ૦૨નાં રોજ કુલ-૫૭૬ આવાસોને નોટીસ આપી તાકિદ કરવામાં આવેલ છે. જો રીપેરીંગ કામગીરી શરૂ કરવામાં નહિં આવે તો આ ભયગ્રસ્ત આવાસોના નળ કનેકશન કપાત કરવાની કામગીરી ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે. (૪.૩૬)

જીગ્નેશદાદની તથાસ્તુ વિદ્યાપીઠ ખાતે આયોજનમાં ભાજપ નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા

લાઠીમાં કીર્તિદાન-ગીતા રબારી-માયાભાઇના લોકડાયરામાં ડોલર-રૂપિયાનો વરસાદ



અમરેલી, તા. ૧: અમરેલીના લાઠીમાં યોજાયેલ લોકડાયરામાં લોકસાહિત્ય કલાકાર કીર્તિદાન ગઢવી, ગીતા રબારી અને માયાભાઈ સહિત અનેક કલાકારોએ રમઝટ બોલાવી હતી અને તેમના પર રૂપિયા તેમજ ડોલરનો વરસાદ કરવામાં આવ્યો હતો. અમરેલીના લાઠીના તથાસ્તુ વિદ્યાપીઠ જીગ્નેશદાદા સંચાલિત લોકડાયરામાં ડોલર અને રૂપિયાનો વરસાદ કરવામાં આવ્યો હતો. આ ડાયરામાં અનેક દિગ્ગજ લોક સાહિત્યકારોનો જમાવડો જોવા મળ્યો હતો. જેમાં કીર્તિદાન ગઢવી, ગીતા રબારી અને માયાભાઈ સહિત અનેક કલાકારોએ ડાયરાની રમઝટ બોલાવી લોકોને મોજ કરાવી દીધી હતી. ત્યારે આ કલાકારો પર લોકોએ પણ મન ભરીને રૂપિયા અને ડોલરનો વરસાદ કર્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. નોંધનીય છે કે, આ ડાયરામાં અનેક રાજનેતાઓએ પણ હાજરી આપી હતી. જેમાં બગસરા તાલુકાના ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર અને સાંસદ ભરત સુતરિયા સહિતના નેતાઓનો સમાવેશ થાય છે. આ નેતાઓએ પણ ડાયરામાં મન મૂકીને કલાકારો પર રૂપિયાનો વરસાદ કર્યો હતો.(૬.૨૦)

વર્લ્ડ કપ ૨૦૨૩નું પુનરાવર્તનઃ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઇનલ મેચમાં પણ ભારત અને ઓસ્ટ્રેલિયા ટકરાશે?

વર્લ્ડ કપ ૨૦૨૩માં પણ ભારત, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની ટીમ સેમિફાઈનલમાં પ્રવેશી હતી : જેમાં ફાઈનલમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મુકાબલો રમાયો હતો



નવી દિલ્હીઃ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીના ચારેય સેમિફાઈનલિસ્ટ લગભગ નક્કી થઈ ગયા છે. ભારત અને ન્યૂઝીલેન્ડ બાદ ઓસ્ટ્રેલિયાની ટીમ પણ સેમિફાઈનલમાં એન્ટ્રી કરી ચૂકી છે. જ્યારે સેમિફાઈનલમાં પ્રવેશનારી ચોથી ટીમ સાઉથ આફ્રિકા હશે. સાઉથ આફ્રિકા જો ઈંગ્લેન્ડ સામેની મેચમાં હારી જશે તો પણ સેમિફાઈનલમાં પ્રવેશી જશે, જો કે, તેમની હાર ૨૦૭ રનથી વધુના અંતરથી ન હોવી જોઈએ.

આઈસીસી વર્લ્ડ કપ ૨૦૨૩માં પણ ભારત, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની ટીમ સેમિફાઈનલમાં પ્રવેશી હતી. જેમાં ફાઈનલમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મુકાબલો રમાયો હતો. ત્યારે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં પણ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મુકાબલો રમાઈ શકે છે. જાણો આ કેવી રીતે સંભવ છે.

આનો સરળ જવાબ છે કે, જો પ્રથમ સેમિફાઈનલમાં ઈન્ડિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે મેચ રમાય અને બીજી સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ અને બંને ટીમો તેમની સેમિફાઈનલમાં જીત મેળવો તો તેમની વચ્ચે આઈસીસી ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં ટક્કર થઈ શકે છે.

અન્ય એક પરિસ્થિતિમાં, સેમિફાઈનલમાં પણ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મુકાબલો થઈ શકે છે. જો સાઉથ આફ્રિકાએ ઈંગ્લેન્ડ હરાવી દીધું તો પછી ઓસ્ટ્રેલિયાની ટીમ ગ્રુપ બીમાં બીજા સ્થાને આવી જશે, જ્યારે ઈન્ડિયાએ ન્યૂઝીલેન્ડને હરાવી દીધું તો તે ગ્રુપ એમાં ટોચના સ્થાને આવી જશે. આવી સ્થિતિમાં, બંને વચ્ચે સેમિફાઈનલ મેચ રમાઈ શકે છે. (૩૫.૧૪)

સંઘના રંગે રંગાયેલા લોકસેવક વિનોદ પેઢડીયાનો જન્મદિન



રાજકોટ : શિશુ વયથી જ સંઘના સ્વયંસેવક, વિનોદભાઈ પેઢડીયાનો આજે તા. ૧ માર્ચના જન્મદિવસ છે. તેઓ યશસ્વી જીવનના ૫૪ મા મંગલ વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓ ૪૦ વર્ષ થી વિવિધ મતદાન જાગૃતિ અભિયાન બેઠકોમાં સક્રિય પણે રાષ્ટ્રીય વાદીના વિચારધારા હેઠળ તેઓ સ્વદેશી જાગરણ, ભારત વિકાસ પરિષદ, ઉધ્ધોષ ક્રાંતિવીર સ્મૃતિ સંસ્થા, વીએચપી, બીજેપીમાં પ્રત્યેક્ષ પરોક્ષ રીતે વર્ષોથી કાર્યરત છે.

તેઓ વિજય કો.ઓપ. બેંકમાં ફરજ બજાવી રહ્યા છે. વિનોદભાઈના ધર્મપત્નિ નયનાબેન રાજકોટના મેયર તરીકે સેવા આપી રહ્યા છે.

આજે તેમના જન્મદિવસે રાજકીય, સામાજિક આગેવાનો, કાર્યકરો, શુભેચ્છકો, મિત્રો તથા પરિવારજનો દ્વારા મો.નં. ૯૪૨૬૮ ૪૪૦૭૪ ઉપર શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે. (૯.૨૯)

કાલે ભારત-ન્યુઝીલેન્ડ જંગ

ટીમ ઈન્ડિયા ''રેસ્ટ ફોર્મ્યુલા'', અપનાવશે ! રોહિત શર્માને આપશે આરામ ?: રિષભ પંતને મળશે તક!

